☞ શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ૨૫-૨૬ મા ભેટ.

જૈન નરરત્ન—

ભામાશાહ.

(જેમાં ઇતિહાસ પ્રસિદ્ધ દેશ, સમાજ અને શાસન સેવાનું આદર્શ અને અનુપમ ચરિત્ર આવેલ છે.)



પ્રસિદ્ધ કર્ત્તા,
શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.



વીર સં. ૨૪૫૪ વિ સં. ૧૯૮૪ આત્મ સં. ૩૩

કિંમત રૂા ૨-૦-૦



શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને આ પચીશમા તથા છવીશમા વર્ષની **"શ્રી આદર્શ જૈનરત્ન ભામાશાહ એ"** નામની બુક ભેટ તરિકે આપતાં અમોને આનંદ થાય છે. દરવર્ષે વિવિધ વિષયો, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ચારિત્ર, કથાનુયોગ અને આચાર વગેરેનાં પુસ્તકો અમારા ગ્રાહકોને ઉદાર ભાવનાથી ભેટ આપવામાં આવે છે અને તેવાં અને તેટલાં કદના પુસ્તકો આ માસિક સિવાય અન્ય કોઈ ન આપતા હોવાથી તેવો આનંદ થાય તે સહજ છે.

જૈન સમાજમાં હાલના સમયે ઇતિહાસનો અભ્યાસ, ગ્રંથ પ્રકાશન અને ઇતિહાસિક કથાઓનો આદર કેટલેક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવે છે. ઇતિહાસ એ દેશ કે સમાજનું પ્રથમ દરજ્જેનું સાહિત્ય અને એક દર્પણ છે, તેથી તેમજ આખા દેશમાં અને તમામ પ્રજામાં દેશ સેવાનોજ હાલ પવન ફુંકાય છે, યથાશકિત સેવા અનેક મનુષ્યો કરે છે, તેવા સમયમાં આવા ઇતિહાસિક ગ્રંથનો અભ્યાસ કરવાથી આપણે આપણા પૂર્વજો કરતાં કયા કયા વિષયમાં, વર્તમાન સમયમાં કેટલા પાછળ હઠેલા છીયે તે જાણી શકીએ, તે માટેજ આવા એક જૈન ઇતિહાસિક ગ્રંથની પસંદગી સમયોચિતધારી છે. જૈન ધર્મ અને દેશ સેવાને કાંઇ સંબંધ નથી એવું મિથ્યાવદનારાઓને માટે આ ગ્રંથના નાયક જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર એક સચોટ ઉત્તરરૂપ છે. પૂર્વકાળમાં જૈનીઓએ દેશ, સમાજ અને ધર્મની સેવામાં કેવો અગ્રભાગ ભજવ્યો છે તેનું ઇતિહાહિક ચરિત્ર તેમજ એક ખરેખરા દેશ અને સમાજ સેવક નરરત્નનું ચિત્ર આલેખી ભારતવર્ષના જૈન સમાજ પાસે

શ્રી

[illegible]

[illegible]

[illegible]

શ્રી [illegible]વિજયમુનિજીની [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] છે, કે [illegible] [illegible] [illegible] જૈન [illegible] પોતાના જીવનમાં [illegible], [illegible] મનુષ્ય જન્મને તે રીતે ધન્ય કરી શકે અને [illegible] સેવાવડે આપણા સમાજ, માતૃભૂમિ અને જૈન ધર્મ [illegible] તેના હિતુથીજ આદર્શ [illegible] ગ્રંથ અમારા [illegible] આપી કૃતાર્થ થઇએ છીએ.

આ ગ્રંથ સુપ્રસિદ્ધ જૈન પત્રના અધિપતિ દેવચંદભાઇ દામજી કુંડલાકર છાપતા હતા, [illegible] વાંચવામાં આવતાં આવો સમયોચીન ગ્રંથ આત્માનંદ માસિકના ગ્રાહકોને ભેટ આપવાની ઇચ્છા જણાવતાં ઘણી ખુશી સાથે તેનો સ્વીકાર કરી, અને તેટલા [illegible] [illegible] [illegible] [illegible] જે માટે તેમનો આભાર માને છે.

આવા જૈન કુલભૂષણ નરરત્ન ભામાશાહ જેવા ઐતિહાસિક [illegible] આ સભાના ઓનરરી મેમ્બર [illegible] [illegible] આવતાં તેમાં [illegible] [illegible] [illegible] જૈન [illegible] તે પ્રકારે [illegible] [illegible] આ ગ્રંથમાં [illegible] [illegible] તેઓશ્રીનો [illegible] માને છે.

આત્માનંદ ભવન.)

[illegible] પ્રસિદ્ધ

[illegible]



શેઠ હરજીવનદાસ દીપચંદ—ભાવનગર.
અનાજ તથા રૂકીના વેપારી અને શ્રી જૈન આત્માનંદ સભાના
ઓનરરી સેક્રેટરી.

આનંદ પ્રેસ - ભાવનગર.



સદ્‌ગુણાલંકૃત શ્રીયુત—

શેઠ હરજીવનદાસ દીપચંદ,

ભાવનગર.

બાલ્યાવસ્થાથી પિતા પાસે વ્યવહારિક તેમજ વ્યાપારી અનુભવ મેળવી, યોગ્યવયે સ્વશક્તિ બળે સાંસારિક વ્યાપારમાં અભ્યુદય પ્રાપ્ત થતાં, અન્ય અન્ય પ્રસંગે તીર્થયાત્રા, અઠ્ઠાઇ મહોત્સવ, કેળવણીને ઉત્તેજનાદિ ધર્મકાર્યમાં વ્યય કરી ઉપાર્જન કરેલી લક્ષ્મીનું તેમજ ધર્મ ભાવનાથી વાસિત હૃદયવડે દેવ, ગુરૂ, ધર્મની ભક્તિ કરવા સાથે, આ સભાનું માનનીય પદ સ્વીકારી તે વડે ધર્મ સેવા કરી મનુષ્ય જન્મનું સાર્થક કરો છો; વળી જ્ઞાનોદ્ધારના કાર્યને વારંવાર ઉત્તેજન આપી જ્ઞાનની ભક્તિમાં પણ પ્રયત્નશીલ રહો છો, વગેરે ગુણોથી આકર્ષાઇ સમાજ સેવાના ઉત્તમ દૃષ્ટાંત દર્શક આ ગ્રંથ આપને અર્પણ કરીયે છીયે.

પ્રકાશક.

ખાસ આભાર.

[illegible] જૈન [illegible] ભાવનગર [illegible] દીપચંદ કે જેના આ ગ્રંથની [illegible] છે. તેમજ [illegible] ના સ્મરણાર્થે, આ ગ્રંથના [illegible] (અપભ્રંશ) મદદ કરવા માટે [illegible] સભાને આપવાની જે ઉદારતા બતાવી છે, તે માટે ખાસ આભાર માનવામાં આવે છે. [illegible] લક્ષ્મીનો [illegible] શકતો નથી, જેથી તેમનું અનુકરણ કરવા ધર્મપ્રેમી બંધુઓને નમ્ર સૂચના કરીએ છીએ.

સં. ૧૯૮૪
આત્મ સં. ૩૩
અષાડ શુ. ૫

પ્રકાશક.

અનુક્રમણિકા.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકે આપેલી ભેટો.

વર્ષ.	નામ.	વિષય.
૧-૨	શ્રી નવતત્ત્વનો સુંદર બોધ.	ભાષાન્તર સાથે
૩	શ્રી જીવ વિચાર વૃત્તિ.	(„)
૪	શ્રી જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર.	(જુદી જુદી હકીકતોનો સંગ્રહ)
૫	શ્રી દંડક વિચાર વૃત્તિ.	(ભાષાન્તર સાથે)
૬	શ્રી નયમાર્ગ દર્શક.	(સાત નયનું સ્વરૂપ)
૭	શ્રી મોક્ષપદ સોપાન.	(ચૌદ ગુણસ્થાનનું સ્વરૂપ)
૮	શ્રી જૈન તત્ત્વસાર.	(તત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ)
૯	શ્રી શ્રાવક કલ્પતરૂ.	(શ્રાવકના બારવ્રતનું સ્વરૂપ)
૧૦	શ્રી ધ્યાન વિચાર.	(ચાર ધ્યાનનું સ્વરૂપ)
૧૧	શ્રી જંબુસ્વામી ચરિત્ર.	(અપૂર્વ ચરિત્ર)
૧૨	શ્રી જૈન ગ્રંથ ગાઇડ.	(શ્રી ગ્રંથ માર્ગદર્શક ભોમીયો)
૧૩	શ્રી ચંપકમાળા ચરિત્ર.	(સતિ ચરિત્ર)
૧૪	શ્રી અનુયોગદ્વાર સૂત્ર	(ભાષાન્તર સાથે)
૧૫	શ્રી ગુરૂગુણમાળા અને સમયસાર પ્રકરણ.	(„)
૧૬	શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ.	(અપૂર્વ અધ્યાત્મ ગ્રંથ)
૧૭	શ્રી દેવ ભક્તિમાળા.	(દેવ ભક્તિનું સ્વરૂપ)
૧૮	શ્રી ઉપદેશ સપ્તતિકા.	(ઉપદેશ સાથે આદર્શ, કથાઓ)
૧૯	સંબોધ સપ્તતિકા.	(તત્ત્વજ્ઞાનનો ગ્રંથ)
૨૦	સુમુખ નૃપાદિ ધર્મપ્રભાવકોની કથા.	(અપૂર્વ કથાઓ)
૨૧-૨૨	શ્રી આદર્શ જૈન સ્રીરત્નો.	(સતિ ચરિત્રો)
૨૩-૨૪	શ્રી ધર્મ રત્ન પ્રકરણ.	(ભાવ શ્રાવક તથા સાધુનું સ્વરૂપ)
૨૫-૨૬	જૈન નરરત્ન ભામાશાહ. (સચિત્ર)	(ઐતિહાસિક નવલકથા)



જૈન નરરત્ન—

ભામાશાહ.

પ્રકરણ ૧ લું.

ભ્રાતૃસ્નેહ.

उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रुविग्रहे ।
राजद्वारे स्मशाने च यः तिष्ठति सः बान्धवः ॥

વિક્રમ સંવત ૧૬૩૨ ના પવિત્ર શ્રાવણ માસનો શુકલ સપ્તમીનો દિવસ, (જુલાઇ ઇ. સ. ૧૫૭૬) મેવાડના ઇતિહાસમાં સોનેરી અક્ષરોથી કોતરાયેલો અને યાદ રાખવા યોગ્ય ગણાય છે. આ દિવસને પવિત્ર ગણો કે અપવિત્ર ગણો અથવા તો તેને શુભ કહો કે અશુભ કહો; પરંતુ તે દિવસે મેવાડના સુપુત્રોએ સ્વદેશ અને સ્વતંત્રતાના રક્ષણ માટે હલ્દીઘાટના ચાળીસ કોસના ચોરસ પ્રદેશમાં પોતાનું ઉમદા લોહી રેડયું હતું. મેવાડના વીરકેશરી રાણા પ્રતાપસિંહ, તેના શૂરવીર સરદારોએ અને તેના નિમકહલાલ સૈનિકોએ સમરક્ષેત્રમાં તે દિવસે જે અસીમ સાહસ અને અતુલ શૌર્ય-દર્શાવ્યું હતું, તે ખરેખર અસાધારણ હતું. એક બાજુ

અમાપ અને વિશાળ મોગલ સૈન્ય હતું અને તેની સામી બાજુએ માત્ર બાવીશ હજાર રાજપુતો હતા. પરન્તુ એ બાવીશ હજાર રાજપુતોએ જનની જન્મભૂમિને માટે પોતાનાં પ્રિય પ્રાણની સહેજ પણ દરકાર કર્યાં વિના. જે અસાધારણ વીરત્વ બતાવ્યું હતું, તેનું યથાર્થ વર્ણન કરવાને આ ક્ષુદ્ર લેખિની અસમર્થ છે. હલદીઘાટના પ્રદેશમાં એક બાજુ પ્રતાપી પ્રતાપસિંહ અને બીજી બાજુએ રણકુશળ મોગલ સેનાપતિ માનસિંહ હતા. ઉભય રાજપુત હતા, બળવાન હતા અને બુદ્ધિસંપન્ન હતા; પરંતુ સ્વદેશની સ્વતંત્રતા માટે લડનાર પ્રતાપસિંહ ક્યાં અને સિસોદીઆને ખાતર મોગલ શહેનશાહ અકબરનો ગુલામ બનાર માનસિંહ ક્યાં? એકે સ્વદેશના રક્ષણ માટે પ્રાણાન્ત કષ્ટો સહન કરી મેવાડનો પુનરુદ્ધાર કર્યો અને બીજાએ પોતાના દેશને પરતંત્ર કરવા માટેજ યુદ્ધ કર્યું શું વિરોધી પ્રકૃતિના આ બે પુરુષોની તુલના કોઇ શકે ખરી કે?

અમે જે સમયની ઘટનાનો ઉલ્લેખ કરવાનો પ્રસંગ અત્રે હાથમાં લીધો છે, તે સમય પ્રસિદ્ધ હલદીઘાટના યુદ્ધનો જ દિવસ હતો. મેવાડનો રાણો પ્રતાપસિંહ પોતાના બહાદુર બાવીશ હજાર રાજપુત વીરો સાથે મોગલોની અગણિત સેના સામે બહાદુરીથી લડી રહ્યો હતો અને મોગલ સેનાપતિ માનસિંહ પોતાના દેશની પાયમાલી પોતાનાજ હસ્તે કરી રહ્યો હતો. એક તરફથી હર હર મહાદેવ અને બીજી તરફથી અલ્લાહો અકબરના ભીષણ અને ગગન ભેદી અવાજો કાનને ફાડી નાંખતા હતા. શૂરા અને મરણીયા થયેલા રાજપુતો ભૂખ્યા સિંહની જેમ મુસલમાનો ઉપર તુટી પડયા હતા મોગલ સૈનિકો પણ બહાદુરીથી લડી રહ્યા હતા, તરવારો, ભાલાઓ અને તીરો સામ સામે ઉછળી રહ્યા હતાં અને તેથી સૈનિકોના માથાં ધડથી જુદાં થતાં વાર લાગતી નહોતી. હલદીઘાટનો પ્રદેશ લોહીથી તરબોળ થઇ ગયો હતો. આ સમયે રાણો પ્રતાપસિંહ રાજા માનસિંહને પોતાના બાહુબળનો અનુભવ કરાવવાને તલપાપડ થઇ રહ્યો હતો અને તેથી તે તેને ખોળી કહાડવાને પોતાના સૈન્યના મોખરે આવીને ઘુમતો હતો; પરંતુ માનસિંહ મોગલ સૈન્યની છેક પુછવાડે હોવાથી પોતાની ઇચ્છા પૂર્ણ કરવાનું પ્રતાપથી બની શક્યું

નહિ. ક્રોધાંધ થઈને તથા વિકરાળ સ્વરૂપને ધારણ કરીને એક ગાંડા મનુષ્યની જેમ પોતાની તલવારને ચલાવતો તે ઘુમવા લાગ્યો. પ્રતાપના અમાનુષી શૌર્યને જોઈ મોગલ સરદારો અને સૈનિકો કેવળ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. જનની જન્મભૂમિના ઉદ્ધારને માટે પોતાના પ્રાણની પણ પરવા રાખ્યા વિના એક સરખા આવેશથી લડનાર પ્રતાપસિંહના અપૂર્વ બળને જોઈ શત્રુઓ આશ્ચર્યમુગ્ધ થાય તો તેમાં શું નવાઈ ? ત્રણસો વર્ષ ઉપરાંત બનેલી ઉપર્યુક્ત ઘટનાનું ચિત્ર આલેખતાં અત્યારે પણ અમારા મુખમાંથી ધન્યવાદના શબ્દો નીકળી પડે છે અને આંખોમાંથી સ્નેહાશ્રુની ધારાઓ અચાનક છુટે છે, તો પછી તે ઘટનાને સાક્ષાત્ પોતાની આંખોથી જોનારા શું શત્રુઓ કે શું મિત્રો આશ્ચર્યને પામે, એ સ્વાભાવિક છે.

મેવાડના મહારાણા પ્રતાપસિંહ સૈન્યની મોખરે રહીને લડતાં હોવાથી તેમના શરીર ઉપર અનેક જખમો થયા હતા. પ્રતાપસિંહના અસામાન્ય બાહુબળને જોઈને મોગલ સરદારો તથા સર્વ સૈનિકો તેનોજ પ્રથમ નાશ કરવાનો વિચાર કરી તેની આસપાસ ઘેરો ઘાલીને લડતા હતા અને પ્રતાપસિંહને જીવતાંજ પકડી લેવાના અથવા તો તેમનો નાશ કરવાના પ્રયાસમાં પડ્યા હતા. આ સમયે પ્રતાપી વીર પ્રતાપસિંહની સ્થિતિ બહુ કફોડી થઈ પડી હતી. અસંખ્ય મોગલ સૈન્ય સામે પોતાનું મુઠ્ઠીભર સૈન્ય પરાજય પામતું જતું હતું અને પોતાને વિજય પ્રાપ્ત થવો બહુ મુશ્કેલ છે, એમ જાણતાં છતાં પ્રતાપે સમરક્ષેત્રમાંથી એક ડગલું પણ પાછા હઠવાનું ઉચિત માન્યું નહિ. તે તો એક સરખા આવેશથી અને ઉત્સાહથી મોગલો સામે લડી રહ્યા હતા. મહારાણા પ્રતાપસિંહની વિકટ સ્થિતિ જોઈ સમસ્ત રાજપૂતો તેમના રક્ષણને માટે પ્રબળ પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે મોગલ સૈન્ય તેમનો વિનાશ કરવાને માટે આતુર થઈ રહ્યું હતું. થોડા વધારે વખત જો આ પ્રમાણે ચાલ્યા કરે તો રાજપુતોની સર્વ આશા નષ્ટ થવાનો અને મેવાડનો સૂર્ય અસ્ત પામવાનો અવસર આવી પહોંચે તેમ હતું. પ્રતાપસિંહની પાસે અને તેની છાયાની પેઠે ઉભા રહીને યુદ્ધ કરનારા સરદારો આ વસ્તુસ્થિતિ સમજી ગયા અને તેથી તેઓ ગમે તે

ઉપાયે પોતાના મહારાણાને બચાવવાના નિશ્ચય ઉપર તુરત આ ગયા. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, એ ત્રણ સરદારો પ્રતા સિંહની નજીકમાં આવી પહોંચ્યા. એક સરદારે ધીમેથી કહ્યું "મહારાણા !"

રણમદને લઈ ઉન્મત થયેલા પ્રતાપસિંહે જાણે કાંઈ સાંભ ળ્યુંજ ન હોય તેમ પૂર્વની પેઠેજ લડવાનું શરૂ રાખ્યું, એટલે સરદાર જરા જોરથી બોલી ઉઠયો. "મહારાણા !"

પ્રતાપસિંહે આ વખતે તે સરદાર પ્રતિ જોઇને મંદ સ્મિતપૂ પૂછયું. "કેમ ઝાલાપતિ ! શું ખબર છે ?"

તે સરદાર કે જેનું નામ ઝાલારાજ માનસિંહ હતું, તેણે વિનયથી કહ્યું. "મહારાણા મેવાડપતિ ! સાવધ થાઓ. આપણ સૈન્યમાં મોટી ખુવારી થઇ ગઈ છે અને શત્રુસૈન્ય જોર ઉપ આવી ગયું છે; માટે આ વખતે આપણને વિજય મળે તેમ જણાતું નથી. આપ હવે સાહસ કરવાનું મૂકી દો; કેમકે ન કરે નારાયણ ને કદાચ અવળો બનાવ બની જાય, તો મેવાડના પુનરૂદ્ધારની સર્વ આ શાનો નાશ થશે. આપ જો આ યુદ્ધમાં બચશો, તો ભવિષ્યમાં યોગ્ય અવસરે શત્રુઓને આપણો હાથ બતાવી શકશું અને પરમાત્માની કૃપા હશે, તો મેવાડની સ્વતંત્રતા પુનઃ મેળવવા ભાગ્યશાળી થશું."

પ્રતાપસિંહના મુખ્ય પ્રધાન ભામાશાહે કહ્યું. "મહારાણા ! ઝાલારાજ કહે છે, તે અક્ષરશઃ સત્ય છે. આપ જો સાહસ કરીને પ્રાણનું જોખમ અત્યારેજ વ્હોરી લેશો, તો ભવિષ્યમાં પ્રિય દેશ મેવાડની શું સ્થિતિ થશે, તેનો આપ જરા વિચાર કરી જુઓ."

પ્રતાપસિંહે આશ્ચર્ય પામતાં કહ્યું. "ઝાલારાજ ! ભામા શાહ ! તમે બન્ને કેમ આમ નિરૂત્સાહ થઇ ગયા છો ? પ્રાણાંત કષ્ટ સહન કરવા છતા શું આપણને વિજય મળી શકશે નહિ ? ભગવા નની આપણા ઉપર અવકૃપા હશે અને આપણો પરાજય નિશ્ચિત થઈ ગયો હશે, તો પછી આ ક્ષણભંગુર દેહને માટે આટલી બધી ચિંતા શી ? हतो वा प्राप्यासि स्वर्गं जित्वा वा मोक्ष्यसे मही એ સૂત્રને તમે કેમ ભૂલી જાવ છો ?"

" મેવાડપતિ ! અમે ક્ષત્રિયોના એ ઉમદા સૂત્રને સહેજ પણ ભુલી ગયા નથી; પરંતુ જયની જરા પણ આશા રહેલી નથી અને વિશેષમાં કુમાર અમરસિંહ પણ ઘાયલ થયેલ છે; તેમ છતાં નિરર્થક પ્રાણ ગુમાવવા, એ શું યોગ્ય છે ? અમારો સર્વનો વિચાર એવો છે કે, જો આ યુદ્ધમાંથી આપને બચાવી શકીએ, તો કાળાંતરે પણ મેવાડને પુનઃ સ્વતંત્ર કરી શકશું. માટે મહારાણા ! કૃપા કરીને અમારી વિનતિનો સ્વીકાર કરો અને રણભૂમિનો સત્વર ત્યાગ કરો." ઝાલાપતિ માનસિંહે વિનતિના રૂપમાં કહ્યું.

" મહારાણા ! આપને આપના પ્રાણની કાંઇ કિમ્મત ન હોય તો ભલે; પરંતુ મેવાડના ઉજ્જવલ ભવિષ્યનો વિચાર કરી તથા અમારા ઉપર દયા લાવી ઝાલારાજની વિનતિનો સ્વીકાર કરો." મંત્રી ભામાશાહે પણ વિનતિ કરી.

પ્રતાપસિંહે ઘડીભર વિચાર કરીને ઉત્તેજીત સ્વરથી કહ્યું. " મારા પ્રિય સરદારો ! તમારી વિનતિ વ્યાજબી હશે, એમ હું માનું છું અને તેનો જો હું સ્વીકાર નહિ કરૂં, તો તમને દુઃખ થશે, એ પણ હું જાણું છું; તેમ છતાં હું તમારી વિનતિનો સ્વીકાર કરી શકતો નથી. તમે મને યુદ્ધક્ષેત્રને ત્યાગી જવાનું સૂચવો છો, પણ તેથી શું બાપારાવળના વંશજોને શિરે કલંક નહિ ચોંટે કે ? શું પ્રતાપસિંહ પોતાના સરદારો અને સૈનિકોને યુદ્ધમાં મૃત્યુના મુખમાં છોડી, દેશ પ્રત્યે બેવફા થઈને રણક્ષેત્રમાંથી ચાલ્યો જશે કે ?"

મહારાણાને આગ્રહથી સમજાવવાનો આ સમય નથી, એમ વિચારી ઝાલારાજ માનસિંહે પ્રતાપસિંહના સેવક પાસેથી રાજછત્ર લઈ લીધું અને તેને પોતાના એક અનુચરને આપી તેને પોતાના શિરે ધરી રાખવાની આજ્ઞા ફરમાવી. એ રીતે કૃત્રિમ મેવાડપતિ બનીને માનસિંહ પોતાના શૂરા સૈનિકો સાથે યવન સેનામાં ઘુસી ગયો અને વીરતાપૂર્વક યુદ્ધ કરવા લાગ્યો. મંત્રી ભામાશાહે મહારાણાને એક વખત ફરીથી સમરક્ષેત્ર ત્યાગી જવાની આગ્રહથી વિનતિ કરી. પ્રતાપસિંહ આ સર્વ ઘટના જોઈને આશ્ચર્ય પામ્યો. તેણે વિચાર કર્યો કે જ્યારે જયની એક પણ આશા રહી નથી, ત્યારે નાહક પ્રાણ ગુમાવવા અને મેવાડને સદાને માટે પરતં-

પોતાના બંધુ ઉપરનું વેર વાળવાની ખાતર આ યુદ્ધમાં ભાગ લેવાને આવ્યો હતો; પરંતુ તેણે જ્યારે પોતાના જ્યેષ્ટ બંધુને ઘાયલ થઈને લડાઈના મેદાનમાંથી નાશી જતો જોયો, ત્યારે તેનું હૃદય ભ્રાતૃસ્નેહથી કોમળ બની ગયું અને પોતાના જ્યેષ્ટ ભ્રાતાની દેશદાઝ અને તેની સ્વદેશભક્તિ જોઈને તેની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. પોતાના બંધુને આવા દુઃખના સમયમાં અવશ્ય સહાય કરવી જોઈએ, એમ વિચારી શક્તસિંહ તુરતજ ઘોડેસ્વાર થઇ પ્રતાપસિંહ જે દિશા તરફ ગયો હતો, તે તરફ રવાના થયો. થોડે દૂર જતા મોગલ ઘોડેસ્વારોને પોતાના બંધુ પાછળ દોડયા જતા જોઈને તે તુરત તેમની પાસે પોતાનો ઘોડો દોડાવી ગયો અને તેમની સાથે યુદ્ધ કરીને તેમને બન્નેને પરલોક પહોંચાડી દીધા.

શકતસિંહ જો કે પોતાનો લઘુ બંધુ હતો, પણ તે મેવાડનો શત્રુ બનીને મોગલોનાં શરણે ગયો હતો અને તેના પક્ષમાં રહીને ખુદ જન્મભૂમિને પરતંત્ર કરવાને માટેજ આ યુદ્ધમાં આવ્યો હતો, તેથી પ્રતાપસિંહ તેને જોઈને ક્રુદ્ધ થયો. તેણે પોતાની તલવારને મ્યાનમાંથી અર્ધી બહાર ખેંચતાં કહ્યું. " કોણ શકતસિંહ! આવી રીતે મને એકલો નાશી જતો જોઇને શું તું મારા પ્રાણ લેવાને આવ્યો છે કે? ભલે, ચલાવ તારી તલવારને. "

શકતસિંહે ગદગદ કંઠે કહ્યું. " મોટા ભાઈ! હું આપના પ્રાણ લેવાને નથી આવ્યો, પરંતુ મેં કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત લેવાને આવ્યો છું. "

એમ કહીને તે ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયો અને પ્રતાપ સિંહને વિનયથી [illegible] રહ્યો. પ્રતાપસિંહ શકતસિંહનું [illegible] કે શું આમાં મોગલોનું કાંઈ ક[illegible] આપ્યો નહિ, એટ[illegible] હે કાંઇ ઉત્તર કરો [illegible]? આપના [illegible] આ[illegible]

દ્રોહી શક્તસિંહ ! અહીં તું મારા પ્રાણ લેવાને આવ્યો નથી, તો પછી અહીં આવવાની તારી શી મતલબ છે. તે હું સમજી શકતો નથી. તારે જો પૂર્વનું વેર વાળવું હોય તો તલવારને મ્યાનમાંથી બહાર કહાડ, શું જોઈ રહ્યો છે ?"

"વડિલ ભ્રાતા ! મારી અહીં આવવાની મતલબ મેં કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત લેવાનીજ છે. બંધુનો, સ્વજાતિનો, સ્વદેશનો અને સ્વધર્મનો ત્યાગ કરી મોગલોના શરણે જઇને મેં જે પાપકર્મ કર્યું છે–જે દ્રોહ કર્યો છે–જે વિશ્વાસઘાત કર્યો છે, તેનું આપના હસ્તથી પ્રાયશ્ચિત્ત લેવાને માટેજ હું આપની સન્મુખ આવીને ઉભો છું. માટે આપની પુનિત તલવારને આપના આ લઘુ બંધુ ઉપર ચલાવી તેને સ્વર્ગનો અધિકારી બનાવો, ભાઈ ! શા માટે ઢીલ કરો છો ?" શક્તસિંહે આંખોમાં અશ્રુઓ લાવીને કહ્યું.

શક્તસિંહના ઉપર્યુક્ત વચનો સાંભળી પ્રતાપસિંહ તેના આગમનનું કારણ સમજી ગયો. તેના શોકગ્રસ્ત મ્હોડા ઉપર હર્ષની છાયા છવાઈ ગઈ. તેણે આનંદ પામતાં પામતાં કહ્યું. "ભાઇ શક્તસિંહ ! શું મારી ધારણા ખરી છે ? શું તને તેં કરેલ પાપનો પશ્ચાત્તાપ થાય છે ?"

"હા, વડિલ બન્ધુ ! આપના અને જન્મભૂમિ મેવાડના કરેલ વિશ્વાસઘાત અને દ્રોહનો મને હવે સંપૂર્ણ પશ્ચાત્તાપ થાય છે. સ્વદેશના રક્ષણ માટે અને જાતિભાઈઓની સ્વતંત્રતા જાળવવા માટે આપે તથા રાજપૂત વીરોએ સમરક્ષેત્રમાં જે વીરત્વ બતાવી આપ્યું છે, તે જોઇને વેરથી ઉન્મત બનેલું મારૂં મન શાંત થઈ ગયું છે–મારો મિથ્યા ગર્વ ગળી ગયો છે અને તેથી આપની ક્ષમા યાચવા અને તેનું પ્રાયશ્ચિત્ત મેળવવા હું આપની પાછળ દોડી આવ્યો છું. આપને જો મારો વિશ્વાસ ન આવતો હોય તો મારે કહેવું જોઈએ કે આપની પછવાડે લાગેલા બન્ને મોગલ સ્વારોનો મેં નાશ કરી નાંખ્યો છે અને તે શા માટે ? આપનો પ્રાણ બચાવવા માટેજ. શું હજુ પણ આપને મારો વિશ્વાસ આવતો નથી ?" શક્તસિંહે લંબાણ ખુલાસો કરતાં પૂછ્યું.

પોતાના બંધુ ઉપરનું વેર વાળવાની ખાતર આ યુદ્ધમાં ભા
લેવાને આવ્યો હતો; પરંતુ તેણે જ્યારે પોતાના જ્યેષ્ટ બંધુ
ઘાયલ થઇને લડાઇના મેદાનમાંથી નાશી જતો જોયો, ત્યારે તે
હૃદય ભ્રાતૃસ્નેહથી કોમળ બની ગયું અને પોતાના જ્યેષ્ટ ભ્રાતા
દેશદાઝ અને તેની સ્વદેશભક્તિ જોઇને તેની આંખોમાંથી અ
ઓની ધારા વહેવા લાગી. પોતાના બંધુને આવા દુઃખના સમય
અવશ્ય સહાય કરવી જોઇએ. એમ વિચારી શક્તસિંહ તુર
ઘોડેસ્વાર થઇ પ્રતાપસિંહ જે દિશા તરફ ગયો હતો, તે તરફ ર
ના થયો. થોડે દૂર જતા મોગલ ઘોડેસ્વારોને પોતાના બંધુ પાછ
દોડયા જતા જોઇને તે તુરત તેમની પાસે પોતાનો ઘોડા દોડા
ગયો અને તેમની સાથે યુદ્ધ કરીને તેમને બન્નેને પરલોક પ
ચાડી દીધા.

શકતસિંહ જો કે પોતાનો લઘુ બંધુ હતો, પણ તે મે
ડનો શત્રુ બનીને મોગલોનાં શરણે ગયો હતો અને તેના પક્ષ
રહીને ખુદ જન્મભૂમિને પરતંત્ર કરવાને માટેજ આ યુદ્ધમાં આ
હતો, તેથી પ્રતાપસિંહ તેને જોઇને ક્રુદ્ધ થયો. તેણે પોતાની ત
વારને મ્યાનમાંથી અર્ધી બહાર ખેંચતાં કહ્યું. " કોણ શકતસિં
આવી રીતે મને એકલો નાશી જતો જોઇને શું તું મારા પ્ર
લેવાને આવ્યો છે કે ? ભલે, ચલાવ તારી તલવારને. "

શક્તસિંહે ગદ્ગદ્ કંઠે કહ્યું " મોટા ભાઇ ! હું આપ
પ્રાણ લેવાને નથી આવ્યો, પરંતુ મેં કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત લેવ
આવ્યો છું. "

એમ કહીને તે ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયો અને પ્રતા
સિંહને વિનયથી નમસ્કાર કરીને આ ... રહ્યો. પ્રતાપસિ
... કે શું આ
શક્તસિંહનું આ વર્ત ... કાંઇ ઉ
મોગલોનું કાંઇ ... વિ
આવ્યો

દ્રોહી શક્તસિંહ ! અહીં તું મારા પ્રાણુ લેવાને આવ્યો નથી, તો પછી અહીં આવવાની તારી શી મતલબ છે. તે હું સમજી શકતો નથી. તારે જો પૂર્વનું વેર વાળવું હોય તો તલવારને મ્યાનમાંથી બહાર કહાડ, શું જોઈ રહ્યો છે ?"

"વડિલ ભ્રાતા ! મારી અહીં આવવાની મતલબ મેં કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત લેવાનીજ છે. બંધુનો, સ્વજાતિનો, સ્વદેશનો અને સ્વધર્મનો ત્યાગ કરી મોગલોના શરણે જઇને મેં જે પાપકર્મ કર્યું છે–જે દ્રોહ કર્યો છે–જે વિશ્વાસઘાત કર્યો છે, તેનું આપના હસ્તથી પ્રાયશ્ચિત્ત લેવાને માટેજ હું આપની સન્મુખ આવીને ઉભો છું. માટે આપની પુનિત તલવારને આપના આ લઘુ બંધુ ઉપર ચલાવી તેને સ્વર્ગનો અધિકારી બનાવો, ભાઈ ! શા માટે ઢીલ કરો છો ?" શક્તસિંહે આંખોમાં અશ્રુઓ લાવીને કહ્યું.

શક્તસિંહના ઉપર્યુક્ત વચનો સાંભળી પ્રતાપસિંહ તેના આગમનનું કારણુ સમજી ગયો. તેના શોકગ્રસ્ત ચ્હેરા ઉપર હર્ષની છાયા છવાઇ ગઈ. તેણે આનંદ પામતાં પામતાં કહ્યું. "ભાઇ શક્તસિંહ ! શું મારી ધારણા ખરી છે ? શું તને તેં કરેલ પાપનો પશ્ચાત્તાપ થાય છે ?"

"હા, વડિલ બન્ધુ ! આપના અને જન્મભૂમિ મેવાડના કરેલ વિશ્વાસઘાત અને દ્રોહનો મને હવે સંપૂર્ણ પશ્ચાત્તાપ થાય છે. સ્વદેશના રક્ષણુ માટે અને જાતિભાઈઓની સ્વતંત્રતા જાળવવા માટે આપે તથા રાજપૂત વીરોએ સમરક્ષેત્રમાં જે વીરત્વ બતાવી આપ્યું છે, તે જોઇને વેરથી ઉન્મત બનેલું મારૂં મન શાંત થઈ ગયુ છે–મારો મિથ્યા ગર્વ ગળી ગયો છે અને તેથી આપની ક્ષમા યાચવા અને તેનું પ્રાયશ્ચિત્ત મેળવવા હું આપની પાછળ દોડી આવ્યો છું. આપને જો મારો વિશ્વાસ ન આવતો હોય તો મારે કહેવું જોઇએ કે આપની પછવાડે લાગેલા બન્ને મોગલ સ્વારોનો મેં નાશ કરી નાંખ્યો છે અને તે શા માટે ? આપનો પ્રાણુ બચાવવા માટેજ. શું હજુ પણુ આપને મારો વિશ્વાસ આવતો નથી ?" શક્તસિંહે લંબાણુ ખુલાસો કરતાં પૂછયું.

પોતાના બંધુ ઉપરનું વેર વાળવાની ખાતર આ યુદ્ધમાં ભાગ લેવાને આવ્યો હતો, પરંતુ તેણે જ્યારે પોતાના જ્યેષ્ઠ બંધુને ઘાયલ થઇને લડાઇના મેદાનમાંથી નાશી જતો જોયો, ત્યારે તેનું હૃદય ભ્રાતૃસ્નેહથી કોમળ બની ગયું અને પોતાના જ્યેષ્ઠ ભ્રાતાની દેશદાઝ અને તેની સ્વદેશભકિત જોઇને તેની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. પોતાના બંધુને આવા દુઃખના સમયમાં અવશ્ય સહાય કરવી જોઇએ. એમ વિચારી શક્તસિંહ તુરતજ ઘોડેસ્વાર થઇ પ્રતાપસિંહ જે દિશા તરફ ગયો હતો, તે તરફ રવાના થયો. થોડે દૂર જતા મોગલ ઘોડેસ્વારોને પોતાના બંધુ પાછળ દોડયા જતા જોઇને તે તુરત તેમની પાસે પોતાનો ઘોડો દોડાવી ગયો અને તેમની સાથે યુદ્ધ કરીને તેમને બન્નેને પરલોક પહોંચાડી દીધા.

શકતસિંહ જો કે પોતાનો લઘુ બંધુ હતો, પણ તે મેવાડનો શત્રુ બનીને મોગલોનાં શરણે ગયો હતો અને તેના પક્ષમાં રહીને ખુદ જન્મભૂમિને પરતંત્ર કરવાને માટેજ આ યુદ્ધમાં આવ્યો હતો, તેથી પ્રતાપસિંહ તેને જોઇને ક્રુદ્ધ થયો. તેણે પોતાની તલવારને મ્યાનમાંથી અર્ધી બહાર ખેંચતાં કહ્યું. " કોણ શકતસિંહ! આવી રીતે મને એકલો નાશી જતો જોઇને શું તું મારા પ્રાણ લેવાને આવ્યો છે કે ? ભલે, ચલાવ તારી તલવારને. "

શકતસિંહે ગદગદ કંઠે કહ્યું. " મોટા ભાઈ ! હું આપના પ્રાણ લેવાને નથી આવ્યો, પરંતુ મેં કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત લેવાને આવ્યો છું. "

એમ કહીને તે ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયો અને પ્રતાપસિંહને વિનયથી નમસ્કાર કરીને સામે ઉભો રહ્યો. પ્રતાપસિંહ શકતસિંહનું આ વર્તન જોઇને વિચાર કરવા લાગ્યો કે શું આમાં કાંઇ કપટ તો નહિ હોય ને ? પ્રતાપસિંહે કાંઇ ઉત્તર ...હિ, એટલે શક્તસિંહે કહ્યું. " મેવાડપતિ ! શું વિચાર ? આપના કુળકલંક ભાઇને અને મેવાડના શત્રુને તલવારથી પ્રાયશ્ચિત્ત આપતાં કેમ અચકાઓ છો ? "

પ્રતાપસિંહે વિચાર નિદ્રામાંથી જાગૃત થઇને કહ્યું. " દેશ

દ્રોહી શક્તસિંહ ! અહીં તું મારા પ્રાણ લેવાને આવ્યો નથી, તો પછી અહીં આવવાની તારી શી મતલબ છે. તે હું સમજી શકતો નથી. તારે જો પૂર્વનું વેર વાળવું હોય તો તલવારને મ્યાનમાંથી બહાર કહાડ, શું જોઈ રહ્યો છે ?"

"વડિલ ભ્રાતા ! મારી અહીં આવવાની મતલબ મેં કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત લેવાનીજ છે. બંધુનો, સ્વજાતિનો, સ્વદેશનો અને સ્વધર્મનો ત્યાગ કરી મોગલોના શરણે જઇને મેં જે પાપકર્મ કર્યું છે–જે દ્રોહ કર્યો છે–જે વિશ્વાસઘાત કર્યો છે, તેનું આપના હસ્તથી પ્રાયશ્ચિત્ત લેવાને માટેજ હું આપની સન્મુખ આવીને ઉભો છું. માટે આપની પુનિત તલવારને આપના આ લઘુ બંધુ ઉપર ચલાવી તેને સ્વર્ગનો અધિકારી બનાવો, ભાઈ ! શા માટે ઢીલ કરો છો ?" શક્તસિંહે આંખોમાં અશ્રુઓ લાવીને કહ્યું.

શક્તસિંહના ઉપર્યુક્ત વચનો સાંભળી પ્રતાપસિંહ તેના આગમનનું કારણ સમજી ગયો. તેના શોકગ્રસ્ત મ્હોંઢા ઉપર હર્ષની છાયા છવાઈ ગઈ. તેણે આનંદ પામતાં પામતાં કહ્યું, "ભાઇ શક્તસિંહ ! શું મારી ધારણા ખરી છે ? શું તને તેં કરેલ પાપનો પશ્ચાત્તાપ થાય છે ?"

"હા, વડિલ બન્ધુ ! આપનાં અને જન્મભૂમિ મેવાડના કરેલ વિશ્વાસઘાત અને દ્રોહનો મને હવે સંપૂર્ણ પશ્ચાત્તાપ થાય છે. સ્વદેશના રક્ષણ માટે અને જાતિભાઈઓની સ્વતંત્રતા જાળવવા માટે આપે તથા રાજપૂત વીરોએ સમરક્ષેત્રમાં જે વીરત્વ બતાવી આપ્યું છે, તે જોઇને વેરથી ઉન્મત બનેલું મારૂં મન શાંત થઈ ગયું છે–મારો મિથ્યા ગર્વ ગળી ગયો છે અને તેથી આપની ક્ષમા માગવા અને તેનું પ્રાયશ્ચિત્ત મેળવવા હું આપની પાછળ દોડી ... છું. આપને જો મારો વિશ્વાસ ન આવતો હોય તો મારે ... જોઈએ કે આપની પછવાડે લાગેલા બન્ને મોગલ સ્વારોનો ... કરી નાંખ્યો છે અને તે શા માટે ? આપનો પ્રાણ બચા... માટેજ. શું હજુ પણ આપને મારો વિશ્વાસ આવતો નથી ?" ...હે લંબાણ ખુલાસો કરતાં પૂછ્યું.

પોતાના બંધુના ઉપરના ખરા જીગરના શબ્દો સાંભળી પ્ર
પસિંહને સંતોષ થયો. તેણે હર્ષાંશ્રુ સહિત ઉત્તર આપ્યો. "બં
ભાઈ! જો કે આજના યુદ્ધમાં મેવાડીઓનો પરાજય થયો છે
તેથી મારૂં મન અતિશય ખિન્ન થઈ ગયું હતું, પરંતુ તારા હૃદ
સ્વદેશપ્રેમ જાગૃત થયેલો જોઈ મને અતીવ આનંદ થાય છે
હવે મને લાગે છે કે આપણે બન્ને ભાઈઓ હાથમાં હાથ મીલ
મેવાડની સ્વતંત્રતા સાચવવા માટે અને તેના પુનરુદ્ધાર
અવિશ્રાંત પરિશ્રમ કરી ભગવાન્ એકલિંગજીની કૃપાથી વિજ
વરવા ભાગ્યશાળી થઈશું."

તુરતજ શક્તિસિંહ અને પ્રતાપસિંહ ઘોડાઓ ઉપ
નીચે ઉતરી ગયા અને અન્યોઅન્યને સપ્રેમ ભેટી પડ્યા કે
વારે પ્રતાપસિંહે પોતાના લઘુ ભાઈને પોતાના આલિંગન
છુટો કર્યો. પ્રતાપસિંહને હજુ દૂર જવાનું હોવાથી તેણે પોત
ઘોડા તરફ નજર ફેરવી તો તે નિમકહલાલ અશ્વ ભૂમિ ઉપર પ
તેના જોવામાં આવ્યો. બન્ને બંધુઓએ તેની પાસે જઈને
તો યુદ્ધમાં અનેક જખમો થયેલા હોવાથી અને આખો
મુસાફરી કરવાથી તેના પ્રાણ પરલોક સિધાવી ગયા હતા.
હૃદય વિદારક ઘટના જોઈને પ્રતાપસિંહના હૃદયમાં અત્યંત
શોક છવાઈ ગયો અને તેનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ વહન
લાગ્યો. વડિલ બંધુને રૂદન કરતાં જોઈને શક્તસિંહે આ
આપતાં કહ્યું. "મેવાડેશ્વર! આપના જેવા વીર પુરૂષને ક
નિરાશ થવાનું કાંઈ કારણ નથી. આપ મારો ઘોડો લ્યો
અત્રેથી નિર્વિઘ્ને યોગ્ય સ્થળે પહોંચી જાઓ. હું આપને તુરત
આવીને મળીશ."

એમ કહીને શક્તસિંહે પોતાનો ઘોડો પ્રતાપસિંહને આ
પ્રતાપસિંહે પોતાના ભાઈના ઘોડા ઉપર સ્વાર થઈને ધીમે
આગળ વધવાનું શરૂ કર્યું, એટલે શક્તસિંહ પણ તેને ...
નમન કરી મોગલ છાવણી તરફ રવાના થયો.

થોડો સમય મોગલ છાવણીમાં રહ્યા પછી શક્તસિંહ પોતાના

ભાઈને જઈ મળ્યો. પ્રતાપસિંહ પોતાના બંધુના આગમનથી અત્યંત ખુશી થયો. તેઓ બન્ને એકસંપથી રહી ભવિષ્યમાં મેવાડનો શી રીતે ઉદ્ધાર કરવો, એ વિષે હમેશાં વિચાર કરતા અને એ રીતે દુ:ખમાં દિવસો ગાળતા હતા.



પ્રકરણ ૨ જું.



પ્રેમ–પરિણામ.

હિન્દુસ્થાનના સમસ્ત ઐશ્વર્યયુક્ત આગ્રા શહેરનાં ગગન–ચુંબિત આવાસોનાં શિખરો, સંધ્યા સમયના ઝાંખા પ્રકાશમાં શોભી રહ્યાં હતાં. મોગલ શહેનશાહ અકબરે આગ્રાને પોતાની રાજધાનીનું શહેર બનાવેલું હોવાથી હિન્દુસ્થાનના સમસ્ત ઐશ્વર્યે તે શહેરમાં આવીને નિવાસ કર્યો હતો. અમે જે સમયની આ નવલકથા લખીએ છીએ, તે સમયે સકળ હિન્દુસ્થાનમાં આગ્રા એ એક અલૌકિક શહેર હતું. શહેનશાહ અકબર, જો કે પોતાના જીવનનો ઘણો સમય ફત્તેહપુર સીક્રીમાં ગાળતો હતો; તો પણ આગ્રા એ રાજધાનીનું શહેર હોવાથી તેને કેટલોક સમય ત્યાં પણ રહેવું પડતું હતું. અને તેથી તેણે આગ્રાની શોભા વધારવા ખાસ લક્ષ્ય આપ્યું હતું. શાહ અકબરના સમયમાં મોગલ રાજ્ય પૂર્ણ વિકાસને પામેલું હતું. આગ્રાના દુર્ગમાં ગગનમંડલ સાથે વાતચિત કરી રહેલા અસંખ્ય મહેલો, બંગલાઓ અને આવાસો હતા. તેમાં વિવિધ સ્થળે આવેલાં બજાર, દુકાનો, મિનારા, આરસ–પત્થરનાં આવાસો, મસ્જીદો, હિન્દુ દેવાલયો અને ખુદ બાદશાહ અને તેના પરિવારને વસવાનાં મહાલયોની એટલી બધી વિપુલતા હતી કે જેનું વર્ણન કરવાને માટે એક સ્વતંત્ર પુસ્તકજ લખવું પડે. આગ્રાના અભેદ્ય કિલ્લાની પાસે થઈને કાલિન્દી યમુના નદી મહત્ત્વ અને ગૌરવ દર્શાવતી વહેતી હતી. કિલ્લાની ચારે દિશાઓ મોટા મોટા દરવાજાઓ આવેલા હતા અને એ પ્રત્યેક દરવાજા ઉપર બાદશાહી નોબતો સવાર સાંજ વાગતી હતી.

સંધ્યાના સોનેરી આછા પ્રકાશમાં આગ્રાના અત્યુચ્ચ મહાલયોનાં શિખરો સુવર્ણ સરખાં દીપતાં હતાં. જાણે સમસ્ત આગ્રા નગર સુવર્ણથી જડેલું હોય, એમ જોનારને શંકા થતી હતી. સંધ્યા સમયના એ અદ્ભૂત દૃશ્યને અનેક કવિઓએ-અનેક લેખકોએ જુદી જુદી શૈલીએ અત્યાર આગમચ વારંવાર આળેખી બતાવેલ છે; પરંતુ આશ્ચર્યની વાર્તા એ છે કે જ્યારે જ્યારે તેને નિહાળવાનો અને તેનું યથાર્થ વર્ણન કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે ત્યારે નવીનતાનું જ ભાન થાય છે. નવીનતા એ પ્રકૃતિનો સામાન્ય નિયમજ છે અને તેથી પ્રકૃતિના એ અમાનુષી સૌંદર્યને માનુષી લેખિની તાદૃશ્ય ભાવે આળેખી ન શકે એ સ્વાભાવિક છે. પશ્ચિમમાં સૂર્યાસ્ત સમયે સોનેરી રંગની જે છટાં દેખાય છે, તેમાં પણ નવીનતા અને વિચિત્રતા જોવામાં આવે છે. જગતના સર્વ જીવોને સ્વકર્તવ્યમાં પ્રોત્સાહન અર્પનાર ભાસ્કર જ્યારે અસ્તાચળ ઉપર પ્રયાણ કરે છે, ત્યારે પશ્ચિમાકાશમાં જે ચિત્રવિચિત્ર દૃશ્યો નજરે પડે છે, તેનું વર્ણન કરવું અશક્ય છે. થોડાજ સમયમાં સૂર્યનો અસ્ત થઇ ગયો. આગ્રા નગરના જાહેર માર્ગો ઉપરની લોકોની ભીડ ધીમે ધીમે ઓછી થતી જતી હતી. આ વખતે એક સુયોજિત મહેલની બારીમાંથી યૌવનાવસ્થાએ પહોંચેલી એક બાળા સૃષ્ટિ-સૌંદર્યનું નિરીક્ષણ કરી રહી હતી. તે બાળાનું સૌંદર્ય વર્ણનાતિત હતું. તેનું સુગોળ સુંદર મુખ અને તેની સુડોળ સરળ નાસિકા એવી તો મનોહર હતી કે જેમનું યથાર્થ ચિત્ર આળેખવાને લેખક જ્યારે અશક્ત છે, ત્યારે તેનાં અન્ય અવર્ણનીય અવયવોનું ચિત્ર આળેખવાનો મિથ્યા પ્રયાસ શા માટે કરવો જોઇએ ? ટુંકામાં એટલુંજ કહેવું બસ થશે કે તે બાળા પરમ સુંદરી હતી.

સૂર્યનો અસ્ત થઇ ગયેલો હોવાથી અંધકારનું જોર ધીમે ધીમે વધતું જતું હતું; તેથી તે બાળા જ્યાં ઉભી હતી, ત્યાં એક દાસી આવીને દીપક પ્રગટાવી ગઇ. દીપકના પ્રકાશથી આખો ઓરડો પ્રકાશમાન થઇ ગયો હતો. પરંતુ તેનું તે બાળાને કશું પણ ભાન નહોતું. તે તો જેમની તેમ મૌનપણે ઉભી હતી. તેનું સુંદર મુખ ચિંતાયુક્ત વિચારરેખા[illegible] કરમાઇ ગયું હતું અને તેની બન્ને ચક્ષુ

ઓમાંથી ક્ષણે ક્ષણે અશ્રુઓ સરી પડતાં હતાં. અમારા વાંચક મહાશયોનાં હૃદયોમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થશે કે આવા ગગનચુંબિત મહાલયમાં વસનારી આ અપૂર્વરૂપ લાવણ્યસંપન્ન બાળાને શું દુઃખ હશે ? અમને પોતાને પણ એજ પ્રશ્ન ઉપસ્થિત થાય છે; પરંતુ સંસારસાગરની અવનવી ઘટનાઓનો જ્યારે અમે વિચાર કરીએ છીએ, ત્યારે અમારા એ પ્રશ્નનું આપોઆપ નિરાકરણ થઈ જાય છે. તે સુંદરી બાળા આવી સ્થિતિમાં કેટલો સમય પસાર કરત એ અમે કહી શકતા નથી; પરંતુ તે સમયે એક યુવકે આવી તેને બોલાવી કે તુરતજ તે સાવધ થઈ ગઈ અને તે આવનાર યુવક સામે જોવા લાગી.

તે આવનાર યુવકની અવસ્થા વીશેક વર્ષની હતી. તેનો તેજસ્વી અને મૃદુતાભર્યો ચહેરો દીપકના પ્રકાશથી અતિ આકર્ષક લાગતો હતો. તે યુવકના વસ્ત્રો સાદાં હતાં; પરંતુ તેના શરીરનો બાંધો એવો તો મજબુત અને સુંદર હતો કે તેને જોનારાં પુરૂષો અને સ્ત્રીઓ આશ્ચર્ય પામતાં હતાં અને તેના તરફ સ્નેહભાવ દર્શાવવાને લલચાતાં હતાં.

તે યુવક પોતાની સામે ઉભેલી બાળાને ઉદાસ અને નિસ્તેજ જોઈને ખીન્ન થતાં બોલ્યો. "ચંપા! હંમેશાં હું જ્યારે જ્યારે તમારી પાસે આવું છું, ત્યારે ત્યારે તમારૂં સુંદર મુખ હસતું જોઉં છું પણ અત્યારે તમને આ શું થયું છે? તમે ઉદાસ કેમ જણાઓ છો?"

તે બાળા કે જેનું નામ ચંપા હતું, તે નિરૂત્તર રહી. તે અનિમેષ નેત્રે યુવક સામે જોઈ રહી હતી.

ચંપાને નિરૂત્તર રહેલી જોઈને તે યુવકે ફરીથી પૂછયું. "ચંપા ! તમને મારા ઉપર કાંઈ રીસ ચડી છે, કે તમારી તબિયત અસ્વસ્થ છે ? જે સત્ય વાત હોય તે મને તુરત કહો; કેમકે તમને ચિંતાતુર જોઈને મારૂં અંતઃકરણ દુઃખાય છે."

યુવકના આજવતાયુક્ત શબ્દો સાંભળી ચંપાનું મુખ વિશેષ ઉદાસ થયું. તેણે ધીમો પણ ઉંડો નિઃશ્વાસ નાખ્યો અને તેનાં બન્ને વિશાળ લોચનમાંથી અશ્રુરૂપ મુક્તાફળો ઉભરાવા લાગ્યાં.

વિજયે કહ્યું. " ચંપા! તમે મોટા શ્રીમંતની પુત્રી છો; અને હું ગરીબ તેમજ નિરાધાર છું. તમારા પિતાશ્રી કદિ પણ [illegible] [illegible] એક બીજા સાથે લગ્ન કરે એ સંભવિત નથી; [illegible] [illegible] અવસ્થામાં હું અહીં રહેવાને ઈચ્છતો નથી. [illegible] હૃદયમાં જો મારે માટે ખરો પ્રેમ હોય, તો આપણું એક [illegible] [illegible] પ્રયાસ તમે કરજો, હું અત્યારેજ આ આવાસનો અને [illegible] [illegible] છોડીને ચાલ્યો જાઉં છું. જો પરમાત્માની કૃપાથી [illegible] [illegible] થવાનું ન લખે, તો પછી કોઈ પણ ઉપાયે [illegible] [illegible] થશેજ. અહીંથી ગયા પછી મારી ઉન્નતિ [illegible] [illegible] હું અવિશ્રાંત પરિશ્રમ કરીશ અને જો તેમ [illegible] [illegible] આજથી લગભગ બાર માસ પછી અત્રે તમને મળ[illegible] [illegible] તે સમયે જો તમારા પિતાશ્રીના વિચારો ફેરવાયા [illegible] [illegible] તો પછી કોઈ એક નિર્જન સ્થળે ચાલ્યો [illegible] [illegible] દુઃખી જીવનને પૂર્ણ કરીશ."

[illegible] આતુરતાથી કહ્યું. " તમને મારા ઉપર ક્રોધ [illegible] [illegible] છે, વિજય! પરંતુ તમેજ વિચાર કરો કે આવી [illegible] [illegible] શું કરવું! તેમ છતાં તમે જો કહેતા હો, તો [illegible] [illegible] તૈયાર છું. તમારી આજ્ઞાને માન [illegible] [illegible] છું."

" [illegible] ચંપા! એમ કરવાની આવશ્યકતા ન[illegible] [illegible] નથી. હું તમને કહી ગયો [illegible] [illegible] આજથી બરાબર એક વર્ષ [illegible] [illegible] તમારા પિતાશ્રીના વિચારોને [illegible] " વિજયે કહ્યું.

[illegible] આ સમયે ચિંતા[illegible] [illegible] વિજયના શબ્દોથી [illegible] [illegible] આઘાત થયો.

ચંપાને નિરુત્તર રહેલી જોઈ વિજયે કહ્યું. " ઠીક ત્યારે [illegible] હવે હું જાઉં છું."

યુવકે ગંભીરસ્વરે કહ્યું. " ચંપા! તમે કેમ રડો છો? આપના એક શ્રીમંત ગૃહસ્થની તમે અતિ વ્હાલી કન્યા હોવા છતાં તમને શું દુઃખ છે તે હું સમજી શકતો નથી. તમારા દુઃખનું કારણ શું તમારા આ બાગરખેદીથી પણ ગુપ્ત છે? તેને શું કરી શકાય તેમ નથી?"

ચંપા હજુ પણ નિરૂત્તરજ રહી. તેનાં નયનોમાંથી અશ્રુઓની અવિરત ધારાઓ વહેતી હતી.

યુવક, ચંપાને આવી રીતે રડતી જોઈને તેની પાસે ગયો અને તેના કોમળ કરને ગ્રહણ કરી બોલ્યો. " ચંપા! તમારી ઉદાસિનતાનું-તમારા દુઃખનું કારણ મને ન કહો તો તમને મારા સમ છે."

ચંપાએ આંખોને સાફ કરતા કરતાં મૃદુ સ્વરે કહ્યું. "વિજય!

વિજયે કહ્યું. " કેમ ? "

" શું તમને પિતાશ્રીએ કાંઈ કહ્યું નથી?" ચંપાએ પૂછ્યું.

" નહિ, મને તમારા પિતાશ્રીએ કાંઇ કહ્યું નથી. આજ મધ્યાહ્ન પછી તે મને મળ્યાજ નથી. " વિજયે ઉત્તર આપ્યો.

" ત્યારે તમે મધ્યાહ્ન પછી મહેલમાં નહોતા, વિજય!" ચંપાએ ફરીથી પૂછ્યું.

" ના. " વિજયે ઉત્તર આપ્યો.

" અત્યારે પિતાશ્રી કયા છે, તેની તમને ખબર છે? " ચંપાએ પ્રશ્ન કર્યો.

" તે હું જાણતો નથી, ચંપા! કેમકે હું બહારથી હજુ ચાલ્યોજ આવું છું. " વિજયે જવાબ આપ્યો.

ચંપા ક્ષણવાર વિચારમાં પડી ગઈ. ઘડીભર વિચાર કર્યા પછી તેણે કહ્યું. " ત્યારે હવે મારી ચિંતાનું કારણ તમને મારે મ્હોડેથી જ કહેવું પડશે. વિજય! પિતાશ્રીએ તમને મળવાની-અરે! તમારી સાથે વાતચિત કરવાની પણ મને હવેથી મના કરી છે, તેની તમને ખબર નથી? "

"ના, તે સંબંધી મને કશી પણ ખબર નથી; પરંતુ તમારા પિતાશ્રીની એ આજ્ઞા વિષે તમે શું વિચાર કર્યો? " વિજયે ખિન્નતાથી પૂછ્યું.

"એજ કે મારે પિતાશ્રીની આજ્ઞા પ્રમાણે વર્તવું." ચંપાએ ઉત્તર આપ્યો.

"જો એમ છે, તો પછી અત્યારસુધી તમે મારા પ્રત્યે જે પ્રેમ રાખતાં હતાં, તે કૃત્રિમ હતો–મિથ્યા હતો, એમજ ને ?" વિજયે સહેજ ભ્રકુટી ચડાવીને પૂછયું. તેણે અભિમાનથી તુરતજ ચંપાના કોમળ કરને છોડી દીધો.

વિજયના એ પ્રશ્નથી ચંપાને દુઃખ થયું. તેની આંખોમાંથી ફરીને આંસુ નીકળવા લાગ્યાં. તેણે નમ્ર સ્વરે કહ્યું. "વિજય ! તમારા પ્રત્યે મારો પ્રેમ કેવો શુદ્ધ અને નિર્મળ છે, તે મારૂં મન જ જાણે છે. મારા હૃદયમાં રહેલા એ પ્રેમને હું શી રીતે તમને દર્શાવું ? તમારા અંતઃકરણને જ પૂછી જૂઓ કે હું તમને કેટલા બધા પ્રેમથી ચાહું છું."

"મારા અંતઃકરણને પૂછવાની કશી આવશ્યકતા નથી, ચંપા ! તમે જો તમારા પિતાશ્રીની આજ્ઞા પ્રમાણે વર્ત્તવાનો નિશ્ચય કર્યો હોય તો ભલે, મને તેની દરકાર નથી. હું આ ક્ષણેજ તમારા આવાસનો ત્યાગ કરીને ચાલ્યો જાઉં છું. એક શ્રીમંત ગૃહસ્થની પુત્રી ઉપર પ્રેમ કરવામાં મેં ગંભીર ભૂલ કરી છે અને તેથી તેનું પરિણામ મારે ભોગવવું જ જોઇએ." વિજયે અભિમાનથી કહ્યું.

ચંપા પાષાણની મૂર્તિ સદૃશ સ્થિર થઇ ગઇ. તેણે એક દીર્ઘ નિઃશ્વાસ મૂકીને કહ્યું. "વિજય ! તમે મને અન્યાય કરો છો. પિતાશ્રીની આજ્ઞા પ્રમાણે મારે વર્ત્તવું જોઇએ; પરંતુ એથી તમારે એમ સમજી લેવાનું નથી કે હું તમને ચાહીશ નહિ. તમને અર્પણ કરેલું મારૂં હૃદય કાળાંતરે પણ કોઇનું થશે નહિ, એ ચોક્કસ માનજો. પિતાશ્રીની આજ્ઞાનો તિરસ્કાર કરવાનું મારામાં અત્યારે તો સાહસ નથી; પરંતુ હું તેમને વિનવીશ–કાલાવાલા કરીશ અને આપણું ઉભયનું લગ્ન થાય એવો પ્રયાસ પણ કરીશ; માટે વિજય ! ભલા થઇને તમે થોડો સમય અહીંજ રહો. પરમાત્મા મહાવીરની કૃપાથી સર્વ સારૂં જ થશે."

વિજયે કહ્યું. " ચંપા! તમે મોટા શ્રીમંતની પુત્રી છો અને
હું ગરીબ તેમજ નિરાધાર છું. તમારા પિતાશ્રી કદિ પણ આપણું
ઉભયનું એક બીજા સાથે લગ્ન કરે એ સંભવિત નથી; તેથી એવી
અપમાનકારક અવસ્થામાં હું અહીં રહેવાને ઈચ્છતો નથી. તમારા
હૃદયમાં જો મારે માટે ખરો પ્રેમ હોય, તો આપણું શ્રેય થાય,
એવો પ્રયાસ તમે કરજો, હું અત્યારેજ આ આવાસનો અને તમારો
ત્યાગ કરીને ચાલ્યો જાઉં છું. જો પરમાત્માની કૃપાથી આપણું
લગ્ન થવાનું જ હશે, તો પછી કોઈ પણ ઉપાયે આપણો
સમાગમ થશેજ. અહીંથી ગયા પછી મારી ઉન્નતિ કર
વાનો હું અવિશ્રાંત પરિશ્રમ કરીશ અને જો તેમ કરી
શક્યો, તો આજથી લગભગ બાર માસ પછી અત્રે તમને મળવ
આવીશ. તે સમયે જો તમારા પિતાશ્રીના વિચારો ફેરવાયા હશ
તો ઠીક, નહિં તો પછી કોઇ એક નિર્જન સ્થળે ચાલ્યો જઇશ
અને ત્યાંજ આ દુ:ખી જીવનને પૂર્ણ કરીશ. "

ચંપાએ વ્યાકુળતાથી કહ્યું. " તમને મારા ઉપર ક્રોધ થ
જણાય છે, વિજય! પરંતુ તમેજ વિચાર કરો કે આવી વિ
સ્થિતિમાં મારે શું કરવું? તેમ છતાં તમે જો કહેતા હો, તો
તમારી સાથે આવવાને તૈયાર છું. તમારી આજ્ઞાને માન આપ
હું તૈયાર છું. "

" નહિ નહિ, ચંપા! એમ કરવાની આવશ્યકતા ન
મારી સાથે આવવાનું કાંઈ પણ કારણ નથી. હું તમને કહી ગ
તેમ અત્યારે તો હું જાઉં છું; પરંતુ આજથી બરાબર એક
પછી તમને મળીશ. દરમ્યાન તમે તમારા પિતાશ્રીના વિચા
આપણને અનુકૂળ કરવાનો પ્રયત્ન કરજો. " વિજયે કહ્યું.

ચંપાના સુંદર ગુલાબી મુખ ઉપર આ સમયે ચિંત
છાયા છવાઈ ગઈ. તેના કોમળ હૃદયને વિજયના શબ્દોથી સ
આઘાત થયો.

ચંપાને નિરુત્તર રહેલી જોઇ વિજયે કહ્યું. " ઠીક
ચંપા! હવે હું જાઉં છું. "

ચંપા અનિમિષ નયનોએ વિજયના સુંદર મુખ તરફ જોઇ રહી. વિજય ત્યાંથી તુરતજ ચાલ્યો ગયો. ઓરડાની બહાર તે નિકળ્યો એટલે એક નોકરે તેના હાથમાં બંધ કરેલું એક પરબીડિયું આપ્યું. વિજયે તે લઇ લીધું અને તેને પોતાના વસ્ત્રોમાં છુપાવી મહાલયનો ત્યાગ કરી ગયો, તે ક્યાં ગયો. એ તો અમે અત્યારે કહી શકતા નથી; પરંતુ આગ્રાના રાજમાર્ગે થઇને તે ક્યાંઇક અદૃશ્ય થઇ ગયો, એટલું જ માત્ર અમે અત્યારે જાણીએ છીએ.

વિજયના ચાલ્યા જવા પછી ચંપા ગહન વિચારમાં પડી ગઈ. અત્યારના બનાવથી તેનું હૃદય ખીન્ન થઈ ગયું હતું અને તેનું સમસ્ત શરીર પ્રસ્વેદથી રેબઝેબ થઇ ગયું હતું. વિજયનાં આજનાં વર્તનથી તેના હૃદયને સખ્ત આઘાત થયો હતો. તે બારી પાસેથી ધીમે ધીમે ઓરડાના મધ્યભાગ સુધી આવી તો ખરી; પરંતુ તેનું મસ્તક ચકર ચકર ફરવા લાગ્યું, તેની આંખોએ અંધારાં આવી ગયાં અને તે મૂર્છા ખાઇને જમીન ઉપર ઢળી પડી.

પ્રકરણ ૩ જું.

ઇતિહાસ.

" Historical novels gives us brilliant pictures of history wich from their vividness make a far deeper impression than the duller pages of historical text books. "

—M. MACMILLAN.

પ્રસ્તુત ઐતિહાસિક નવલકથાનો સમય, તેમાં ભાગ લેતાં પાત્રો અને તેમાં બનતી ઘટનાઓનો ભેદ સમજવાને માટે અમે અત્રે ઇતિહાસનો થોડો ઘણો પરિચય કરાવીએ, તો તે અસ્થાને ગણાશે નહિ. અમે જાણીએ છીએ કે ઇતિહાસની નિરસ ઘટનાઓને વાંચવાનો શ્રમ વાંચકો લેતા નથી; પરંતુ નવલકથાના પ્રવાહમાં

કાંઇ પણ ગોટાળો અગર ગેરસમજ ન થાય, એ ખાતર આવશ્યકીય પ્રતિહાસનું તુલના આલેખવાની જરૂર છે અને તેથીજ અમે પ્રસ્તુત નવલકથાને લગતા કેટલાક ઐતિહાસિક બનાવોનું વર્ણન કરવાને ઉચિત ધાર્યું છે.

આ નવલકથાનું જે નામ રાખવામાં આવ્યું છે તે અને તેનું પ્રથમ પ્રકરણ જે દૃષ્ટિએ લખાયું છે, તે જોઇને વાંચકો એટલી તો કલ્પના કરી શકશે કે આ નવલકથા મેવાડ અને મોગલ પ્રતિહાસને અનુલક્ષીને લખાયેલી છે. વીરભૂમિ મેવાડના સૂર્ય સદશ મહારાણા પ્રતાપસિંહ અને મહાન્ ઐશ્વર્યસંપન્ન મોગલ સલ્તનત રાજ્યકાર્ય કુશળ શહેનશાહ અકબરનો ઉજ્વળ પ્રતિહાસ ઘણા વાંચકોએ વાંચેલો હશે, એટલે તે સંબંધી અમે અત્રે વિસ્તૃત વિવેચન કરી તેમને કંટાળો આપવા ઇચ્છતા નથી. અમે તો અં પ્રસ્તુત નવલકથાનો સમય અને ઇતિહાસનું આવશ્યકીય વિવેચન કરી સંતોષને પકડશું.

જે સમયે હિન્દુ મુસલમાનની કેટલેક અંશે ઐક્યતા સાધનાર મહત્વાકાંક્ષી શહેનશાહ અકબર દિલ્હીના રાજસિંહાસને હતે તે સમયે વીરોચિત સદ્‌ગુણોથી ઉભરાઇ જતી ભૂમિ મેવાડમાં રાણાનો રાજ્ય અમલ હતો. રાણા ઉદયસિંહ બેંતાળીશ વર્ષની ઉમરે મરણ પામ્યો, તે પછી તેનો સર્વથી મોટો પુત્ર અને ઝાલોરના સોનીગરા રાજાની બ્હેનનો કુંવર પ્રતાપસિંહ મેવાડની ગાદીએ બેઠો. જે વખતે પ્રતાપસિંહ ગાદીએ આવ્યો, તે વખતે મેવાડની મૂળ રાજધાની ચિત્તોડ અકબરે જીતી લીધી હતી, ધન ધાન્ય સર્વ નાશ પામ્યું હતું, સગાં સંબંધીઓમાંથી ઘણા તો મૃત્યુ પામ્યા હતા. અને જે થોડા ઘણા બચ્યા હતા, તેમાંના કેટલાક તો મોગલોના પક્ષમાં ભળી ગયા હતા. પ્રતાપસિંહનો કનિષ્ઠ બંધુ શકતસિંહ અને સગરજી તથા તેનો પુત્ર કે જેણે મુસલમાન ધર્મ અંગીકાર કરી પોતાનું નામ મહોબ્બતખાં રાખ્યું હતું તે ત્રણે અકબરને જઇને મળ્યા હતા અને તેઓએજ તેને ચિત્તોડ જીતવામાં સહાય [illegible] તી. શકતસિંહ હલદીઘાટના યુદ્ધ પછી પોતાના જ્યેષ્ઠ બં [illegible] રહ્યો હતો, પરંતુ સગરજી અને મહોબ્બતખાં

તે છેવટ સુધી મોગલોને વફાદાર રહીને મેવાડનો ધ્વંસ કરવામાં આગળ પડયા હતા. બાદશાહ અલાઉદ્દિન તથા બહાદુરશાહે ચિત્તોડ ઉપર પ્રથમ ચડાઈઓ કરી હતી; પરંતુ તેમણે ચિત્તોડનો નાશ કર્યો નહોતો. શહેનશાહ અકબરે તો ચિત્તોડ જીતી લઇ, તેનાં મહાલયો, દેવાલયો અને મંદિરો સર્વનો નાશ કરી, તેને શ્મશાનવત્ બનાવી દીધું હતું. ચિત્તોડ જીતવામાં દેશદ્રોહી અમરજીએ બાદશાહ અકબરને સારી સહાય કરેલી હોવાથી તેણે તેને ચિત્તોડની શાહજાદી આપવાની ઉદારતા દર્શાવી હતી

ઇ૦ સં૦ ૧૫૭૨ માં ગોગુન્ડાના કિલ્લામાં ઉદયસિંહજીએ જ્યારે દેહનો ત્યાગ કર્યો અને પ્રતાપસિંહ મેવાડનો મહારાણો થયો, ત્યારે મેવાડની આ સ્થિતિ હતી. પ્રતાપસિંહમાં એક ખરા ક્ષત્રિયના સર્વ ગુણોનો વાસ હતો. તેણે પોતાના પૂર્વજોના વીરત્વયુક્ત ચરિત્રોનું શ્રવણ અને મનન કરેલું હતું બાપારાવળનાં વંશનું તેનામાં અભિમાન હતું અને તેથી તેણે મેવાડની રાજધાની ચિતોડને પુનઃ મેળવવાનો વિચાર કર્યો. ચિત્તોડને પુનઃ જીતી તથા મોગલોનો પરાજય કરી, મેવાડની મહત્તા વધારવાનો પ્રતાપસિંહે નિશ્ચય કરેલો હોવાથી તેણે તે સંબંધી ઉપાયો યોજવાનો પ્રયાસ કરવા માંડ્યો. પ્રતાપસિંહના હૃદયમાં એક એવા શુભ વિચારે જન્મ લીધો હતો કે તેથી તેનું ચિત્ત સદૈવ મેવાડની સ્વતંત્રતા સાચવવા અને તેની મહત્તા વધારવાના પ્રયાસોમાં મશગુલ રહેતું હતું. વિશેષમાં તેણે એવો પણ સંકલ્પ કર્યો હતો. કે ગમે તે ભોગે અને ગમે તે ઉપાયે મેવાડનો ઉદ્ધાર કરવો અને બાપારાવળના સૂર્યવંશની કીર્ત્તિનો સમસ્ત ભારતવર્ષમાં વિજયધ્વજ ફરકાવવો. પ્રતાપસિંહના ઘણાખરા સંબંધીઓ તો જો કે મોગલોના પક્ષમાં ભળી ગયા હતા; તો પણ કેટલાક મુખ્ય મુખ્ય સ્વદેશભક્ત સરદારો પ્રતાપસિંહને વળગી રહ્યા હતા. મેવાડનો વંશ પરંપરાનો મંત્રી ભામાશાહ, ચંદાવત કૃષ્ણ, સલુંબરા સરદાર દેવલવરનો રાજા; ઝાલાપતિ માનસિંહ અને વીર જયમલ્લનો પુત્ર રણવીરસિંહ: એ સર્વ મહારાણા પ્રતાપના ખાસ અંગત અને આત્મીય સરદારો હતા અને તેઓ પોતાના મહારાણા અને

પોતાની જન્મભૂમિને માટે પ્રાણ અર્પવાને પણ તૈયાર હતા. પ્રતાપે પોતાની રાજધાની કોમલમેરમાં સ્થાપી પોતાના પ્રબળ પ્રતિસ્પર્ધિ બાદશાહ અકબર સાથે યુદ્ધ કરવાની તૈયારી કરવા માંડી. આ વ- ખતે રાજસ્થાનનાં મોટાંમોટાં રાજ્યો મોગલોની તાબેદારી સ્વીકારી તેમના સરદારો બની બેઠા હતા અને મારવાડ, અંબર આદિ દેશ- ના રાજાઓ તો પોતાની પુત્રીઓ મોગલ બાદશાહને આપી પણ ચુક્યા હતા. મારવાડનો રાજા ઉદયસિંહ, બીકાનેરનો રાજા રાય સિંહ, અંબરનો રાજા માનસિંહ તથા બુંદિનો રાજા, એ સર્વ રાજસ્થાનના મોટા મોટા રાજાઓ મોગલ શાહનશાહ અકબરની રાજનીતિથી ગૌરવશૂન્ય બનીને તેના પક્ષમાં ભળ્યા હતા. સમસ્ત રાજસ્થાનમાં માત્ર મેવાડનો મહારાણો પ્રતાપ સ્વતંત્રતા ભોગવતો હતો અને તેણે ગમે તે ભોગે પોતાની સ્વતંત્રતા સાચવી રાખવાનો નિશ્ચય કર્યો હતો. વીરશિરોમણી પ્રતાપસિંહે, પોતાની બ્હેન કે દીકરી મોગલ બાદશાહને આપવાની વાત તો બાજુએ રહી; પરંતુ તેને નમવાની અને તેની તાબેદારી કરવાની પણ ના પાડી હતી. પ્રતાપે ધીમે ધીમે સૈન્ય એકત્ર કરવાની શરૂઆત કરી વખત મળે મોગલો સામે બાથ ભીડવાને તૈયારી કરવા માંડી હતી. વળી તેણે એવી સખ્ત પ્રતિજ્ઞા પણ કરી કે જ્યાં સુધી ચિત્તોડને જીતી લેવામાં ન આવે, ત્યાં સુધી સઘળા મોજશોખનો ત્યાગ કરી બ્રહ્મચર્ય પા- ળવું, ઘાસની શય્યામાં શયન કરવું, દાઢીના વાળ વધારવા અને પાંદડામાં ભોજન કરવું. તેણે પોતાના તમામ આત્મીય મનુષ્યોને પણ આ પ્રતિજ્ઞા પ્રમાણે વર્તવાની ફરજ પાડી હતી.

પ્રાતઃસ્મરણીય વીરવર પ્રતાપસિંહે જે અતિ કઠોર પ્રતિજ્ઞા લીધી હતી તેથી સમસ્ત મેવાડ શૂન્ય બની ગયું હતું. પાંચ વ[illegible] આ પ્રમાણે ચાલ્યું; પરંતુ એથી મોગલોને જીતી શકાય તેમ નહોતું [illegible] અનુભવી મંત્રી ભામાશાહ અને અન્ય સરદારોની સહાયથી પ્ર[illegible] સિંહે પોતાના રાજ્યમાં સુધારો કર્યો, સૈન્યના મુખ્ય મુખ્ય સરદારો[illegible] જાગીરો આપવા માંડી, રાજધાની કોમલમેરને મજબુત બના[illegible] તથા બીજા પહાડી કિલ્લા જે તેના કબજામાં હતા, તેને પણ મજબુ[illegible] બનાવ્યા. આ સમયે હિન્દી અને યુરોપ વચ્ચે વ્યાપાર ચાલતો હ[illegible]

તેનો માર્ગ મેવાડમાં થઈને સુરત અને બીજા બંદરો મારફત હતો; તે પ્રતાપે લુંટ ચલાવ્યાથી બંધ પડયો; આવી રીતે પ્રતાપસિંહ પોતાની દૃઢ પ્રતિજ્ઞા મુજબ મેવાડનું રાજ્ય ચલાવતો હતો. તે સમયમાં મોગલ સેનાપતિ અંબરનો રાજા માનસિંહ જ્યારે દક્ષિણમાં જીત મેળવીને દિલ્હી પાછો ફરતો હતો, ત્યારે પ્રતાપસિંહે તેને પોતાની મુલાકાત લેવાને માટે બોલાવ્યો. માનસિંહ રાણા પ્રતાપનું આમંત્રણ સ્વીકારી તેની રાજધાની કોમલમેરમાં આવ્યો. ઉદયસાગર સરોવરના તટે તેના માટે તંબુ નંખાવી તેને પ્રતાપસિંહે ઉતારો આપ્યો અને તેના માટે જમવાની તૈયારી કરાવી. પ્રતાપસિંહ પોતાના કુમાર અમરસિંહને માનસિંહનું સ્વાગત કરવાનું કહી ત્યાંથી ચાલ્યો ગયો. માનસિંહ જમવા બેઠો; પરંતુ રાણાને નહિ જોતાં તેણે અમરસિંહને રાણાની ગેરહાજરીનું કારણ પૂછયું અમરસિંહે તેનો આડો અવળો ઉત્તર આપ્યો, પરંતુ એથી માનસિંહના મનનું સમાધાન થયું નહિ. તે રાણાની ગેરહાજરીનું કારણ સમજી ગયો અને જમ્યા વિના પાટલા ઉપરથી ઉઠી ઉભો થઇ ગયો. થોડા સમય પછી પ્રતાપસિંહ આવી પહોંચ્યો. બન્ને પ્રતિસ્પર્ધિઓ વચ્ચે કેટલોક સમય ગરમાગરમ તકરાર ચાલી. છેવટે માનસિંહ ક્રોધે ભરાઇ, પોતાને થયેલ અપમાનનો બદલો લેવાનું કહી એકદમ ચાલ્યો ગયો. પ્રતાપસિંહે તેની સહેજ પણ દરકાર કરી નહિ. માનસિંહે આગ્રા જઇને અકબરને પોતાના અપમાનની વાત કરી, જે સાંભળીને તે ગુસ્સે થયો. તેણે તુરતજ માનસિંહને પ્રચંડ સૈન્ય લઇને પ્રતાપને કબજે કરવાને મોકલ્યો. પ્રતાપસિંહ પાસે આ વખતે બાવિશ હજાર રાજપુત સૈનિકો હતા અને તેને લઈને મોગલ સૈન્ય સામે થવાને હલ્દીઘાટના મેદાનમાં તૈયાર થઇને ઉભો. આ સ્થળે મોગલ અને રાજપુત સૈન્ય વચ્ચે મહાન યુદ્ધ થયું. પ્રતાપસિંહે તથા તેના સરદારો અને સૈનિકોએ આ યુદ્ધમાં કેવું અપ્રતીમ શૌર્ય દર્શાવ્યું હતું, તે વાંચકો જાણતાં હોવાથી અત્રે વિશેષ વર્ણન કરતા નથી. આ યુદ્ધમાં પ્રતાપસિંહના ઘણા સરદારો અને આત્મીય મનુષ્યો તથા ચૌદ હજાર સૈનિકોનો ઘાણ નીકળી ગયો હતો. પ્રતાપસિંહ પોતાના મંત્રી અને સરદારોની

સલાહથી રણભૂમિનો ત્યાગ કરી ગયા પછી આ યુદ્ધનો અંત આવ્યો.

ઇતિહાસનાં પૃષ્ઠો ઉપર હલદીઘાટનાં યુદ્ધની જે હકીકત લખાયેલી છે, તે વાંચતાં આપણને આશ્ચર્ય થાય છે અને પ્રતાપી પ્રતાપસિંહના શૌર્યને માટે આપણા મુખમાંથી ધન્યવાદના શબ્દો નીકળી પડે છે. હલદીઘાટના યુદ્ધ પછી મેવાડની જે દુર્દશા થઇ ગઇ હતી તથા પ્રતાપસિંહને જે દુઃખો અનુભવવાં પડયાં હતાં, તે સંબંધી આપણે આગળ ઉપર જોઇ લેશું. હવે શહેનશાહ અકબરનો સમય અને તેને લગતા ઇતિહાસનું થોડું ઘણું નિરીક્ષણ કરીએ.

શહેનશાહ અકબરનો જન્મ ઇ૦સ૦ ૧૫૪૨ ના માહે અકટોબર તા૦ ૧૫ મીએ હુમાયુની બેગમ હમિદા બાનુના પેટે અમરકોટમાં થયો હતો. ઇ૦સ૦ ૧૫૫૬ ના જાન્યુઆરી માસમાં હુમાયુનું મૃત્યુ થયું, ત્યારે અકબર પંજાબમાં હતો. અકબર તેના પિતાના મૃત્યુની ખબર અમૃતસરની પાસે કલાનુર સ્થાનમાં સાંભળતાં દીલ્હી આવ્યો અને કેટલાક દિવસ શોક પાળ્યા પછી તે રાજસિંહાસને બેઠો. અકબર રાજગાદી ઉપર આવ્યો, ત્યારે તેની અવસ્થા નાની હતી; તેથી રાજ્યનો બધો કારભાર પ્રધાનમંત્રી ખાનખાના બહેરામખાં ચલાવતો હતો. બહેરામખાં ક્રૂર અને ઘાતકી સ્વભાવનો હોવાથી અકબરને તેની સાથે બન્યું નહિ. બહેરામખાંએ રાજમહેને વશ થઇ તર્દીબેગ નામક સરદારના બન્ને હાથ કાપી નાંખ્યા હતા અને સૂરવંશના પઠાણ બાદશાહ આદિલશાહના અત્યંત શૂરવીર વણિક સેનાપતિ હેમુ (વિક્રમાદિત્ય)નું મસ્તક, પાણીપતના યુદ્ધમાં તે કેદ પકડાયા પછી, અકબરની નામરજી છતાં કાપી નાખ્યું હતું. તેના આવાં ઘાતકી કાર્યોથી રાજા અને પ્રજા તેના ઉપર અપ્રસન્ન થઇ ગયાં અને તેથી તેણે પંજાબમાં જઇને અકબર સામે બળવો જગાડયો; પરંતુ અકબરે તેની આગલી રાજ્યસેવાની કદર કરી તેને કાંઇ પણ દંડ નહિ આપતાં મક્કે ચાલ્યા જવાની રજા આપી. બહેરામખાં મક્કે જવાને તૈયાર થયો; પરંતુ માર્ગમાં મુબારકખાં નામક પઠાણે તેનું ખુન કર્યું. બહેરામખાંના મૃત્યુ પછી અકબર સ્વતંત્ર થયો હતો. માત્ર અઢાર

વર્ષની તરૂણ અવસ્થામાં અકબરના હાથમાં મોગલ સલ્તનતની લગામ આવી હતી; પરંતુ સ્વાભાવિક બુદ્ધિબળ અને કેળવણીમાં તે અગ્રગણ્ય હતો અને તેથી જ તે પોતાનું નામ હિન્દુ-મુસલમાનમાં અમર કરી ગયો છે. શહેનશાહ અકબર જેમ બુદ્ધિબળમાં ચઢીઆતો હતો, તેમ યુદ્ધકાર્યમા પણ કુશળ હતો. તે સ્વભાવે મીઠો અને અંગે ગોરવર્ણો હતો. વિશેષમા તેનામાં હિંમત એટલી બધી હતી કે રાજસ્થાનના મોટાં મોટાં રાજ્યોને બળથી અને કળથી વશે કરી તેમની પુત્રીઓને પોતાના જનાનામાં લાવવાને અને એ રીતે સમસ્ત હિન્દુસ્થાનમા પોતાનો અધિકાર જમાવવાને તે શક્તિવાન થયો હતો. અકબરે રાજ્યગાદીનો સ્વતંત્ર અધિકાર પોતાના હાથમાં લીધો કે તુરત જ તેણે સર્વત્ર સુવ્યવસ્થા કરી દીધી, લશ્કરી અમલદારોને વશ કરી લીધા અને બાદશાહીના જે જે પ્રાંતો બીજા કબજે કરી બેઠા હતા, તે છતી લીધા. અકબરે પ્રથમ પોતાના પિતાનું વેર વાળવા મારવાડના રાઠોડ નૃપતિને તાબે કરવા મારવાડ ઉપર હુમલો કરી સુવિખ્યાત મેડતાનો કિલ્લો છતી લીધો. અકબરની પ્રચંડ સેના અને તેના બાહુબળને જોઇ અંબરરાજ બિહારીમલ્લ અને તેનો પુત્ર ભગવાનદાસ તેના તાબે થઇ ગયા. ભગવાનદાસે પોતાની બ્હેનનો વિવાહ અકબર સાથે કરી રાજપૂત કુળને કલંકિત કર્યું હતું.* અકબરે ધીમે ધીમે સઘળાં રાજપૂત રાજ્યોને પોતાને તાબે કરી લીધાં હતાં. મારવાડના રાજા માલદેવે છેવટે હાર પામી પોતાની કન્યા અકબરને આપી હતી અને તેના પેટે શાહજાદા સલિમનો જન્મ થયો હતો. અકબર રાજસ્થાનમાં ઘણાં ખરાં રાજ્યોને પોતાને કબજે કરવા શકિતવાન થયો હતો; પરન્તુ મેવાડના મહારાણા વીરવર પ્રતાપસિંહને તે વશ કરી શક્યો. નહોતો. તેણે ગમે તે ઉપાયે પ્રતાપસિંહને નમાવવાનો નિશ્ચય કર્યો હતો અને તેથી તેણે ઈ. સ. ૧૫૬૮ માં મેવાડની રાજધાની ચિત્તોડ ઉપર હુમલો કરી તે છતી લીધી હતી;

* ભગવાનદાસનો પુત્ર માનસિંહ અકબરનો મુખ્ય સેનાપતિ થઇ પડ્યો હતો. તેણે પોતાની બ્હેનને શાહજાદા સલીમ સાથે ઇ. સ. ૧૫૮૮ માં પરણાવી હતી.

પરંતુ પ્રતાપસિંહને તે કબજે કરી શકયો નહોતો. ઈ. સ. ૧૫૭૬ માં ફરીને મેવાડ ઉપર ચડાઈ લઈને તેણે સેનાપતિ માનસિંહને મોકલ્યો હતો. આ વખતે હલ્દીઘાટના મેદાનમાં મોગલ અને રાજપુત સૈનિકો વચ્ચે મહા ભયંકર યુદ્ધ થયું હતું અને તેનું શું પરિણામ આવ્યું તે આપણે વાંચી ગયા છીએ. એટલે તે સંબંધી નવેસરથી વિવેચન કરવાની અગત્ય નથી. ટુંકામાં એટલું કહેવું બસ થશે કે એ યુદ્ધમાં રાજપુતોનો પરાજય અને મોગલોનો વિજય થયો હતો; પરંતુ તેઓ તેમને નમાવી શકયા નહોતા.

બાદશાહ અકબરને ઘણા ઇતિહાસકારો ' ઉદાર અને હિન્દુ-મુસલમાન પ્રતિ સમાન દૃષ્ટિ રાખવાવાળો ' હતો, એમ કહે છે અને કેટલાકો તેને ' કપટકળામાં નિપૂણ અને વિષયી ગણે છે. ' વસ્તુતઃ અકબર કેવો હતો, એ વિષે વિવેચનમાં ઉતરવાનું નવલકથાકાર તરીકે અમે પસંદ કરતા નથી; તેમ છતાં શહેનશાહ અકબરના ગુણ–દોષ સાધારણ રીતે આ નવલકથામાં આળેખાયલા જોવામાં આવશે અને તેથી વાંચકો તેના વિષે ઇચ્છાનુકૂળ કલ્પના પણ કરી શકશે. અકબર ગમે તેવો કપટી અને વિષયી હોય; તો પણ તેણે જે રીતે મોગલ બાદશાહી ચલાવી છે, તે રીતથી તે પોતાનું નામ અમર કરી ગયો છે અને વિશેષમાં એક ઉદાર રાજકર્ત્તા તરીકેની ગણનામાં પોતાનું નામ મૂકતો ગયો છે. તેણે પ્રજાની પ્રીતિ મેળવવાની ખાતર કે પોતાની રાજગાદીની જડ ઉંડી ઉતારવાની ખાતર હિન્દુ અને મુસલમાન પ્રજાને સમાન ન્યાય આપવાનો પ્રયાસ કર્યો હતો, તેમજ જૈનાચાર્ય શ્રીમાન્ હીરવિજયસૂરિના પરિચય અને ઉપદેશથી જીવહિંસાનો અટકાવ તથા જાત્રાળુ અને જજીઆવેરાની માફીના ઠરાવો બહાર પાડયા હતા. દિલ્હીના સિંહાસને ગીજનવી, ઘોરી, ગુલામ, પઠાણ, તુર્ક અને ખીલજી વંશના જે જે બાદશાહો થઈ ગયા હતા તથા મોગલવંશના બીજા જે બાદશાહો થયા, તે કરતાં અકબરશાહ ઘણોજ ઉદાર અને નીતિપ્રિય બાદશાહ હતો, એમ તો નિર્વિવાદ કહેવું પડે છે.

અકબર બાદશાહ મહત્વાકાંક્ષી હતો અને તેથી તેણે સમસ્ત હિન્દુસ્થાનને જીતી લેવાનો પ્રયાસ કર્યો હતો, એ જાણીતી વાત

છે. વળી તેણે રાજપુતોના દિલ જીતી લેવાની ખાતર તેમની સાથે કન્યા લેવા-દેવાનો વ્યવહાર શરૂ કર્યો હતો અને સમસ્ત હિન્દુજાતિનો પ્રેમ મેળવવાની ખાતર તે સર્વ ધર્મના આચાર્યોની સભા ભરતો અને તેમની ધાર્મિક વાતો સાંભળતો હતો. આમ કરવાનો રાજકીય દૃષ્ટિએ તેનો ગમે તે હેતુ હોય; પરંતુ તેના એ ઉદાર મતવાદથી હિન્દુઓ તેના પક્ષપાતી બન્યા હતા અને તેને દિલોજાનથી સહાય કરવાને તત્પર રહેતા હતા. શહેનશાહ અકબરના આવા ઉદાર મતવાદથી માત્ર મેવાડનો ટેકીલો રાણો પ્રતાપસિંહ ભોળવાયો નહોતો અને તેણે અકબરના જીવતોડ પ્રયત્ન સામે થઈને પણ પોતાની અખંડ કીર્ત્તિ જાળવી રાખી હતી.

—✻◎◎✻—

પ્રકરણ ૪ થું.

કર્તવ્યની દિશા.

વર્ષાઋતુની પૂર્ણાહુતિ થઇ ગઇ હતી. વર્ષાદ પુષ્કળ પડેલો હોવાથી આરાવલી પર્વતનો પ્રદેશ લીલોછમ બની ગયો હતો: પર્વતોના માર્ગો, નદીઓ, નાળાંઓ, ખીણો વિગેરે જળથી ઉભરાઇ ગયાં હતાં. ચોતરફ પ્રકૃતિનું સુંદર દૃશ્ય નજરે પડતું હતું. કોમલમેરથી થોડે દૂર આવેલું એક વિશાળ સરોવર જળતરંગોથી હસી રહ્યું હતું. સરોવરની ચોતરફ મોટાં મોટાં વૃક્ષોનાં ઝુંડ ને ઝુંડ આવી રહેલાં હતાં, તેમાં આમ્રવૃક્ષો ઉપર બેસીને કાળી કોયલો પંચમ સ્વરથી આલાપ કરી રહી હતી. અન્ય પક્ષીઓ સરોવરના સુશીતલ સ્વચ્છ જળમાં સ્નાન કરી રહ્યાં હતાં. સરોવરની ચારે દિશામાં દિવાલની પેઠે પર્વતમાળા આવેલી હતી અને તેની સુંદર નયનમનોહર ખીણોમાં પશુઓ આનંદથી લીલું સુકોમળ ઘાસ ચરી રહ્યાં હતાં. કાર્તિક માસ ચાલતો હતો, પ્રભાતનો સમય હતો, સૂર્યનારાયણનો ઉદય થયાને થોડોજ સમય થયેલો હોવાથી તેનાં

રક્ત કિરણોનો સોનેરી પ્રકાશ સરોવરના જળ ઉપર પડતો હતો અને તેથી જળતરંગોની રમણીયતામાં ઓર વૃદ્ધિ થતી હતી.

આ સમયે અને આ સ્થળે એક ભવ્ય મુખાકૃતિવાળો વૃદ્ધ પુરૂષ સરોવરના તટે ઉભો ઉભો વિચાર શૂન્યતાથી પ્રકૃતિનું સુંદર દૃશ્ય જોઈ રહ્યો હતો. તે શરીરે ઉંચો અને ઘઉંવર્ણો હતો. તેનાં ચક્ષુ અને ભ્રમરનો રંગ કૃષ્ણવર્ણો હતો. તેની બન્ને ભ્રમરો અન્યોઅન્યની સાથે જોડાઈ ગઇ હતી. તે જો કે વૃદ્ધાવસ્થાએ પહોંચેલો જણાતો હતો અને તેના માથાના વાળ સફેદ થઇ જવાની તૈયારીમાં હતા; તેમ છતાં તેના શરીરનો બાંધો મજબુત હતો. તેની શારીરિક શકિત અતુલ હતી. તેનાં બન્ને બાહુ જાનુ પર્યંત લાંબા હતાં. તેનું મુખમંડલ તેજથી ભરપૂર હતું અને તેની કાળી આંખોમાં વિલક્ષણ પ્રકારનો ચમત્કાર હતો. આ ગૌરવશાલી પુરૂષ તે અન્ય કોઇ નહિ, પણ મેવાડના મહારાણા પ્રતાપસિંહનો વંશપરંપરાનો મુખ્ય મંત્રી ભામાશાહ હતો.

હિન્દુસ્થાનની આ પવિત્ર ભૂમિ ઉપર પ્રાચીન સમયમાં ઘણા મહાન પુરૂષો થઇ ગયા છે, એ ઇતિહાસના વાંચનથી આપણે સારી રીતે જાણી શકીએ છીએ. આ પુણ્યમયી ભારતભૂમિ ઉપર જે જે મહાન અને પ્રતાપી પુરૂષો ઉત્પન્ન થઇ ગયા છે, તેમનાં યથાર્થ ચરિત્રો તો આપણે સંપૂર્ણ ઐતિહાસિક જ્ઞાનના અભાવથી જાણી શકતા નથી, પરંતુ તેમના થોડાં ઘણાં ઉપલબ્ધ થતાં ચરિત્ર વર્ણનાત્મક ઇતિહાસથી આપણે તેમના ઉત્તમ ગુણો અને પરોપકારી સ્વભાવની કલ્પના કરી શકીએ છીએ. અમે જે સમયની પ્રસ્તુત ઐતિહાસિક નવલકથા લખીએ છીએ, તે સમયે અને તેની પૂર્વે રાજસ્થાનમાં ઘણા શ્રીમંત અને ગૌરવશાળી જૈનધર્મી કુટુંબોનો નિવાસ હતો, જૈનધર્મ અને જૈન સમાજની તે વખતે અપૂર્વ જાહોજલાલી હતી મારવાડ, મેવાડ અને ગુજરાત એ ત્રણે દેશો જૈનોના નિવાસસ્થાન તરીકે જાણીતા થયેલા છે, અને જૈનોના મુખ્ય તીર્થસ્થળો–આબુ, પાલીતાણા અને ગીરનાર પણ એ દેશોમાં આવેલાં છે. રાજસ્થાનમાં અને ગુજરાતમાં તે વખતે મુત્સદ્દી, વહીવટી અને રાજપ્રકરણી ખાતામાં જૈન શ્રાવકોનેજ મોટા મોટા હોદ્દા

આપવામાં આવતા હતા, પ્રસંગોપાત તેઓ યુદ્ધમાં પણ ભાગ લેતા હતા. વિમળ, મુંજાલ, ઉદયન, વસ્તુપાળ તથા તેજપાળ જેવા ચુસ્ત જૈન ધર્મીઓએ યુદ્ધકાર્યમાં જે અપ્રતિમ શૌર્ય દર્શાવ્યું છે, તેનું વર્ણન વાંચીને આપણને આશ્ચર્ય થયા સિવાય રહેતું નથી. મેવાડના રાણાના પૂર્વ પુરૂષોની રાજ્યધાની વલ્લભીપુરનો જ્યારે દેવ કોપથી નાશ થયો, ત્યારે ઘણાં જૈન કુટુંબો મેવાડમાં આવ્યાં હતાં, મેવાડના રાણાઓએ તેમને સારો આશ્રય આપ્યો હતો અને તેથી તેઓ તેમના ખરેખરા સ્વામીભક્ત થઈને રહ્યાં હતાં. રાજસ્થાનના રાજાઓ જૈનધર્મ પ્રત્યે માનની દ્રષ્ટિથી જોતા હતા. ચિત્તોડમાં પાર્શ્વનાથને અર્પણ કરેલ સ્થંભ સીત્તેર ફુટ ઉંચો છે અને તે ઘણીજ મહેનતથી કોતરેલો છે, હિન્દુસ્થાનના શિલાલેખોમાં આ શિલાલેખ ઘણો પ્રતિષ્ઠિત છે. માત્ર મેવાડમાંજ નહિ, પણ આખા પશ્ચિમ હિન્દુસ્થાનમાં પવિત્ર કારીગરના ઉમદા ખંડેરો જૈનધર્મનાં છે. ઘણાં પ્રાચીન શહેરોમાં જૈન ધર્મના ઉત્તમ શીલાલેખો હજુ પણ જોવામાં આવે છે અને તેથી પૂર્વ સમયમાં તેનો અભ્યુદય કેવો અને કેટલો હતો, તેની આપણે ખાતરી કરી શકીએ છીએ. વળી મેવાડના રાણાઓએ જૈનમંદિરોના હકના સંબંધમાં જે જે હુકમો બહાર પાડેલા છે, તે જોતાં જૈનોની તે સમયે અપૂર્વ ઉન્નત સ્થિતિ હશે, એમ આપણને જણાય છે.*

મેવાડના મહારાણા પ્રતાપસિંહના મુખ્ય મંત્રી ભામાશાહનું નામ મેવાડના ઉદ્ધારકર્તા તરીકે જાણીતું થયેલું છે અને હજુ પણ ઘેર ઘેર તેના ગુણાનુવાદ ગવાય છે. તે જાતિએ કાવડીઆ ઓસવાળ હતો. તેના પૂર્વપુરૂષો ઘણા સમયથી મેવાડના મુખ્ય મંત્રીનું પદ ભોગવતા આવ્યા હતા. ભામાશાહ મહાન શૂરવીર, ઉદાર અને મુસદ્દી હતો અને તેણે મેવાડના રક્ષણને માટે જે અમૂલ્ય સહાય કરી હતી, તે જોતાં તેની સ્વામીભક્તિનો આપણને ખ્યાલ આવે છે. આવા એક ઉત્તમ પુરૂષનું યથાર્થ ચરિત્ર આપણે જાણી શકતાં નથી, એ દીલગીરીનો વિષય છે.

---

* વિશેષ જાણવા માટે જુઓ ટોડ રાજસ્થાન ભાગ ૧ લો.

હલ્દીઘાટના યુદ્ધમાં પરાજય પામ્યા પછી મહારાણા પ્રતાપ પોતાના આત્મીય મનુષ્યો સાથે કોમલમેરના કિલ્લામાં રહેતો હતો. હલ્દીઘાટનું યુદ્ધ વર્ષાઋતુની શરૂઆતમાં થયેલું હોવાથી અને ત્યાર પછી પુષ્કળ વરસાદ પડવાથી મોગલો ત્યાં લડી શકવા નહોતા. તેઓ છાવણી ઉઠાવીને ત્યાંથી આગ્રા ગયા હતા અને તેથી પ્રતાપસિંહને કાંઇક વિશ્રાંતિ મળી હતી, પરંતુ ભવિષ્યમાં તેઓ વધારે જોર પકડતાં ફરીથી ચઢી આવશે, એમ તેને ખાતરી હોવાથી તેણે શત્રુઓ સામે થવાની તૈયારી કરી રાખી હતી. હલ્દીઘાટના યુદ્ધમાં પરાજીત થવાથી પ્રતાપસિંહ તથા તેના સર્વ સરદારો ચિંતાતુર બની ગયા હતા, પરંતુ વૃદ્ધ મંત્રી ભામાશાહ તેમને સર્વને આશ્વાસન આપીને શાંત કરતો હતો. પોતાના દેશની અને પોતાના સ્વામીની દુર્દશા જોઇને તેના હૃદયમાં અસહ્ય વેદના થતી હતી. તોપણ તેનામાં ધીરજ અને સહનશીલતા હતી અને તેથી તે સર્વને વારંવાર આશ્વાસન તથા ભવિષ્યમાં શી રીતે બચાવ કરવો, એ વિષે સૂચના આપતો હતો. આજે પ્રાતઃકાળમાં વ્હેલો ઉઠીને મનને શાંત કરવાના હેતુથી સરોવરના તટ ઉપર આવીને તે તેનું કુદરતી સૌંદર્ય જોતો હતો. અકબર જેવા પ્રબળ શત્રુને શી રીતે જીતવો તથા પોતાના દેશના અને સ્વામીના ગૌરવને શી રીતે સાચવી રાખવું, એ વિચાર તેના હૃદયમાં ઘોળાતો હતો. ભામાશાહ વિચારનિદ્રામાંથી જાગૃત થઇને કિલ્લા તરફ વળવાની તૈયારી કરતો હતો. એટલામાં શ્વેત વસ્ત્રધારી એક મુનિ જમીન ઉપર દ્રષ્ટી સ્થાપી કિલ્લા તરફ ચાલ્યા જતા તેના જોવામાં આવ્યા. તે તુરતજ મુનિ પાસે જઇ પહોંચ્યો અને તેમને ભક્તિભાવથી વંદન કર્યું. મુનિએ સહેજ સ્મિતથી 'ધર્મલાભ' આપ્યો. ભામાશાહે મુનિના તેજસ્વી મુખ સામે જોઇને વિનયથી પુછયું. "મહારાજ! આપ આવા કટોકટીના સમયે ક્યાં પધારો છો ?"

શાંતમૂર્તિ મુનિએ સ્વાભાવિકપણે ઉત્તર આપ્યો. "મંત્રીશ્વર! અમારા જેવા સંસારત્યાગી સાધુઓએ, સમય ગમે તેવો હોય, તેની દરકાર કર્યા વિના ઉપદેશને વાસ્તે-જગતના હિતને માટે ફરવું જોઇએ અને તેથી હું અત્યારે કોમલમેર તરફ જાઉં છું."

"આપનું કથન સત્ય છે, મહારાજ! પણ જે સમયે શત્રુઓ દેશમાં ત્રાસ વર્તાવી રહ્યા છે, તે સમયે પ્રત્યેક મનુષ્યે પોતાના જાનમાલનું પણ રક્ષણ કરવું જોઈએ ને!" ભામાશાએ કહ્યું.

"મંત્રીશ્વર! જાનમાલની દરકારનો ત્યાગ કરીને જેણે સંયમવૃત્ત ગ્રહણ કરેલું છે, તેણે શા માટે તેના રક્ષણની ચિંતા કરવી જોઈએ? મુનિએ પૂછયું.

"મહારાજ! આપને તે બાબતની ચિંતા ન હોય, એ સ્વાભાવિક છે; પરંતુ અમારા જેવા સંસારી મનુષ્યને તો ચિંતા કર્યા સિવાય બીજો ઉપાય નથી." ભામાશાએ ઉત્તર આપ્યો.

ભામાશાહના ઉત્તરથી મુનિની પ્રશાંત મુખમુદ્રા ઉપર ગંભીરતાની છાયા છવાઇ ગઇ અને તેમની પ્રેમમયી ચક્ષુઓમાંથી વિલક્ષણ પ્રકારના તેજનો પ્રવાહ નીકળવા લાગ્યો. તેમણે ભામાશાહ પ્રતિ પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ સ્થાપીને કહ્યું. "ભામાશાહ! મેવાડના મહારાણાનાં મંત્રી અને પવિત્ર જૈનધર્મના અનુયાયી પુરૂષના મુખમાંથી નિરાશાજનક વચનો નીકળતાં સાંભળી મને ગ્લાની થાય છે. શું આવી રીતે નિરાશા અને ચિંતામાં રહીને તમે તમારા દેશનો, તમારા ધર્મનો અને તમારા આશ્રયે પડેલા મનુષ્યોનો ઉદ્ધાર કરવા માગો છો? ચિંતા અને નિરાશા તો ઉન્નતિમાં મહાન્ વિઘ્ન સમાન છે, એ શું તમે નથી જાણતા?"

"જાણું છું, કૃપાસાગર! કે ચિંતા અને નિરાશા ઉન્નતિ સાધવામાં વિઘ્નરૂપ બને છે; પરંતુ જાણ્યા પ્રમાણે આચારમાં મૂકી શકવા જેટલી મારામાં શકિત નથી." ભામાશાએ કહ્યું.

મુનિએ શાંતિથી કહ્યું. "એ તમારી નિર્બળતા છે અને જ્યાંસુધી તમે તેનો ત્યાગ નહિ કરો, ત્યાંસુધી વિજય મેળવી શકશો નહિ. એકાદ વખતના પરાજયથી તમે આવી રીતે નિરૂત્સાહી બની બેસશો, તો પછી ભવિષ્યમાં આવનારી અનેક વિપત્તિઓ સામે તમે શી રીતે ટકી શકશો? જાણ્યા પ્રમાણે આચારમાં મૂકવાની તમારામાં જ્યારે શકિત નથી ત્યારે તમે તમારૂં, તમારા ધર્મનું, તમારા સમાજનું અને છેવટે તમારા આત્માનું શી રીતે કલ્યાણ કરી શકશો?"

" દેશના, ધર્મના અને સમાજના કલ્યાણને માટે તો કોઈ આપ જેવા મહાન્ પુરૂષની આવશ્યકતા છે. મારા જેવા પામર મનુષ્યથી શું થઈ શકે એમ છે ? " ભામાશાએ પૂછ્યું.

" મંત્રીશ્વર ! તમે પામર નથી, પણ એક વીર પુરૂષ છો. સંસારમાં પ્રત્યેક મનુષ્ય પામરતામાં સડવાને ઉત્પન્ન થયેલ નથી; પરંતુ વીરતાથી પોતાનું અને પોતાના બંધુઓનું પરમ કલ્યાણ કરવાને માટે જન્મેલ છે. જ્યાંસુધી અજ્ઞાનને લઈ તે પોતાની ખરી શક્તિને સમજતું નથી, ત્યાંસુધીજ તે પોતાને પામર ગણે છે; પરંતુ એક વખત જો તેના સમજવામાં આવે કે પોતે પામર નથી, પણ વીર છે; અજ્ઞાન નથી, પણ જ્ઞાનવાન છે; નિર્બળ નથી, પણ સબળ છે અને નિઃસત્ત્વ નથી, પણ સત્ત્વયુક્ત છે; તો પછી તેના દુઃખ માત્રનો નાશ થાય છે અને તે પરમ સુખને વરવા ભાગ્યશાળી થાય છે. ભામાશાહ ! આ તમારા પંચભૂત શરીરમાં જે આત્મા વિલસી રહ્યો છે, તેની એટલી તો અગાધ શક્તિ છે કે જો તે ધારે તો ત્રણ ભુવનનો સ્વામી પણ બની શકે છે; માટે નિરાશા અને ચિંતાનો ત્યાગ કરી તમારા કર્ત્તવ્યને દૃઢતાથી વળગી રહો. પરમાત્માની કૃપાથી તમને અવશ્ય વિજય મળશે જ, " મુનિ એટલા શબ્દો કહી રહ્યા કે તુરતજ ત્યાં એક ઘોડેસ્વાર આવી પહોંચ્યો. તેણે ઘોડા ઉપરથી નીચે ઉતરી મુનિને વંદન કરતાં કહ્યું. " મહારાજ ! આપનું કહેવું યથાર્થ છે. આપનો દરેક શબ્દ મેં સાંભળ્યો છે અને તેથી મારામાં નવજીવનનો સંચાર થયો છે. હવેથી અમે સર્વ ગ્લાનિ, સર્વ ચિંતા અને સર્વ નિરાશાનો ત્યાગ કરી પરમ ઉત્સાહ અને દૃઢતાથી સ્વકર્ત્તવ્યમાં જોડાઈ રહીશું અને આપની અને પરમ પ્રભુની કૃપાથી વિજયને વરીશું. "

મુનિએ તેનો કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ, પણ તેમણે સહેજ સ્મિત હાસ્ય કર્યું.

ભામાશાએ કહ્યું " મહારાજ ! આપના ઉપદેશથી મારામાં પણ નવજીવનનો ઉદ્ભવ થયો છે અને તેથી એક સરખા આગ્રહથી કર્ત્તવ્યમાં જોડાઈ રહેવાની હું આપ પૂજ્ય સન્મુખ પ્રતિજ્ઞા લઉં છું."





પ્રતાપે કહ્યું—" મહારાજ ! આપનું કહેવું યથાર્થ છે. આપનો દરેક શબ્દ મેં સાંભળ્યો છે, અને તેથી મારામાં નવજીવનનો સંચાર થયો છે. "

તો નથી, એનું શું કારણ ? મેં એવું શું અઘટિત કાર્ય કર્યું
કે જેથી પિતા તુલ્ય થાનસિંહે ચંપાને મારી સાથે વાત કરવાની
મના કરેલી છે ? કોણ જાણે આમ કરવાનો તેમનો હેતુ શું
, તેની ખબર પડતી નથી; પરંતુ ચંપાનો તિરસ્કાર કરવામાં
શું સાહસ કર્યું નથી ? તેની તે સમયની દુઃખી અને કાતર
મુદ્રા હજુ પણ મારી આંખો સામે તર્યા કરે છે અને મને
ર્જવતાથી વિનવતી હોયની, એમ જણાય છે. ખરેખર વિજય !
ીબ બિચારી ચંપાનો તિરસ્કાર કરવામાં તેં મહાન્ ભૂલ કરી
! તેણે તો મને ત્યાં રહેવાને વિનતિ કરી હતી; પરંતુ હુંજ
ુસ કરી તેને ત્યજીને ચાલ્યો આવ્યો છું. ઠીક, ચાલ્યો તો
યો; પરંતુ હવે ત્યાં જઇ શકાય ખરૂં ? એક વર્ષ પહેલાં તો
જ. બરાબર એક વર્ષે તેને મળીશ અને પછી ? પછી ભવિ-
ાં જે નિર્માણ થયું હશે, તે સહન કરીશ. હા, ઠીકયાદ આવ્યું.
લયનો ત્યાગ કરતી વખતે દાસીએ એક પરબીડીઉં મને આપ્યું
, તે ફોડીને વાંચવાનું તો હું તદ્દન વીસરી ગયો હતો. અત્યા-
ંચું તો ખરો કે તેમાં શું લખેલું છે ? " એમ કહીને તેણે
ડીઉં હાથમાં લઇ ફોડયું અને અંદરથી પત્ર કહાડીનેચંદ્રના
ર પ્રકાશમાં તે વાંચવા લાગ્યો:—

"વિજય ! અત્યારસુધી મેં તને મારા એક પુત્ર તરીકે
ને તારૂં પાલણપોષણ કર્યું હતું અને તને કોઇ વાતે દુઃખ ન
એ પ્રમાણે કરવાની મેં કાળજી રાખી હતી; પરંતુ તારા
ી ખાતર તેમ કરવાનું હવે હું ઉચિત માનતો નથી. ચંપા
તું હવે ઉમ્મર લાયક થયેલાં હોવાથી તમને બન્નેને વધુ
એકત્ર રાખવાં, એ ઠીક કહેવાય નહિ; એમ વિચારી મેં
ને તારી સાથે મળવાની અને વાતચિત કરવાની મના કરેલી
ાવી રીતે તારી સાથે સખ્ત થવાનું એ કારણ છે કે ચંપા
તું અન્યોઅન્યને ચાહતાં શીખ્યાં છો. અલબત, હું તને એક
પ્રમાન ચાહતો હતો; પરંતુ તારા જેવા ધનહીન અને આશ્રય-
યુવકની સાથે ચંપાનો વિવાહ કરવાને હું તૈયાર નથી અને

મંદિરના ઉપેરી ઘુમ્મટ આગળ લોકો નિત્યનવા જાણ્યા જણાતા હતા. આગ્રાના રાજમાર્ગો અને અમીર ઉમરાવોનાં ઉચ્ચ મકાનો અપૂર્વ ઉજ્જ્વલ દીપકોથી પ્રકાશી રહ્યાં હતાં. કોઈ કોઈ મકાનોમાંથી સિતાર-સારંગીના સૂર સાથે વિલાસી રમણીઓનાં કર્ણપ્રિય ગાયનો સંભળાતાં હતાં. વિશાળ રાજમાર્ગ ઉપર વિવિધ પ્રકારનાં વાહનોમાં બેસીને અમીર ઉમરાવો આવ જા કરી રહ્યા હતા. જનાનાગાડીઓ, પાલખીઓ, ડોળીઓ, સુખપાલો, રથો વગેરેની આવ-જાથી ધમાલ મચી રહી હતી. માર્ગની બન્ને બાજુએ અનેક પ્રકારની ચીજોની દુકાનો આવેલી હતી. દુકાનદારોએ પ્રત્યેકની વસ્તુઓને પોતાની દુકાનોમાં એવી તો સરસ રીતે ગોઠવેલી હતી કે ગ્રાહકોનાં દિલ તે લેવાને તુરત લલચાતાં હતાં. રસ્તા ઉપર પાનની દુકાનોનો તો પાર નહોતો અને તેમાં બેસીને રૂપસુંદર સુંદરીઓ પાન વેચતી હોવાથી કામીજનોનો ત્યાં અજબ રીતે જમાવ થયેલો હતો. ટુંકામાં કહીએ તો આગ્રા નગરની અત્યારની શોભા અલૌકિક હતી અને પ્રેક્ષકોને ઇંદ્રપુરીનું ભાન કરાવતી હતી.

વિજય, આ સઘળા પ્રકારને ઉદાસિન ભાવે જોતો જોતો આગળ ને આગળ ચાલ્યો જતો હતો, તે ક્યાં જતો હતો, તે તે પોતે પણ જાણતો નહોતો એટલે આપણે તો ક્યાંથી કહી શકીયે ! છેવટે તે યમુના નદીના તટ પ્રદેશ ઉપર આવી પહોંચ્યો. સુશીતલ હવાનો ઉપભોગ લેવા આવેલાં આગ્રાના વિલાસી નરનારીઓ આ વખતે પોતાનાં વાહનોમાં બેસીને પાછાં ફરતાં હતાં. પૂર્ણિમાની રાત્રિ હોવાથી રજનીનાથ સંપૂર્ણ કળાથી ખીલી રહ્યો હતો. યમુનાનું કૃષ્ણવર્ણી જલ ચંદ્રના ધવલ પ્રકાશથી સફેદ દૂધ જેવું જણાતું હતું. ઠંડો અને સુવાસિત પવન ધીમે ધીમે વાતો હતો, તેના ક્ષણવારના સેવનથી વિજયનું ઉશ્કેરાયલું દિલ કાંઈક શાંત થયું. તે ચંદ્ર-જડિત આકાશ અને મંદમંદ વહેતી પ્રશાંત યમુના તરફ જોઈને નિસાસો નાંખતો બોલ્યો:—" પ્રભુ ! પરમાત્મા ! મેં એવું તે શું પાપ કર્યું હશે, કે જેથી આમ અચાનક પ્રેમમયી ચંપાનો ત્યાગ કરવાની મને ફરજ પડી. આ પ્રશ્ન મારા મનમાં એક સરખી રીતે ઘોળાયા કરે છે; પરંતુ તેનો ઉત્તર મન પાસેથી

તેથી જ મારે તને નિરૂપાયે ચંપાની દૃષ્ટિથી દૂર કરવો પડ્યો છે; તેમ છતાં ભવિષ્યમાં તું તારા બાહુબળથી તારી ઉન્નતિ કરીશ તો મારી વ્હાલી પુત્રી ચંપાનો વિવાહ તારી સાથે અવશ્ય કરવાને ચુકીશ નહિ. ભાગ્યયોગે જો તું તારી ઉન્નતિ કરી શકયો હોય તો તું મને તુરત મળજે. હું તારી રાહ જોઇશ; પરંતુ હાલ તો મારે તારા હિતની ખાતર તારી સાથે સખ્ત થવું પડયું છે, તે ખાતર દિલગીર થઇશ નહિ. શાસનદેવ તને દરેક કાર્યમાં સહાયતા આપે, એવી મારી તને આશીષ છે. લી૦ થાનસિંહ."

વિજયે એક વાર નહિ, પણ બે-ત્રણ વાર ઉપર્યુક્ત પત્રને ધ્યાનપૂર્વક વાંચ્યો અને ત્યારપછી તેને પોતાના પહેરેલાં વસ્ત્રોમાં સાચવીને જેમનો તેમ પાછો મૂકી દીધો. તેણે ફરીથી નિ:શ્વાસ નાંખીને મન સાથે વિચાર કર્યો: "ન્યાયની દૃષ્ટિએ જોતાં થાનસિંહ શેઠનું લખવું ગેરવાજબી નથી. તેમણે મને જે હેતુએ ચંપાની દૃષ્ટિથી દૂર કર્યો છે, તે કહાડી નાંખવા જેવો તો નથી. ચંપા આખા નગરના એક શ્રીમંત અને અકબર બાદશાહના અત્યંત માનીત શાહુકારની પુત્રી છે, ત્યારે હું એક ધન, જન અને આશ્રયહીન યુવક છું; તેથી વ્યવહારની દૃષ્ટિએ અમારૂં ઉભયનું લગ્ન થવું અસંભવિત છે. આ સ્થિતિમાં મારે માટે એકજ માર્ગ રહેલો છે કે જો ચંપાની સાથે લગ્ન સંબંધથી મારે જોડાવું હોય, તો મારે તેને લાયક થવાનો પ્રયાસ કરવો. ઠીક છે, જોઉં છું કે ભવિષ્યમાં શું શું નિર્માણ થયેલું છે; પરંતુ નિર્મળ આકાશપટ ઉપરથી ચંદ્રદેવ પૃથિવી ઉપર અમૃતધારા વર્ષાવી રહ્યા છે, શ્યામસલીલા યમુના પોતાના વિશાળ પટ ઉપર ચંદ્રના પ્રતિબિંબને ધારણ કરી રહેલી છે, સુશીતલ અને મધુર પવનની શાંત લહેરીઓ શરીરને અપૂર્વ સુખનું ભાન કરાવી રહી છે અને સમસ્ત પૃથિવી રજનીપતિના રૂપેરી અજવાળામાં નિમગ્ન થઇ રહેલી છે; તેમ છતાં જીવને આરામ નથી, તેનું શું કારણ? પ્રકૃતિનાં એ સર્વ સુંદર દૃશ્યો, પ્રાણપ્યારી ચંપાના સહવાસ વિના દિલને આરામ આપી શકતાં નથી. પ્રિયજનના સમાગમ વિના આ રળિયાળી રાત્રી પણ અકારી અને અપ્રિય લાગે છે."

કરતાંજ વિજય મંત્રમુગ્ધ થઇ ગયો. વાચકો ! વિજયે ત્યાં શું જોયું, તે તમે જાણવા આતુર છો ? તે એક પત્થરનો બનેલો નકશીદાર ઓરડો હતો અને તેની બાજુમાં સંગેમરમરના સુંદર રંગીન થાંભલાઓ ગોઠવેલા હતા. ઓરડામાં જોનારીઓ રંગબેરંગી આરસના બત્તી જડી દીધેલાં હતાં. પ્રત્યેક થાંભલાની આસપાસ સુગંધી દીપો બળી રહ્યા હતા. ગેંદા, ચમેલી, માલતી, ચંપા, ગુલાબાદિ પુષ્પોની મીઠી સુગંધ આખા ઓરડામાં પ્રસરી રહેલી હતી. ઓરડાની મધ્યમાં લટકાવેલાં સોનારૂપાનાં પાંજરામાં પોપટ, મેના, કોયલ અને બુલબુલ કલરવ કરી રહ્યાં હતાં. ઓરડામાં અંતરફ વિવિધ પ્રકારના રંગોવાળાં મખમલથી જડેલાં અને જરીકામથી ભરેલાં અનેક સુંદર આસનો ગોઠવેલાં હતાં, તેમાં એક અતિ મનોહર આસન ઉપર એક નવજુવાન પરમ રૂપનિધાન સુંદરી બેઠેલી હતી. વિજયે વિજયે તેને ઓળખી, તે શાહજાદી આરામબેગમ હતી. વિજયે શાહજાદીને વિનયથી મસ્તક નમાવી પ્રણામ કર્યા. શાહજાદી જે આસન ઉપર બેઠી હતી, તેની પાછળ બે તાતારી સ્ત્રીઓ તેને પંખાવતી પવન નાંખતી ઉભેલી હતી. વિજયે શાહજાદીના અત્યંત લાવણ્યયુકત વદન તરફ નિહાળી નમનતાઇથી કહ્યું. " શાહજાદી સાહેબા ! આ સેવકને આપેજ યાદ કર્યો છે કે શું ? "

શાહજાદીએ ક્ષણવાર વિજયના સામે જોઇ મીઠા અને મધુર સ્વરે કહ્યું " હા, " મેંજ તમને યાદ કર્યા છે વિજયકુમાર !

જાણે મીઠા મોહક સરોદથી બુલબુલજ બોલતું હોય, એવો ખ્યાલ વિજયના મગજમાં ઉત્પન્ન થયો. તે શાહજાદી તરફ કાંઇ પણ બોલ્યા વિના અર્થસૂચક દૃષ્ટિએ જોઇ રહ્યો.

" વિજય ! સામેના આસન ઉપર બેસો. મુંઝાવાનું કશું પણ કારણ નથી. " શાહજાદીએ મંદ સ્મિતપૂર્વક કહ્યું. સ્મિત કરતાંની સાથે તેની ખુબસુરતીની ઝલક જોઇ વિજય આશ્ચર્યમુગ્ધ થઇ ગયો હતો.

તેણે કહ્યું. " નહિ જી હું અંહીજ ઉભો છું; પરંતુ આ બાદશાહી જનાનામાં મારા જેવા સાધારણ મનુષ્યનો પ્રવેશ થવે

અસંભવ હોવા છતાં મને અહીં બોલાવવાનું આપને શું પ્રયોજન છે, શાહજાદી સાહેબા !

તેના આ પ્રશ્નથી શાહજાદી હસી પડી. આહા ! તે હાસ્યમાં કેટલી મધુરતા હતી ! કેટલું સૌંદર્ય હતું ! કેટલું લાવણ્ય હતું ! આસ્માની રંગની રત્નજડિત ઓઢણીમાં છુપાયેલું શાહજાદીનું ગૌરવર્ણીય બદન અને તેની મોહકતાનું વર્ણન આ કલમથી થઇ શકે તેમ નથી ! વિજય એ રૂપના રાશિને અનિમિષ નયને જોતો ફરીને બોલ્યો. " શાહજાદી સાહેબા ! ગુસ્તાખી માફ કરો; પરંતુ સેવકને અહીં શા અર્થે બોલાવ્યો છે, તે કેમ કહેતાં નથી ? "

વિજય ! રાત ઘણી વહી ગઇ છે; માટે અત્યારે તો આરામ કરો. સવારે જે કહેવાનું છે તે કહીશ. " શાહજાદીએ ગંભીરતાથી કહ્યું.

" જેવી આપની ઇચ્છા મને જવાની રજા છે ? વિજયે કહ્યું.

નહિં, તમારા આરામને માટે સર્વ વ્યવસ્થા આ મકાનમાંજ થશે; માટે તમારે ક્યાંઇ જવાની જરૂર નથી. " શાહજાદીએ કહ્યું.

વિજયે આશ્ચર્યયુક્ત સ્વરે પૂછ્યું " બાદશાહી જનાનામાં મારા જેવા પુરૂષે રાતવાસો રહી શકાય ખરો ? "

" મુંઝાવાનું કશું કારણ નથી. આ મકાનના ગુપ્ત આવાસમાં તે માટેની સર્વ ગોઠવણ થશે. " શાહજાદીએ એમ કહીને પોતાની એક બાંદીને બોલાવી. બાંદી દોડતી આવી પહોંચી અને વિનયથી શિર ઝુકાવી ઉભી રહી.

શાહજાદીએ બાંદીને કહ્યું. " જૂલિયા ! આમના માટે પેલા ગુપ્ત ઓરડામાં આરામની સર્વ વ્યવસ્થા કરી મને ખબર આપ. "

બાંદી તુરતજ કુર્નિસ બજાવી ત્યાંથી ચાલી ગઇ અને પળવારમાં પાછી આવીને ફરમાન મુજબ સર્વ વ્યવસ્થા કર્યાની ખબર આપી. તે સાંભળી શાહજાદીએ વિજયને સત્તાવાહક સ્વરે કહ્યું " આ બાંદી સાથે જાઓ અને તે બતાવે એ જગ્યાએ આરામ કરો. સવારમાં હું તમને મળીશ. "

બાંદીએ વિજય સામે જોઇને કહ્યું જનાબ ! ચાલો ! "

છે કે ભિહિશ્તનો ફિરસ્તો ? મને લાગે છે કે મનુષ્યમાં આવું રૂપ ન
હોય ! [illegible] ફિરસ્તો છે નહિ તો આવું તેજસ્વી
રૂપ તેનામાં ક્યાંથી [illegible] કેવું [illegible] મનોહર [illegible]
કેવાં [illegible] ... આ સરગાના [illegible]
ખુદા ! આ રૂપને [illegible] નથી "

[illegible]

શાહજાદીએ બાંદીની સામે તિક્ષ્ણ દૃષ્ટિથી જોયું અને પછી કહ્યું. "શું પ્રાતઃકાળ થઇ ગયો છે ?"

"જી હા, જુઓને પ્રાતઃકાળની નહબ્બતો પણ વાગી રહી છે." બાંદીએ જવાબ આપ્યો.

"ઠીક છે, પેલો હિન્દુ યુવક ઉઠ્યો છે કે નહિ ? તે જોઇ મને ખબર આપ." શાહજાદીએ આજ્ઞા કરી.

બાંદી તુરતજ નમીને ચાલી ગઇ અને થોડીજ ક્ષણમાં પાછી આવીને તેણે કહ્યું. "શાહજાદી સાહેબા ! તે શય્યામાં હજુ આરામ કરે છે."

"શું હજુ તે આરામ કરે છે, જુલિયા ?" શાહજાદીએ આશ્ચર્યચકિત થઇને પૂછયું.

"જી હા, શાહજાદી સાહેબા !" બાંદીએ જવાબ આપ્યો.

"ઠીક જા, હમણાં તારૂં કામ નથી." શાહજાદી એમ કહીને હમામખાનામાં ગઇ અને પરિશ્રમને દૂર કરવાને માટે શીતળ સુગંધી જળથી તેણે સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ સુંદર વસ્ત્રોને પરિધાન કરી તે પોતાના ઓરડામાંથી બહાર નીકળી અને વિજય જે ગુપ્ત આવાસમાં હતો, ત્યાં જવા લાગી. તેણે ત્યાં જઇને દિવાલમાંની એક ખીંટીને દબાવી એટલે દિવાલનો થોડો ભાગ એક બાજુ ખસી ગયો અને ગુપ્ત ઓરડામાં તે ગઇ કે તુરતજ દિવાલનો ભાગ પુનઃ બીજા ભાગ સાથે જોડાઇ ગયો. શાહજાદીએ ઓરડામાં પ્રવેશીને જોયું તો વિજય શય્યા ઉપર હજુ પણ આરામથી ઉંઘતો હતો. ઓરડામાંનો દીપક બુઝાઇ ગયો હતો, પરંતુ જાળિયામાંથી આફતાબનો આછો પ્રકાશ આવતો હતો અને તેથી અંધકારનો લય થઇ ગયો હતો. શાહજાદી વિજયની શય્યા પાસે જઇ તેનું પ્રભાતકાળના આછા પ્રકાશમાં ઝળહળી રહેલું મુખમંડલ અનિમેષ નયનોએ જોઇ રહી. તેણે ઘણીવાર સુધી વિજયના રૂપને જોયા કર્યું; પરંતુ તેને તૃપ્તિ થઇ નહિ. તે પુનઃ પુનઃ તેના પ્રતિ જોતી પોતાના મન સાથે બોલી: "અહા ! કેવું સુંદર રૂપ ? શું વિજય મનુષ્ય

વિજય શાહજાદીને નમીને કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિના તે બાંદીની પાછળ પાછળ ગયો. કેટલાક ઓરડાઓ દિવાનખાનાઓ અને પરસાળોમાં થઈને બાંદી વિજયને એક ઓરડામાં લઈ ગઈ. આ ઓરડામાં દીપકના અભાવે ગાઢ અંધકાર છવાઈ ગયેલો હતો. બાંદીએ પોતાની પાસેની બત્તીને સતેજ કરી અને પછી દિવાલમાંની એક ખીંટીને દબાવી એટલે તુરતજ દિવાલનો થોડો ભાગ એક બાજુ ખસી ગયો અને એક અત્યંત મનોહર ઓરડો વિજયની દૃષ્ટિએ પડ્યો. બાંદીએ તેના તરફ દૃષ્ટિ કરીને કહ્યું. " જનાબ ! આ ઓરડો આપના આરામને માટે તૈયાર રાખ્યો છે, માટે અંદર પધારો. "

વિજય તે દિવાલને વટાવી અંદર ગયો કે તુરતજ એક ધીમા અવાજ સાથે ખસી ગયેલો દિવાલનો ભાગ પુનઃ પૂર્વવત્ સ્થિતિમાં આવી ગયો.

પ્રકરણ ૬ ઠું.

શાહજાદીની ઇચ્છા.

" ઇશ્ક ક્યા શએ હય કીસી
કિસ તરફ જાતા હય દિલ,
ક્યા તડફનેમેં મજા
ઉસ્કી લહેજતકું કીસી

વિજયે એ ઓરડામાં પ્રવે-
ઉંચી પત્થરની દિવાલો હતી;
નહોતું. પ્રકાશ અને પવનને-
મૂકેલાં હતાં; પરંતુ તે એટલા
તે દ્વારા કંઇપણ જોઇ શકાય
કરવાના અને મીઠી નિદ્રા
હામાં જોવામાં આવતાં હતાં
બાજી રહ્યો હતો. એક

આસનો હતાં. શય્યાની પાસે એક સ્વચ્છ જળથી ભરેલું પિત્તળનું વાસણ હતું અને તે ઉપર 'હિન્દુના ઉપયોગમાં આવે તેવું શુદ્ધ જળ' એમ લખેલી એક કાગળની પટી ચોડેલી હતી. આ બધી પ્રકાર જોઇને વિજય વિચારસાગરમાં ગોથાં ખાવા લાગ્યો. રાતના સમયે બોલાવી આવા એકાંત ઓરડામાં રાખવાનું શાહજાદીને શું પ્રયોજન હશે તથા તેની શી ઇચ્છા હશે, તે તેના સમજવામાં આવ્યું નહી. તે શાહજાદીને ઓળખતો હતો અને શાહજાદી તેને ઓળખતી હતી; કેમકે શાહજાદી પોતાની અત્યંત પ્રિય સખી ચંપાના આવાસે વખતે વખતે આવતી હતી અને તેથી વિજય અને તેનો મેળાપ કોઇ કોઇ વાર ત્યાં થતો હતો. વિજયે આ પ્રકારનો ભેદ ઉકેલવાને ઘણો પ્રયાસ કર્યો; પરંતુ જ્યારે તેનાથી કંઇ સમજાયું નહિં, ત્યારે તે થાકીને શય્યા ઉપર પડ્યો રાત ઘણી વહીગયેલી હોવાથી અને દિવાલમાં ગોઠવેલાં જાળિયામાંથી શીતળ પવનની લહરીઓ આવતી હતી તેથી વિજય થોડી ક્ષણમાં નિદ્રાધીન થઇ ગયો. બાંદીની સાથે વિજય ચાલ્યો ગયો, ત્યારપછી શાહજાદી આસન ઉપરથી ઉઠીને ઓરડામાં આમતેમ ફરવા લાગી. તેણે બન્ને તાતારિણીઓને ઓરડામાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી એટલે તેઓ તુરતજ ત્યાંથી અન્યત્ર ચાલી ગઈ. શાહજાદી આરામબેગમ શહેનશાહ અકબરની અત્યંત પ્રિયકર કન્યા હતી. તેનું વય બહુ બહુ તો પંદર સોળ વર્ષનું હતું. તે અત્યંત ગુણવતી, વિવેકી અને મધુરભાષિણી હતી અને તેથી શહેનશાહ અકબર તેને બહુજ સ્નેહથી ચાહતા હતા. બાદશાહે તેને પોતાના રંગમહેલના એક સુંદર અને વિશાળ મકાનને તેના નિવાસસ્થાન તરીકે આપેલું હતું. આ મકાન એવું તો સુંદર અને દર્શનીય હતું કે તેનું વર્ણન કરવાની અમે હિમ્મત કરી શકતા નથી. ટુંકામાં અમે એટલુંજ કહીએ છીએ કે શાહજાદી આરામબેગમને રહેવાનું મકાન એક નાના સરખા બિહિસ્ત સમાન હતું અને અમારા એટલા કથનથીજ વાચકોએ તેની કલ્પના કરી લેવી.

મધરાતનો સમય થવા આવ્યો હતો. આકાશમાં નિશાનાથ સંપૂર્ણ કળાથી ખીલી રહ્યા હતા અને તેના રૂપેરી પ્રકાશમાં આગ્રા

છે કે ભિહિસ્તનો ફિરસ્તો ? મને લાગે છે કે મનુષ્યમાં આવું રૂપ ન હોય ! ચોક્કસ, વિજય એક ફિરસ્તો છે; નહિ તો આવું દેવદુર્લભ રૂપ તેનામાં હોઈ શકે ખરું કે ? કેવું નયનમનોહર આ મુખ ! કેવાં વિશાળ આ નેત્રો ? મુખ ઉપર કેવી આ સરળતા ? હાય ખુદા ! આ રૂપને હજારો બલ્કે લાખો વખત જોવામાં આવે તોપણ દિલને તૃપ્તિ થાય એમ નથી. ”

હૃદયની તીવ્ર—અતિ તીવ્ર ઉત્તેજનાને રોકી નહિ શકવાથી શાહજાદીએ પોતાનો કોમળ મૃદુ હાથ વિજયના ઉજ્વલ કપાળ ઉપર ધીમેથી મૂક્યો. વિજયના નિદ્રિત દેહને સ્પર્શ કરતાં શાહજાદીનું સમસ્ત અંગ ધ્રુજી ઉઠ્યું. તેણે તુરતજ પોતાનો હાથ વિજયના કપાળ ઉપરથી લઈ લીધો; પરંતુ થોડી ક્ષણના અતિ કોમળ સ્પર્શથી વિજયની નિદ્રા પલાયન થઈ ગઈ. તે એકદમ જાગી ઉઠ્યો અને શય્યા ઉપરથી ઉઠીને ઉભો થતાંજ તેની દૃષ્ટિ શાહજાદી ઉપર પડી. પોતાની સન્મુખ શાહજાદીને ઉભેલી જોતાં તે આશ્ચર્યચકિત થઈ ગયો અને તેના અનુપમ લાવણ્યને એકી નજરે જોઈ રહ્યો. શાહજાદી પણ તેના દેવદુર્લભ રૂપને આડી નજરે નિહાળી રહી હતી. છેવટે તેણે કહ્યું. “ વિજય ! ”

“ ફરમાન, શાહજાદી સાહેબા ! ” વિજયે સલામ કરીને ઉત્તર આપ્યો.

“ ફરમાન કાંઈએ નથી; પરંતુ રાત્રીના વખતે ગઈ કાલે તમે ક્યાં જતા હતા ? ” શાહજાદીએ પૂછ્યું.

“ એ જાણીને આપ શું કરશો ? ” વિજયે સામો પ્રશ્ન કર્યો.

“ શું એ પૂછવાનો મને અધિકાર નથી ? ” શાહજાદીએ પુનઃ પૂછ્યું.

“ આપ દિલ્લીશ્વર શહેનશાહ અકબરના પુત્રી છો, આપનો અધિકાર મહાન્ છે. ” વિજયે કહ્યું.

“ એ અધિકારની હું વાત કરતી નથી. હું તો તમારી સાથેની ઓળખાણને લીધે એ હકીકત જાણવા માગું છું.” શાહજાદીએ કહ્યું.

વિજયે પોતાના આશ્રયદાતા થાનસિંહ શેઠનો આદેશ [illegible]

જાદીને કહી સંભળાવ્યો, તે સાંભળીને શાહજાદીએ આશ્ચર્ય પામતાં પૂછયું. થાનસિંહ શેઠે તમને તેમના મહાલયનો ત્યાગ કરી અન્યત્ર ચાલ્યા જવાની આજ્ઞા કરી, તે શામાટે, એ તમે જાણો છો ?"

"તેમની કન્યા ચંપા અને હું અન્યોઅન્યને ચાહતાં હતાં, તેથી તેમણે મને એવી આજ્ઞા કરી છે." વિજયે ઉત્તર આપ્યો.

" પણ તેથી તમને એવી આજ્ઞા કરવાનું પ્રયોજન શું છે ? એ હું સમજી શકતી નથી. " શાહજાદીએ ઇન્તેજારીથી કહ્યું.

" પ્રયોજન એ કે હું ગરીબ અને નિઃસહાય છું અને તેથી તે પોતાની પુત્રીનું લગ્ન મારી સાથે કરવા ખુશી નથી." વિજયે કહ્યું.

" તમે નિર્ધન અને નિઃસહાય છો, એ ખરી વાત; પરંતુ તમારા જેવો સુંદર યુવક આ દીન દુનિયામાં ભાગ્યેજ બીજો કોઇ હશે. " શાહજાદીએ કહ્યું.

વિજય નીચું જોઇ ગયો, તેણે કંઇ પણ ઉત્તર આપ્યો નહિ.

" ઠીક, પણ હવે તમે કયાં જવા ધારો છો ? " શાહજાદીએ પૂછયું.

" એ વિષે મેં કશો પણ નિશ્ચય કર્યો નથી. " વિજયે ઉત્તર આપ્યો.

" જુઓ વિજય ! " શાહજાદીએ તેના સામે ધ્યાનપૂર્વક જોઇને કહ્યું. " મારી સખી ચંપાના કથનથી હું જાણી શકી છું કે તમે એક સર્વગુણસંપન્ન યુવક છો અને તેથી મારી તમને એવી સલાહ છે કે તમે શહેનશાહને મળો અને તમારી હકીકત જણાવો. તે ગુણગ્રાહક હોઇને તમને અવશ્ય પોતાની સેવામાં રાખી લેશે. "

" શાહજાદી સાહેબા ! આપની એ સલાહ માટે આપનો હું અહેશાનમંદ છું; પરંતુ જે આ દીનદુનિયાનો માલિક છે અને જેના દર્શન થવા પણ મારા જેવા નાચીજ આદમીને સર્વથા અશકય છે, તે ભારતના સમ્રાટ શિરોમણિને શી રીતે મળી શકાય ? વિજયે પૂછયું.

તમારૂં કથન રાસ્ત છે, વિજય ! પણ બાબાનો દરબાર હર-કોઇ અર્જદાર મનુષ્યને માટે સદૈવ ખુલ્લો છે, તે શું તમે નથી જાણતા ? શાહજાદીએ સામે પ્રશ્ન કર્યો.

" હું જાણું છું, શાહજાદી સાહેબા ! કે આપના [illegible] જ [illegible] પરંતુ [illegible] તાત્કાલિક [illegible] " વિજયે [illegible]

" તે માટે તમે ફિકર ન કરો. હું સ્વયં [illegible] માટે અર્જ કરીશ. " શાહજાદીએ કહ્યું.

વિજયે પ્રફુલ્લ મુખમુદ્રાએ કહ્યું. " શાહજાદી સાહેબા ! આ ઇન્સાન નથી, પણ બિહિશ્તના ફિરસ્તા છો; આપના અહેસાનો બદલો મારાથી શી રીતે વળાશે ? "

"ઇન્સાને ઇન્સાનને સહાય કરવી, એ અહેસાન નથી; પ ફરજ છે અને તેથી તેનો બદલો વાળવાની તમારે શા માટે ફિ રાખવી જોઇએ ? " શાહજાદીએ કહ્યું.

"શાહજાદી સાહેબા ! સ્વાર્થથી ભરેલી આ આલમમાં [illegible] રહેમની એક સાચી અને જીવતી જાગતી મૂર્તિ છો; પરંતુ આ કને અહિં બોલાવવાની આપની શી ઇચ્છા છે, તે કેમ [illegible] નથી ? " વિજયે કૃતજ્ઞતાથી પૂછયું.

" એ કહેવાને માટે તો હું તમારી પાસે આવેલી જ છું" શાહજાદીએ કહ્યું.

" ફરમાવો, તાબેદાર સાંભળવાને તૈયાર છે. " વિજયે

" વિજય ! " શાહજાદીએ ક્ષણવાર વિચારીને કહ્યું. " ચંપાને ખરા જીગરથી ચાહો છો ? "

" અલબત્ત અને તે પણ મને તેવાજ જીગરથી ચાહે " વિજયે ઉત્તર આપ્યો.

" પણ થાનસિંહ શેઠ તો પોતાની પુત્રીની શાદી તમા જેવા નિર્ધન અને આશ્રયહિન યુવકની સાથે કરવાને તૈયાર નથી, તેનું કેમ ? " શાહજાદીએ ભાર દઇને પૂછયું.

" હા એ વાત ખરી છે; પરંતુ તેમણે એમ પણ કહ્યું છે કે જો હું મારા ભાગ્યનો ઉદય કરી શકયો, તો તે પોતાની પુત્રી ચં નું લગ્ન મારી સાથે કરશે. " વિજયે જવાબમાં કહ્યું.

" પણ તમારા ભાગ્યના ઉદયની રાહ તે કયાંસુધી જોશે ? " શાહજાદીએ પુનઃ પૂછયું.

"એકાદ વર્ષ તો તેઓ શાહ જોશે, એમ મારી માન્યતા છે." વિજયે જવાબ આપ્યો.

"અને તેટલા સમયમાં તમે તમારો ભાગ્યોદય ન કરી શકયા તો?" શાહજાદીએ એક તીક્ષ્ણ દ્રષ્ટિપાત સાથે એ પ્રશ્ન પૂછયો.

વિજયે કેટલોક સમય મૌન ધારણ કર્યું. તેણે શાહજાદીનો એ પ્રશ્નનો કશો પણ ઉત્તર આપ્યો નહિ, તેના મુખ ઉપર ચિંતાની સ્પષ્ટ છાયા જણાવા લાગી.

"કેમ ઉત્તર આપતા નથી, વિજય!" શાહજાદીએ ફરીથી પ્રશ્ન કર્યો.

"શાહજાદી સાહેબા! અવિનય માફ કરજો; પરંતુ આપ આપની ઇચ્છા જણાવતાં નથી અને મને અન્ય પ્રશ્ન પૂછો છો, એનું શું કારણ? ગુલામીની હાલતમાં મારે અહીં કયાં સુધી રહેવાનું છે?" વિજયે ગંભીરતાથી સામો પ્રશ્ન કર્યો.

"ભારત સમ્રાટ અકબરશાહની અતિ પ્રિય શાહજાદીની મીઠી મહોબ્બતભરી છાયામાં રહેવાને શું તમે ગુલામી હાલત ગણો છો?" શાહજાદીએ પૂછયું.

"જ્યાં સુધી આપ કાંઇ વ્યાજબી કારણ ન જણાવો, ત્યાં સુધી મારે એમજ માનવું જોઇએ." વિજયે નિશ્ચયાત્મક ભાવે જવાબ આપ્યો.

"મારી ઇચ્છાં બુરી નથી; પરંતુ તમને સુખી કરવાની છે અને તેટલાજ માટે મેં તમને અહીં બોલાવી મંગાવ્યા છે." શાહજાદીએ શાંતિથી કહ્યું.

"તો પછી આપ આપની ઇચ્છા જણાવવામાં વિલંબ શા માટે કરો છો?" વિજયે પૂછયું.

"વિજય!" શાહજાદીએ વિજયના સુંદર મુખ પ્રતિ એક વખત સ્થિરભાવથી જોઇ લીધા પછી કહ્યું. "હું તમને ચાહું છું, હા તમને ખરા જીગરથી–દિલોજાનીથી ચાહું છું અને તે આજથી નહિ; પરંતુ જ્યારથી મેં તમને થાનસિંહ શેઠના મહાલયમાં પ્રથમવાર જોયા છે, ત્યારથી જ મારૂં દિલ તમારા પ્રતિ આકર્ષાયું

છે. ગઈ રાત્રે શત્રિએ તમે યમુનાના તટ પ્રદેશ ઉપર ફરતા હતા, તે વિષે મારી બાંદી જુલિયાએ મને કહ્યાં મેં તમને અહીં મારી આશિષ જણાવવાની ખાતર બોલાવ્યા છે."

શાહજાદી ઉપરના શબ્દો બાગોજ બોલી રહી હતી એટલામાં તો દિવાલનો ભાગ અચાનક દૂર ખસી ગયો અને "ભારત સમ્રાટની શાહજાદી ક્યા દાનેશમંદ અને દિલેર પુરુષને ચાહે છે!" એ પ્રશ્નની સાથે ખુદ શહેનશાહ અકબરે એ ઓરડામાં પ્રવેશ કર્યો.

ખુદ બાદશાહ અકબરને જોઈ શાહજાદી તથા વિજય જમીન પર બેસી ગયા. શાહજાદી પોતાના બાબાના કદમો પર પડી અને વિજય બાદશાહના તેજથી અંજાઈ જઈ નીચે દ્રષ્ટી રાખી જમીન ખોતરવા લાગ્યો.

પ્રકરણ ૭ મું.

છુટકારો.

પોતાના અત્યંત ગુપ્ત અને એકાંત ખંડમાં બાદશાહ અકબર સુંદર અને સુસજ્જિત સિંહાસન ઉપર બેઠેલો હતો. સામે તે શાહજાદી અને વિજય થરથર ધ્રુજતાં ઉભેલાં હતાં. શાહજાદી બાંદી જુલિયા પણ શિર ઝુકાવી એક બાજુ ઉભેલી હતી. બાદશાહે કેટલોક સમય વિચાર કરી કરડા સ્વરે કહ્યું. "વિજય! મારી શાહજાદીના મહેલમાં તું ક્યાંથી આવ્યો? જે હકિકત બની હોય, સાચેસાચી કહે. જો જુઠું બોલીશ તો સખ્ત સજા થશે એ યાદ રાખજે."

વિજયે શાંતિથી કહ્યું. "જહાંપનાહ! હું શાહજાદીના મહેલમાં શી રીતે આવ્યો, તે કહી શકતો નથી; પરંતુ મારી હકિકત એટલી જ છે કે હું, શાહજાદી અને આ બાંદી સર્વે બે ગુન્હા છીએ."

બાદશાહે કઠોરતાથી કહ્યું. "તું હકિકત છુપાવે છે, એજ તારા ગુન્હાની સાબિતી છે."

"જહાંપનાહ પોતાને મનોગત કલ્પના કરવા મુખત્યાર છે." વિજયે નરમાશથી કહ્યું.

"ઠીક છે, જ્યારે તું ખરી બીનાને છુપાવે છે ત્યારે તને ગુન્હેગાર ગણી ઘટિત સજા કરવામાં આવશે–તારો જાન લેવામાં આવશે." એમ કહી બાદશાહે શાહજાદી તરફ ગંભીરતાથી જોતાં પૂછયું. "હં પણ તારે શું કહેવું છે?"

શાહજાદી આરામબેગમ જે પોતાની આંખોમાંથી અત્યાર સુધી ચોધાર આંસુ વરસાવી રહી હતી, તેણે બાદશાહને નમીને ઉત્તર આપ્યો. "પ્યારા બાબા! આ વિજય ખરેખર બેગુન્હા છે. હુંજ એકલી ગુન્હેગાર છું; માટે એના ઉપર રહેમ લાવી એને માફી બક્ષો અને મને જે સજા કરવી હોય તે કરો."

બાદશાહે દ્રઢતાથી કહ્યું. "એમ! તેં એક અજાણ્યા યુવકને તારા મહેલમાં બોલાવવાનું સાહસ કર્યું છે? અને તે શું કારણથી?"

શાહજાદીએ બાદશાહના કદમો ઉપર પડીને નમ્રતાથી કહ્યું. "કારણ એજ છે કે હું એમને ચાહું છું–મારા ખરા જીગરથી ચાહું છું."

"એક અર્થહિન અને આશ્રયહિન હિન્દુ યુવકને શું તું ચાહે છે?" બાદશાહે આશ્ચર્યચકિત થઈને પૂછયું.

"હા, બાબા!" શાહજાદીએ જવાબ આપ્યો.

"ત્યારે આ બિનામાં તુંજ ખરેખરી ગુન્હેગાર છે. ઠીક છે; પરંતુ વિજયને તદ્દન માફી આપવામાં આવશે નહિ." એમ કહી બાદશાહે તુરત બુમ મારી "કાસમ!"

થોડીવારમાં એક હૃષ્ટપુષ્ટ હબસી હાથમાં નગ્ન તરવાર લઈને બાદશાહ સન્મુખ આવી તસ્લીમ કરીને ઉભો રહ્યો.

તેના તરફ જોઈને બાદશાહે કહ્યું. "કાસમ! આ હિન્દુ યુવકને અને આ બાંદીને કેદખાનામાં લઈ જા."

"જહાંપનાહનો જેવો હુકમ." એમ કહી કાસમ તે બન્નેને આગળ કરી ખંડમાંથી બહાર નીકળી ગયો.

તેમને જતાં જોઈને શાહજાદીએ રડતાં રડતાં કહ્યું. "વ્હાલા બાબા! રહેમ કરો, રહેમ કરો, વિજય તદ્દન બેગુન્હા છે. તેને શા માટે કેદ કરો છો?"

"ચૂપ કર, શાહજાદી ! મારા હુકમની વચ્ચે પડવાનું તને કશું પણ પ્રયોજન નથી. હાલ તું તારા આવાસે જા; તારા ગુન્હાની સજાનો વિચાર કરવામાં આવશે." અકબરે ક્રોધથી કહ્યું.

શાહજાદી બાદશાહના કદમો ઉપર ફરીને પડી અને અર્જ ગુજારવા લાગી; પરંતુ કઠોર હૃદયી શહેનશાહ તેની દરકાર નહિ કરતાં એ એકાંત ખંડનો ત્યાગ કરી એકદમ ચાલ્યા ગયો.

કાસમ અને બીજા ચાર હથિયારબંધ પહેરેગીરો મળી વિજય તથા જુલિયાને કેદખાનામાં લઈ ગયા અને બન્નેને જુદી જુદી કોટડીમાં પૂરી તથા કેદખાનાના ઉપરીને બાદશાહનો હુકમ કરી સંભળાવી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

વિજયને જે કોટડીમાં કેદ કરવામાં આવ્યો હતો, તે એ ભયંકર અંધકારમય કોટડી હતી. ત્યાં રોશની કે હવાનો સહેજ પણ સંચાર થઈ શકે તેમ નહોતું. કોટડીને ચારે તરફ કાળા પત્થરની ઊંચી દિવાલો હતી અને તેથી તેની ભયંકરતામાં ઓર વૃદ્ધિ થતી હતી. વિજયે આ ભયાનક કેદખાનાને જોઈ તથા પોતાના ભવિષ્યનો વિચાર કરીને એક હાય મારી અને ત્યાં પાથરેલી એક ફાટીતૂટી ચટાઈ ઉપર તે માથે હાથ ટેકવીને બેઠો. ગઈ કાલે સાંજે આનંદ શેઠના આવાસેથી નિકળ્યા બાદ તેણે અત્યારસુધી કાંઈ પણ ખાધું નહોતું અને ખાવાની ઇચ્છા પણ નહોતી; પરંતુ ભૂખથી તેના શરીરમાં જરા પણ તાકાત નહોતી. ચિંતા અને દુઃખથી તેનું ચિત્તભ્રમ જેવું થઈ ગયું હતું અને તેથી તે વારંવાર કોટડીને કેદ [illegible] બારણાં પાસે જતો; પરંતુ તેને મજબુતાઈથી બંધ કરેલાં જોઈને તે નિરાશ થઈને પાછો ફરતો હતો. ક્ષણમાં તે પોતાની [illegible] ચપલાના નામને પુકારતો હતો અને ક્ષણમાં પરમાત્મા [illegible] દયાને યાચતો હતો. આવી સ્થિતિમાં તેણે એ [illegible] દિવસ [illegible] કર્યો. [illegible] સમય થયો એટલે એક પહેરેગીર કેદ [illegible] અને [illegible] તેના એક હાથમાં ફાનસ હતું [illegible] હતો. તેણે [illegible] વિજયને [illegible] કહ્યું "તમારા માટે ભોજનની વસ્તુઓ હું [illegible] ના હુકમથી [illegible]

હાથે એ વસ્તુઓ તૈયાર કરાવેલી છે અને તેને લાવનાર પણ હું હિન્દુ પહેરેગીર છું; માટે તે ખાવાને કોઈ પણ પ્રકારની અડચણ નથી. પીવાનું પાણી પણ શુદ્ધ જ લાવવામાં આવેલું છે."

વિજયે ક્ષણવાર વિચાર કરીને કહ્યું. "બાદશાહ નામવરનો અને તમારો હું એ માટે ઉપકાર માનું છું; પરંતુ એ ખાવાની મારી ઈચ્છા નથી."

"તો જેવી તમારી ઈચ્છા. જેમ તમે હિન્દુ છો, તેમ હું પણ હિન્દુ છું. પેટના અર્થે યવન બાદશાહની નોકરી કરૂં છું; પરંતુ એક હિન્દુ તરીકેના ગુણોનો અને સ્વભાવનો મેં ત્યાગ કર્યો નથી અને તેથી જ તમને કહું છું કે કાંઇ ખાઇ લો તો સારૂં; કેમકે ભૂખ્યા પેટે રાત્રિ પસાર કરવી મહા મુશ્કેલ થઈ પડશે." પહેરેગીરે નરમાશથી કહ્યું.

વિજય તેનો ઉત્તર આપવા જતો હતો એટલામાં બીજો મુસલમાન પહેરેગીર ત્યાં આવી પહોંચતાં, પ્રથમ આવેલો હિન્દુ પહેરેગીર વિજય તરફ કરૂણાયુક્ત દૃષ્ટિએ જોતો તે મુસલમાન પહેરેગીર સાથે કોટડીનું દ્વાર બંધ કરીને ચાલ્યો ગયો.

પહેરેગીરના જવા પછી વિજયે ભોજન તરફ નજર કરી; પરંતુ ને ખાવાને ભાવ થયો નહિ એટલે તેણે તે થાળને તથા પાણીના ાત્રને દૂર હડસેલી મૂક્યાં. પુનઃ તે વિચારમાં પડયો અને ચિંતામાં ેવાના જેવો બની ગયો. રાત્રિના અંધકારમાં કેદખાનું ભયાનક લાતું હતું અને તેથી તેણે પોતાની બન્ને આંખો બંધ કરી દીધી તથા ાંબો થઈને ચટાઈ ઉપર પડયો. કેટલોક સમય તે એવીજ અવસ્થામાં ચટાઈ ઉપર પડી રહ્યો; પરંતુ તેને નિદ્રા આવી નહિ. એટલે તે ઉઠીને ઉભો થયો અને એકચિત્તે પરમાત્માનું પવિત્ર નામસ્મરણ કરવા લાગ્યો. ભક્ત મનુષ્યો કહે છે કે એક ચિત્તે પરમેશ્વરની પ્રાર્થના કરનાર મનુષ્યની તે મનઃકામના અવશ્ય પરિપૂર્ણ કરે છે; તેવી રીતે વિજયની પ્રાર્થના તેણે સાંભળી કે નહિ, તે અમે કહી શકતા નથી; પરંતુ તેજ ક્ષણે એ ભયંકર અંધારામાં એકદમ પ્રકાશ દેખાયો. વિજયે પોતાની આંખો ખોલીને જોયું તો હાથમાં

ફાનસ લઈને એક મનુષ્ય માથાથી પગ સુધી કાંબળીને કોટડીનું દ્વાર ઉઘાડીને અંદર ચાલ્યું આવતું હતું. વિજય આ દૃશ્ય જોઈને જ ચમત્કારથી આવનાર વ્યક્તિ તરફ એક દૃષ્ટિએ જોઈ રહ્યો. આવનાર મનુષ્યે વિજય સામે જોઈને કહ્યું. " તમને આ ભયંકર કેદખાના માંથી છુટકારો જોઈતો હોય, તો ચાલો મારી સાથે. "

" પરંતુ તમે મને છુટકારો આપનાર કોણ છો, તે જાણ્યા સિવાય તમારી સાથે હું શી રીતે આવી શકું ? અહીંથી છુટકારો આ પીને તમે મારો જાન લેવા તો ઇચ્છતા નથીને ? " વિજયે શંકા યુકત પ્રશ્ન કર્યો.

" તમે પુરૂષ છો કે ઓરત ? " આવનારે પૂછયું.

" પુરૂષ. " વિજયે ટટ્ટાર થઇને જવાબ આપ્યો."

" તો પછી ડરો છો શા માટે ? જો અહીંથી છુટવું હોય તે ચાલો અને નહિ તો પડયા રહો. " તે મનુષ્યે કહ્યું.

" ઠીક, ચાલો. હું તમારી સાથે આવવાને તૈયાર છું. હું ડરતો નથી; પરંતુ મને છુટો કરવાનું તમને શું પ્રયોજન છે, તે હું જાણવા માગું છું. " વિજયે તૈયાર થઇને કહ્યું.

" એટલો ખુલાસો કરવાનો હાલ સમય નથી. જો આવ હોય તો મારી પછવાડે ચાલ્યા આવો. " એમ કહી તે આવન મનુષ્ય પાછો વળ્યો એટલે વિજયે પણ કાંઈ બોલ્યા ચાલ્યા વિ તેનું અનુકરણ કર્યું.

ક્ષણવારમાં તેઓ કેદખાનામાંથી બહાર નીકળી ગયા અને રાજમાર્ગે થઇને કયાંઇક અદૃશ્ય થઇ ગયા, તેઓ કયાં ગયા અને પછી તેમનું શું થયું, તે હાલ અમે કહી શકતા નથી. આગળ જતાં તે ભેદ ખુલ્લો થશે એટલે વાચક મહાશયો સ્વયં સમજી શકશે



પ્રકરણ ૮ મું.

પ્રેમ કે કર્ત્તવ્ય.

મહારાણા પ્રતાપસિંહ અને મંત્રીશ્વર ભામાશા, રાજમહેલનાં બાગમાં રાજ્યપ્રકરણ વિષે વાર્તાલાપ કરતા બેઠા હતા. મધ્યાન્હનો સમય હોવાથી સૂર્ય જો કે પૂર દમામથી પ્રકાશતો હતો; તો પણ તેઓ જ્યાં બેઠા હતા, ત્યાં વૃક્ષોની ઘટાને લઇ તેનાં કીરણોનો પ્રવેશ થઇ શકતો નહોતો અને તેથી મહારાણા તથા મંત્રીશ્વર આરામથી બેઠા બેઠા અનેક પ્રકારના વિચારો કરતા હતા.

પ્રતાપસિંહે શાંત ચિત્તે કહ્યું, " મંત્રીશ્વર ! અત્યાર સુધી વર્ષાઋતુને લઇ શત્રુઓ આપણા ઉપર નવો હુમલો લાવી શકયા નથી; પરંતુ હવે તે ઋતુ પૂરી થઇ છે અને તેથી તેઓ આપણને અંહીં પણ સુખે બેસવા દે, એમ મને લાગતું નથી. "

" મહારાણાની ધારણા સત્ય છે; " ભામાશાહે કહ્યું. " કારણ કે અકબર જાત્રાના બહાને અજમેરમાં આવ્યો છે અને તેણે શાહબાજખાંને મોગલ સેનાપતિ બનાવીને આ કિલ્લાને ઘેરો નાંખવાને માટે હુકમ આપ્યો છે. "

" ખરૂં છે. રણવીરસિંહ ખબર લાવ્યો છે કે મોગલ સેનાપતિ શાહબાજખાં બડો ચાલક અને શૂરવીર અમલદાર છે અને તેની સાથે બીજા ત્રણ ચાર મોટા અમલદારો પણ આવનારા છે. " પ્રતાપસિંહે કહ્યું.

" રણવીરસિંહે મને એ સર્વ ખબર આપ્યા છે અને વિશેષમાં તે એમ પણ કહેતો હતો કે આબુ પ્રદેશનો અધિપતિ દેવરાજ શત્રુપક્ષમાં ભળી ગયો છે અને આ હુમલામાં તે પણ સાથે આવનારો છે. " ભામાશાહે વિશેષ ખબર આપ્યા.

" મોગલોનું ભાગ્ય અત્યારે ચડિયાતું છે, એક પછી એક એમ ઘણા હિન્દુ રાજાઓ તેને મળી ગયા છે અને તેથી તેમની દરેક સ્થળે જીત થતી જાય છે. બંગાળાના પઠાણો ઉપર પણ તેમણે

હમણાં મહાન્ વિજય મેળવ્યો હોવાથી તેઓ જોર ઉપર આવતા જાય છે." પ્રતાપસિંહે કહ્યું.

"મહારાણા!" ભામાશાહે કહેવા માંડયું, "સમય એવો આવ્યો છે કે દરેક સંયોગો આપણી વિરૂદ્ધ ઉત્પન્ન થતા જાય છે અને તેથી મોગલ બાદશાહ અકબરની સામે આપણે એકલા હાથે ટકી રહેવું, એ મોટી મુશ્કેલીવાળું છે; પરંતુ આપણા થોડા ઘણા સૈનિકો કે જે બચવા પામ્યા છે, તેઓમાં અને આસપાસના ભીલોમાં સ્વદેશ પ્રત્યેનો પ્રેમ એવો તો સજ્જડતાથી રહેલો છે કે અંતે આપણો વિજય જ થશે એ નિર્વિવાદ છે."

"મારી માન્યતા પણ એવી જ છે." પ્રતાપસિંહે આંખોના ભવાં ચઢાવીને કહ્યું. "આપણને મોટી મુશ્કેલી અને સંકટોમાંથી પસાર થવું પડશે; પરંતુ મેં જે પ્રતિજ્ઞા કરી છે--આપણી આ પ્રિય મેવાડ ભૂમિનો ઉદ્ધાર કરવાની જે ધારણા બાંધી છે. તેને હું ગમે તે ભોગે વળગી રહેવાને તૈયાર અને દઢ નિશ્ચયી બન્યો છું અને ચેત્ર તમારા મુનિવરના ઉચ્ચ ઉપદેશથી તો મારી કરેલી પ્રતિજ્ઞાને વિશેષ પુષ્ટી અને પોષણ મળેલાં છે. મંત્રીશ્વર! એ મુનિવરના ઉપદેશથી અને તેમના શાંત, ભવ્ય અને તેજસ્પૂર્ણ વદનથી મારા હૃદયમાં એવી તો ઉંડી અસર થઇ છે કે જેનું વર્ણન કરવાને હું કેવળ અસમર્થ છું

"મહારાણા!" ભામાશાએ પ્રસન્ન મુદ્રાથી કહ્યું, એ મુનિવર તો એક સામાન્ય અને સાધારણ સાધુ હતા; પરંતુ જૈન ધર્મના મહાન પ્રભાવશાળી આચાર્ય શ્રી હીરવિજયસૂરિ કે જે હાલમાં ગુજરાત દેશની ભૂમિને પોતાની ચરણરજથી પવિત્ર કરી રહેલા છે. તેમના ઉપદેશને જો આપ સાંભળો તો આપને અતિશય આનંદ થાય તેમ છે. તે આચાર્ય એવા તો સમર્થ વિદ્વાન્ છે અને તેમનું જ્ઞાન એટલું તો વિશાળ છે કે જેની પ્રશંસા કોઇ પણ રીતે કરવા હું સમર્થ નથી.'

પ્રતાપસિંહે આતુરતાથી પૂછયું "શું એવા પરોપકારી આચાર્યના દર્શનનો અને તેમના ઉપદેશનો આપણે લાભ મેળવી શકીએ તેમ નથી?"

" હાલના કટોકટીના સમયમાં તેમ બનવું અશક્ય છે; પરંતુ દેશમાં શાંતિનું પુનઃ સ્થાપન થતાં આપણે તેવો લાભ મેળવવા પ્રયાસ કરશું." ભામાશાહે ઉત્તર આપ્યો.

" પણ તે દરમ્યાન આચાર્ય મહારાજને એક વિનતિપત્ર લખી અનુકૂળ વખતે આપણા દેશમાં આવવાનું આમંત્રણ કરીએ તો કાંઈ હરકત છે?" પ્રતાપે પુનઃ જીજ્ઞાસાથી પૂછ્યું.

" હરકત તો કાંઈ નથી, પરંતુ આવા યુદ્ધના સમયે તેમને આ તરફ આવવાનું આમંત્રણ કરવું ઉચિત નથી. આગળ ઉપર શાંતિ ફેલાતાં આપની ઈચ્છા મુજબ કરશું." ભામાશાહે જવાબ આપ્યો.

"તમારી વાત ખરી છે; કેમકે અત્યારે મોગલોનો ત્રાસ આ તરફ એટલો બધો થઈ પડયો છે કે તેમના જેવા સાધુપુરૂષથી અહિયાં સુખેથી આવી શકાય તેમ નથી." પ્રતાપસિંહે ઉભા થતાં થતાં કહ્યું.

ભામાશાહ પણ ઉઠયો અને તેઓ બન્ને રાજમહેલ તરફ ચાલવા લાગ્યા.

પ્રતાપસિંહે ચાલતાં ચાલતાં કહ્યું " કિલ્લાના રક્ષણની અને નજીકના સમયમાં આવનારા શત્રુના હુમલાની સામે થવાની સર્વ પ્રકારની ગોઠવણ તો થઇ ગઇ છે ને?"

"જી હા. કિલ્લાના રક્ષણનો ભાર કુમાર અમરસિંહ અને કુર્મસિંહને સુપ્રત કરેલો છે અને બીજા સૈન્ય સહિત જરૂર પડયે મદદ કરવાનું કાર્ય રણવીરસિંહ અને ચંદાવત્ સરદારને સોંપવામાં આવ્યું છે." ભામાશાહે કરેલી ગોઠવણ કહી બતાવી.

"બહુ સારૂં. હવે આપણે સૈન્યની તૈયારી કેવા પ્રકારની છે તે જોવાની જરૂર છે." પ્રતાપસિંહે કહ્યું.

"ભલે પધારો." એમ કહી ભામાશા અને પ્રતાપસિંહ સૈન્યની તપાસ કરવાને ચાલ્યા.

તેઓ બાગમાં થઇને આગળ જતા હતા, એટલામાં કોઈનો વાર્તાલાપ થતો સાંભળીને પ્રતાપસિંહ ઉભા રહ્યા અને ભામાશાહ

તરફ તેણે અર્ધસૂચક દ્રષ્ટિથી જોયું. ભામાશાહ તેનો ભાવાર્થ સમજી ગયો અને તે પણ ઉભો રહ્યો. તેઓ ઉભા બાગમાં જે ચાર મોટાં મોટાં વૃક્ષોની ઘટાની પેલી બાજુએ થતાં વાર્તાલાપને સાંભળવા લાગ્યા,

"અત્યારે પરસ્પરસ મળવા હળવાનો અને પ્રેમના સંભાષણો કરવાનો સમય નથી, એ શું તમે નથી જાણતા કર્મસિંહ?" એ તરૂણીનો અવાજ સંભળાયો.

આ અવાજ સાંભળીને ભામાશાહ પ્રતાપસિંહને કાંઈ કહેવા જતો હતો; પરંતુ તેણે આંગળીની ઇશારતથી ચૂપ રહેવાનું અને સર્વ વાત સાંભળવાનું સમજાવ્યું અને તેથી તે ચૂપ રહી સાંભળવા લાગ્યો.

"હું તે જાણું છું, કુસુમ! પણ અહીં આવવાનો અને આ રીતે તમને મળવાનો મારો હેતુ સમજ્યા વિના તમે મારો તિરસ્કાર કરો છો. એ ઠીક કહેવાય કે?" કર્મસિંહે પૂછ્યું.

"હા, એ ઠીક તો નથી; પરંતુ જે સમયે કર્તવ્યમાં જ રાત દિવસ મશગુલ રહેવું જોઈએ, તે સમયે આવી રીતે નિરૂપયોગી વાતો કરવામાં આનંદ માનવાને તૈયાર થવું, એ વ્યાજબી નથી. મહારાણાની આજ્ઞાને તો તમે ભૂલી ગયા નથી ને?" કુસુમે કહ્યું.

"મહારાણાની આજ્ઞા, એ મારે મન ખુદ પરમાત્માની આજ્ઞા છે અને તેથી હું તેને ભૂલી જાઉં, એ તદન અસંભવનીય છે. મારો અહીં આવવાનો અને તમને મળવાનો આશય જૂદો જ છે. તમે જાણતા હશો કે મોગલ સેનાપતિ શાહબાજખાં પ્રબળ સૈન્ય સાથે આ કિલ્લાને ઘેરવાને ચાલ્યો આવે છે અને જે સમય જાય છે, તેમાં મોગલો સાથે મહાન્ યુદ્ધ થશે. કોણ જાણે છે કે આ યુદ્ધનું શું પરિણામ આવશે? કિલ્લાના રક્ષણનો ભાર કુમાર અમરસિંહ અને મારા ઉપર મૂકાયેલો હોવાથી આવતી કાલથી મારે કુમારની સાથે રાતદિવસ કિલ્લા ઉપર જ રહેવાનું છે અને તેથી એક વખત તમારા ચંદ્ર સમાન ઉજ્જવળ વદનકમળનું દર્શન કરી લેવા અને તેમાંથી ઝરતા અમૃતનું પાન કરવાને માટે જ તમારી પાસે આવ્યો છું.

આ સ્થિતિમાં તમે મારો તીરસ્કાર કરો છો, કુસુમ ? " કર્મસિંહે પોતાના આવવાનો હેતુ કહી બતાવતાં આર્જવતાથી કુસુમને પૂછયું.

કુસુમે કાંઈક દિલગીરી ભરેલા અવાજે કહ્યું. " કર્મસિંહ ! જેને મેં મારા હૃદયમંદિરમાં સદાને માટે સ્થાન આપેલું છે, તેનો હું તીરસ્કાર કરૂં, એ કેવળ અસંભવનીય છે; પરંતુ જે સમયે સ્વદેશ, સ્વધર્મ અને સ્વજાતનો સઘળો આધાર આપણાં એકનિષ્ઠ કર્તવ્યો ઉપર રહેલો હોય, તે સમયે એ અત્યંત અગત્યનાં કર્તવ્યોને ઘડીભર પણ વિસારી દેવાં અને વિકારને વશ થઈ પ્રેમીઓની સાથે પ્રેમસંભાષણોમાં જોડાવું, એ તમારા જેવા એક ખરા સ્વદેશ સેવકને કોઈ પણ રીતે ઉચિત નથી. "

" તો પછી તમે, આપણા ઉભયની વચ્ચે જે શુદ્ધ પ્રેમ બંધાયો છે, તે કરતાં પણ સ્વદેશ અને સ્વધર્મ પ્રતિના પ્રેમને વિશેષ આદરને પાત્ર ગણો છો. ખરૂં ને ? " કર્મસિંહે આશ્ચર્યયુક્ત સ્વરે પૂછયું.

" અલબત, " કુસુમે ઝટ ઉત્તર આપ્યો અને તેની કમળ સમાન ચક્ષુઓમાંથી તેજની ધારા છુટવા લાગી. "એમાં જરા પણ શક નથી. તમારા પ્રત્યેનો પ્રેમ જો કે શુદ્ધ અને નિર્મળ છે; પરંતુ તે માત્ર વ્યક્તિગત છે, જ્યારે સ્વદેશ અને સ્વધર્મ પ્રત્યેનો પ્રેમ સમષ્ટિનો છે અને તેથી તે વિશેષ આદરને પાત્ર છે. "

" કુસુમ તમારા આજના વર્તન ઉપરથા જણાય છે કે તમે મને પહેલાંની જેમ ચાહતા નથી. " કર્મસિંહે ગંભીરતાથી કહ્યું.

" તમારી માન્યતા ભૂલભરેલી છે, કર્મસિંહ ! " કુસુમે દ્રઢતાથી કહ્યું. " હું તમને પહેલાં જેવા પ્રેમથી ચાહતી હતી, હાલ પણ તેવા જ બલ્કે તેથી પણ વધારે પ્રેમથી ચાહું છું; પરંતુ હાલના અયોગ્ય વખતે મારો એ પ્રેમ બતાવી તમને મોહમુગ્ધ કરવાની અને એ રીતે સ્વકર્તવ્યથી તમને ચ્યુત કરવાની મારી ઈચ્છા નથી અને તેથીજ મેં તમને અત્યારે બરાબર માન આપ્યું નથી. "

" ઠીક, કુસુમ ! ત્યારે હવે હું રજા લઉં છું. પરમાત્માની કૃપાથી ફરીથી યોગ્ય અવસરે તમને મળીશ. " કર્મસિંહે એટલું

કરી કુસુમના રૂપનિધાન વદનકમળનું અવલોકન કર્યું અને તે જવાને ઉત્સુક થયો.

"ઉભા રહો, કર્મસિંહ!" તેને નિસ્તેજ વદને ચાલ્યો જતો જોઇને કુસુમે શાંતિથી કહ્યું. "આજના મારા વર્તનથી તમને ખોટું લાગ્યું જણાય છે; પરંતુ તમે જો શાંત ચિત્તે વિચાર કરશો, તો તમને સ્પષ્ટ જણાશે કે મેં જે કાંઇ કર્યું છે તે અનુચિત નથી. તમે જાણો છો, કર્મસિંહ! કે આપણા પ્રિય દેશ મેવાડના, આપણા પ્રાણપ્રિય ધર્મના અને આપણી અત્યંત વ્હાલી પ્રજાજન-આબરૂના રક્ષણનો બધો આધાર ભવિષ્યમાં થનાર યુદ્ધ ઉપર અવલંબી રહેલો છે. પરમાત્મા મહાવીર અને ભગવાન્ એકલિંગજીની કૃપાથી આપણો વિજય થશે, એમ મારી માન્યતા છે; પરંતુ મેવાડના દુર્ભાગ્યે જો આપણો પરાજય થયો, તો મહારાણાની અને આપણી શું સ્થિતિ થશે? તથા આપણાં દેશ, ધર્મ અને આબરૂની કેવી અધોગતિ થશે? તેની કલ્પના પણ અત્યારથી થઇ શકતી નથી અને તેથી આવા કટોકટીના સમયે પ્રેમજન્ય વાર્તાલાપ કરી હૃદયને વિકારી બનાવીને ખરા કર્ત્તવ્યથી ચલિત થવું, એ ઉચિત નથી. આ હેતુથી તમારો જેવો જોઇએ તેવો સત્કાર મેં કર્યો નહોતો; પરંતુ એથી તમારા તરફનો મારો જે અખંડ પ્રેમ છે, તેમાં જરા પણ ન્યુનતા થઇ છે એમ માનવાનું કાંઇ પણ પ્રયોજન નથી. કર્મસિંહ! સ્પષ્ટીકરણની ખાતર મારે એટલો ખુલાસો કરવો પડયો છે અને હું આશા રાખું છું કે એથી તમારા મનનું સમાધાન થઇ ગયું હશે. હવે જાઓ; પરમાત્મા મહાવીર અને ભગવાન્ એકલિંગજી તમને સુયશ અપાવે, એવી મારી અંતઃકરણની ઇચ્છા છે."

કર્મસિંહ, કુસુમનું આ સંભાષણ સાંભળીને મંત્રમુગ્ધ થઇ ગયો અને તેથી તે પોતાની થયેલી ભૂલનો પશ્ચાત્તાપ જાહેર કરવાને આતુર થઇ રહ્યો હતો; પરંતુ કુસુમ એટલું બોલીને તથા કર્મસિંહ પ્રતિ એક સ્નેહભરેલી દૃષ્ટિ ફેંકીને તુરતજ ત્યાંથી ચાલી ગઇ. કર્મસિંહ વીજળીના વેગે ચાલી જતી એ માનિનીને તે દેખાય ત્યાં સુધી જોઇ રહ્યો. તેને કુસુમને બોલાવી પોતાની ભૂલની ક્ષમા માગવાનું ઘણું મન થયું; પરંતુ તેના મુખમાંથી એક શબ્દ પણ

હાર નીકળી શકયો નહિ. થોડી વાર વિચારગ્રસ્ત અવસ્થામાં ઉભા ઘા બાદ તે ઉત્સાહિત વદને અને દ્રઢ પગલે પાછો ફર્યો અને ત્વ-યથી સ્વસ્થાનકે જવા નીકળ્યો; પરંતુ વૃક્ષોની ઘટામાંથી બહાર નીકળતાંજ તે સ્તબ્ધ થઇ ગયો અને જાણે તેના પગ કોઇએ ખોડી ધા હોય, તેમ તે ત્યાં ને ત્યાં જ ઉભો રહી ગયો.

"અત્યારે આમ કયાં ગયો હતો, કર્મસિંહ ?" મહારાણાએ તેની સામે તીક્ષ્ણ દ્રષ્ટિએ જોઇને કરડા સ્વરે પૂછયું.

કર્મસિંહની મગદૂર નહોતી કે તે મહારાણાને એ પ્રશ્નનો ખરો ઉત્તર આપી શકે. તે નીચું મુખ રાખીને જેમનો તેમ ઉભો રહ્યો.

"કેમ ઉત્તર આપતો નથી ?" મહારાણાએ પુનઃ ભાર દ-ઇને પૂછયું.

"કૃપાળુ મહારાણા !" કર્મસિંહ નિરૂપાયે બોલ્યો. તેના પગ ધ્રૂજતા હતા અને તેનું મુખ નિસ્તેજ બની ગયું હતું. "મારી ગંભીર ભૂલ થઇ છે; મને ક્ષમા કરો."

"તમારી ભૂલની તમને ક્ષમા આપવી કે નહિ, તેનો નિર્ણય પાછળથી થશે; પરંતુ તારા મહારાણાની આજ્ઞાનો અમલ તું આવી રીતેજ કરે છે ને ?" પ્રતાપસિંહે કાંઇક શાંતિથી કહ્યું.

કર્મસિંહે દ્રઢતાને ધારણ કરીને નિશ્ચયતાથી જવાબ આપ્યો. "કૃપાનાથ ! આપની આજ્ઞાનો અમલ કરવામાં અવશ્ય મારી ભૂલ તો થયેલી છે; પરંતુ તે ક્ષમા ન આપી શકાય એવી ગંભીર નથી."

"ઠીક, અત્યારે તો તું તારા કર્ત્તવ્ય ઉપર ચાલ્યો જા; તારી ભૂલનો નિર્ણય પાછળથી કરવામાં આવશે." એમ કહી પ્રતાપસિંહ ભામાશાહને લઇ આગળ ચાલ્યો એટલે કર્મસિંહ તેમને નમન કરીને ત્યાંથી કિલ્લા ઉપર ચાલ્યો ગયો.

કર્મસિંહના ચાલ્યા જવા પછી મહારાણાએ કહ્યું. "ભામા-શાહ ! કુસુમના વિચારો જાણીને હું બહુ ખુશી થયો છું અને આવી સ્વદેશપ્રેમી અને સદ્ગુણી પુત્રીના પિતા હોવા માટે હું તમને ધન્યવાદ આપું છું."

" મહારાણા ! આપની શુભ લાગણીને માટે આપનો હું ઉપકાર માનું છું; પરંતુ મારી પુત્રી કુસુમ સદ્ગુણી અને સ્વદેશપ્રેમી હોય, તો તેનું સઘળું માન મહારાણી શ્રીમતી પદ્માવતી દેવીને જ ઘટે છે; કેમકે તેમણે તેને પોતાની જ પુત્રીની જેમ હંમેશાં પોતાની પાસે રાખીને કેળવી છે અને તે આપ પણ ક્યાં નથી જાણતા !" ભામાશાહે કૃતજ્ઞતા દર્શાવતાં કહ્યું.

" ખરૂં છે, " મહારાણાએ કહ્યું. " દેવી પદ્માવતી તેના ઉપર પોતના પેટની પુત્રી જેટલું વહાલ રાખે છે; પરંતુ મંત્રીશ્વર! કર્મસિંહ અને કુસુમ અરસપરસ એકબીજાને ચાહે છે, એવું તેના અત્યારના વાર્તાલાપથી મને જણાયું છે, તે શું સત્ય છે ? "

" હા, તે સત્ય છે કર્મસિંહ અમારી જ્ઞાતિનો એક લાયક બુદ્ધિવાન, ઉચ્ચ કુળનો અને પરાક્રમી યુવક છે અને આપણે લીધેલી પ્રતિજ્ઞા સંપૂર્ણ થયા બાદ તેમનું ઉભયનું લગ્ન કરી નાંખવાનો મેં નિશ્ચય પણ કરેલો છે. " ભામાશાહે કહ્યું.

" કર્મસિંહના કૌશલ્યને હલ્દીઘાટના યુદ્ધમાં જોવાનો પ્રસંગ મને મળ્યો હતો અને તેથી તમે જે નિશ્ચય કરેલો છે, તે ઉત્તમ છે. પણ હવે આપણે કિલ્લા ઉપરની ગોઠવણ એક વખત જોઇ લઈએ તો કેમ ? " પ્રતાપસિંહે ભામાશાહના નિશ્ચયને સંમતિ આપી પૂછ્યું.

"મારો વિચાર પણ એવોજ છે." એમ કહી ભામાશાહ તથા પ્રતાપસિંહ કિલ્લા ઉપર ગયા.

પ્રકરણ ૯ મું.

નૈરોજનો હેતુ.

" આંખોમેં હય તસ્બીર સુરતકી દિલરૂબાકી,
દિલમેં અદા ખુબી હય, ઉસ નાઝની અદાકી. "

" આજ સુધી ઘણી નવજવાન સુંદરીઓને નિહાળી, પરંતુ આ સમયના નૈરોજના બજારમાં જે ઉજ્જતની હુરીને

ચક્ષુઓએ જોઇ છે, તેની તૂલનામાં તેઓમાંથી એક પણ સુંદરી ઉતરી શકે તેમ નથી. સમસ્ત હિન્દુસ્થાનમાં તેના જેવી બીજી કોઈ પણ સુંદરી નથી, એમ મેં અત્યારસુધી તેના અપૂર્વ રૂપનું જે વર્ણન સાંભળ્યું હતું, તે તેને નજરે જોવાથી અક્ષરશઃ સત્ય જણાયું છે. જ્યારથી એ યૌવનવતી મદમાતી પરીના રૂપલાવણ્યનું મેં પાન કર્યું છે, હાય ! ત્યારથી મને એવો તો બેહદ નીસો ચડયો છે અને જીગરમાં એવો તો કારી જખમ થયો છે કે યા પરવરદેગાર શી વાત કહું ? સમજ નથી પડતી કે ખુદાતાલાએ હિન્દુ અને તેમાં પણ રજપૂત જાતિની ઓરતોને આવું બેનમૂન રૂપ કેમ આપ્યું હશે ? અમ્બરરાજ બિહારીમલ્લની કન્યા, જોધપુર નરેશ માલદેવની કન્યા જોધાબાઇ અને બહેરામખાંની વિધવા સલીમા ઇત્યાદિ અત્યંત રૂપશાલી તરૂણીઓ મારી પ્રિયતમા બેગમો છે, પરંતુ લીલાદેવીના મનોહારી સૌંદર્યની આગળ તેમનું અલૌકિક સૌંદર્ય પણ કાંઈ બિસાતમાં નથી. લીલાદેવી એ ખરેખર સૌંદર્યની પૂતળી અને લાવણ્યનો ભંડાર જ છે. અહા ! એ પરીના હસીન રૂપના મારે શા વખાણ કરવા ? તે દિવસે નૌરાજના બજારમાં જોયેલી હિન્દુ અને મુસલમાનનાં ઉચ્ચ કુટુંબોની એકેએક સ્ત્રી સ્વરૂપવાન હતી; તેમ છતાં પણ બધા હીરાઓમાંથી જેમ કોહીનૂર હીરો જૂદોજ પડી જાય છે, તેમ એ દેદિપ્યમાન નાજુક પરી લીલાદેવી બધી સ્ત્રીઓમાંથી જૂદી પડી જતી હતી. તેના નાજુક બન્ને હાથો કમળદંડને શરમાવે તેવા હતા, તેની દંતપંક્તિ દાડમની કળીઓ કરતાં પણ શ્રેષ્ઠ હતી, તેનું મુખ લાવણ્યના ભંડાર સદૃશ હતું, તેની આંખો આગળ ખંજન પક્ષીની આંખો તુચ્છ હતી; તેનો કટીભાગ અત્યંત પાતળો હતો, તેનો નિતંબ-પ્રદેશ ઘણો ભરેલો અને સ્થૂળ હતો અને તેનો મીઠો મધુર સ્વર કોયલ અને બુલબુલના સ્વરને પણ ભૂલાવી દે તેવો હતો. ટુંકામાં કહું તો તેના શરીરના બધા અવયવો અત્યંત મનોહર અને આકર્ષક હતા. આવી ત્રિલોક સુંદર, મોહિની અને લલિત લલનાને જોઈને કયો પુરૂષ પોતાનું ભાન ન ભૂલી જાય ? ખરેખર પૃથ્વીરાજ ! તું મહાન ભાગ્યશાલી છે કે તને આવી અનુપમ પ્રિયતમા

બાંદી અમીના આવીને હાજર થઇ અને બાદશાહને કુર્નિસ બજાવીને, સામે મસ્તક નમાવી ઉભી રહી.

બાદશાહે તેને કહ્યું. "અમીના!"

અમીનાએ નમ્રતાથી કહ્યું. "ફરમાન સરકાર."

"અહીં નજીક આવ." બાદશાહે તેને પોતાની પાસે બોલાવી.

તે તેની નજીક આવી એટલે અકબરે તેના કાનમાં કંઇક ગુપ્ત વાત કહી. અમીના તે સાંભળીને ફરીથી કુર્નિસ બજાવીને ચાલી ગઇ.

અમીનાના ગયા પછી અકબર પુનઃ વિચારમગ્ન સ્થિતિમાં વિરામાસન ઉપર આડો પડયો. એટલામાં કાસમે હાજર થઇ નમીને કહ્યું. "જહાંપનાહ! બુંદેલખંડના રાજા ઉપર ચડાઇ લઇ જનાર સેનાપતિ આવી પહોંચ્યા છે અને તે આપ હજુર આવવાની આજ્ઞા માગે છે."

બાદશાહે વિચારનિદ્રામાંથી જાગૃત થઇને કહ્યું, "સેનાપતિને કહે કે હમણાં આરામ લે અને ફરમાન થાય ત્યારે હાજર થજો."

"ખુદાવંદનો જેવો હુકમ." એમ કહીને કાસમ ચાલ્યો ગયો.

અકબર અમીનાની આતુરતાથી રાહ જોતો હતો; તેથી તે વારંવાર ઓરડાના દ્વાર તરફ નજર ફેરવતો હતો. બે ત્રણ કલાક થયા પણ અમીના આવી નહિ એટલે અકબરે પુનઃ કાસમને બોલાવ્યો; પરંતુ એટલામાં અમીના આવી પહોંચી અને બાદશાહને નમીને અદબથી સામે ઉભી રહી. કાસમ બાદશાહના ઈશારાથી બહાર ચાલ્યો ગયો. ત્યારબાદ અકબરે અમીનાને પૂછયું. "શું કરી આવી, અમીના?"

"જહાંપનાહ! આપના ફરમાન મુજબ બધી ગોઠવણ થઇ ગઈ છે." અમીનાએ ઉત્તર આપ્યો.

"શું લીલાદેવીને ભોળવીને તું લઇ આવી?" અકબરે આશ્ચર્યયુક્ત અવાજે પૂછયું.

લીલાદેવી તેના આ શબ્દો સાંભળી ભયાતુર સ્વરે બોલી. "તમે કોણ છો ? અને શા માટે અહીં આવ્યા છો ? જોધબા ક્યાં છે ?"

"સુંદરી ! શું તમે મને ઓળખતા નથી ? હું જોધબાનો પતિ; મેંજ તમને અત્રે બોલાવ્યા છે. નહિ કે જોધબાએ." અકબરે સહેજ હસીને કહ્યું.

"શું તમે શહેનશાહ અકબર ? ખોટી વાત ! તે તો મહાન્ ધર્માત્મા પુરૂષ છે; તે કદિ પણ પરસ્ત્રીને આવી રીતે દગાથી બોલાવે નહિ !" લીલાદેવીએ દૃઢતાથી કહ્યું.

"લીલાદેવી ! સમસ્ત હિન્દુસ્થાન મને ધર્માત્મા કહે છે, તે વાત ખોટી નથી. બીજી બધી બાબતોમાં મારૂં વર્ત્તન તેવુંજ છે; પરંતુ રૂપવતી તરૂણીના નેત્રકટાક્ષ આગળ હું ગુલામ છું; તેમના બેનમુન રૂપનો હું પૂજારી છું અને તેમના હસીન લાવણ્યનો હું દાસ છું." અકબરે કહ્યું.

"ત્યારે તમે ધર્માત્મા નહિ, પણ પાપાત્મા છો; પુરૂષ નહિ પણ પિશાચ છો." લીલાદેવીએ ક્રોધથી કહ્યું.

"તમારા કટુ શબ્દો પણ મને અત્યારે અમૃત સમાન મધુર લાગે છે; કેમકે જ્યારથી મેં તમને નૌરોજના બજારમાં જોયા છે, ત્યારથી હું તમારા રૂપ ઉપર આશક થયો છું, સુંદરી !" અકબરે હસીને કહ્યું.

"જહાંપનાહ !" લીલાદેવીએ ગંભીરતાથી કહ્યું. "તમારા જેવા મોટા પુરૂષને આવું અઘટિત વર્ત્તન કરવું એ ઉચિત નથી. હું કોણ છું ? પરસ્ત્રી અને વળી તમારા મિત્રની પત્ની; તેના પ્રત્યે તમે કુદૃષ્ટિ કરો છો, એ કેવી વાત ?"

"પ્યારી દિલબર !" અકબરે લીલાદેવીનો કોમળ કર પકડતાં કહ્યું. "ઉચિત શું અને અનુચિત શું, એ હું જાણતો નથી. હું તો તમને ખરા જીગરથી ચાહું છું અને તેથી પ્રિયા ! તમને વિનતિ કરીને કહું છું કે મારી ઇચ્છા પરિપૂર્ણ કરો."

પરપુરૂષના સ્પર્શથી સતી લીલાદેવીએ રોમાંચ અનુભવ્યો.

તેનું સમસ્ત શરીર ક્રોધથી કંપી ઉઠયું. તેણે તિરસ્કારથી એક દમ બાદશાહના હાથને તરછોડી નાંખતાં કહ્યું " એક સતી સ્ત્રીના સતીત્વનું ખંડન કરવા જતાં કેવું વિપરિત પરિણામ આવે છે, એની તમને ખબર જણાતી નથી, શહેનશાહ ! નહિ તો તમે આવું સાહસ કરી શકત નહિ. તમે સમગ્ર હિન્દુસ્થાનના બાદશાહ છો. હું એક સામાન્ય રાજાની રાણી છું; પરંતુ તમે જો અવિચારી પગલું ભરશો તો યાદ રાખજો કે તમારૂં અપમાન થશે."

"દિલરૂબા !" જીન્નતની પરી ! તમારા જેવી રૂપનિધાન તરૂણીથી અપમાનિત થવું, એ પણ ભાગ્યની વાત છે. માટે એ અવળી વાતને જવા દઇ મારી ઇચ્છાને આધિન થાઓ. હું તમને સમસ્ત ભારતની સામ્રાજ્ઞી બનાવીશ." અકબરે હસીને કહ્યું.

"બાદશાહ ! લીલાદેવીએ ક્રોધથી કહ્યું. અત્યાર સુધી હું પ્રજાપાલક જાણી તમારૂં માન સાચવતી હતી; પરંતુ હવે તમારો એ અધિકાર રહ્યો નથી. ધિક્કાર છે તમને, ધિક્કાર છે તમારી મોટાઇને અને ધિક્કાર છે તમારી રાજગાદીને ! હજુ પણ તમને કહું છું કે તમે જેમ આવ્યા છો, તેમ પાછા ચાલ્યા જાઓ. તમારા અત્યારના આ દુષ્ટ વ્યવહારની વાત હું ગુપ્ત રાખીશ અને તેથી મારી અને તમારી ઉભયની આબરૂ સચવાશે."

અકબરે ખડખડાટ હસીને કહ્યું. "પ્રાણેશ્વરી ! રૂપ આગળ આબરૂનો સવાલ તુચ્છ છે. આબરૂ કરતાં રૂપસુંદરીને હું વધુ પસંદ કરૂં છું; માટે એ વાત જવા દો પ્રિયા ? અને મારા બળતા હૃદયને તથા શરીરને તમારા સુખકર સમાગમથી શાંત થવા દો."

બાદશાહના અતિ નિંદ્ય વચનો સાંભળી લીલાદેવી એકદમ તિરસ્કારથી બોલી ઉઠી. " નરાધમ ! ચંડાળ ! જીભ સંભાળીને વાત કરો. હું રાજા રાયસિંહની પત્ની જેવી ભોળી નથી કે તમારા વચનોથી ભોળાઇ જઇ તમારી માગણીનો સ્વીકાર કરૂં ? આ તો પૃથ્વિરાજ સિંહની સિંહણ છે, તેને સ્પર્શ કરવાથી યાદ રાખજો તમારા પ્રાણ પણ જોખમમાં આવી પડશે. બાદશાહ ! માટે મને સીધી સુખરૂપ જવા દો."

"સુંદરી!" અકબરે દીનતાથી કહ્યું. "હવે જવાની વાત શા માટે કરો છો? ક્યાંસુધી શરમમાં રહેશો? હવે હદ થઈ છે! આવાં સ્ત્રીચરિત્ર તો મેં કોઈ સ્ત્રીનાં જોયાં નથી. માટે ઘુમટને હવે દૂર કરીને આ રૂપના તૃષાતુરને તમારા અનુપમ અને બેનમૂન રૂપનું પાન કરવા દો. હિન્દુસ્થાનનો બાદશાહ ઉઠીને તમારી પાસે પ્રેમની ભિક્ષા માગે છે. શું તમે તેને નિરાશ કરશો?"

"શયતાન!" લીલાદેવીએ ઉત્તેજક સ્વરે કહ્યું. "મહાન ઐશ્વર્યશાલી બાદશાહ થઈને તું એક સતિ નારીના સતિત્વનું ખંડન કરવા તૈયાર થયો છે; પરંતુ હું પરમાત્માના સોગન ખાઈને કહું છું કે પ્રાણાંતે પણ તારી ઇચ્છા પૂર્ણ થવાની નથી; મને જવા દે; હું તને પ્રાર્થના કરૂં છું કે મને સુખરૂપ જવા દે, નહિ તો પરિણામ સારૂં નહિ આવે!"

"સુંદરી! શામાટે હઠ કરે છે? તને ખબર છે કે હું કોણ છું? આખા હિન્દુસ્થાનનો બાદશાહ તારી આગળ હજાર વાર માથું નમાવવા તૈયાર છે, જેનું નામ સાંભળતાં શત્રુઓ ભયાતુર થઈ જાય છે, તે તારા પ્યારનો ગુલામ બનવા આતુર છે અને જેના બાહુબળથી રાજસ્થાન જેવો અટંકી દેશ પાયમાલ થયો છે, તે તને પોતાની સામ્રાજ્ઞી બનાવવા માગે છે; તેનું શું તું અપમાન કરે છે? શા માટે ભાવિ સુખને તિલાંજલી આપે છે? જેમ એક ભોગી ભ્રમર પ્રેમની ખાતર પોતાના પ્રિય કમળની અંદર મરવાને માટે તૈયાર થાય છે, તેમ હું તારા રૂપની આગળ મારા પ્રાણની પણ દરકાર કર્યા વિના મરવાને તૈયાર છું. માટે મારી વિનતિનો સ્વીકાર કર. હું તને મારા ખરા જીગરથી ચાહુ છું અને તેથી જો તું મારી ઇચ્છાને આધિન થઈશ તો તને પરમ સુખી બનાવીશ." અકબર એમ કહીને લીલાદેવીની અત્યંત નજીક ગયો અને તેનો કોમળ કર પકડીને તેને આલિંગન આપવા તૈયાર થયો.

લીલાદેવી તેની દુષ્ટ ઇચ્છા કળી ગઈ અને ભયથી તેનું અંગ ધ્રુજવા લાગ્યું; પરંતુ પરમાત્માના પવિત્ર નામનું સ્મરણ કરીને તે બે-ત્રણ પગલાં પાછળ હઠી અને પોતાના વસ્ત્રોમાં છુપાવી

તેનું સમસ્ત શરીર ક્રોધથી કંપી ઉઠયું. તેણે તિરસ્કારથી એક દમ બાદશાહના હાથને તરછોડી નાંખતાં કહ્યું " એક સતી સ્ત્રીના સતીત્વનું ખંડન કરવા જતાં કેવું વિપરિત પરિણામ આવે છે, તેની તમને ખબર જણાતી નથી. શહેનશાહ! નહિ તો તમે આવું સાહસ કરી શકત નહિ. તમે સમગ્ર હિન્દુસ્તાનના બાદશાહ છો. હું એક સામાન્ય રાજાની રાણી છું; પરંતુ તમે જો અતિચારી પગલું ભરશો તો યાદ રાખજો કે તમારૂં અપમાન થશે."

" દિલરૂબા ! " જીલતની પરી ! તમારા જેવી રૂપનિધાન તરૂણીથી અપમાનિત થવું, એ પણ ભાગ્યની વાત છે. માટે હવે અવળી વાતને જવા દઈ મારી ઇચ્છાને આધિન થાઓ. હું તમને સમસ્ત ભારતની સામ્રાજ્ઞી બનાવીશ. " અકબરે હસીને કહ્યું.

" બાદશાહ ! લીલાદેવીએ ક્રોધથી કહ્યું. અત્યાર સુધી હું પ્રજાપાલક જાણી તમારૂં માન સાચવતી હતી; પરંતુ હવે તમારો એ અધિકાર રહ્યો નથી. ધિક્કાર છે તમને, ધિક્કાર છે તમારી મોટાઈને અને ધિક્કાર છે તમારી રાજગાદીને ! હજુ પણ તમને કહું છું કે તમે જેમ આવ્યા છો, તેમ પાછા ચાલ્યા જાઓ. તમારા અત્યારના આ દુષ્ટ વ્યવહારની વાત હું ગુપ્ત રાખીશ અને તેથી મારી અને તમારી ઉભયની આબરૂ સચવાશે."

અકબરે ખડખડાટ હસીને કહ્યું. "પ્રાણેશ્વરી ! રૂપ આગળ આબરૂનો સવાલ તુચ્છ છે. આબરૂ કરતાં રૂપસુંદરીને હું વધુ પસંદ કરૂં છું; માટે એ વાત જવા દો પ્રિયા ? અને મારા બળતા હૃદયને તથા શરીરને તમારા સુખકર સમાગમથી શાંત થવા દો.

બાદશાહના અતિ નિંદ્ય વચનો સાંભળી લીલાદેવી એકદમ [illegible] બોલી ઉઠી. " નરાધમ ! ચંડાળ ! જીભ સંભાળીને [illegible] હું રાજા રાયસિંહની પત્ની જેવી ભોળી નથી કે તમારા [illegible]થી લોભાઈ જઈ તમારી માગણીનો સ્વીકાર કરૂં ? આ તો [illegible]ધિરાજ સિંહની સિંહણ છે, તેને સ્પર્શ કરવાથી યાદ રાખજો ! તમારા પ્રાણ ખાચત જોખમમાં આવી પડશે. બાદશાહ ! માટે મને અહીંથી સુખરૂપ જવા દો.".

રાખેલી કટારી કહાડીને બોલી. "નરપિશાચ! અહીંથી પાછો ચાલ્યો જા, નહી તો તારૂં કે મારૂં એકનું જીવન અત્યારે સમાપ્ત થશે."

અકબર લીલાદેવીના આ સાહસથી, જરા ભય પામ્યો અને ક્ષણવાર ચિત્રવત્ સ્થિતિમાં ઉભો રહ્યો. લીલાદેવીએ આ વખતે પોતાના મુખ ઉપરથી ઘુંઘટ કહાડી નાંખ્યો હતો. તેનું મુખ લાલચોળ થઇ ગયું હતું અને તેની આંખોમાંથી અગ્ની વરસતો હતો; તેમ છતાં તે એટલી તો સુંદર અને મોહક લાગતી હતી કે અકબર પુનઃ મોહવશ થઇ તેની પાસે ગયો અને તેને હાથેથી પકડી પોતાના તરફ ખેંચી. સતી લીલાદેવીના અંગમાં આ વખતે સતિત્વના પ્રભાવે દૈવ બળ પ્રેર્યું અને તેથી તે એક જબરો ઉછાળો મારી તેના હાથમાંથી છુટી ગઇ. લીલાદેવીએ તેના હાથમાથી છુટતાંજ પોતાના ઉદરમાં કટારી જોરથી ખોસી દીધી. સતિનો અમર આત્મા તેના દેહમાંથી પ્રયાણ કરી ગ... ચો અને શબ ત્યાં પડયું રહ્યું. અકબર આ અણચિંતવ્યા બનાવથી કે... વળ મંત્રમુગ્ધ થઇ ગયો અને હવે શું કરવું, એના વિચારમાં પડી... ગયો. તે ઓરડામ.થી એકદમ બહાર આવ્યો અને કાસમને બોલાવ્યો... તેના કાનમા કાંઇક ગુપ્ત વાર્તા કહીને પોતાના ખાનગી ખંડમાં ચાલ્યો ગયો.

આ સમયે... રાત્રિનો અંધકાર વ્યાપી ગયો હતો અને તેથી રાજ્યમહાલય અસં...ખ્ય દીપમાળાથી શોભી રહ્યો હતો. કાસમ, ...ખડાયેલું હતું તે ઓરડામાં ગયો અને તેને એક લીલાદેવીનું શબ ... પાલ ખીઓને સમજાવીને મ્યાનો રવાના કરી દીધો. મ્યાનામાં મૂકી ભોઇ માટે ...

...રીરને ૯...

...રણ ૧૦ મું.

...અતિ... ...ઉઠી. "...

...યસિંહની ...પૃથિવીરાજ.

કાવ્યકોવિદ તમારી ...ત અને રાજસ્થાનની ઉન્નતિ કરવામાં ગુજરા... સિંહણ...માં જૈનીઓએ અગ્રભાગ લીધો છે, ...લેખ...ના વ.ચનથી આપણે સારી રીતે જા... ...તહાસ્ય જવા દે... ...ચાંપો, વીર, વિમળ ઉદયન, મું...



અને વસ્તુપાળે તથા રાજસ્થાનમાં વત્સરાજ, જયમલ, ભંડારમલ, ભામાશાહ, રતનસિંહ, ધનરાજ અને અમરચંદે જ્ઞાતિ, સમાજ, દેશ અને ધર્મના અભ્યુદયાર્થે જે મહાન્ કાર્યો કર્યાં છે, તે અત્યંત પ્રશંસનીય અને શિક્ષાપદ છે; પરંતુ ઇતિહાસમાં આવા સમર્થ પુરૂષોની એટલી ટુંકી હકીકત લખેલી છે કે તેથી તેમનાં સંપૂર્ણ જીવનવૃત્તાંતને જાણી શકાય તેમ નથી; તો પણ તેમના સંબંધનો જેટલો ઇતિહાસ ઉપલબ્ધ છે, તેટલાથી તેમનાં ઉચ્ચ જીવનનો અને તેમના ઉત્તમ કાર્યોનો આપણે વિચાર કરી શકીએ છીએ.

મોટાં મોટાં રાજ્યો સ્થાપવા અને તેનો ઉદ્ધાર કરવાનાં સાહસો જૈનીઓએ કરેલાં છે અને તેમાં તેઓ ફલિભૂત પણ થયેલા છે, એ ઇતિહાસના જાણકારો સારી રીતે જાણે છે. ઇતિહાસ પ્રસિદ્ધ બીકાનેરનું રાજ્ય પણ તેના મૂળ પુરૂષ બીકાએ તેના મંત્રી વત્સરાજની સહાય અને કાર્યકુશળતાથી સ્થાપ્યું હતું. મહારાજ જોધારાવનો પુત્ર બીકો અને વીર જૈસલજીનો પુત્ર વત્સરાજ–એ ઉભયે જંગલુના શંકલાઓ ઉપર માત્ર ત્રણસો માણસો લઈને હુમલો કર્યો હતો અને તેમને હરાવીને તેમના પ્રદેશને કબજે કરી લીધો હતો. ત્યારબાદ વિજયી બીકાએ ભટ્ટીઓના તાબાનો ભાગોર પ્રદેશ સર કરીને સંવત ૧૫૪૫ (ઇ૦ સ૦ ૧૪૯૮) ના વૈશાખ માસની અજવાળી પાંચમે તેણે બીકાનેર વસાવ્યું. વત્સરાજ પણ પોતાના કુટુંબ સહિત આ નવી સ્થપાયલી રાજ્યધાનીમાં આવીને રહેવા લાગ્યો અને તેણે મંત્રીપદેથી બીકાનેરને આબાદ બનાવ્યું. તેણે વત્સસાર નામક એક ગામ પણ વસાવ્યું હતું. વત્સરાજ ઘણોજ ધર્માત્મા પુરૂષ હતો. તેણે જૈન ધર્મની પ્રભાવના માટે બહુજ ઉદ્યોગ કર્યો હતો અને તેણે તીર્થાધિરાજ શત્રુંજય તીર્થની યાત્રા પણ કરી હતી. મહારાજ બીકાથી લઈ ઉત્તરોત્તર રાજા રાજસિંહના અમલ સુધી વત્સરાજના વંશજોએ રાજ્યના મંત્રી અને સલાહકાર તરીકે સેવા બજાવી હતી. વત્સરાજના વંશમાં ઘણા અનુભવી અને વિદ્વાન પુરૂષો ઉત્પન્ન થયા હતા અને તેમણે દરેક રાજ્યકાર્યજ નહિ; કિન્તુ યુદ્ધકાર્યમાં પણ ભાગ લઈ પોતાની બહાદુરી બતાવી આપી હતી. વત્સરાજના વંશજો પૈકી વરસિંહ

રાજપૂત હરરાજની પુત્રીઓ હતી; તેમાંથી પ્રથમ લીલાદેવીને પૃથિવીરાજ પરણ્યો હતો અને તેના અકાળ મૃત્યુ પછી ચંપાવતી સાથે તેનું લગ્ન થયું હતું. પૃથિવીરાજ અને લીલાદેવીને અપૂર્વ પ્રેમ હતો અને તેથી પૃથિવીરાજને બાદશાહના ફરમાન મુજબ મોગલ-રાજ્યધાનીમાં રહેવાનું થતાં લીલાદેવી પણ બીકાનેરથી તેની સાથે આવીને રહી હતી. લીલાદેવી નવજુવાન અને અપૂર્વ રૂપ-લાવણ્યસંપન્ન તરૂણી હોવાથી તેના રૂપની ખ્યાતિ સર્વત્ર પ્રસરી ગઈ હતી. વિશેષમાં તે એક પતિપરાયણા અને સતી સ્ત્રી હતી અને પોતાના પતિ પૃથિવીરાજને ઇશ્વરતુલ્ય માનનારી હતી; તેથી તે અન્ય પુરૂષનું મુખ પણ ભાગ્યેજ જોતી હતી. પૃથિવીરાજ નજરકેદીની સ્થિતિમાં હોવા છતાં પણ લીલાદેવી જેવી સદ્ગુણી અને સાધ્વી સ્ત્રીના પ્રેમ અને સહવાસથી પોતાને સુખી માનતો હતો. અકબરે જોકે તેને નજરકેદમાં રાખેલો હતો; તો પણ તે તેનું માન સારી રીતે સાચવતો અને તેને કોઇ પણ પ્રકારની શંકા કરવાનું પ્રયોજન આપતો નહોતો.

એકજ માતપિતાના બન્ને સહોદર બંધુઓમાં જેમ કોઇ કોઇ સમયે આસમાન જમીનનો તફાવત હોય છે, તેમ પૃથિવીરાજ અને તેના વડિલ બંધુ રાયસિંહમાં પણ તેટલોજ તફાવત હતો. રાયસિંહ બીકાનેરનો સ્વતંત્ર રાજા હતો; તો પણ તેણે શહેનશાહ અકબરથી ડરી જઇને તેની ગુલામગીરી સ્વીકારવા ઉપરાંત પોતાની પુત્રી પણ શાહજાદા સલીમને આપી હતી. રાયસિંહમાં પૃથિવીરાજ જેવા ઉત્તમ ગુણોનો સર્વથા અભાવ હતો. તે ઘણોજ દુરાગ્રહી અને ક્રોધી હતો તથા તેને પોતાની પ્રશંસા બહુજ પ્રિય હતી. વિશેષમાં તે એવો ઉડાઉ હતો કે તેણે રાજ્યનો સઘળો ખજાનો ખુશામતખોર ભાટ-ચારણોને આપી દેવામાં ઉડાવી દીધો હતો.

ટોડનો ગ્રંથ જો કે સર્વમાન્ય ગણાય છે; તો પણ તેણે કેટલીક ભૂલો કરેલી છે, એમ સર્વત્ર સ્વીકારાય છે અને તેથી પૃથિવીરાજની સ્ત્રી ખરી રીતે કોણ હતી એ સંબંધમાં તેણે ભૂલ કરી હશે, એમ અમારો અધિન મત છે. રા. નથુરામે જણાવેલી વાત ઉપરથી અમે આ ઘટના વર્ણવેલી છે અને તેથી અમે તેમના આભારી છીએ. —લેખક.

મંત્રી કરમચંદ તેને બહુ સમજાવતો; પરંતુ તે તેનું કથન બીલકુલ લક્ષપર લેતો નહિ. કરમચંદે બીકાનેરનું ભવિષ્ય ભયંકર જાણીને રાયસિંહને ઠેકાણે લાવવા ઘણો પ્રયાસ કર્યો, પરંતુ તેનું પરિણામ બહુજ ખરાબ આવ્યું. રાયસિંહે પોતાના સ્વામીભક્ત મંત્રીનું સખ્ત રીતે અપમાન કર્યું અને તેના ઉપર રાજ્યદ્રોહનું તહોમત મૂક્યું; તેથી વ્યવહારકુશળ કરમચંદ, એકદમ બીકાનેરનો ત્યાગ કરી પોતાના કુટુંબ સહિત દિલ્હી ચાલ્યો આવ્યો અને પૃથિવીરાજને મળી તેને સઘળી વાતથી વાકેફ કર્યો. પૃથિવીરાજ પોતાના બંધુ રાયસિંહનો સ્વભાવ જાણતો હતો; તેથી તેને સમજાવીને પોતાની પાસે રાખી લીધો. બાદશાહ અકબરે કરમચંદની કુશળતાની પરીક્ષા કરી તેને પોતાના દરબારમાં સારા સન્માનપૂર્વક નિયત કર્યો હતો,*

બાદશાહ અકબરના રાજ્ય અમલમાં તેની ઇચ્છાનુસાર નોરોજના દિવસે મહિલામેળો ભરવામાં આવતો હતો. આ સંબંધમાં લખતાં અબુલફજલ આઈન-ઇ-અકબરીમાં કહે છે કે દરેક મહિનાના ઉત્સવના દિવસથી નવમા દિવસને બાદશાહ અકબરે ખુશરોજ (નૌરોજ—આનંદનો દિવસ) નામ આપેલું હતું. તે દિવસે ઉચ્ચ કુળની કુલિન કામિનીઓ રાજ્યમહાલયના જનાનખાનાના ચોકમાં

* બાબુ ઉમરાવસિંહ ટાંક, બી. એ એલ, એલ. બી. "Some Distinguished Jains" નામક પોતાના પુસ્તકમાં આ સંબંધમાં લખે છે કે કરમચંદ શહેનશાહ અકબરને શરણે ગયો જાણી તેના ઉપર વેર લેવાની સખ્ત પ્રતિજ્ઞા રાયસિંહે કરી હતી; પરંતુ તેનાથી એ પ્રતિજ્ઞા પૂરી થઇ શકી નહોતી. તેના અને કરમચંદના મૃત્યુ પછી તેના પુત્ર સૂરસિંહે કરમચંદના પુત્રો ઉપર સખ્ત વેર લીધું હતું. કરમચંદના પુત્રોને બોલાવીને તે બીકાનેર લઇ ગયો અને પ્રથમ તેમને બહુ સન્માનથી રાખ્યા: પરંતુ એક દિવસે પોતાના સૈનિકો મોકલીને તેના મકાનને ઘેરી લેવરાવ્યું. કરમચંદના પુત્રો રાજ્યના સૈનિકો સાથે બહાદુરીથી લડ્યા: પરંતુ તેઓ સર્વ મરણને શરણ થયા, માત્ર તેમના કુટુંબની એક સગર્ભા સ્ત્રી આ હત્યાકાંડમાંથી કિસનગઢ નાસી ગઇ અને ત્યાં તેને પુત્ર ઉત્પન્ન થયો. આ રીતે વીર વત્સરાજના વંશની રક્ષા થઇ હતી. આ પ્રસંગ અકબરના મૃત્યુ બાદ બન્યો હતો એટલે તેને પ્રસ્તુત નવલકથા સાથે કાંઇ સંબંધ નથી.

—લેખક.

[illegible] આ જમાનામાં ઉપયોગી [illegible] શાહનશાહની નેકમી, [illegible] જુદ [illegible] અમીર અને ઉમરાવની [illegible] બાદશાહ પોતે છુપા [illegible] અને [illegible] હતી. બાદશાહ પોતે છુપા [illegible] અને તેથી સલતનતની એકંદર [illegible] જુદા જુદા [illegible] સારો ગીદી ચાલ[illegible] [illegible] આ કથન સર્વાંશે સ[illegible] [illegible] અબુલફજલનું આ કથન સર્વાંશે સ[illegible] [illegible] હતો. અબુલફજલ [illegible] તથા અન્ય [illegible] માની શકાતું નથી; કેમકે બદાઉની [illegible] પણ ન સારી રીતે કર [illegible] થતા અત્યાચારોનું પણ ન સારી રીતે કર [illegible] ઉપરથી જાણી શકાય છે કે શહેનશાહ [illegible] છે અને તે ઉપરથી જાણી શકાય છે કે શહેનશાહ [illegible] રૂપસુંદરી લલનાઓના અપૂર્વ રૂપને જોવાને અને તેમનાં [illegible] કરવાને આ યુક્તિ યોજી કહાડી હતી અકબરને [illegible] ઇતિહાસકારો ધર્માત્મા પુરુષ તરીકે ઓળખાવે છે, એ વાત [illegible] અસત્ય તો નથી; પરંતુ તેની પૂર્વાવસ્થા રૂપનિરીક્ષણ [illegible] વિષયવાસનાની તૃષ્ણાથી મલીન થયેલી હતી, એ વાત તો સ[illegible] છે. શહેનશાહ અકબરમાં અન્ય મુસલમાન બાદશાહો કરતાં [illegible] સારા ગુણોનો અવશ્ય વાસ હતો અને તે ઉપરાત તેનું હૃ[illegible] [illegible] દયાળુ હતું અને તેથી તેને ધર્માત્માને બદલે સુયોગ્ય બાદ[illegible] [illegible] ઉપનામ આપવું, એ વધુ ઠીક છે. અસ્તુ.

[illegible] સમના ફરમાન અનુસાર જોઇઓ, લીલાદેવીના શબયુક્ત [illegible] તેન મકાનમાં ગુપચુપ મૂકી આવ્યા, ત્યાંસુધી કોઇને ખરી [illegible] ખબર પડી નહિ. હરરાજની નાની પુત્રી ચંપાદેવી પો[illegible] [illegible] મોટી બ્હેન લીલાદેવી સાથેજ રહેતી હતી. બેગમ જોધબાના [illegible] સુધી લીલાદેવી રાજ્યમહાલયમાં ગઇ હતી, એ તે જાણતી [illegible] અને તેથી તે સંધ્યાસમય સુધી પોતાની બ્હેનના આગમનની [illegible] જોતી એકાદ પુસ્તક વાચતી એક ઓરડામાં બેઠી હતી. તે પુસ્તક [illegible] વાંચીને કંટાળી ગઇ તો પણ લીલાદેવીના આગમનની ખબર [illegible] નહિ એટલે તે પુસ્તકને પડતું મુકી તેના શયનખંડ તરફ જ[illegible] [illegible] તૈયાર થઇ. પરંતુ એટલામાં એક દાસીએ આવીને મ્યાનો [illegible] આવવાના ખબર આપ્યા અને તેથી તે ઉતાવળી ઉતાવળી મ્યાના

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] પૃથ્વીરાજ [illegible]

[illegible] પૃથ્વીરાજને [illegible]

તેણે જોયું, [illegible] જોયું અને તેના [illegible] આંખે અંધારાં આવવા લાગ્યાં. તેણે આશ્ચર્યચકિત સ્વરે પૂછ્યું. " આ શું ! [illegible]નું શબ ! "

કરમચંદ પણ આ પ્રકાર જોઈને આશ્ચર્ય પામી ગયો અને તેણે પણ તેવોજ પ્રશ્ન કર્યો.

ચપાએ ધીમેથી કહ્યું. " હા, મારી બ્હેનનું એ શબ છે. કોઈ ચાંડાલે તેનું ખૂન કર્યું છે. અગર તો તેણે પોતેજ આત્મહત્યા કરી છે. "

" પરંતુ શબ આ સ્થાનમાં ક્યાંથી આવ્યું ? " પૃથ્વીરાજે આતુરતાથી પૂછ્યું.

"જોધબાના આમંત્રણથી લીલાદેવી મધ્યાન્હ પછી રાજ્યમહેલમાં ગઈ હતી, ત્યાંજ આ બનાવ બન્યો જણાય છે; કેમકે કોઈ-એ મ્યાનો અહીં ગુપચુપ મૂકીને ચાલ્યા ગયા છે." ચંપાદેવીએ જવાબ આપ્યો.

"હા, સમજવામાં આવ્યું. અકબરનુંજ આ કૃત્ય જણાય છે. પ્યારી! લાલાં! આ તારી દશા? આ રીતે તારૂં મૃત્યુ? હાય, દૈવ! આ શું?" પૃથ્વીરાજે એમ કહીને નિઃશ્વાસ મૂકયો.

"શું અકબરે રાણીજીનું ખૂન કર્યું" કરમચંદે પૂછ્યું.

"ના, એમ તો નહિઃ પરંતુ એ નરાધમના અત્યાચારથી જ સતીએ પોતાના પ્રાણનું બલિદાન આપેલું છે. મને લાગે છે કે એ દુષ્ટે જ લીલાદેવીને જોધબાના નામથી બોલાવી તેના સતીત્વને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હશે અને તેથીજ તેણે આત્મહત્યા કરી જણાય છે." પૃથ્વીરાજે પોતાની માન્યતા કહી બતાવી.

"પણ એમ બનવું શકય છે?" કરમચંદે શંકા કરી.

"હા, કેવળ શકય છે; કેમકે અકબરે ઘણા સમયથી લીલાદેવીના અપૂર્વ રૂપ–લાવણ્યની પ્રશંસા સાંભળેલી હતી અને તેથી તેણે આ વખતના નોરોજના મહિલામેળામાં તેને મોકલવાનું મને ખાસ આગ્રહથી કહ્યું હતું. લીલાદેવીને એ શયતાને મહિલામેળામાં જરૂર જોઈ હશે અને તેથીજ એ રૂપના તરસ્યા પિશાચે તેને લોભાવીને જોધબાના નામથી તેડાવી તેના ઉપર અત્યાચાર ગુજારવા માંડતાં તેણે આત્મહત્યા કરી જણાય છે. હાય, પ્રાણાધિક લીલાદેવી! તારા શત્રુનું ભયંકર વેર જ્યારે હું લઈશ, ત્યારે જ મને શાંતિ વળશે, ખરૂંને?" એમ કહીને પૃથ્વીરાજ ગાંડાની જેમ લાલાં લાલાં જપતો આમતેમ ફરવા લાગ્યો.

કરમચંદે તેનો હાથ પકડીને નરમાશથી કહ્યું. "આપ વીર પુરૂષ થઈને ધીરજને કેમ ગુમાવી બેઠા છો? રાણીજી તો પોતાનું નામ અમર કરીને અને અક્ષય કીર્તિ સંપાદન કરીને સ્વર્ગમાં ગયા છે, તે હવે આપને શું પાછા મળનાર છે? શાંત થાઓ, ચિત્તને ઠેકાણે રાખો અને શબની યોગ્ય વ્યવસ્થા કરવાની તૈયારી કરો."

પરંતુ અકબરના આ કૃત્ય માટે શું કરવું ? આવી રીતે છળ-પ્રપંચ કરીને અનેક કુલિન કામિનીઓના સતીત્વનો તેણે નાશ કર્યો છે અને જો તેને યોગ્ય શિક્ષા નહિ મળે તો તે અધમ કૃત્ય કરતો સ્હેજ પણ અટકશે નહિં. કેમ મારી વાત ખરી છે ને ? " પૃથિવીરાજે શાંતિથી પૂછયું.

" આપની બધી વાત ખરી છે; પરંતુ આપ જ વિચારોને કે આપ તેને શિક્ષા કરવાને સમર્થ છો ? રાજસ્થાનના મોટા મોટા રાજાઓ પણ જેનું દાસત્વ સ્વીકારીને પોતાની આબરૂ ગુમાવી બેઠા છે, ત્યારે આપ એકલા હાથે અને વળી નજરકેદીની હાલતમાં શું કરશો ? આપના બંધુને, મોગલ બાદશાહની ગુલામગીરી નહિ સ્વીકારવા માટે મેં ઘણું સમજાવ્યું હતું; પરંતુ તેનું શું પરિણામ આવ્યું. તે આપ કયાં નથી જાણતા ? હાલ તો આપ વખતને વિચારીને ચુપાચુપ બેસી રહેશો તોજ યોગ્ય અવસરે કાંઇક કરી શકશો; પરંતુ મને લાગે છે કે બાદશાહ અકબરના આ અત્યાચારની ખબર મેવાડના મહાવીર પ્રતાપસિંહ રાણાને પહોંચાડવાની જરૂર છે; કારણ કે અત્યારે સમસ્ત રાજસ્થાનમાં એકલા એજ સ્વતંત્ર અને વીર પુરૂષ છે અને તેજ તેને તેના એ અધમ કૃત્યનો બદલો આપવાને તૈયાર થશે. " કરમચંદે કહ્યું.

" તમારૂં કથન અક્ષરશઃ સત્ય છે. અમે જો મોગલ બાદશાહની તાબેદારી ન સ્વીકારી હોત તો આ પ્રસંગ બનવા પામત નહિ; પરંતુ હવે એ ડહાપણ કથા કામનું નથી. અત્યારે રાત ઘણી વહી ગઇ છે; માટે તમે તમારા આવાસે જાઓ; કાલે પાછા સવારમાં આવજો એટલે આપણે મહારાણા પ્રતાપસિંહને જે ખબર પહોંચાડવાની છે, તે માટે યોગ્ય ગોઠવણ કરીશું. " પૃથિવીરાજે કહ્યું.

" બહુ સારૂં " એમ કહી કરમચંદ પોતાના આવાસે ચાલ્યો ગયો અને પૃથિવીરાજ લીલાદેવીના અકાળ મૃત્યુ માટે દીલગીરી કરતો અને પરિતાપને સહેતો પલંગ ઉપર પડ્યો.

પ્રકરણ ૧૧ મું.

મેવાડની માનિની.

" Truly if Hindustan is ever saved, it will b[e] by the virtues of its women; for more nobly-endowe[d] female humanity is not to be found in the most highly civilized of the earth than amongst the zanans[s] of India. "

W. Knighten.

કોમલમેરના કિલ્લા ઉપરથી મોગલ સૈન્યનું નિરીક્ષણ કરતાં કરતાં પ્રતાપસિંહે કહ્યું. " કેમ સલુંબરરાજ ! શી ખબર છે ?" સલુંબરરાજ ગોવિંદસિંહે ઉત્તર આપ્યો. " મહારાણા ! મોગલ સેનાપતિ શાહબાજખાં સાથે સગરસિંહનો કુલાંગાર પુત્ર મહોબ્બતખાં પણ આવ્યાની ખબર મળી છે તથા આબુનો અધિપતિ દેવરાજ શત્રુ પક્ષમાં ભળી ગયો છે. મને લાગે છે કે આ વખતે પણ આપણો પરાજયજ થશે. "

" મેવાડનો પરાજય, મેવાડનું પતન અને મેવાડનો નાશ, એજ શબ્દ જન્મભરથી હું સાંભળી રહ્યો છું. કોઈ કહેતું નથી કે મેવાડનો વિજય થશે ! " પ્રતાપસિંહે દીલગીરી ભરેલા સ્વરે કહ્યું. " જો ભાવિમાં પરાજય જ નિર્માણ થયેલો છે, તો પછી કિલ્લામાં ભરાઈ રહીને બચાવ કરવાથી શું ફળ મળે તેમ છે ? મને લાગે છે, ગોવિંદસિંહ ! કે કિલ્લાના દરવાજા ખુલ્લા કરીને સકળ સૈન્ય સાથે શત્રુઓ ઉપર એક સાથે તુટી પડવું, એજ એક માર્ગ આપણા માટે અવશેષ રહેલો છે. "

" મહારાણા ! " ભામાશાહે જરા આગળ આવીને કહ્યું. " આપ આવા ઉદ્‌ગારો શા માટે કહાડો છો, એ અમે સર્વ સમજીએ છીએ. મેવાડની આ પડતી દશા જોઈને આપને હૃદયમાં જેવો આઘાત થાય છે તેવો આઘાત અમને પણ થાય છે; પરન્તુ એ આઘાતનું સ્મરણ કરી કાર્યમાં ઉતાવળ કરવાની કશી પણ અગત્ય નથી. આપણો ઉદ્દેશ શુભ છે એટલે તેનું ફળ પણ શુભજ મળશે.

માટે સંકટ સમયમાં ધીરજ ધરવા ઉપરાંત ઉપસ્થિત થતાં વિઘ્નોને ક્રમાનુસાર દૂર કરવામાં જ ડહાપણ સમાયલું છે; નહિ કે ઉતાવળા થઈ નિરર્થક પ્રાણનું બલિદાન દેવામાં."

ગોવિંદસિંહે કહ્યું. "મહારાણા ! મંત્રીશ્વરનું કથન અક્ષરશઃ સત્ય છે. આપણે માથે ગમે તેટલાં સંકટો આવી પડે; તો પણ તેને સહેવામાં અને તેનો યોગ્ય અવસરે પ્રતિકાર કરવામાં જ આપણે આપણા સામર્થ્યનો ઉપયોગ કરવો, એજ હિતાવહ છે; કાર્યમાં ઉતાવળા થવાથી અર્થ સરે તેમ નથી."

"ભામાશાહ અને ગોવિંદસિંહ ! તમારૂં ઉભયનું કહેવું હું સ્વીકારૂં છું અને તે પ્રમાણેના વર્ત્તનને જ હું ડહાપણ ગણું છું; પરંતુ સહનશીળતાની કાંઇ હદ હોવી જોઇએ કે નહિ ? આપણે ચિત્તોડ, ઉદયપુર અને પ્રિયભૂમિ મેવાડનો ઘણોખરો પ્રદેશ ગુમાવી બેઠા છીએ અને માત્ર કોમલમેરનો એકજ કિલ્લો આપણા હસ્તગત રહેલો છે, તેમ છતાં મિથ્યા બચાવ કરવાના પ્રયાસો કરવા, એ શું મૂર્ખતા નથી ? હલ્દીઘાટના યુદ્ધમાં શત્રુઓને જેવો હાથ આપણે બતાવ્યો હતો, તેવોજ હાથ ફરીથી એક વખત બતાવવાનો આ અવસર આવેલો છે; માટે હવે તો યાહોમ કરીને શત્રુદળ ઉપર સિંહની જેમ ટુટી પડીને ભાગ્યને અજમાવી જોવું. એજ આપણા માટે ઉચિત છે" પ્રતાપસિંહે મૂછોના આંકડા વાળતાં કહ્યું.

"હું પણ મહારાણાના મતને ઉચિત ગણું છું." રણવીરસિંહે આવતાં વેંત મહારાણાને નમીને કહ્યું. "કારણ કે આપણો સર્વનાશ થવામાં હવે એક ક્ષણનો પણ વિલંબ નથી."

"કેમ ? શું કાંઇ નવિન ખબર મળી છે ?" ભામાશાહે આતુરતાથી પૂછ્યું.

"હા, હું જે નવિન ખબર લાવ્યો છું, તે એટલા બધા ભયંકર છે કે જેને સાંભળતાં આપ સર્વને સખેદાશ્ચર્ય થશે. આણુપતિની સલાહથી શત્રુઓએ પીવાના પાણીના કુવામાં કોઇ પાસે વિષ નંખાવ્યું છે અને તેથી જે લોકો કુવાનું પાણી પીએ છે, તે તુરતજ મૃત્યુવશ થઇ જાય છે. કહો, હવે પાણી વિના આપણો

કિલ્લામાં ભરાઈ રહીને શું કરી શકવાના?" રણધીરસિંહે ગભરાઈને ઉત્તર આપ્યો.

"ત્યારે તો આપણે કિલ્લાનો સત્વર ત્યાગ કરવો પડશે" ભામાશાહે કહ્યું.

"એ સિવાય બીજો ઉપાય પણ રહેતો નથી." સંગ્રામ શાહે કહ્યું.

પ્રતાપસિંહે રણધીરસિંહની વાત સાંભળી દીલગીરીભર સ્વરે કહ્યું. "ખરેખર મેવાડનો ભાગ્યરવિ તદ્દન અસ્ત થવા તૈયારીમાં આવી લાગ્યો છે, તેનો પુનઃ ઉદય ક્યારે થશે. એ ક શકાય તેમ નથી, કેમકે જાતિબંધુઓ જ જ્યારે વિશ્વાસઘાતક લાગ્યા છે, ત્યારે દેશનો બચાવ શી રીતે થઈ શકે? હાય! ભગવ મેવાડનું આ શું થવા બેઠું છે? કૃપાનિધિ! મેવાડ ઉપર તમા આટલી બધી અકૃપા કેમ થઈ છે? ઠીક છે, આપ અમારા ઉ -મેવાડ ઉપર કોપાયમાન થયા હો તો ભલે, પરંતુ મને આપના -મારા આત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા છે કે આપને પુનઃ એકવાર મે ઉપર કૃપાદૃષ્ટિ કરવી પડશે જ અને તે ક્યારે? તેની મને દરક નથી; મને દરકાર છે માત્ર કર્તવ્યમાં સંપૂર્ણ બળથી જોડાઈ રહે વાની અને પછી ભલે આખું જગત પ્રતાપસિંહ ઉપર ચડી આવે તો તેથી શું હરકત છે? મંત્રીશ્વર અને સરદારો! તમે મારા ક કર્તવ્યમાં જોડાઈ રહેવાને તૈયાર છો ને?"

"મહારાણા! એવો શંકાશીલ પ્રશ્ન જ શા માટે કરો છો? શું આપને અમારા ઉપરથી વિશ્વાસ ઉડી ગયો છે? અમે સર્વે સુખમાં અને દુઃખમાં આપની સાથે જ રહેવાની પ્રતિજ્ઞા કરેલી છે, એ આપ ક્યાં નથી જાણતા? મેવાડનો ઉદ્ધાર એ જ અમારો મંત્ર છે અને એ મંત્રની સિદ્ધિને અર્થે અમે અમારા પ્રાણ આપવાને પણ તૈયાર જ છીએ" ભામાશાહે અને સંગ્રામશાહે દૃઢ અવાજે કહ્યું.

"ઠીક ત્યારે, હાલ તો કિલ્લાનો ત્યાગ કરવો, એજ ઉચિત છે ને?" પ્રતાપે પૂછ્યું.

"હા, કેમકે પાણી વગર બચાવ શી રીતે થઈ શકે!" ભામાશાહે કહ્યું.

" ઠીક, ચાલો. " પ્રતાપસિંહ એમ કહી આગળ ચાલ્યો, એટલે ભામાશાહ, ગોવિંદસિંહ અને રણધીરસિંહ તેની પાછળ પાછળ ગયા.

મોગલ સેનાપતિ શાહબાજખાં અને મહોબ્બતખાંને પ્રતાપસિંહ પોતાના પરિવાર સાથે કિલ્લાનો ત્યાગ કરીને ચુપચુપ ચાલ્યા ગયાની ખબર મળતાં તેઓ સકળ સૈન્ય સાથે કિલ્લા ઉપર એકદમ ધસી આવ્યા. કિલ્લાના રક્ષણને માટે નીમવામાં આવેલા સરદારે પોતાના સૈનિકો સાથે કિલ્લાનો મજબુતાઈથી બચાવ કર્યો; પરંતુ અસંખ્ય અને અગણિત શત્રુસૈન્ય આગળ એ બચાવ શું હિસાબમાં હતો ? ક્ષણવારમાં જ કોમલમેરનાં કિલ્લાને શત્રુઓએ તોડી પાડ્યો. તેઓ કિલ્લાની અંદર એકદમ ધસી ગયા અને મનુષ્યોની ઘાસની જેમ કાપણી કરવા લાગ્યા. કિલ્લાનું રક્ષણ કરનાર સરદાર અને તેના સર્વ સૈનિકો મૃત્યુ પામ્યા અને તેથી સંવત ૧૬૩૫ ના વૈશાખ વદિ ૧૨ ના રોજ કોમલમેરનો કિલ્લો મોગલોને હસ્તગત થયો. પ્રતાપસિંહ વિગેરેને પકડવા માટે શાહબાજખાં તથા મહોબ્બતખાં કિલ્લાના પ્રત્યેક સ્થળે ફરી વળ્યા; પરંતુ તેમનો પત્તો નહિ લાગવાથી શાહબાજખાં મહોબ્બતખાંને કિલ્લામાં રહેવાનું કહીને છાવણીમાં વિશ્રામ લેવાને ચાલ્યો ગયો. મહોબ્બતખાં કિલ્લામાં એકલો રહ્યો એટલે તેને પ્રતાપસિંહના રહેવાના મકાનમાં જવાની ઇચ્છા થઈ અને તેથી કેટલાક સૈનિકોને લઇ તે તરફ ગયો. મહોબ્બતખાંએ જઈને પ્રતાપસિંહને રહેવાના મકાનને જોયું તો તે એક સામાન્ય મનુષ્યને રહેવા લાયકનું હતું અને તેમાં ભોગ કે વિલાસની એક પણ વસ્તુ નહોતી. મહોબ્બતખાં ત્યાંથી પાછો ફરતો હતો એટલામાં તેણે કોઈ સ્ત્રીનો ચિત્કાર સાંભળ્યો અને તેથી તેણે પોતાના સૈનિકોને આસપાસ તપાસ કરવાની સૂચના આપી અને પોતે મકાનની બહાર ઉભો રહ્યો. થોડા સમયમાં જ સૈનિકો એક પંદરેક વર્ષની રાજપૂત બાળાને મહોબ્બતખાં પાસે લઈ આવ્યા. આ બાળા અપૂર્વ રૂપવતી હતી. તેના માથાના વાળ વિખરાઈ ગયેલા હોવાથી પવનથી આમતેમ ઉડતા હતા અને તેનું મુખ તથા તેની આંખો ક્રોધથી લાલચોળ થઇ ગયેલી

મહોબ્બતખાંએ રાજપૂત બાળા પ્રત્યે અનિમેષ નયને જોતાં પૂછ્યું. " તમે કોણ છો અને મકાનમાં શા માટે એકલા ર રહેલા છો ? "

" એ પ્રશ્ન પૂછવાનું તમને શું પ્રયોજન છે ?" તે બાળા સ્વાલ કર્યો.

" પ્રયોજન વિના કોઈ પ્રશ્ન પૂછતું હશે ? મહોબ્બતખાં કહ્યું.

" પ્રયોજન હોય તો ભલે અને ન હોય તો ભલે; પરંતુ પ્રશ્ન પૂછવાનો તમને શો અધિકાર છે ?" બાળાએ ગર્વથી પૂછ્યું

" આ કિલ્લો ભારતસમ્રાટ શહેનશાહ અકબરને થયો છે, એ શું તમે નથી જાણતા ? " મહોબ્બતખાંએ પૂછ્યું.

" એ હું સારી રીતે જાણું છું." બાળાએ ઉત્તર આપ્યો.

" તો પછી મને, ' તમને પ્રશ્ન પૂછવાનો શો અધિકાર છે એમ શા માટે પૂછો છો ? મહોબ્બતખાંએ કહ્યું.

" પણ તમે પ્રશ્ન પૂછનાર કોણ છો, એ જાણ્યા સિવાય તેનો ઉત્તર આપવાને ખુશી નથી. " તે બાળાએ સ્પષ્ટતાથી કહ્યું

" હું ભારતસમ્રાટનો સેનાપતિ મહોબ્બતખાં." મહોબ્બત ખાંએ પોતાનો પરિચય કરાવ્યો.

" શું તમે સગરસિંહના પુત્ર મહોબ્બતખાં ? " બાળાએ આશ્ચર્યયુકત સ્વરે સામો સ્વાલ કર્યો.

" હા. " મહોબ્બતખાંએ અભિમાનથી પોતાનું મસ્તક ઉન્નત કરતાં કહ્યું.

" તો પછી તમે મને ઓળખી શકતા નથી ? " બાળાએ પુનઃ સ્વાલ કર્યો.

મહોબ્બતખાંએ બાળા પ્રત્યે ધ્યાનપૂર્વક જોઈને ઉત્તર આપ્યો " તમને પ્રથમ જોયા હોય, એમ જણાય છે; પરંતુ હાલ તમને ઓળખી શકતો નથી. "

" જે મનુષ્યે પોતાની જાતિનો, પોતાના સમાજનો, પોતાના દેશનો અને પોતાના ધર્મનો સર્વથા ત્યાગ કરીને અન્ય ધર્મનો સ્વીકાર કર્યો છે, તે નિષ્ઠુર મનુષ્ય પોતાની આત્મીય વ્યક્તિને

"પ્રેમના વિષયમાં દેશ અને ધર્મને વચ્ચે લાવવા, એ યોગ્ય નથી." મહોબ્બતે કહ્યું.

"મહોબ્બતખાં! પ્રેમના વિષયમાં દેશ અને ધર્મને વચ્ચે લાવવાનું તમને યોગ્ય નથી લાગતું એનું કારણ એ છે કે તમે વિધર્મી, નિષ્ઠુર અને સ્વાર્થી થઇ ગયા છો. મારે મન દેશ અને ધર્મ પહેલાં છે અને તેથી તેનો ત્યાગ કરીને હું તમને જીવન અર્પણ કરી શકીશ નહિ." યમુનાએ સગર્વ કહ્યું.

મહોબ્બતખાંએ અર્થસૂચક સ્વરે કહ્યું. "સલુંબરરાજે તારો વિવાહ સંબંધ મારી સાથે કરેલો છે, એ તું જાણે છે અને તેથી એક આર્ય હિન્દુ રમણી તરીકે તારે મારા પ્રેમનો સ્વીકાર કરવો, એજ તારૂં કર્ત્તવ્ય છે, યમુના!

"મારૂં કર્ત્તવ્ય શું છે, એ હું સારી રીતે જાણું છું. એટલે તમારે મને સમજાવવાની જરૂરીઆત નથી. મહોબ્બતખાં! જાતિ, દેશ, ધર્મ અને સર્વસ્વનો ત્યાગ કરીને જે પુરૂષ વિધર્મી થઇ ગયેલ છે, તેના પ્રેમના સ્વીકારને શું તમે આર્ય રમણીનું કર્ત્તવ્ય ઠરાવવા માગો છો? યમુનાએ ભાર દઇને પૂછયું.

"ઠીક, કર્ત્તવ્યની વાત જવા દે; પરંતુ યમુના! હું તને ખરા જીગરથી ચાહું છું. અને તને દરેક ઉપાયે સુખી બનાવવાને તૈયાર છું. તેમ છતાં શું તું મારો તિરસ્કાર કરીશ?" મહોબ્બતે નરમાશથી સ્વાલ કર્યો.

"તિરસ્કાર;" યમુનાએ આંખો ફાડીને કહ્યું "હા, તિરસ્કારજ કરીશ; કેમકે તમે કેવળ મારાજ નહિ; કિંતુ સમસ્ત હિન્દુ જાતિના તિરસ્કારને પાત્ર છો. પ્યારા મહોબ્બતખાં! આ શબ્દો બોલતાં મારૂં હૃદય ફાટી જાય છે અને સમસ્ત શરીરમાં સખ્ત વેદના થાય છે; પરંતુ શું કરૂં એ શબ્દો બોલ્યા સિવાય ચાલતું નથી તમને મારા હૃદયમાં સ્થાન આપવાને તૈયાર છું, તમને મારા માથાના મુકુટ બનાવવાને તૈયાર છું, તમને ખરા પ્રેમથી ચાહવાને તૈયાર છું, તમને મારૂં જીવન અર્પણ કરવાને તૈયાર છું અને તમને ભેટવાને પણ તૈયાર છું-બધી રીતે હું તૈયાર છું; પરંતુ હાય, મારાથી તેમ થઇ શકતું નથી. હે પરમાત્મા! હું કેટલી બધી

"ત્યારે શું તમે મને ચાહતા નથી? મહોબ્બતખાંએ પૂછ્યું.

"ચાહું છું અને ધિક્કારૂં પણ છું." યમુનાએ જવાબ આપ્યો.

"ચાહવું અને ધિક્કારવું, એ બન્ને એક સાથે થઈ શકે ખરૂં?" મહોબ્બતખાંએ પુનઃ પૂછ્યું.

"હા" યમુનાએ કહ્યું.

"શી રીતે?" મહોબ્બતખાંએ આશ્ચર્યયુક્ત સ્વરે પૂછ્યું.

મારા પતિ તરીકે તમને ખરા હ્રદયથી ચાહું છું તેમજ દેશના દ્રોહી તરીકે તમને ધિક્કારૂં પણ છું" યમુનાએ સ્પષ્ટતાથી જવાબ આપ્યો.

મહોબ્બતખાંએ આ વખતે પોતાના સૈનિકો તરફ જોયું એટલે તેઓ પોતાના સેનાપતિની મૌન આજ્ઞા સમજીને ત્યાંથી દૂર ચાલ્યા ગયાં.

સૈનિકો ગયા પછી મહોબ્બતે કહ્યું પ્યારી યમુના! જ્યારે તું મને તારા પતિ તરીકે ચાહે છે, ત્યારે હું દેશદ્રોહી છું, એ વાતને ભૂલી જઈને તારો સંપૂર્ણ પ્રેમ મને આપ અને મારા સંપૂર્ણ પ્રેમનો તું પણ સ્વીકાર કર."

"મહોબ્બતખાં! એમ બનવું અશક્ય છે." યમુનાએ ધીમેથી કહ્યું.

"શામાટે અશક્ય છે યમુના? જ્યારે હું તને સંપૂર્ણ પ્રેમથી ચાહવાને તૈયાર છું, ત્યારે શું તું મને ચાહવાને તૈયાર નથી?" મહોબ્બતખાંએ પૂછ્યું.

"તમને મારા પતિ ગણીને તમારી મૂર્ત્તિને મારા હૃદયમાં સ્થાન આપીશ અને તેની પૂજા પણ કરીશ; પરંતુ તમારા પ્રેમનો સ્વીકાર કરી શકીશ નહિ. મહોબ્બતખાં! તમે તમારા દેશ અને ધર્મનો ત્યાગ કરીને અન્ય ધર્મનો સ્વીકાર કર્યો છે એટલુંજ નહિ પણ તેનો નાશ પણ તમારા હાથે જ કરી રહ્યા છો અને તેથી તમારા જેવા દેશ અને ધર્મના દ્રોહી પુરૂષને હું મારો પ્રેમ આપી શકીશ નહિ, તેમ તેના પ્રેમને સ્વીકારી શકીશ પણ નહિ." અભિમાનથી મસ્તકને ઉન્નત કરીને યમુનાએ ઉત્તર આપ્યો.

નિષ્ઠુર હૃદયની છું કે મારે સ્વમુખે મારા સ્વામીનો–મારા જીવન દેવતાનો તિરસ્કાર કરવો પડે છે ? મહોબ્બતખાં ! હૃદયનો સર્વ ભાર આજ તમારી સન્મુખ ખાલી કરી નાંખ્યો છે. હવે જાઓ, ચાલ્યા જાઓ, આ ઠાણે જ પલાયન થઇ જાઓ. આસમાન જમીન એક થાય, મેરૂ ચલિત થાય, સૂર્યની ઉગ્રતાનો નાશ થાય, ચંદ્રની સૌમ્યતા ચાલી જાય અને સમુદ્રની મર્યાદાનો લોપ થાય, તો પણ હું તમારા પ્રેમનો સ્વીકાર કરી શકીશ નહિ; કારણકે તમે નિષ્ઠુર છો, જાતિ, દેશ અને ધર્મના દ્રોહી છો, વિધર્મી છો, અમારા શત્રુના દાસ છો, અરે એટલું જ નહિ પણ તમે મનુષ્ય નહિ પણ પશુ છો, દેવ નહિ પણ દાનવ છો અને તેથીજ હું અને તમે કદિ પણ એક થઈ શકશું નહિ. તેમજ એ પણ ખરૂં છે કે આ શરીર કે જે તમને વાગ્દાનથી અર્પણ થયેલું છે, તે આ જીવનમાં કદાપિ અન્યનું પણ થશે નહિ. ”

મહોબ્બતખાંએ ધીરજથી યમુનાનું ઉપર્યુક્ત કથન સાંભળી લીધું અને ત્યારપછી આશાનો ત્યાગ કરીને કહ્યું. “ યમુના ! તારા છેવટના શબ્દોથી મને સંતોષ થયો છે; પરંતુ તું અહીં એકલી કેમ રહેલી છે ? પ્રતાપસિંહના પરિવાર સાથે તું કેમ ચાલી ગઇ નથી ? ”

યમુનાએ શાંતિથી જવાબ આપ્યો. “ મહોબ્બતખાં ! તમે મોગલસેનાના સેનાપતિ થઇને આવ્યા છો, એ જાણીને તમને એક વખત મળવા અને મળીને હૃદયનો ભાર ઓછો કરવાને માટે જ હું પાછળ એકલી રહી હતી. હવે હું જાઉં છું અને તમે પણ જાઓ; પરંતુ એ પહેલાં પરમાત્મા પાસે એટલી પ્રાર્થના કરૂં છું કે તમે કરેલી ભૂલનો પશ્ચાત્તાપ કરવાનો સમય તમને તે વિશ્વનિયંતા કૃપા કરીને જરૂર આપે. ”

એટલું કહીને યમુના મહોબ્બતખાં તરફ કટાક્ષદષ્ટિ કરીને ત્યાંથી ત્વરાથી ચાલી ગઇ. તેના ગયા પછી મહોબ્બતખાં ધીમા પગલે અને ઉદાસ મુખે છાવણી તરફ પાછો ફર્યો.



પ્રકરણ ૧૨ મું.

ભેદ ખુલ્લો થયો.

બાદશાહ અકબરની આજ્ઞાથી કેદી થયેલો વિજય એક અજાણ્યા મનુષ્યની કૃપાથી કેદખાનામાંથી નિર્વિઘ્ને છુટી ગયો હતો: એ આપણે સાતમા પ્રકરણમાં વાંચી ગયા છીએ. વિજયને કેદી અવસ્થામાંથી મુક્ત કરનાર એ મનુષ્ય કોણ હતું અને તેને મુક્ત કરવાનો તેનો શું હેતુ હતો, એ ભેદ વાચક મહાશયોની જીજ્ઞાસાને તૃપ્ત કરવાની ખાતર હવે ઉકેલવાની અગત્ય છે.

વિજયને કેદ કરવાનો હુકમ જ્યારે બાદશાહે આપ્યો હતો, ત્યારે શાહજાદીએ તેમ નહિ કરવાને અને રહેમ રાખવાને માટે તેના બાબાને અરજ ગુજારી હતી, પરંતુ બાદશાહે પોતાના હુકમની વચ્ચે નહિ પડવાની તેને સૂચના કરીને પોતાના હુકમને અમલમાં આણ્યો હતો, એટલે કે વિજયને બંદીવાન બનાવ્યો હતો. એ ઘટનાને વાચક બન્ધુઓ સારી રીતે જાણે છે. બાદશાહ પોતાના અનુચર કાસમને વિજયને બંદીવાન બનાવવાનો હુકમ આપીને ચાલી ગયા બાદ શાહજાદી પણ પોતાના આવાસે ચાલી આવી હતી. શાહજાદી પોતાને આવાસે આવ્યા પછી નિર્દોષ વિજયને કેદખાનામાંથી શી રીતે મુક્ત કરવો, એના વિચારમાં ગુંથાઈ ગઈ. કેટલોક સમય તેણે વિચારગ્રસ્ત સ્થિતિમાં પસાર કર્યો અને છેવટે તે વિજયને મુક્ત કરવાના એક નિશ્ચય ઉપર આવી. તેણે તુરતજ પોતાના શિક્ષક ફૈજી ઉપર એક કાગળ લખી નાંખ્યો અને તેમાં વિજય તદ્દન બેગુન્હા છે; તેથી તેને ગમે તે ઉપાયે કેદખાનામાંથી મુક્ત કરાવશો, એવા રૂપમાં બનેલા બનાવનું વિગતવાર વર્ણન કરીને ફૈજીને વિનંતિ કરેલી હતી. ફૈજી તથા તેનો નાનો ભાઈ અબુલફજલ બન્નેનું અકબરની દરબારમાં કેટલું માન હતું તથા તેઓની વિદ્વત્તા કેટલી અગાધ હતી, એ ઇતિહાસવેત્તાઓથી અજાણ્યું નથી, તેમ છતાં સર્વસામાન્યની જાણ માટે અમે એ ઐતિહાસિક વાતને વિશેષ સ્પષ્ટ કરવાને પ્રવૃત્ત ... તો તે

અસ્થાને ગણાશે નહિ. આ ઉભય ભાઇઓએ વિદ્યા-સંબંધી એવાં મોટાં મોટાં કાર્યો કરેલાં છે અને અકબરના ધાર્મિક, રાજનૈતિક તથા સામાજીક વિચારો ઉપર એવી ગંભીર અસર કરેલી છે કે જેનું વિસ્તૃત વર્ણન કરવાનો આ પ્રસંગ નથી. અહીં તો માત્ર એ ઉભય ભાઇઓની જરૂરજોગ ઓળખાણ આપવાનુંજ અમે ઉચિત વિચાર્યું છે. આ બન્ને બંધુઓ શેખ મુબારકના પુત્રો હતા. શેખ મુબારક વિદ્વાન હતો; પરંતુ સ્વચ્છંદ વિચારોથી તેને ઇસ્લામ ધર્મ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા નહોતી. આ કારણથી ઇસલામ ધર્મના ઉલમાઓ તેની વિરૂદ્ધ પડ્યા હતા અને તેથી તે પોતાના વતન નાગોરનો ત્યાગ કરીને આગ્રા પાસેના ચારબાગમાં વસ્યો હતો: ચારબાગમાં આવ્યા બાદ ઇ૦ સ૦ ૧૫૪૭ માં અબુલફૈજ (ફૈજી) નો અને ઇ૦ સ૦ ૧૫૫૧ માં અબુલફજલનો જન્મ થયો હતો, શેખ મુબારકે પોતાના બન્ને પુત્રોને બહુજ સારી રીતે ભણાવીને વિદ્વાન્ બનાવ્યા હતા; પરંતુ તેઓ તેમના પિતાની જેમ ઇસલામ ધર્મ ઉપર કેટલેક અંશે અશ્રદ્ધાળુ બની ગયા હતા અને તેથી કટ્ટર મુસલમાનોએ તે ત્રણેને યોગ્ય દંડ દેવાને માટે અકબર બાદશાહને બહુ સમજાવ્યો હતો; પરંતુ અકબર વિચારશીલ અને વિવેકી હતો. એટલે તેમની સલાહથી ભોળવાઇ ન જતાં તે ઉભય બંધુઓની અપૂર્વ વિદ્વત્તાની યોગ્ય કદર કરીને તેમને પોતાના દરબારમાં તેણે રાખી લીધા હતા, ફૈજી વિદ્વાન્ અને પ્રતિભાશાલી કવિ હતો તથા સુફી તત્ત્વયુક્ત કવિતા બનાવતો હતો. તેનો નાનો ભાઇ અબુલફજલ ઘણોજ ઇમાનદાર હતો તેના હૃદયમાં વીરતા અને વિચારોમાં સ્વચ્છંદતા હતી. તેણે આઇન-ઇ-અકબરી અને અકબરનામાદિ ઐતિહાસિક ગ્રંથો પણ લખેલા છે, કે જેની સહાયથી અકબરના સમયના ઇતિહાસનું સારૂં જ્ઞાન મળી શકે છે અકબર આ ઉભય બંધુઓ ઉપર ઘણીજ પ્રીતિ રાખતો હતો; પરંતુ તેના દરબારના અન્ય મુસલમાનો અને તેમાંએ ખાસ કરીને શાહબાજ઼ખાં સહીમ તથા અબદુલકાદર એ બન્નેજણ તે બન્ને ભાઇઓને ધિક્કારતા હતા અને તેમના ઉપર ખૂબ઼ જ વેર પણ રાખતા હતા.

સમ્રાટ અકબરના રાજઅમલમાં પોતાના અંતઃપુર નિવાસિની સ્ત્રીઓને યોગ્ય કેળવણી મળી શકે એવો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. શહેનશાહ અકબરે પોતાના રાજમહેલમાંજ સ્ત્રી–કેળવણી માટે કેટલોક ભાગ અલગ કહાડી આપેલો હતો આ ભાગમાં શાહજાદી આરામબેગમ અન્ય શાહજાદીઓ તથા બેગમો સાથે અભ્યાસ કરતી હતી. તે ઘણીજ હુંશિયાર અને બુદ્ધિમતી હતી તથા તેને તત્ત્વજ્ઞાન મેળવવાનો શોખ હોવાથી પોતાના બાબાને કહીને તત્ત્વજ્ઞ ફૈજીને પોતાનો શિક્ષક નિયત કરાવ્યો હતો. ફૈજી નિયમિત સમયે શાહજાદી આરામબેગમને અભ્યાસ કરાવવા આવતો હતો. તે શાહજાદીની અભ્યાસ પ્રતિ પ્રીતિ જોઇને તેને પોતાની પુત્રી સમાન ચાહતો હતો અને ઘણાજ સ્નેહથી તેને તત્ત્વજ્ઞાનનો વિષય સમજાવતો હતો. ફૈજીએ વિશેષમાં કાશીમાં એક સંન્યાસીના આવાસે ગુપ્ત વેષે રહીને હિન્દુધર્મનો તથા જૈનધર્મનો પણ સારી રીતે અભ્યાસ કરેલો હતો અને તેથી તે ધર્મોના સિદ્ધાંતો શાહજાદીને જ્યારે સમજાવતો, ત્યારે તે બહુજ ધ્યાનથી સાંભળતી હતી. જૈનશાસ્ત્રના શ્રવણથી શાહજાદી જૈન ધર્મ અને જૈનીઓની પક્ષપાતી બની હતી અને તેથીજ તે વિજયને એક જૈન યુવક જાણવા છતાં પણ તેના ઉપર આશક થઇ હતી. શાહજાદી ફૈજીને પોતાના ગુરૂ સમાન માનતી હતી અને તે પોતાની ઇચ્છાને પરિપૂર્ણ કરશે, એવી તેને શ્રદ્ધા હતી. એટલે તેણે વિજયને કેદખાનામાંથી છોડાવવાને માટે વિનંતિ ભરેલો પત્ર તેના ઉપર લખ્યો હતો. ફૈજીએ પોતાની શિષ્યાની ઇચ્છાને માન આપીને વિજયને કેદખાનામાંથી મુક્ત કરવાનું કાર્ય જોકે મુશ્કેલ હતું–અને તેમ કરવાથી બાદશાહની અપ્રીતિને પણ કદાચ વહોરી લેવી પડશે તેમ ધારેલ;–તોપણ તેણે ગુપ્ત રીતે તેને કેદખાનામાંથી મુક્ત કરીને પોતાના મકાને રાખ્યો હતો. ફૈજીએ વિજયને મુકત કર્યા પછી વિચારી રાખ્યું હતું કે યોગ્ય અવસરે બાદશાહને પોતાના આ સાહસની વાત કરીને ક્ષમા માગી લઇશ અને વિજય ઉપર રહેમ કરાવીશ; પરંતુ મેવાડના રાણા પ્રતાપસિંહ સાથેના યુદ્ધ કાર્યમાં બાદશાહને રોકાઈ

રહેવું પડતું હોવાથી ફેજી હજી સુધી પોતાના વિચાર પ્રમાણે વર્તી શકયો નહોતો

વિજય કેદખાનામાંથી છૂટો થયા બાદ ગુપ્ત રીતે ફેજીના મકાનમાં જ રહેતો હતો. ઉદાર દિલના ફેજીએ તેને હિન્દુને યોગ્ય એવી સર્વ પ્રકારની સગવડ કરી આપેલી હતી તેથી તે ત્યાં સુખપૂર્વક રહીને ફેજીની તથા શાહજાદીની મનમાં ને મનમાં ઘણી પ્રશંસા કરતો હતો. એક દિવસે પ્રાતઃકાળમાં જ્યારે વિજય ફેજીના મકાનના પુસ્તકાલયવાળા ઓરડામાં બેઠો બેઠો એકાદ સંસ્કૃત પુસ્તકનું અવલોકન કરી રહ્યો હતો, ત્યારે એક બુરખાવાળી સ્ત્રીએ એ ઓરડામાં પ્રવેશ કર્યો. વિજય પુસ્તકાવલોકનના કાર્યમાં એટલો બધો મશગુલ થઇ ગયો હતો કે તેને એ સ્ત્રીના આગમનની કશી પણ ખબર પડી નહિ પેલી સ્ત્રીએ તેને પોતાના કાર્યમાં તલ્લીન થયેલો જોઇને તેનું ધ્યાન પોતાની તરફ ખેંચવાની ખાતર ધીમેથી ઉધરસ ખાધી. તે સ્ત્રીએ વિજયનું ધ્યાન પોતાની તરફ ખેંચવાને અજમાવેલો ઉપાય આબાદ નિવડ્યો. કારણ કે વિજયે તુરતજ પુસ્તકને બંધ કરીને તેની સામે જોયું અને તેના બુરખા વિગેરેની ઢબ ઉપરથી તેને કોઇ અમીરની સ્ત્રી ધારીને તે તેને માન આપવાને આસન ઉપરથી તુરતજ ઉભો થઇ ગયો. વિજયને સાવધ થયેલો જોઇને તે સ્ત્રી ઓરડાના મધ્ય ભાગમાં આવી અને પોતાના મ્હોડા ઉપરથી બુરખાને દૂર કરીને તેની સામે અર્થસૂચક દ્રષ્ટિએ જોતી ઉભી રહી. વિજય એ સ્ત્રીના લાવણ્યને અને તેના સૌંદર્યને નિહાળીને આશ્ચર્યમાં લીન થઈ ગયો. વિજયે જોયું કે તે સ્ત્રી પચીશેક વર્ષની પરમ યૌવનવતી મુસલમાન તરૂણી હતી. દાડમની કળીઓને લજાવે તેવા તેના તીણાં દાંત હતા, પોપટની ચાંચને શરમાવે તેવી તેની સીધી લાંબી નાસિકા હતી, મૃગલોચન જેવાં તેનાં નેત્ર અણીઆળાં અને વિશાળ હતાં, શિવ ધનુષ્ય જેવી તેની કાળી ભમરો હતી, શરદપૂર્ણિમાના નિર્મળ ચંદ્ર જેવું તેનું ગોળ વદન હતું, પરવાળાં જેવાં તેનાં અધર હતા અને સુવર્ણ કળશ જેવાં તેનાં સ્તન હતાં. આવી રૂપનિધાન તરૂણીને જોઇને વિજય કેવળ મોહમુગ્ધ થઇ ગયો અને નિર્જીવ પુતળાની જેમ અવાક્ અને

લાભ લીધો છે. તમે જાણો છો કે શહેનશાહ અકબર બહુજ ભલા અને ન્યાયી છે; પરંતુ મારા શૌહર જેવા કેટલાક ઈસલામ ધર્મ ઉપર અશ્રદ્ધા ધરાવનારા વિદ્વાનોએ તેમને ઇસલામ ધર્મમાં શંકાશીળ બનાવીને એક નવોજ પંથ તેમની સહાયથી કહાડ્યો છે અને તેથી ઘણા કટ્ટર મુસલમાનો તેમનાથી વિરૂદ્ધ પડી ગયા છે અને તેવા સર્વની ઉપર વેર પણ ધરાવે છે. ખુદ શાહજાદા સલીમ પણ તેના બાબાની વિરૂદ્ધમાં છે અને તેથી જો શાહજાદાની કૃપાને મેળવશો, તો તે તમને બાદશાહની તમારા ઉપર જે અકૃપા છે, તેમાંથી બચાવી લેશે અને તમે જો તેના વિશ્વાસુ બનીને રહેશો, તો તે તમને સુખી પણ બનાવી દેશે. શાહજાદા એવા તો દિલાવર પુરૂષ છે કે જો તમે તેના પક્ષમાં રહીને તેનો હુકમ બજાવશો, તો જ્યારે તે તખ્તનશિન થશે, ત્યારે તે તમને ઉચ્ચપદના અધિકારી બનાવતાં જરા પણ ઢીલ કરશે નહિ."

રજીયાનું લાંબુ ભાષણ ધીરજથી સાંભળીને વિજયે કહ્યું. "મારા જેવા સામાન્ય મનુષ્ય પ્રત્યેની તમારી લાગણી જોઈને અને તમે મને આપેલી સારી સલાહનો વિચાર કરીને હું તમારો ઘણોજ ઉપકાર માનું છું, બાનુ! પરંતુ શાહજાદા સલીમ જો શહેનશાહ અકબરની વિરૂદ્ધમા હોય, તો પછી તેમની કૃપા મેળવવા અને તેમના વિશ્વાસુ બનવા, તેમના પક્ષમાં ભળીને શું મારે રાજદ્રોહી બનવું?"

રજીયાએ વિજય સામે નેત્રના કટાક્ષબાણ મારતાં કહ્યું. "એમાં રાજદ્રોહી બનવાપણું કયા છે? શું તમે તમારૂં હિત પણ વિચારી શકતાં નથી?"

શહેનશાહ અકબર જેવા ન્યાયી, ઉદાર, ભલા અને દયાળુ રાજકર્ત્તાના વિરૂદ્ધ પક્ષમાં ભળીને હું મારૂં હિત સાધવાને તૈયાર નથી, બાનુ!" વિજયે ગંભીરતાથી જવાબ આપ્યો.

વિજય! તમારૂં વય હજુ કાચું છે. અને તેથી તમારામાં સારાસાર વિચારવાની શકિત નથી. તમે વિચાર કરો કે તમે પોતે અકબરશાહના મોટા ગુન્હામા છો. જ્યારે તે જાણશે કે તમે

કેદખાનામાંથી કોઈની સહાયથી શુમ રીતે નાશી છુટ્યા છો, ત્યારે તે તમને કેવી સજા કરશે, તેનો તમે કદિ ખ્યાલ કર્યો છે ખરો ? મારૂં કહ્યું માનો તો લ્યો આ કાગળ અને તેને બાદશાહ સલીમને શુમ રીતે તમે પોતે પહોંચતો કરો. મારી ભલામણથી તે તમને દરેક પ્રકારના ભયમાંથી મુક્ત કરશે." એમ કહી રજીયાએ ઘડીમાં મુખને સંકોચતાં, ઘડીમાં સ્મિત હાસ્યથી પ્રફુલ્લિત કરવાં અને ઘડીમાં નેત્રકટાક્ષ કરતાં એક કાગળ પોતાના વસ્ત્રમાંથી કહાડી વિજય પાસે જઈને તેની આગળ ધર્યો.

સૌંદર્યના સાગર સમાન નવજુવાન તરૂણ સુંદરીને સહાસ્ય મુખે પોતાની સન્મુખ ઉભેલી અને વિવિધ પ્રકારના હાવભાવ કરતી જોઈને વિજય ક્ષણવાર ભાન ભૂલી ગયો. તેણે યંત્રવત્ રજીયાના હાથમાંથી કાગળ લેવાને પોતાનો હાથ લાંબો કર્યો અને રજીયાએ પ્રેમપૂર્વક કાગળ તેના હાથમાં આપતાં તેનો હાથ જરા દબાવ્યો. વિજળીની અસર થતાં જેમ મનુષ્ય ચમકી જાય છે, તેમ વિજય રજીયાના કોમળ કરનો મૃદુ સ્પર્શ થતાં ચમક્યો, તેના આગળની જમીન ચક્કર ચક્કર ફરવા લાગી અને તેની આંખે અંધારા આવ્યાં. બરાબર આજ ક્ષણે ઓરડાનાં બંધ કરેલાં બારણાં ઉઘડી ગયાં અને એક મજબુત બાંધાના હિન્દુ જેવા જણાતા પુરૂષે ઓરડામાં ધીમેથી પ્રવેશ કર્યો.

એક અજાણ્યા હિન્દુ જેવા જણાતા પુરૂષને બેધડકતાથી ઓરડામાં પ્રવેશ કરતો જોઈને વિજય આશ્ચર્ય પામી ગયો; પરંતુ ચાલાક રજીયા એ અજાણ્યા પુરૂષની મુખચર્યા જોઇને તેને તુરતજ ઓળખી ગઈ અને તેથી પોતાના મ્હોડા ઉપર બુરખો નાખીને ઓરડાના બીજા દ્વારથી એકદમ પલાયન થઇ ગઇ. આ આકસ્મિક ઘટનાથી વિજય ગભરાઇ ગયો, તે એટલે ,સુધી કે રજીઆએ આપેલો કાગળ પોતાના હાથમાંથી પડી ગયો અને તે આવેલા પુરૂષે લઇ લીધો, એ પણ તે જાણી કે જોઇ શકયો નહિ.

તે પુરૂષ માનાપમાનની કાંઇ પણ દરકાર કર્યા વિના વિજયની સામે એક આસન ઉપર ધીમે રહીને બેઠો અને પોતાની વિલક્ષણ રીતે ચળકતી આંખોને વિજયની આંખો ~ મેળવીને કહ્યું

"વિજય! તમે હિન્દુ-જૈન થઈને આ મુસલમાનના આવાસમાં કેમ રહો છો?"

વિજયને આ પ્રશ્નમાં કાંઈક સત્તાનું દર્શન થયું અને તેથી તેણે નમ્રતાથી જવાબ આપ્યો. "આ આવાસના માલેક શરીરે મુસલમાન છે; પરંતુ વિચારે તેવા નથી અને તેથી મને અહીં રહેવાને કશી પણ હરકત જણાતી નથી. વળી તેમણે જૈનને યોગ્ય એવી સર્વ ગોઠવણ મને કરી આપેલી છે."

"બહુ સારૂં" તે પુરૂષે પોતાની નજર જરા આડી કરીને કહ્યું. "પરંતુ મેં સાંભળ્યું હતું કે તમને બાદશાહે કોઈ કારણવશાત્ કેદ કરેલા છે, એ વાત તો તમને અહીં જોવાથી ખોટી જણાય છે, કેમ ખરૂં ને?"

વિજય તે પુરૂષની ઉપર્યુક્ત વાત સાંભળીને ચમક્યો અને જવાબ આપવાને માટે મુંઝાવા લાગ્યો; પરંતુ ક્ષણવાર રહી જરા સ્વસ્થ થઇને કહ્યું. "શહેરના લોકો અનેક પ્રકારની સાચી જુઠી વાતો કરે છે, તેથી આપે સાંભળેલી વાત સાચી હોય એ સંભવિત નથી."

"હા, એમજ હોવું જોઇએ." તે પુરૂષે અર્થસૂચક સ્વરે કહ્યું. "પણ જે તરૂણી મારા આગમનથી એકાએક ચાલી ગઈ, ત બહુજ ભલી જણાતી હતી, એ વાત તો સાચી છે ને?"

"શી રીતે?" વિજયે તુરતજ સામો સ્વાલ કર્યો.

"એ રીતે કે તે તમારા પ્રત્યે બહુજ મમતા દેખાડતી હતી અને તમને સારી સલાહ આપતી હતી." તેણે તુરતજ વ્યંગમાં કહ્યું.

"શી સારી સલાહ?" વિજયે પુનઃ આશ્ચર્યયુક્ત સ્વરે પૂછ્યું.

"બાદશાહના ગુન્હામાંથી મુક્ત થવા માટે શાહજાદાની કૃપા સંપાદન કરવાની તે તમને સલાહ આપતી હતી, એને શું તમે સારી સલાહ નથી ગણતા?" તે પુરૂષે ફરીથી વ્યંગમાં કહ્યું.

"નહિ" વિજયે અજાયબીમાં ગરકાવ થઈ જતાં ઉત્તર આપ્યો.

"શા માટે નહિ ?" તે પુરૂષે પૂછયું.

હવે વિજય થોડીવાર વિચારમાં પડી ગયો; પરંતુ તેને તુરતજ જણાયું કે જ્યારે આ પુરૂષ પોતાની બધી હકીકત જાણે છે, ત્યારે તેની પાસે વાતને છુપાવવાથી કશું પણ ફળ નથી અને તેથી તેણે હવે ખુલ્લા દીલથી વાત કરવા માંડી.

તેણે કહ્યું. "શહેનશાહ અકબરના જેવા ન્યાયી અને પ્રજાપ્રિય રાજકર્ત્તાના ગુન્હામાંથી મુક્ત થવાને માટે તેનાથી વિરૂદ્ધ પક્ષનાં શાંહજાદાની કૃપા મેળવવા પ્રયાસ કરવો, એ મને યોગ્ય લાગતું નથી અને તેથીજ હું એ તરૂણીની સલાહને સારી માનતો નથી."

તે પુરૂષે એકદમ કહ્યું. "આ તમારા કથન ઉપરથી [illegible] છે કે બાદશાહે તમને કોઇ ગુન્હા માટે કેદ કરેલા, એ [illegible] સત્ય જણાય છે."

વિજયે નિખાલસ દિલથી કહ્યું. "હા"

"ત્યારે તમે કેદખાનામાંથી છુટ્યા શી રીતે ?" [illegible] સત્તાવાહક અવાજે પૂછયું અને વિજય તેનો [illegible] છે, તે સાંભળવાને તે આતુર થઇ રહ્યો.

વિજય હવે બરાબર સપડાઇ ગયો અને [illegible] ગયો. તેણે નમ્રતાથી ઉત્તર આપ્યો, "હું એ [illegible] નથી."

"ભલે, જેવી તમારી ઇચ્છા, હું એ [illegible] આગ્રહ પણ કરતો નથી; પરંતુ જ્યારે [illegible] તેમાંથી મુક્ત થવાને માટે તમારે એ [illegible] તે પ્રમાણે વર્તવું, એ તમારાં હિતની [illegible] છે. [illegible] પુરૂષે કહ્યું.

"મારા હિતની દૃષ્ટિએ [illegible] બાદશાહના વિરૂદ્ધ પક્ષમાં [illegible] ઇચ્છતો નથી અને તેથી [illegible] વિજયે કહ્યું.

કરીને આ ઓરડામાં આવવાથી તેને કેવા સંયોગોમાં મુકાવું પડ્યું હશે અને ભવિષ્યમાં તેનું શું પરિણામ આવશે એજ વિચારો તેને સાલતા હતા; પરંતુ પરમાત્માના ધ્યાનથી તેના હૃદયનો સર્વ ભાર ઓછો થઈ ગયો અને હૃદયમાં અપૂર્વ શાંતિનું ભાન થતાં તેના જીવનને પણ કરાર વળ્યો. રજીયાના ભૂવનમોહન રૂપદર્શનથી, અજાણ્યા પુરૂષની સાથે થયેલા વાર્તાલાપથી અને ફૈજીના અચાનક આગમનથી વિજયના હૃદયમાં જે તુમુલ યુદ્ધ મચી રહ્યું હતું, તે પરમાત્માના પવિત્ર નામના શુભ ધ્યાનથી હવે શાંત થઈ ગયું હતું અને તેથી તે પોતાના શુભ ઓરડામાં પુનઃ જવાનો વિચાર કરીને દ્વારની બહાર નીકળ્યો. દ્વારની બહાર નીકળતાંજ તે એકદમ ચમકી ગયો; કારણકે બે પુરૂષો પોતાની તરફ ચાલ્યા આવતા તેની નજરે પડ્યા. વિજય આ બે પુરૂષો કોણ હશે તથા તેઓ શા હેતુથી પોતાના તરફ આવતા હશે, એ વિષે વિવિધ કલ્પનાઓ કરતો જ્યાંનો ત્યાં ઉભો રહ્યો. એટલામાં તે બન્ને પુરૂષો તેની છેક પાસે આવી પહોંચ્યા. વિજય જોઇ શકયો કે આવેલા બે પુરૂષોમાં એક હિન્દુ હતો અને બીજો મુસલમાન હતો. તેઓ રાજ્યના કર્મચારીઓ હોય એવું તેમણે પહેરેલા પોશાકથી તથા કમરે લટકાવેલી તલવારોથી અનુમાન થતું હતું. તે ઉભય પુરૂષો વિજયને લશ્કરી નિયમે સલામ કરીને તેની સામે ઉભા રહ્યા એટલે વિજયે તેમને પૂછ્યું. "આપ કોણ છો અને આપના આગમનનું શું પ્રયોજન છે, તે કહેશો"

હિન્દુ કર્મચારીએ તેનો ઉત્તર આપવાને બદલે સામો સવાલ કર્યો. " આપનું નામ વિજયકુમાર કે ? "

" જી, હા " વિજયે નમ્રતાથી જવાબ આપ્યો; પરંતુ તેને તુરતજ વિચાર થયો કે પોતાના છુટકારાની ખબર બાદશાહને પહોંચી જણાય છે અને તેથી તેણે રાજ્ય કર્મચારીઓને પોતાને પુનઃ કેદ કરવાને માટે મોકલ્યા જણાય છે.

" બહુ સારૂં, અમારી સાથે ચાલો; આપને બાદશાહ સલામત યાદ કરે છે " મુસલમાન કર્મચારીએ કહ્યું.

"પરંતુ આ [illegible]

[illegible] સલામત મને શું કામ

વિજયને બતાવ્યો અને તે કાંઇક કહેવા જતો હતો એટલામાં એક પુરૂષે ઓરડાના દ્વારમાં પ્રવેશ કર્યો. તે ફૈજી હતો. વિજય ફૈજીને અચાનક આવેલો જોઇને ગભરાઇ ગયો. કેમકે ફૈજીએ તેને ગુપ્ત ઓરડામાં જ દિવસ રાત રહેવાનું કહ્યું હતું. તેમ છતાં તેની આજ્ઞાનો ભંગ કરીને આજે તે પુસ્તકાલયના ઓરડામાં આવેલો હતો. ફૈજી પેલા અજાણ્યા પુરૂષને જોઇને આશ્ચર્ય પામ્યો અને કાંઇક બોલવા જતો હતો; પરંતુ તે પુરૂષે તેને ચૂપ રહેવાની અને પોતાની પાછળ આવવાની નિશાની કરતાં બન્ને ઓરડાની બહાર નીકળી ગયા અને પાછળ વિજય અનેક પ્રકારના તર્કવિતર્કો કરતો ઓરડામાં જ ઉભો થઇ રહ્યો.



પ્રકરણ ૧૩ મું.

ભાગ્યોદય.

भाग्यं फलति सर्वत्र न विद्या न च पौरुषम् ।

ગત પ્રકરણમાં બનેલા વિવિધ બનાવોથી વિજય એટલો બધો આશ્ચર્યમુગ્ધ અને ચિંતાતુર થઇ ગયો હતો કે તે કેટલોક સમય ઓરડામાં કેવળ સ્થિરભાવે અને ચૈતન્ય રહિતપણે ઉભો રહ્યો. રેહાના, અજાણ્યો પુરૂષ અને છેવટે ફૈજીના એક પછી એક આગમનથી તથા તેમની સાથે થયેલા વાર્તાલાપથી તેનું મસ્તક બહેર મારી ગયું હતું અને તેથી તેણે તેમની સાથે શી શી વાતો કરી હતી, તેનું અત્યારે તેને કશું પણ ભાન રહ્યું નહોતું. વિચારના વમળમાં પડી ગયેલો વિજય બેચેન થઇ ગયેલા પોતાના જીવને કરાર વાળવાને માટે ઓરડામાં આમતેમ ફરવા લાગ્યો અને પરમાત્મા મહાવીરનું ચિત્તમાં ધ્યાન ધરવા લાગ્યો.

તે એક જૈન હતો અને તેથી તે સારી રીતે જાણતો હતો કે દુઃખના સમયે પરમ કલ્યાણકારી પરમાત્માના મંગલમય નામનું સ્મરણ કરવાથી દુઃખ માત્રનો નાશ થાય છે અને સુખ સ્વયં આવીને ભેટે છે. પોતાના ઉપર મહાન્ ઉપકાર કરનાર ફૈજીની આજ્ઞાનો ભંગ

ફરીને આ ઓરડામાં આવવાથી તેને કેવા સંયોગોમાં મુકાવું પડયું હશે અને ભવિષ્યમાં તેનું શું પરિણામ આવશે એજ વિચારો તેને સાલતા હતા; પરંતુ પરમાત્માના ધ્યાનથી તેના હૃદયનો સર્વ ભાર ઓછો થઈ ગયો અને હૃદયમાં અપૂર્વ શાંતિનું ભાન થતાં તેના જીવનને પણ કરાર વળ્યો. રજીયાના ભુવનમોહન રૂપદર્શનથી, અજાણ્યા પુરૂષની સાથે થયેલા વાર્તાલાપથી અને ફૈજીના અચાનક આગમનથી વિજયના હૃદયમાં જે તુમુલ યુદ્ધ મચી રહ્યું હતું, તે પરમાત્માના પવિત્ર નામના શુભ ધ્યાનથી હવે શાંત થઇ ગયું હતું અને તેથી તે પોતાના શુભ ઓરડામાં પુનઃ જવાનો વિચાર કરીને દ્વારની બહાર નીકળ્યો. દ્વારની બહાર નીકળતાંજ તે એકદમ ચમકી ગયો; કારણકે બે પુરૂષો પોતાની તરફ ચાલ્યા આવતા તેની નજરે પડ્યા. વિજય આ બે પુરૂષો કોણ હશે તથા તેઓ શા હેતુથી પોતાના તરફ આવતા હશે, એ વિષે વિવિધ કલ્પનાઓ કરતો જ્યાંનો ત્યાં ઉભો રહ્યો. એટલામાં તે બન્ને પુરૂષો તેની છેક પાસે આવી પહોંચ્યા. વિજય જોઇ શકયો કે આવેલા બે પુરૂષોમાં એક હિન્દુ હતો અને બીજો મુસલમાન હતો. તેઓ રાજ્યના કર્મચારીઓ હોય એવું તેમણે પહેરેલા પોશાકથી તથા કમરે લટકાવેલી તલવારોથી અનુમાન થતું હતું. તે ઉભય પુરૂષો વિજયને લશ્કરી નિયમે સલામ કરીને તેની સામે ઉભા રહ્યા એટલે વિજયે તેમને પૂછયું. "આપ કોણ છો અને આપના આગમનનું શું પ્રયોજન છે, તે કહેશો?"

હિન્દુ કર્મચારીએ તેનો ઉત્તર આપવાને બદલે સામો સવાલ કર્યો. "આપનું નામ વિજયકુમાર કે ?"

"જી, હા" વિજયે નમ્રતાથી જવાબ આપ્યો; પરંતુ તેને તુરતજ વિચાર થયો કે પોતાના છુટકારાની ખબર બાદશાહને પડેલી જણાય છે અને તેથી તેણે રાજ્ય કર્મચારીઓને પોતાને પુનઃ કેદ કરવાને માટે મોકલ્યા જણાય છે.

"બહુ સારૂં, અમારી સાથે ચાલો; આપને બાદશાહ સલામત યાદ કરે છે." મુસલમાન કર્મચારીએ કહ્યું.

"પરંતુ આપ કોણ છો તથા બાદશાહ સલામત મને શું કામ

યાદ કરે છે? તેનો ખુલાસો કરશો તો ઉપકાર થશે." વિજયે ભયાતુર નજરે તેમની તરફ જોતાં જોતાં નમ્રતાથી પૂછયું.

"અમે આ દુનિયાના માલેક શાહનશાહ અબુલફતેહ જલાલુદ્દીન મહમ્મદ અકબરશાહના કર્મચારીઓ છીએ." હિન્દુ કર્મચારીએ ઉત્તર આપતાં કહ્યું. "તેઓ આપને શું કારણથી યાદ કરે છે એ અમે જાણતા નથી; પરંતુ અમે બાદશાહ સલામતની નેક આજ્ઞાથી આપને તેમની હજુરમાં લઇ જવાને માટે આવ્યા છીએ."

"ભલે, હું બાદશાહ સલામતની આજ્ઞાને માન આપી આપની સાથે આવવાને તૈયાર છું." વિજયે ધીમેથી કહ્યું.

"બહુ સારૂ. અમારી પાછળ ચાલ્યા આવો." એમ કહી ઉભય કર્મચારીઓ આગળ અને વિજય પાછળ એ રીતે તેઓ ત્રણે કેદીના મકાનની બહાર નીકળી ગયા અને રાજ્ય મહાલય તરફ ચાલવા લાગ્યા.

કેટલાક સમય સુધી તેઓએ ચાલ્યા કર્યું અને છેવટે અકબરશાહના વિશાળ અને ગગનચુંબિત મહાલયના દ્વાર પાસે આવી પહોંચ્યા. દ્વારપાળ સાથે ઘટતી વાતચીત થયા બાદ તેઓ અંદર પેઠા. વિજય આ અત્યંત મનોહર અને દેવવિમાન સરખા મહાલયને જોઈને આશ્ચર્યમુગ્ધ થઇ ગયો. યમુના નદીના કીનારે આ મહેલ બાંધવામાં આવ્યો હતો. મહેલની તમામ બાંધણી સંગેમરમરના અતિ ઉજ્જવલ અને ધવલ પત્થરની હતી અને તેથી તે બરફના પહાડ સરખો શોભતો હતો. મહેલની પ્રત્યેક દિવાલ સફેદ, સુંવાળી અને ચળકતી હતી અને તે ઉપર વિવિધ પ્રકારના રંગોથી પક્ષીઓ, પશુઓ અને મનુષ્યોના રંગબેરંગી અને મનોહર ચિત્રો આળેખેલાં હતાં. મહેલમાં પ્રત્યેક સ્થળે ભોંયતળીએ આરસ પત્થરના જૂદા જૂદા રંગના ચોસલાં જડી દીધેલાં હતાં અને બીલોરી કાચ પાથરવામાં આવ્યો હતો. આ સુંદર મહેલમાં અસંખ્ય ઓરડાઓ દિવાનખાનાઓ, આરામગૃહો, શયનગૃહો, હમામખાનાઓ, ઉદ્યાનો અને બાગો આવેલાં હતાં અને તે પ્રત્યેકને સર્વોત્તમ રીતે શણગારવામાં આવેલાં. આ સુંદર મહેલમાં રાતને સમયે જ્યારે અસંખ્ય દી-

પડો કરવામાં આવતા હતા, ત્યારે તેની શોભામાં ઓર વૃદ્ધિ થતી હતી. વિજય પેલા બે કર્મચારીઓની પાછળ જતો જતો મહેલની આ સર્વ શોભાને નિહાળતો હતો અને મનમાં ને મનમાંજ અજાયબ થતો હતો. મહેલના મુખ્ય દ્વારમાં પ્રવેશ કર્યા પછી તેઓ જુદા જુદા અનેક દ્વારોમાં થઇને છેવટ એક ભવ્ય ઓરડામાં આવી પહોંચ્યા; આ ઓરડો પણ એટલો બધો સુંદર અને ભવ્ય હતો કે જેનું વિશેષ વર્ણન કરી વાચક મહાશયોને અમે કંટાળો આપવા ઇચ્છતા નથી અને તેથી અત્રે એટલું જ કહેવું બસ થશે કે વાચકોએ પોતાની સ્વબુદ્ધિથી તેની સુંદરતાનો ચિતાર લાવવાની ખાતર યોગ્ય કલ્પના કરી લેવી, પેલા બન્ને કર્મચારીઓ વિજયને એ ઓરડામાં એક આસન ઉપર બેસવાનું કહીને ત્યાંથી અન્યત્ર ચાલ્યા ગયા. વિજય કેટલોક સમય ઓરડાની શોભા જોતો અને મનમાં અનેક પ્રકારના વિચારો કરતો આસન ઉપર બેસી રહ્યો; પરંતુ છેવટે કંટાળીને જેવો તે ઉઠવા જતો હતો, તેવોજ તે ઓરડામાં પ્રવેશતાં બે પુરૂષોને જોઇને સ્તબ્ધ થઇ ગયો અને ક્ષણભર જેમની તેમ સ્થિતિમાં બેસી રહ્યો. ત્યારબાદ તેને ભાન આવતાં તે આસન ઉપરથી એકદમ ઉભો થઇ ગયો અને બેમાંથી એક પુરૂષની આગળ ઘુંટણીએ પડી તેના પોશાકને પકડીને તેને ચુંબન કર્યું.

તે પુરૂષે વિજયને ઉઠાડીને કહ્યું. "વિજય!"

"ફરમાન, સરકાર!" વિજયે કહ્યું.

તે પુરૂષ ખુદ અકબરશાહજ હતો અને તેની સાથેનો બીજો પુરૂષ તેનો મિત્ર અબુલફેજ હતો, અકબરે ઓરડાની મધ્યમાં ગોઠવેલા એક રત્નજડિત મોટા આસન ઉપર બેસીને ફેજીને પણ પોતાની સામે પડેલા આસન ઉપર બેસવાનું ફરમાન કર્યું. બાદશાહના ફરમાન મુજબ તે પોતાના યોગ્ય આસન ઉપર બેઠો, તે પછી અકબરે વિજય તરફ જોઇને કહ્યું. વિજય! તું હજુ એક ગુન્હા પૂરતી સજા ભોગવી રહ્યો નથી, ત્યાં તો તેં કેદખાનામાંથી સ્વયં છુટો થઇને બીજો પણ એક ભયંકર ગુન્હો કર્યો છે. તેથી તુંજ કહે કે હવે તને શી સજા કરવી?"

વિજયે નમ્રતાથી જવાબ આપ્યો. " જહાંપનાહ ! આપને જે યોગ્ય લાગે તે સજા કરો; હું સહેવાને તૈયાર છું."

" ઠીક છે, હું એજ વિચારમાં છું; પરંતુ કેદખાનામાંથી તને છૂટો કરનાર કોણ છે, એ હું જાણવા માગું છું. " બાદશાહે કહ્યું.

" સરકાર ! કેદખાનામાંથી મને મુક્ત કરનાર ગમે તે હોય, તે સાથે આપને શો સંબંધ છે ? હું એક જ ગુન્હેગાર છું અને તેથી મને જે સજા કરવી હોય તે કરો. " વિજયે શાંતિથી કહ્યું.

" વિજય ! " બાદશાહે સહેજ આંખ ફેરવીને કહ્યું." વાતને છુપાવીને હજુ તું તારા ગુન્હાની સંખ્યામાં વધારો કરે છે, તે યોગ્ય નથી. જે વાત સાચી હોય, તે જ કહી દે; કેમકે સાચું બોલનારને હું હમેશાં માફ કરતો આવ્યો છું. "

" નામવર શાહ ! હું હવે કાંઈ પણ કહેવાને ઇચ્છતો નથી અને તેથી આપને જે સજા ફરમાવવી હોય તે ફરમાવો; હું તાબેદાર આપની ગમે તેવી અને ગમે તેટલી ભયંકર આજ્ઞાને પણ સહન કરવાને તૈયાર છું; પરંતુ હું મારા ઉપર ઉપકાર કરનારનું નામ પ્રાણાંતે પણ આપની સન્મુખ લેવાનો નથી. " વિજયે દ્રઢતાથી કહ્યું.

" ઠીક છે, વિજય ! જ્યારે તું ખરી વાત મારાથી છુપાવે છે, ત્યારે તો તને ભયંકર શિક્ષા કરવી જ પડશે. " એમ કહી બાદશાહ આસન ઉપરથી ઉભો થયો અને વિજયની છેક પાસે જઇને ઉભો રહ્યો. ફૈજીએ પણ બાદશાહનું અનુકરણ કર્યું.

બાદશાહે વિજયનો હાથ પોતાના હાથમાં લઇને સ્મિત હાસ્ય કર્યું અને કહ્યું. " વિજય !

" વિજય બાદશાહની આ રીતિથી તથા બોલવાની ઢબથી અજાયબ થઇ ગયો, તેણે બાદશાહના ક્રોધની અને તેના ક્રોધમાં ને ક્રોધમાં મોત અગર તો એવીજ કોઇ બીજી ભયંકર શિક્ષાની આશા રાખી હતી; પરંતુ બાદશાહે જ્યારે તેને પ્રેમપૂર્વક બોલાવ્યો, ત્યારે તે અજાયબ થાય, એ સર્વથા સ્વાભાવિક હતું. તેણે શાંતિથી કહ્યું. જહાંપનાહ ! શી આજ્ઞા છે ? શી સજા ફરમાવો છો ?

" આજ્ઞા ! સજા ! " બાદશાહે જરા ભારપૂર્વક પણ હસતાં

ક્રમનાં કહ્યું. "તારા જેવા લાયક, મર્મપ્રીય, વિશ્વાસુ અને ચારિત્રવાન યુવકને શાહેનશાહ જલાલુદ્દીન અકબર કદિ પણ સજા કરતો નથી; કિન્તુ તેવા યુવકની યોગ્ય કદર જ કરે છે. વિજય! મારા મિત્ર ફૈઝીના આવાસે એક અજાણ્યા હિન્દુ પુરૂષની સાથે તેં મારા તરફ વફાદાર રહેવા બાબત જે વાતચિત્ત કરી હતી, તેથી તથા મારા ઉપર તારો જે વિશ્વાસ છે, તેથી હું તારા ઉપર ઘણોજ ખુશી થયો છું. વળી શાહજાદીના મહેલમાં આવવામાં પણ તારી બીલકુલ કસુર નથી, એમ ફૈઝીએ મને સઘળી બનેલી બીના કહીને સમજણ પાડી છે અને તેથી તું તદ્દન બેગુન્હા છે. ફૈઝીએ તને કારાગૃહમાંથી મુક્ત કરીને જો કે સાહસ કામ કરેલું છે, તો પણ તે મારો મિત્ર હોવાથી તેને તથા તું નિર્દોષ હોવાથી તને પણ માફી આપું છું; પરંતુ એક વાત તારે અત્યારે ખરેખરી કહેવી પડશે."

વિજયે બાદશાહનું ઉપર્યુક્ત કથન સાંભળીને તેની સન્મુખ ઘુંટણીએ પડીને કહ્યું. "આપની રહેમને માટે મારે આપનો કેટલો અને કેવો ઉપકાર માનવો, તે હું સમજી શકતો નથી. આપે જ્યારે મને અને મારા ઉપકારી તથા હિતના અમીર અબુલફેજને માફી આપી છે, ત્યારે મારે કોઇ પણ વાતને શા માટે છુપાવવી જોઇએ?"

"વિજય!" બાદશાહે કહ્યું. "હું જે વાત તારી પાસેથી જાણવા માગું છું, તે એ છે કે ફૈઝીના આવાસે તેના પુસ્તકાલયવાળા ઓરડામાં, પેલા અજાણ્યા હિન્દુ પુરૂષના આગમન પહેલાં તું એક બાનુ સાથે વાત કરી રહ્યો હતો, તે કોણ હતી?"

વિજયે આશ્ચર્ય પામીને કહ્યું. "ત્યારે એ અજાણ્યા હિન્દુ જેવા જણાતા પુરૂષ શું આપ પોતે?"

"હા" બાદશાહે હસીને જવાબ આપ્યો.

"આપને નહિ ઓળખી શકવાથી મારાથી આપનો ઘણો અવિનય થયો છે, જહાંપનાહ! એ માટે મને ક્ષમા કરો." વિજયે નમ્રતાથી કહ્યું.

"વિજય! તારાથી મારો અવિનય કોઈ પ્રકારે થયો જ નથી. એટલે પછી ક્ષમા આપવાપણું છેજ નહિ; પરંતુ કહે જોઇએ, તે સ્ત્રી કોણ હતી?" બાદશાહે પુનઃ પૂછયું.

વિજય, બાદશાહના એ પ્રશ્નનો ઉત્તર આપતાં જરા ખંચાયો અને તેણે ફૈજીના સામે જોયું. ફૈજી તેના મનનો ભાવાર્થ જાણી ગયો અને તેથી તેણે કહ્યું. "વિજય ! વાતને છુપાવવાની કશી પણ અગત્ય નથી. જે હોય તે સાચે સાચું કહી દો."

"તે બાનુ આપના મિત્ર અબુલફેજના બીબી હતા." વિજયે ધીમેથી કહ્યું.

"રહેમા !" શહેનશાહે ફૈજીના સામે જોઇને પૂછ્યું.

"સંભવિત છે." ફૈજીએ તુરતજ જવાબ આપ્યો.

"ઠીક, એ વિષે આગળ જોઇ લેવાશે." એમ ફૈજીને કહી બાદશાહે વિજય સામે જોયું અને આગળ ચલાવ્યું. વિજય ! તારી નિખાલસ વૃત્તિ અને તારૂં ઉમદા વર્ત્તન જોઈને મેં તને માફી આપી છે એટલું જ નહિ પણ તારા જેવા લાયક યુવકની યોગ્ય કદર કરવાનું પણ હું ચુકતો નથી. આજથી તને મહેસુલી ખાતાના મારા દિવાન ટોડરમલના તાબામાં એક સારા અધિકારી તરીકે નીમું છું અને તેનો પોષાક વિગેરે તને આવતી કાલેજ મળી જાય, એવી વ્યવસ્થા પણ કરૂં છું."

વિજય આ વાત સાંભળીને સ્તબ્ધ થઇ ગયો. તેનું હૃદય બાદશાહની આવી ઉદારતાથી ભરાઇ આવ્યું અને તેથી તે તેનો ઉપકાર માનવાને તૈયારી કરતો હતો; પંરતુ બાદશાહે તેને તેમ કરતો અટકાવીને કહ્યું. "વિજય ! યોગ્ય માણુસની યોગ્ય કદર થાય, તેમાં ઉપકાર દર્શાવવાની કદિ પણ અગત્ય હોતી નથી. વિશેષમાં મારે તને કહેવાનું એટલું જ છે કે તારી સઘળી હકીકત મારા જાણવામાં આવી છે અને તેથી તારા અંતરની ઇચ્છા પુરી થાય, એવી ગોઠવણ હું તુરતમાંજ કરીશ; તે માટે તું જરા પણ ચિંતા કરીશ નહિ થાનસિંહ શેઠે તને ભાગ્ય અજમાવવાની જે તક આપી હતી, તે માટે તારે તેમનો જ ઉપકાર માનવો જોઇએ."

બાદશાહે તુરતજ જોરથી હાક મારી એટલે કાસમ એકદમ આવ્યો અને સલામ ભરીને ઉભો રહ્યો. બાદશાહે વિજયને બતાવી તેને કહ્યું. "આમને ઘટતા માન સાથે દિવાન ટોડરમલ પાસે પહોંચતા કર અને તેમને મારૂં આ ફરમાનપત્ર પણ આપજે"

કાસમ બાદશાહના ફરમાનપત્રને લઇ તેને ચુંબન કરીને વિજય પાસે આવ્યો અને તેને વિનયથી કહ્યું. "જનાબ! ચાલો."

વિજયે બાદશાહની સામે જોયું એટલે બાદશાહે તુરતજ હસીને કહ્યું. "જાઓ, વિજય! તમને તેની સાથે જવાની આજ્ઞા છે.

વિજય બાદશાહને સલામ ભરીને કાસમની સાથે ચાલ્યો ગયો. બાદશાહ અને ફૈજી અન્ય વિષયની ચર્ચા કરતાં ત્યાં બેસી રહ્યા.

ક્ષણવારમાં કાસમ વિજયને દિવાન ટોડરમલ્લ પાસે મૂકીને પાછો આવ્યો અને બાદશાહને ખબર આપી. વિશેષમાં તેણે નમીને કહ્યું.

"ખુદાવિંદ! મેવાડથી હમણાં જ આવી પહોંચેલા સેનાપતિ મહોબ્બતખાં આપની હજુર આવવા આજ્ઞા માગે છે."

"મહોબ્બતખાં!" અકબરે આશ્ચર્ય પામીને કહ્યું. "તેમને માનપૂર્વક અંદર લઇ આવ."

કાસમ કુર્નિસ બજાવીને ચાલ્યો ગયો અને ક્ષણવાર પછી મહોબ્બતખાંએ ઓરડામાં પ્રવેશ કર્યો. તેણે અકબરને શિર ઝુકાવીને કહ્યું. "બંદેનિવાજ! આપની તબીયત ખુશીમાં ચાહું છું"

"મહોબ્બતખાં!" અકબરે તેને આસન ઉપર બેસવાનો સંકેત કરીને પૂછયું. "મેવાડની અને રાણા પ્રતાપની શી ખબર છે?"

"જહાંપનાહનો સિતારો બુલંદ છે; કોમલમેરનો કિલ્લો આપણા હસ્તગત થયો છે અને પ્રતાપસિંહ પોતાના પરિવાર સાથે જંગલમાં પલાયન થઇ ગયેલ છે." મહોબ્બતખાંએ જવાબ આપ્યો.

"બહુત ખુશીકી બાત," અકબરે હસીને કહ્યું. "સેપાહસાલાર શાહબાજખાં બડો ચાલાક અને સમશેર બહાદુર અમલદાર છે અને તેથી તે જય મેળવે, એ સ્વાભાવિક જ છે."

શાહબાજખાંની મિથ્યા પ્રશંસા સાંભળીને મહોબ્બતખાંએ ભ્રકુટી ચડાવીને કહ્યું. "આપ નામવરની ભૂલ થાય છે; કોમલમેરનો કિલ્લો મારા તાબાના સૈન્યની બહાદુરીથી અને મારી યુક્તિથી છતાયો છે."

"ત્યારે શાહબાજખાં શું હાથપગ જોડીને બેસી રહ્યો હશે ?" અકબરે જરા ભારપૂર્વક પૂછયું.

"હાથ-પગ જોડીને બેસી તો શું રહે, પરંતુ કોમલમેરના કિલ્લાને જીતવામાં મારાજ સેનાનીઓએ પોતાના પ્રાણ આપ્યા છે. રાજપૂતોને રાજપૂતોજ જીતી શકે, બીજાઓ નહિ." મહોબ્બતે ગર્વથી ઉત્તર આપ્યો.

"અમે સારા હિન્દુસ્થાનની બાદશાહી ભોગવીએ છીએ, એ શું રાજપૂતોના જ પ્રતાપથી કે ? મહોબ્બતખાં ! તમે આ શું કહો છો ?" અકબરે સ્વરને જરા બદલાવીને પુનઃ પૂછયું.

"અવિનય માફ કરજો, જનાબ; પરંતુ મહારાજ માનસિંહ જેવા જંગબહાદુર સેપાહસાલાર આપના પક્ષમાં જો ન હોત, તો હું આપને બતાવી આપત કે મેવાડને શી રીતે વશ કરી શકાય છે." મહોબ્બતે પુનઃ ગર્વથી ઉત્તર આપ્યો.

"મહારાજ માનસિંહને માટે અમને સંપૂર્ણ માન છે અને ખુદ નામવર શહેનશાહ પણ તેમની બહાદૂરીને અચ્છી રીતે જાણે છે. રાજપૂતો જેવી શમશેર બહાદૂર બીજી કોઇ જાતિ નથી, એમ મારે નિર્વિવાદપણે કહેવું પડે છે." અબુલફૈજે મહોબ્બતખાંને શાંત રાખવાના ઇરાદાથી કહ્યું.

અકબર પોતાના મિત્ર ફૈજીની કુનેહને પારખી ગયો અને તેથી તે ચૂપ રહ્યો. મહોબ્બતખાં પોતાની જાતિના ઉચ્ચ અભિપ્રાય માટે ખુશી થયો અને બોલ્યો. "નામવર શાહ ! સેવકને કંઇ ફરમાન છે ?"

"નહિં, મહોબ્બતખાં !" બાદશાહે કહ્યું. "હાલમાં તમે લાંબી મુસાફરીથી આવો છો; માટે આરામ લ્યો. હું તમને જરૂર પડશે ત્યારે યાદ કરીશ; પરંતુ મેવાડમાં બંદોબસ્ત તો સંપૂર્ણ રાખ્યો છે ને ?"

"મહોબ્બતખાંએ આસન ઉપરથી ઉભા થતાં કહ્યું. "જી હા, જનાબ ! તે માટે આપ નચિંત રહો. સેપાહસાલાર શાહબાજખાં

બહેરામખાં જાળવતા ત્યાં મેવાડમાં જ આપના હુકમની રાહ જોતા સૈન્ય સહિત રહેલા છે. "

" બહુત ખુબ, મહોબ્બતખાં ! " બાદશાહે હસીને કહ્યું. " તમને હવે તમારા મુકામે જવાની રજા છે. "

મહોબ્બતખાં રજા મળતાં બાદશાહને નમીને ચાલ્યો ગયો. ત્યારબાદ અકબરે સિંહાસન ઉપરથી ઉઠીને ઉભા થતાં તથા ઓરડાની બહાર નીકળતાં ફેજીને કહ્યું. " રાજપૂતો માટે તમને બહુમાન છે કે શું ? "

" માન છે કે નહિ, એ જૂદો સવાલ છે; પરંતુ તેઓ યુદ્ધ નિપુણ છે, એ તો આપ પણ સ્વીકારો છો. " ફેજીએ કહ્યું.

" મહોબ્બતખાંનું કથન સર્વથા અસત્ય તો નથીજ; કેમકે માનસિંહ વિના આપણે મેવાડને વશ કરી શકત નહિ, એવી મારી પણ માન્યતા છે. " બાદશાહે કહ્યું.

" ઠીક, પણ શાહજાદા માટે આપ શા વિચાર ઉપર આવ્યા છો ? " ફેજીએ વિષયને બદલાવવાના હેતુથી પૂછ્યું.

" એ વિષે મેં કાંઈ વિચાર કર્યો જ નથી; પરંતુ શાહજાદાનો રજીયા સાથે શી રીતે સંબંધ જોડાયો, એ સમજી શકાતું નથી." બાદશાહે કહ્યું.

" એ ભેદ ઉકેલવાને હું પ્રયાસ કરીશ. હાલ તો મને રજા છે ને ? " ફેજીએ ખિન્નતાથી એમ કહીને રજા માગી.

" હા, રજા છે; કારણ કે મારે પણ અત્યારે બીજું કામ છે." બાદશાહે તેને રજા આપીને પૂછ્યું. " પેલો કાગળ તમારી પાસે છે ને ? "

" જી, હા. " ફેજીએ બાદશાહને નમીને જતાં જતાં જવાબ આપ્યો.

ફેજી ચાલ્યો ગયો અને બાદશાહ પુનઃઓરડામાં પાછો આવ્યો.



પ્રકરણ ૧૪ મું.

વ્રતનો પ્રભાવ.

દ્વિતીય પ્રકરણમાં ચંપાને મૂર્છાગત અવસ્થામાં છેવટે છોડી દીધા પછી લગભગ વર્ષ ઉપરાંત જેટલો સમય પસાર થઇ ગયો છે. આ સમય દરમ્યાન પ્રેમમયી ચંપા પોતાના પ્રેમપાત્ર વિજયનો જ કેવળ વિચાર કરતી હતી. રાતદિવસ તેને વિજયનાં જ સ્વપ્નાં આવતાં હતાં. ખાતાં, પીતાં, સુતાં, બેસતાં અને હાલતાં ચાલતાં તેને વિજયનું જ સ્મરણ થતું હતું. પ્રેમનો મહિમા એવોજ છે. જેના હૃદયમાં પ્રેમનો જન્મ થયો હોય છે, તેની સ્થિતિ અવશ્ય વિચિત્ર બને છે અને તેથી તેમાં આશ્ચર્ય પામવાનું કશું પ્રયોજન નથી. વિજયથી છુટા પડયાને એક વર્ષ અને ત્રણ માસ જેટલો સમય વ્યતિ થઇ ગયો હતો; પરંતુ તે સમય દરમ્યાન ચંપાને વિજયના કશા પણ સમાચાર મળ્યા નહોતા તથા તે કયાં ગયો અને તેનું શું થયું, એ વિષે તે કશું પણ જાણતી નહોતી. તેણે પોતાની દાસીઓ દ્વારા ઘણી શોધ કરાવી હતી; પરંતુ આગ્રા જેવા વિશાળ રાજનગરમાં તેનો પત્તો મેળવવાનું કાર્ય બહુજ મુશ્કેલ હતું અને તેથી આજપર્યંત તેના કાંઇ પણ સમાચાર નહિ મળવાથી તે બહુજ દીલગીર રહેતી હતી. ચંપાની ચંપકવર્ણીય દેહલતા કરમાઇ ગઇ હતી. તેનું સુંદર સુખકમળ મ્લાન બની ગયું હતું, તેની વિશાળ આંખો ઉંડી પેસી ગઇ હતી અને તેની શારીરિક અને માનસિક અવસ્થા વિચિત્ર પ્રકારની થઇ ગઇ હતી. ચંપાની આવી સ્થિતિ થવાનું કારણ તેના વ્હાલા વિજયનો વિયોગ એજ હતું.

મધ્યાન્હનો સમય હતો અને જો કે તાપ સખત પડતો હતો; તો પણ ચંપાના ઓરડામાં શીતળતાનો અનુભવ થતો હતો. સર્વાંગ સુંદરી ચંપા ઓરડામાં બેઠી બેઠી એક પુસ્તકનું અધ્યયન કરી રહી હતી. ચંપાની અવસ્થા નાની હતી; પરંતુ તેણે વ્યાવ

હારિક તથા ધાર્મિક શાસ્ત્રનો સારો અભ્યાસ કરેલો હતો અને તેથી તેને ધાર્મિક વિષયનાં ઉચ્ચ કોટીનાં પુસ્તકો વાંચવામાં બહુજ આનંદ આવતો હતો. ચંપાએ સદરહુ પુસ્તકમાંથી નીચેનો શ્લોક વાંચ્યો:—

वन्हिस्तस्य जलायते जलनिधिः कुल्यायते तत्क्षणा-
न्मेरुः स्वल्पशिलायते मृगपतिः सद्यः कुरंगायते ।
व्यालो माल्यगुणायते विषरसः पीयूषवर्षायते,
यस्यांगेऽखिललोक वल्लभतमं शीलं समुन्मीलति ॥

ઉપર મુજબ શ્લોક વાંચીને તેણે તેનો અર્થ વિચારવા માંડયો:—

"જેનાં શરીરમાં સર્વલોકપ્રિય એવું શીલ રહેલું છે, તેની પાસે અગ્નિ જળ સમાન, સમુદ્ર ખાબોચિયા સમાન, મેરૂ પર્વત નાની શિલા સમાન, સિંહ હરણ સમાન, સર્પ પુષ્પની માળા સમાન અને વિષ અમૃત સમાન બની જાય છે."

"અહા ! શીલનો કેટલો બધો મહિમા શાસ્ત્રકારોએ બતાવ્યો છે ? મનુષ્યો જો પોતાના શીલનું રક્ષણ કરતા હોય, તો તેઓ આ લોકમાં સંપૂર્ણ સુખ ભોગવી છેવટે મોક્ષના અધિકારી બને છે. સ્ત્રીજાતિમાં શીલનો ગુણ સર્વોત્તમ ગણાય છે. એ અક્ષરશઃ સત્ય છે અને જે સ્ત્રીઓ તેનું યથાર્થપણે પાલન કરે છે, તેઓ દેવીસ્વરૂપાજ કહેવાય છે. પિતાજીનો વિચાર મારૂં લગ્ન કોઇ ઉચ્ચ અધિકારયુક્ત અને શ્રીમંત યુવક સાથે કરવાનો છે; પરંતુ મેં મારૂં સર્વસ્વ સંકલ્પથી વિજયને સ્વાધિન કર્યું છે, તે શું અન્યનું થઇ શકે ખરૂં ? કદિ નહિ અને જો તેમ થાય તો મારા શીલનો શું ભંગ થતો નથી ? થાય છે અને તેથી આ શરીર, મન અને આત્મા એ ત્રણેનો સ્વામી એક માત્ર વિજય જ છે, એવો મેં જે સંકલ્પ કર્યો છે, તેને ગમે તે ભોગે હું વળગી રહેવાને તૈયાર છું." ચંપાએ એ પ્રમાણે નિશ્ચય કર્યો અને તેથી તેના બળતા હૃદયને ક્ષણવાર શાંતિનો અનુભવ થયો; પરંતુ તેને પાછો તુરતજ વિચાર થયો અને તેનાથી મોટા સ્વરે બોલી જવાયું. "પરંતુ વિજયનો પત્તો નથી, એનું શું કરવું ? તે ક્યાં હશે અને તેનું શું થયું હશે ?"

"એટલા માટે જ હું તને કહું છું કે ચંપા! તું તેની આશા હવે મૂકી દે અને કોઈ લાયક યુવકની સાથે લગ્ન કરીને સુખી થા." થાનસિંહ શેઠ ચંપાનું છેવટનું વાક્ય સાંભળીને તેનો યોગ્ય ઉત્તર આપવા ઓરડામાં દાખલ થયા.

ચંપા શરમાઇ ગઈ અને શરમથી તેણે નીચું જોઈ લીધું.

થાનસિંહે ચંપાની સામે પડેલા આસન ઉપર બેસતાં બેસતાં કહ્યું, "ચંપા! શા માટે શરમાય છે? મારું કથન શું તને યોગ્ય લાગતું નથી?"

ચંપાએ સહેજ ઉંચું જોઇને તથા પોતાનાં કમળ સમાન નેત્રોને વિકસિત કરીને કહ્યું. "પિતાશ્રી! આપની સન્મુખ શરમનો ત્યાગ કરૂં છું, તે માટે મને ક્ષમા આપજો. આપનું કથન યોગ્ય જ છે; પરંતુ વિજય સિવાય અન્ય યુવકને હું લાયક ગણુતી નથી.

"એનું કારણ?" થાનસિંહે જીજ્ઞાસાથી પૂછયું.

"પુત્રીએ પિતા સન્મુખ આવી વાતો કહેવી, એ અનુચિત છે; પરંતુ આપજ જ્યારે પૂછો છો ત્યારે મારે લજ્જાનો ત્યાગ કરીને જે હકીકત હોય, તે સ્પષ્ટતાથી કહેવી જોઈએ. પિતાશ્રી! વિજય સિવાય અન્યને હું લાયક ગણુતી નથી, એનું કારણ એજ કે મેં મારૂં જીવન વિજયને અર્પણ કર્યું છે." ચંપાએ કારણ કહી દર્શાવ્યુ.

ચંપા! તારે મન વિજયજ માત્ર એક લાયક યુવક છે એ વાતને હું ઘડીભર સ્વીકારૂં છું; પરંતુ ઘટિત શોધ કરવા છતાં પણ જ્યારે તેનો પત્તો મળતો નથી, ત્યારે શું કરવું? અને ધાર કે તપાસ કરવા છતાં પણ કદાચ તેનો પત્તો મળ્યો નહિ, તો શું તું તારૂં જીવન કુમારી અવસ્થામાં વિતાવી શકીશ?" થાનસિંહે એક નવો સ્વાલ રજુ કર્યો.

ચંપા ક્ષણવાર વિચારમાં પડી ગઈ; પરંતુ તેણે તુરતજ સાવધ થઈને ઉત્તર આપ્યો. "પિતાશ્રી! આપની ધારણા મુજબનો પ્રસંગ પરમાત્મા મહાવીર ભગવાનની કૃપાથી કદિ પણ બનશે નહિ, એવી મને ખાતરી છે; પરંતુ મારા ભાગ્યયોગે

એવો પ્રસંગ બન્યો, તો હું મારૂં જીવન શી રીતે વ્યતિત કરીશ, તે અત્યારે હું કહી શકતી નથી. અત્યારે માત્ર એટલુંજ કહું છું કે મેં જે નિશ્ચય કર્યો છે, તેને હું મારી તે ભોગે વળગી રહેવાને તૈયાર છું. વિશેષમાં મેં આદરેલું છમાસી તપનું વ્રત તથા માસક્ષમણ *આવતી કાલે સંપૂર્ણ થાય છે અને મને આશા છે કે મારા વ્રતના પ્રભાવથી મારી મનઃકામના સફળ થશેજ થશે."

થાનસિંહે પોતાના આસન ઉપરથી ઉઠીને ચંપાના મસ્તકે પ્રેમપૂર્વક હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું. "પ્રિય પુત્રી! તારૂં ધૈર્ય અને તારી એકનિષ્ઠા જોઇને હું બહુજ ખુશી થયો છું અને તારા જેવી દેવીસ્વરૂપા પુત્રીનો પિતા હોવાને માટે હું પરમાત્માનો ઉપકાર માનું છું. વ્હાલી ચંપા! તને ખુશખબર કહેવાને માટેજ હું અત્યારે અહીં આવ્યો છું; પરંતુ તે કહેતાં પહેલાં તારી પરીક્ષા કરવાની મારી લાલચને રોકી નહિ શકવાથી જ મેં તને વિપરીત પ્રશ્નો પૂછીને દુઃખી કરી છે. હવે તું તારા દિલના દુઃખને દૂર કર અને હું જે ખુશખબર લાવ્યો છું તે પ્રસન્ન થઈને સાંભળ. ચંપા! વિજયને અહીંથી રજા આપ્યા પછી તેના વિયોગથી તને ઉપજતું દુઃખ જોઇને મને મારી ભૂલ સમજવામાં આવી હતી અને તેથી તને પુનઃ સુખી કરવાની ઇચ્છાથી હું વિજયની ગુપ્ત રીતે શોધ કરાવતો હતો. બહુ પ્રકારે શોધ કરાવ્યા પછી આજે મને તેની ખબર મળી છે. શહેનશાહના મિત્ર ફૈજી પ્રભાતમાં આપણા આવાસે આવ્યા હતા અને તેઓેજ તેનો પત્તો મેળવી આપ્યો છે. તેઓે શરૂઆતની કેટલીક હકીકત ગુપ્ત હોવાથી મને કહી નથી; પરંતુ છેવટની જે હકીકત કહી છે; તે એ છે કે વિજય કોઈ કારણથી શહેનશાહની કૃપા સંપાદન કરીને દિવાન ટોડરમલના તાબામાં અધિકારયુક્ત સારી પદવી મેળવી શક્યો છે. વ્રતનો પ્રભાવ મહાન છે અને આ રીતે તારૂં વ્રત સફળ થયેલું જોઇને મને બહુજ આનંદ થાય છે. તેં આદરેલું વ્રત આવતી કાલે સંપૂર્ણ થતું હોઇ તેના ઉદ્યાપનનો ઉત્સવ પણ આવતી કાલેજ ઉજવવાનો છે, તે વખતે વિજયને માનસહિત આપણા આવાસે તેડી લાવશું અને

* જગદ્ગુરૂ કાવ્યમાં ૭ માસના કેવળ ઉપવાસ કર્યાનું લખેલું છે.

પછી યોગ્ય અવસરે તારૂં લગ્ન તેની સાથે કરવાની ગોઠવણ કરીશું માટે પુત્રી! સર્વ ચિંતાનો ત્યાગ કરીને ખરા આનંદનો હવે અનુભવ કર."

ચંપા પોતાના પિતાએ કહેલા ઉપર્યુક્ત ખુશખબર સાંભળીને અત્યંત પ્રસન્ન થઈ ગઈ. આનંદના અતિરેકથી તેનું કરમાઈ ગયેલું મુખકમળ પુનઃ ખીલી ઉઠયું અને તેની આંખોમાંથી હર્ષનાં આંસુ સરી પડયાં. તેણે મનથી અત્યંત ભક્તિભાવપૂર્વક પરમાત્માને પ્રણામ કરીને કહ્યું. "પિતાજી! એ સર્વ આપની તથા ભગવાન મહાવીર દેવની કૃપાનું જ ફળ છે. વ્રતનો પ્રભાવ ખરેખર મહાન છે."

"ઠીક, ચંપા! હવે હું આવતી કાલે કરવાના વ્રતના ઉદ્યાપનની સર્વ પ્રકારની તૈયારી કરવાની સૂચના નોકર વિગેરેને આપવાને જાઉં છું. તારી માતાને હજુ આ ખબર મેં આપી નથી, એટલે હવે તેને પણ આપવાની જરૂરીઆત છે" એમ કહી થાનસિંહ ત્યાંથી ચાલ્યો ગયો.

ચંપા એકલી રહી. તેના હર્ષની અત્યારે સીમા નહોતી. તેના હર્ષનું ચિત્ર આળેખવાની અમે અગત્ય જોતાં નથી; કેમકે આવા પ્રસંગે ઉત્પન્ન થતો હર્ષ પ્રાયઃ સર્વને અનુભવગમ્ય હોય છે અને તેથી તેને અનુભવીઓજ માત્ર જાણી શકતાં હોવાથી નાહક પિષ્ટપેષણ કરવાનું અમને ઉચિત લાગતું નથી.

થાનસિંહે ઘરના સ્ત્રીવર્ગમાં વિજય સંબંધી ખુશખબર આપી કે તુરતજ ચંપાની માતા, તેની ભાભી અને તેની સખીઓ ચંપાના ઓરડામાં આવી પહોંચ્યા અને ચંપાના હર્ષમાં સર્વ સામેલ થયાં. સમવયની સખીઓ ચંપાની મીઠી મશ્કરી પણ કરવાનું ચુકતી નહોતી અને ચંપા તેના પ્રત્યુત્તરમાં માત્ર મંદ મંદ હસતી હતી. ક્ષણવાર પહેલાં ચંપાના ઓરડામાં જે શોકનું સામ્રાજ્ય પથરાયલું હતું, તેના બદલે હવે આનંદની ઉર્મીઓ ઉછળવા લાગી. ઉત્તમકુળની, શીલવતી અને સુરસુંદરીઓ સમાન લલિત લલનાઓ એકત્ર થાય, ત્યાં, મંદ હાસ્ય, મીઠી મશ્કરી અને નિર્દોષ આનંદનું સામ્રાજ્ય છવાઈ જાય તો તેમાં શું આશ્ચર્ય ?

હર્ષમાં અને હર્ષમાં તે દિવસ અને રાત્રિ ક્યારે પસાર થઈ ગયાં, તેની ચંપાને કશી પણ ખબર પડી નહિ. પ્રભાતકાળ થતાં ચંપા વહેલી જાગૃત થઈ અને કાર્યમાં ગુંથાઈ ગઈ. તે હમેશાં ઉદાસ રહેતી હતી; પરંતુ આજે તેના આનંદની સીમા નહોતી. ચંપાએ પોતાના પ્રેમપાત્ર વિજયના મિલનને માટે આદરેલાં વ્રતના ઉદ્યાપનનો આજનો દિવસ હતો અને તેથી તત્સંબંધી ઉત્સવની સર્વ પ્રકારની તૈયારીઓ થાનસિંહ શેઠની સૂચનાનુસાર ચાલી રહી હતી. ઉત્સવની તૈયારી થઈ રહ્યા બાદ, થાનસિંહ શેઠ પાલખીમાં બેસીને વિજયને બાદશાહ તરફથી મળેલા રહેવાના મકાને ગયા અને તેને પોતાની સાથેજ પાલખીમાં બેસારીને માનસહિત પોતાના આવાસે તેડી લાવ્યા. આવાસે આવ્યા પછી થાનસિંહે વિજયને સઘળી વાત કહી બતાવી અને પોતે તેના પ્રતિ જે સખ્ત વર્તન ચલાવ્યું હતું, તે માટે તેની ક્ષમા પણ માગી લીધી. બધી વાત સાંભળીને વિજય પોતાના પિતા તુલ્ય થાનસિંહ શેઠના પગે પડ્યા. થાનસિંહે તેને પ્રેમપૂર્વક ઉઠાડીને યોગ્ય આશિર્વાદ આપ્યો. તે પછી તે તથા વિજય ઉત્સવના કાર્યમાં જોડાઈ ગયા. ચંપાને વિજયના આગમનના સમાચાર મળી ગયા હતા અને તેથી તે તેને મળવાને આતુર થઈ રહી હતી; પરંતુ પોતાને આવાસે અસંખ્ય સ્ત્રી–પુરૂષો એકત્ર થયેલાં હોવાથી તેને વિજયને મળવાનો અવકાશ મળી શકે તેમ નહોતું. યોગ્ય સમય થતાં ચંપા સ્નાન કરી ઉત્તમ પ્રકારનાં શુદ્ધ વસ્ત્રો પહેરીને તૈયાર થઇ ગઇ અને ઘરના વડિલ વર્ગને પ્રણામ કરીને પાલખીમાં આવીને બેઠી કે તુરતજ હાજર રહેલાં સર્વ મનુષ્યો સરઘસના આકારમાં ગોઠવાઈને ચાલવા લાગ્યાં. આગળ વિવિધ પ્રકારનાં વાજાં વાગતાં હતાં અને પાછળ કિન્નરકંઠી યુવતીઓ મધુર સ્વરે ધવલ મંગળ ગાતી હતી. વચ્ચે ઉત્તમ પ્રકારે શણગારેલી પાલખીમાં દેવીસ્વરૂપા ચંપા પરમાત્માનું ધ્યાન ધરતી બેઠેલી હતી. ક્રમાનુસાર ચાલતું આ સરઘસ શહેરમાં ફરતું ફરતું દેવમંદિરે આવી પહોંચ્યું. ચંપા પાલખીમાંથી નીચે ઉતરીને દેવમંદીરમાં આવી અને તેણે જગન્નાયક પરમાત્માની ભક્તિપૂર્વક પૂજા કરી. તે દરમ્યાન સર્વ મનુષ્યોએ પણ પ્રભુની નિર્મળ ચિત્તે સ્તુતિ

ચાની વદન નિહાળીને તેને એ વાતમાં સત્ય પ્રતિત થયું; તો પણ વધુ ખાતરી કરવાને માટે તેણે પૂછયું. "ચંપા ! તારા બાબા કહે છે, એ પ્રમાણે તેં આટલી કોમળ અને નાજુક વયે એક માસના ઉપવાસ કર્યા છે, તે શું સત્ય છે ? "

" જહાંપનાહ ! " ચંપાએ પોતાની નજર જરા ઉંચી કરીને ઉત્તર આપ્યો. " મેં માસક્ષમણનું વ્રત કર્યું છે, એ વાત તદ્દન સત્ય છે. આપજ વિચાર કરો કે આવા વિષયમાં મારા પિતાશ્રીએ તથા મારે શા માટે અસત્ય બોલવું જોઈએ ? "

ચંપાની નિર્દોષ વાણી તથા તેની શાંત પ્રકૃતિ જોઈને બાદશાહને એ વાતની સંપૂર્ણ ખાતરી થઇ અને તેથી તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે કહ્યું. ચંપા ! ખરેખર તું જીન્નતની પરી છે; કેમકે એક સામાન્ય ઓરતથી આવું વ્રત કદિ પણ થઇ શકે નહિં."

"નામવર શહેનશાહ!" ચંપાએ મધુર સ્વરે કહ્યું. "ધર્મના પ્રતાપથી હર કોઇ મનુષ્ય ધારે તેવું વ્રત કરી શકે છે, એટલે તેમાં શંકા ધરવાનું કાંઇ પણ કારણ નથી. "

" બહુત ખુબ, ચંપા ! " બાદશાહે હસીને કહ્યું. " પરંતુ તેં આવું સખ્ત વ્રત શા માટે અને શી રીતે કર્યું, તે મને તું કહી શકીશ ?"

" જહાંપનાહ ! " ચંપાએ કહ્યું. આ વ્રત આત્મહિત સાધવાને માટે કરવામાં આવે છે અને સાક્ષાત્ ધર્મસ્વરૂપ મહાત્મા શ્રી હીરવિજયસૂરિની સુકૃપાથી જ હું કરી શકી છું."

બાદશાહે જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો. " હીરવિજયસૂરિ કોણ છે અને તે કયાં રહે છે, તે તું જાણે છે, ચંપા ? "

ચંપાએ પોતાના પિતા થાનસિંહની સામે અર્થસૂચક દૃષ્ટિથી જોયું એટલે તે તેનો ભાવ સમજી ગયો અને બોલ્યો. " બાદશાહ સલામત ! હીરવિજયસૂરિ અમારા જૈનધર્મના એક મહાન્ વિદ્વાન અને સમર્થ આચાર્ય છે અને તેઓશ્રીનું નિવાસસ્થાન હાલ ગુજરાતમાં છે."

"ઠીક, પણ હું એ સ્ત્રીનાં મુખથીજ સર્વ હકીકત જાણવા ઈન્તેજાર છું. માટે તેને ઘટતા માન સાથે અહીં તેડી લાવવાની ગોઠવણ કરો બાદશાહે બીરબલને આજ્ઞા કરી.

બીરબલ, બાદશાહના ફરમાનથી તુરતજ નીચે આવ્યો અને એક નોકર મારફત થાનસિંહ શેઠ તથા વિજયને પોતાની પાસે બોલાવી તેમને બાદશાહની આજ્ઞા કહી સંભળાવી. થાનસિંહે બીરબલની વાત સાંભળી લીધા બાદ કહ્યું " બાદશાહ સલામતની આજ્ઞાને માન આપવું, એ અમારૂં કર્તવ્ય છે અને તેથી મારી પુત્રી આપ કહો ત્યાં આવવાને તૈયાર છે "

" આપની પુત્રીને બાદશાહ સલામતની હજુરમાં આવવાનું છે; માટે આપ આપની પુત્રી તથા વિજયકુમારની સાથે મારી પાછળ ચાલ્યા આવો." બીરબલે કહ્યું.

થાનસિંહ સરઘસના સર્વ મનુષ્યોને થોડીવાર સુધી ત્યાંરાહ જોવાનું કહીને પોતાની પુત્રી સાથે બીરબલની પાછળ ગયો. વિજય પણ તેમની સાથે સાથે ગયો. ક્ષણવારમાં તેઓ બાદશાહની સન્મુખ આવી પહોચ્યા અને તેને કુર્નિસ બજાવીને સામે ઉભા રહ્યા. બાદશાહે થાનસિંહને ઘટિત આવકાર આપીને તેને ટોડરમલની પાસેના આસન ઉપર બેસવાની ઇશારત કરી એટલે તે બાદશાહને નમીને ત્યાં જઇને બેઠો. બીરબલ તથા વિજય બાદશાહના ફરમાનથી તેમની સામેનાં આસનો ઉપર બેઠા. કૃશાંગી ચંપા નીચી નજરે સામી ઉભી હતી, તેના પ્રતિ દ્રષ્ટિપાત કરીને બાદશાહે થાનસિંહને પૂછ્યું. " આજ તમારી પુત્રી ચંપા કે ? "

" જી હા. " થાનસિંહે જવાબ આપ્યો:

"થાનસિંહ શેઠ ! મેં સાંભળ્યું છે કે ચંપાએ છેલ્લા એક માસથી માત્ર ગરમ પાણી પીધા સિવાય કાંઇ પણ ચીજ ખાધી નથી, એ વાત શું સત્ય છે ? " બાદશાહે પૂછ્યું.

" આપે સાંભળેલી વાત સર્વથા સત્ય છે." થાનસિંહે કહ્યું.


બાદશાહે પુનઃ ચંપા પ્રતિ ધ્યાનપૂર્વક જોયું અને તેનું તે-

ખુદાવીંદ ! આપના ફરમાન પ્રમાણે વર્તવાને હું તૈયારજ છું થાનસિંહે કહ્યું.

"બહુત ખુબ" બાદશાહે આસન ઉપરથી ઉઠીને કહ્યું "અને તમારી પુત્રીનું વિજય સાથે જ્યારે લગ્ન કરો, ત્યારે મને અવશ્ય ખબર આપજો. હવે તમને જવાની રજા છે."

બાદશાહ ઉઠયો, તે સાથેજ સર્વ ઉભા થઇ ગયા હતા. થાનસિંહે કહ્યું. નામવર શાહ ! આપની કૃપાદૃષ્ટિ માટે હું આપનો અત્યંત આભારી છું. મારી પુત્રીના લગ્ન સમયે આપને અવશ્ય ખબર આપીશ.

એ પ્રમાણે કહી થાનસિંહ ચંપાને લઇ ચાલ્યો ગયો અને વિજય પણ બાદશાહનો ઉપકાર માની તેને કુર્નિસ બજાવીને તેમની પાછળ ગયો. તે પછી શહેનશાહ અકબર બીરબલને લઇ શાહી દરબારમાં ગયો.*



પ્રકરણ ૧૫ મું.

જંગલમાં મંગલ.

મેવાડના નૈરૃત્ય કોણમાં આવેલા ચપ્પન નામક પ્રદેશનાં ઉપવનમાં નાજુક અને સુકોમળ વેલીઓ વૃક્ષોને આલિંગન કરતી

* પંડીત પદ્મસાગર ગણિકૃત જગદ્ગુરૂ કાવ્યમાં ચંપાએ છ માસના ઉપવાસ કર્યાનું બાદશાહ અકબરે જાણતાં તે સંબંધી ખાતરી કરવા માટે તેણે ચંપાને એકાંત મકાનમાં રહેવાની આજ્ઞા કરી હતી અને પોતાના વિશ્વાસુ નોકરોને ચંપાની રાત દિવસની ચર્યાની ખબર રાખવા સૂચના આપી હતી. માસ દોઢમાસ પર્યંત એ પ્રમાણે કર્યા પછી તેને જણાયું કે તેની વૃત્તિમાં કોઇ પ્રકારનો દંભ નહોતો અને તેથી ચંપાને બહુમાનપૂર્વક તેના ઘેર જવાની તેણે રજા આપી હતી. એમ લખવામાં આવેલું છે અને અમને પણ એમ બનવું સંભવિત લાગે છે; પરંતુ આ એક નવલકથા હોઇ તેમાં પ્રસંગોપાત ઉચિત ફેરફાર કરવાની અમે હરકત જોતાં નથી તેમ તેથી મૂળ ઇતિહાસને કશો બાધ આવતો હોય એમ પણ અમે માનતા નથી.

" તમારા એ આચાર્ય અહીં આવી તેમના ઉપદેશનો લાભ શું આપણને ન આપી શકે ? હું એવા વિદ્વાન્ પુરૂષોનો ઉપદેશ સાંભળવાને બહુજ ઇન્તેજાર છું. બાદશાહે પૂછયું.

" જી હા, આપનું આમંત્રણ થશે તો તેઓશ્રી અવશ્ય અહીં પધારશે, એમ મારી માન્યતા છે." થાનસિંહ જવાબ આપ્યો.

" જ્યારે તેઓ અહીં આવી શકે તેમ છે, ત્યારે તેમને આમંત્રણ મોકલીને ઘટતાં માન સાથે અહીં બોલાવવા એવી મારી ઇચ્છા છે. ટોડરમલ્લ ! " બાદશાહે એમ કહી ટોડરમલ્લ પ્રત્યે જોઇને કહ્યું. " અહમદાબાદના સુબેદાર શાહબુદ્દીન અહમદખાંના નામ ઉપર, જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિને બડા આદરમાન સાથે અહીં મોકલો, એવું ફરમાનપત્ર લખીને મારા ખાસ કર્મચારીઓમાંથી બે લાયક માણસોને એ ફરમાન પત્ર આપીને તુરત ગુજરાત તરફ રવાના કરવાની ગોઠવણ કરવાનું કામ તમને સોંપું છું."

" ખુદાવિંદ ! આપના ફરમાન મુજબ સઘળો બંદોબસ્ત આજેજ કરીને આપને તુરત ખબર આપીશ મને હુકમ હોય તો હું મારા કાર્ય ઉપર જવાને તૈયાર છું. " ટોડરમલ્લે આસન ઉપર થી ઉઠીને કહ્યું.

બાદશાહે ટોડરમલ્લને જવાની રજા આપી એટલે તે નમીને ચાલ્યો ગયો. ત્યારપછી બાદશાહે કહ્યું. " થાનસિંહ શેઠ ! તમારી પુત્રીની ધર્મપ્રીતિ જોઇને હું બહુજ ખુશી થયો છું અને તેથી તેને બાદશાહી ખજાનામાંથી મૂલ્યવાન પોશાક અને રત્નજડિત આભૂષણ આપવાનો હુકમ કરૂં છું. આ ચીજો તમારા આવાસે આવતી કાલે ખજાનચી પહોંચતી કરશે. વિશેષમાં તમને એક વાત કહેવાની છે. " બાદશાહે વિજયની સામે જોઇને આગળ ચલાવ્યું " અને તે એ કે વિજય હવે એક સામાન્ય યુવક રહ્યો નથી. મેં તેને તેના ઉચ્ચ ગુણોની પરીક્ષા કરી મારો પ્રીતિપાત્ર અધિકારી બનાવ્યો છે; માટે તેની સાથે તમારી પુત્રીનું લગ્ન તુરતમાંજ કરી નાંખજો. "

કુમાર, સૌંદર્યની સાક્ષાત્ પ્રતિમાને કેટલોક સમય પર્યંત અનિમેષ નયનોએ જોઈ રહ્યો; પરંતુ તેને તેથી તૃપ્તિ થઇ નહિ. તે પુનઃ પુનઃ નવયૌવના રૂકિમણીના રૂપ-લાવણ્યને જોવા લાગ્યો અને મનમાં ને મનમાં જ તેનાં નૈસર્ગિક સૌંદર્યની પ્રશંસા કરવા લાગ્યો. આ સમય દરમ્યાન રૂકિમણી કેવળ નીચી દૃષ્ટિ રાખીને બેસી રહી હતી. તે કુમારની સામે જોવાને અને પોતાના આરાધ્ય દેવનું સન્માન કરવાને મનથી તો બહુજ આતુર હતી; પરંતુ લજ્જાનું આવરણ એ સરલ હૃદયની કિશોરીનાં મુખ ઉપર એટલું બધું જામી ગયું હતું કે તેનાથી ઇચ્છા છતાં પણ પોતાની મનઃકામના પૂરી થઇ શકતી નહોતી. હવે અમરસિંહ પોતાના મનને બહુ વાર કાબુમાં રાખી શકયો નહિ. તેણે સ્નેહપૂર્ણ સ્વરે તેને બોલાવી. " રૂકિમણી ! "

રૂકિમણી પોતાનાં નામનાં સંબોધનથી વિશેષ શરમાઇ ગઇ અને શરીરને સંકોચી જરા દૂર ખસી ગઇ.

કુમારે પુનઃ હસીને કહ્યું. " રૂકિમણી ! "

આ સમયે તેણે સહજ ઉંચું જોયું અને તેનાં સુડોળ મુખ ઉપર મંદ હાસ્ય સ્પષ્ટ જણાવા લાગ્યું; પરંતુ તે કશું બોલી નહિ.

અધીર હૃદયનો અમરસિંહ હવે કયાં સુધી રાહ જુએ? તેણે તુરતજ રૂકિમણીના કોમળ કરને પોતાના હાથમાં લઇને કહ્યું. "હૃદયેશ્વરી ! કેમ કાંઇ બોલતી નથી ? ઘણાં સમયથી હૃદયમાં બંધ કરીને રાખેલા પ્રેમનો પ્રકાશ કરવાનો સમય અત્યારે આપણને મળ્યો છે, તેનો સદ્ઉપયોગ શા માટે કરતી નથી ? " રૂકિમણીએ પોતાના મનથી વિચાર્યું કે હવે બોલવા સિવાય ચાલે તેમ નથી અને તેથી તેણે સ્મિતપૂર્વક કહ્યું. " શું બોલું, કુમાર ! "

" શું બોલું એ કાંઇ પ્રશ્ન છે ? બોલવાનું-વાર્તાવિનોદ કરવાનું શું કાંઇ નથી ? " અમરસિંહે આશ્ચર્ય સુચક સ્વરે પૂછયું.

રૂકિમણીની લજ્જા હવે પલાયન કરી ગઇ હતી. તેણે ચોરા ઉપરથી નીચે ઉતરી કુમારની સન્મુખ ઉભા રહીને ઉત્તર આપ્યો.

કુમાર અમરસિંહ ઉપવનની શોભા જોતો જોતો ચાલ્યો આવતો હતો. મહારાણા પ્રતાપસિંહનો કુમાર અમરસિંહ અને રાજા રઘુવીરસિંહની કન્યા રૂકિમણી વચ્ચે ગુપ્ત પ્રેમસંબંધ હતો એ કહેવાની આવશ્યકતા અમને જણાતી નથી; કેમકે વાચક મહાશયો ઉપર્યુક્ત સખી મંડલના વાર્તા વિનોદથી એ વાતને સ્પષ્ટતાથી સમજી શકે તેમ છે. રૂકિમણીનો પિતા રઘુવીરસિંહ રાણા પ્રતાપનો મુખ્ય સહાયક અને મેવાડના એક તાલુકાનો રાજા હતો. રાજા રઘુવીરસિંહ મોગલો સાથેના પહેલા યુદ્ધમાં માર્યો ગયો હતો અને તેની સતી રાણીએ તેની સાથે સહગમન કર્યું હતું; તેથી તેમની કન્યા રૂકિમિણી તે સમયથી મહારાણા પ્રતાપસિંહના આશ્રયે આવીને રહી હતી. પ્રતાપસિંહ અને રાણી પદ્માવતી તેને પોતાની પુત્રી સમાન ચાહતાં હતાં અને તેની દરેક ઇચ્છાને પૂર્ણ કરતાં હતાં. રૂકિમણીની અવસ્થા અત્યારે પંદરેક વર્ષની હતી. તેનું અલૈકિક સૌંદર્ય અને તેની મીઠી વાણી, તેનો નમ્ર સ્વભાવ અને તેના સ્વાભાવિક ગુણો ઇત્યાદિથી કુમાર અમરસિંહ તેને ચાહતા શીખ્યો હતો અને રૂકિમણી પણ કુમારને ચાહતી હતી. આ ઉભય પ્રેમીઓ વચ્ચે ઘણોજ પ્રેમસબંધ હતો; પરંતુ તેઓ મહારાણાની સખ્ત આજ્ઞાથી પરસ્પર ભાગ્યેજ મળી શકતાં હતાં. ઉભયના હૃદયોમાં પ્રેમબીજ રોપાયું હતું; પરંતુ એ પ્રેમબીજને પરસ્પર મિલન વિના ફૂટીને વૃક્ષ થવાનો પૂરતો અવકાશ હજુ સુધી મળ્યો નહોતો. આજ ઉભય પ્રેમીઓનો અચાનક મેળાપ થઇ ગયો. કુમાર અમરસિંહ પોતાની હૃદયદેવીને માતાના મંદિરની બહારના ચોતરા ઉપર એકલી બેઠેલી જોઇને હૃદયના વેગને રોકી નહિ શકવાથી તે તેની સામે આવીને ઉભો રહ્યો. લજ્જાશીલા રૂકિમણી જેનું રાત્રિદિવસ ચિંતન કરતી હતી, તેને પોતાની સન્મુખ જોઇને શરમાઇ ગઇ અને ઉંચી આંખ કરીને પોતાનાં હૃદયના અધિષ્ઠાયકને જોવાનું પણ સાહસ કરી શકી નહિ. તેણે મંદિરના દ્વાર તરફ પોતાની દૃષ્ટિ કરી તો તેને બંધ જોઇને તે આશ્ચર્યને પામી અને હવે શું કરવું, એના ઉંડા વિચારમાં પડી ગઇ.

કુમાર, સૌંદર્યની સાક્ષાત્ પ્રતિમાને કેટલેક સમય પર્યંત અનિમેષ નયનોએ જોઈ રહ્યો; પરંતુ તેને તેથી તૃપ્તિ થઈ નહિ. તે પુનઃ પુનઃ નવયૌવના રૂક્મિણીના રૂપ-લાવણ્યને જોવા લાગ્યો અને મનગમતું ને મનમાં જ તેનાં નૈસર્ગિક સૌંદર્યની પ્રશંસા કરવા લાગ્યો. આ સમય દરમ્યાન રૂક્મિણી કેવળ નીચી દૃષ્ટિ રાખીને બેસી રહી હતી. તે કુમારની સામે જોવાને અને પોતાના આરાધ્ય દેવનું સન્માન કરવાને મનથી તો બહુજ આતુર હતી; પરંતુ લજ્જાનું આવરણ એ સરલ હૃદયની કિશોરીનાં મુખ ઉપર એટલું બધું જામી ગયું હતું કે તેનાથી પ્રબળ ઇચ્છા છતાં પણ પોતાની મનઃકામના પૂરી થઈ શકતી નહોતી. હવે અમરસિંહ પોતાના મનને બહુ વાર કાબુમાં રાખી શક્યો નહિ. તેણે સ્નેહપૂર્ણ સ્વરે તેને બોલાવી. "રૂક્મિણી!"

રૂક્મિણી પોતાનાં નામનાં સંબોધનથી વિશેષ શરમાઈ ગઈ અને શરીરને સંકોચી જરા દૂર ખસી ગઈ.

કુમારે પુનઃ હસીને કહ્યું. "રૂક્મિણી!"

આ સમયે તેણે સહજ ઉંચું જોયું અને તેનાં સુકોમળ મુખ ઉપર મંદ હાસ્ય સ્પષ્ટ જણાવા લાગ્યું; પરંતુ તે કશું બોલી નહિ.

અધીર હૃદયનો અમરસિંહ હવે ક્યાં સુધી શાંત રહે જુઓ? તેણે તુરતજ રૂક્મિણીના કોમળ કરને પોતાના હાથમાં લઈને કહ્યું. "હૃદયેશ્વરી! કેમ કાંઈ બોલતી નથી? ઘણાં સમયથી હૃદયમાં બંધ કરીને રાખેલા પ્રેમનો પ્રકાશ કરવાનો સમય અત્યારે આપણને મળ્યો છે, તેનો સદુપયોગ શા માટે કરતી નથી?" રૂક્મિણીએ પોતાના મનથી વિચાર્યું કે હવે બોલવા સિવાય ચાલે તેમ નથી અને તેથી તેણે સ્મિતપૂર્વક કહ્યું. "શું બોલું, કુમાર!"

"શું બોલું એ કાંઈ પ્રશ્ન છે? બોલવાનું-વાર્તાવિનોદ કરવાનું શું કાંઈ નથી?" અમરસિંહે આશ્ચર્ય યુક્ત સ્વરે પૂછયું.

રૂક્મિણીની લજ્જા હવે પલાયન કરી ગઈ હતી. તેણે ચોરા ઉપરથી નીચે ઉતરી કુમારની સન્મુખ ઉભા રહીને ઉત્તર આપ્યો.

" તમે અમાંએ મારી મશ્કરી કરવા માંડી છે, તો ભલે, મને તેનું કાંઈએ નથી, પરંતુ આ રૂકિમણીની શુભ વાત તમે કાંઈ સાંભળી ?" કુસુમે પૂછયું.

" ના " બંનેએ સાથે જવાબ આપ્યો.

" તો સાંભળો. કુમાર અમરસિંહ આ રૂકિમણીબાને ચાહે છે, કહો એ કેવી વાત ?" કુસુમે હસીને કહ્યું.

" વાત તો બહુ સારી છે અને મને પણ એક વખતે તેમનાં પ્રેમની શંકા પડી હતી. હવે જ્યારે એ વાત સત્ય છે, ત્યારે રૂકિમણીના ભાગ્યની શી સીમા ? મેવાડના મહારાણાની પુત્રવધૂ થવું, એ શું થોડા ઘણા ભાગ્યની વાત છે ?" યમુનાએ પોતાની શંકા કહી બતાવતાં કહ્યું.

" ત્યારે તો રૂકિમણી મારી ભાભી થવાની, ખરૂંને ? આવો, આવો, ભાભી ! તમને મારા ભાઈએ કાંઈક શુભ સમાચાર કહાવ્યા છે, તે કાનમાં કહું, આમ આવો." એમ કહી કમળાએ રૂકિમણીના કાન પાસે પોતાનું મુખ ક્ષણવાર રાખી લઈ લીધું.

" રૂકિમણી ! કુમારે શા સમાચાર કહાવ્યા છે ? શું અમને તે કહીશ નહી ?" યમુનાએ પૂછયું.

" મહારાણીએ હાલના સમયમાં પ્રેમની નિરૂપયોગી વાત કરવાની મના કરેલી છે, તેનો તમે આવોજ અમલ કરો છો ને ? રૂકિમણીએ કૃત્રિમ ક્રોધથી કહ્યું.

રૂકિમણી ! તું મહારાણાની પુત્રવધૂ થવાની છું; તેથી અમને ડરાવતી હશે ખરૂંને ? પરંતુ અમે એમ ડરીએ એવાં નથી તો કેમ કુસુમ !" યમુનાએ કહ્યું.

" હાસ્તો. " કુસુમે તુરતજ ઉત્તર આપ્યો.

" હું તમને કાંઈ ડરાવતી નથી; પરંતુ મહારાણાની આજ્ઞાનું માત્ર ભાન કરાવું છું. કેમ કમળાબ્હેન ! મારૂં કહેવું ગેરવ્યાજબી છે ?" રૂકિમણીએ ખુલાસો કરતાં રાજકુમારી કમળાને પૂછયું.

"તારૂં કહેવું સત્ય છે, રૂકિમણી !" રાજકુમારીએ પોતાનો અભિપ્રાય આપ્યો. "પરંતુ આપણે અત્યારે જે નિર્દોષ વાર્તાવિનોદ કરીએ છીએ, તેથી મહારાણીની આજ્ઞાનો કોઇપણ રીતે ભંગ થતો નથી."

"રાજકુમારી ખરૂં કહે છે." યમુના અને કુસુમે હા માં હા મીલાવી દીધી.

"ઠીક ત્યારે, હું હારી અને તમે જીત્યા; પછી છે કાંઈ" રૂકિમણીએ હાસ્યપૂર્વક કહ્યું.

"હવે કેવી ઠેકાણે આવી; પરંતુ કુમારે શા સમાચાર કહાવ્યા છે તે હવે અમને કહીશ કે નહિ ?" યમુનાએ પુનઃ એજ સવાલ પૂછયો.

"વળી પાછી એની એ વાત; જો હવે મને એ વાત પૂછશો તો હું તમારાથી રીસાઇ જઈશ." રૂકિમણીએ હસીને કહ્યું.

"જો તું રીસાઈ જઈશ તો રાણી રૂકિમણીને મનાવવા માટે અમે કૃષ્ણને તેડી લાવશું." કુસુમે એમ કહીને નવ યૌવના રૂકિમણીના ગુલાબી ગાલ ઉપર ધીમેથી એક ચુંટી ખણી લીધી.

રૂકિમણી મ્હોઢેથી સીત્કાર કરતી ગાલ ઉપર હાથ ફેરવવા લાગી અને કમળા, યમુના અને કુસુમ ત્રણે જણીઓ ખડખડાટ હસી પડી. તેઓના હાસ્યથી ઉપવનની વેલીઓ, વૃક્ષો અને પક્ષીઓ પણ હસવા લાગ્યાં.

ક્ષણ વાર રહીને કુસુમે કહ્યું. આમ જુઓ, સામી બાજુએથી રૂકિમણીના કૃષ્ણ આવતા જણાય છે ને શું ? ચાલો આપણે આ મંદિરમાં છુપાઇ જઈએ.

રૂકિમણીએ વિચાર્યું કે કુસુમ મારી મશ્કરી કરે છે એટલે તે તો ત્યાંને ત્યાંજ ઉભી રહી અને કમળા તથા યમુના કુસુમની સાથે માતાના મંદિરમાં ચાલી ગઈ અને અંદરથી તેનાં બારણાં બંધ કર્યાં.

ત્યાર પછી રૂકિમણીએ સામી બાજુએ દ્રષ્ટિ કરી તો ખરેખર

રૂક્મિણીએ લજ્જાવશ થઈને તુરતજ પોતાનો હાથ પાછો ખેંચી લીધો. તેણે કહ્યું આવી ચેષ્ટા કરવાનું આપને હાલના સંયોગોમાં શોભતું નથી, કુમાર !

અમરસિંહે સહેજ હસીને કહ્યું ' તે હું સારી રીતે સમજું છું રૂક્મિણી ! પરંતુ જ્યારે જ્યારે પ્રેમીઓનું મીલન થાય છે, ત્યારે ત્યારે કેવી ચેષ્ટા કરવી અને કેવી ચેષ્ટા ન કરવી, તેનું શું તેમને ભાન હોય છે ખરૂં ? નહિજ, અને તેથી પ્રેમી પુરૂષ પોતાની પરમ લાવણ્યસંપન્ન અને રૂપ નિધાન પ્રિયતમાને જોઈને પોતાનું ચિત્ત કબજે ન રાખી શકે તો એ સર્વથા સ્વાભાવિક છે.

રૂક્મિણીએ સ્મિતપૂર્વક કહ્યું આપને બુદ્ધિવાદમાં તો હું જીતી શકીશ નહિ અને તેથી એ વાતને જવા દઉં છું; પરંતુ માતાના મંદિરમાં રાજકુમારી કમળા બ્હેન વિગેરે મારી સખીઓ છે, તે આપણને પ્રેમચેષ્ટા કરતાં જોઈને પાછળથી મારી મશ્કરી કરવામાં મણા નહિ મૂકે; માટે આપ હવે આપના ચિત્તને વશ રાખો તો સારૂં."

" શું કમળા અહીં મંદિરમાં છે ?" કુમારે આશ્ચર્ય પામીને પૂછયું.

" હા, કમળા બ્હેન એકલા નથી; પરંતુ યમુના અને કુસુમ પણ છે. " રૂક્મિણીએ ઉત્તર આપ્યો.

" ત્યારે તો મારે અહીં વધારે વખત રહેવું, એ ઉચિત નથી." એમ કહી કુમારે પોતાની પ્રિયતમાને પ્રેમપૂર્ણ દ્રષ્ટિએ એકવાર જોઈ લીધી અને ત્યારપછી તે ત્યાંથી અદ્રશ્ય થઈ ગયો.

અમરસિંહ ગયા પછી રૂક્મિણી પુલકિત હૃદયે અને હર્ષિત વદને મંદિર તરફ ચાલી; પરંતુ તે ત્યાં પહોંચે તે પહેલાં તો ત્રણે સખીઓ ખડખડાટ હસતી હસતી મંદિરમાંથી બહાર આવી અને રૂક્મિણીને ચુંટી ખણીને, ચુંબન ભરીને અને આલિંગન દઈને તેની મશ્કરી કરવા લાગી. તે સમયે કિન્નરકંઠી સુંદરીઓના મીઠા મંદ હાસ્યનો મધુર ધ્વનિ એ નિર્જન ઉપવનમાં ચોતરફ પ્રસરી રહ્યો અને તે જોઈને કાળી કોયલ પણ પંચમ સ્વરથી આલાપ કરવા લાગી. ટુંકામાં કહોને કે જંગલમાં મંગલ વર્તી રહ્યું.

—❀—

"પ્રિય કુમાર ! આપની સાથે વાર્તાવિનોદ કરવાનું ઘણું ગ
પરંતુ હૃદયમાં રહેલા ભાવોને શી રીતે પ્રગટ કરવાં, એ સુ
નથી. જે દિવસે આપના નયનમનોહર દિદારનું દર્શન મને પ્ર
થયું હતું, તે દિવસથી મારું જીવન કોઈ જૂદાજ પ્રકારનું
ગયું છે અને હૃદયમાં જે પ્રકારના વિચારો ઉત્પન થયા કરે છે, તે
વાત આપને કહેવાને માટે મન ઘણું આતુર થઇ રહેલું; પરંતુ તે
શી રીતે અને કેવા રૂપમાં કાંડવી, એ સમજી શકાતું નથી."

"તારૂં કથન કેવળ સત્ય છે, પ્રિય દેવી ! કેમકે દરેક પ્રેમ
મનુષ્યનાં હૃદયની તું કહે છે તેવીજ સ્થિતિ હોય છે અને હૃદયન
એ સ્થિતિને તથા હૃદયના એ ભાવોને પ્રેમીઓ સમજાવ્યા વિન
સમજી શકે છે; તેઓનાં હૃદયો એટલાં બધાં નિર્મળ અને શુદ્ધ
હોય છે કે તેઓ પોતાના પ્રિયતમ કે પ્રિયતમાનાં હૃદયના ભાવોને
સ્વાભાવિક રીતેજ જાણી શકે છે; પરંતુ રૂક્મિણી ! આપણાં
હૃદયની મનકામના ક્યારે પૂર્ણ થશે, એ કહી શકાય તેમ નથી;
કેમકે મોગલોનું જોર દિનપ્રતિદિન વધતું જાય છે અને આપણો
પરાજય થતો જાય છે. આપણા ગુપ્ત નિવાસસ્થાન ઉપર તેઓ
ક્યારે હુમલો લાવશે, તે અત્યારથી કહેવાય તેમ નથી અને તેથી
ભવિષ્યમાં આપણી શી સ્થિતિ નિર્માણ થએલી છે, તે પણ આપણે
જાણી શકતા નથી." અમરસિંહે ચિંતાયુક્ત સ્વરે કહ્યું.

"પ્રિયતમ !" કિશોરી રૂક્મિણીએ કહ્યું. "ચિંતા કરવાનું
કશું પણ પ્રયોજન નથી; કેમકે મહારાણા આપણા દેશ, ધર્મ અને
સમાજની આબરૂ અને તેની સ્વતંત્રતા માટે જે પ્રાણાંત કષ્ટો સહન
કરી રહ્યા છે, તેથી ભગવાન્ એકલિંગજી તેમને અવશ્ય સહાય કરશે.
હાલ આપણી ગમે તે સ્થિતિ હોય; પરંતુ છેવટે મેવાડનો પુનરૂદ્ધાર
થશે અને મહારાણાનો વિજય થશે. એમ મારૂં અંતઃકરણ સાક્ષી
પૂરે છે."

"તારા જેવી શુદ્ધ અને પવિત્ર હૃદયની કુમારિકાનું વચન
સત્ય નિવડો; એવી મંગલમય ભગવાન પાસે મારી યાચના છે."
એમ કહી કુમારે તેને શાબાશી આપવાની ખાતર તેના કોમળ કર
ઉપર હસતાં મુખે મીઠું ચુંબન ભર્યું.

જોઈ રહ્યો. આ બન્ને ઘોડેસ્વારોમાં એક મંત્રી ભામાશાહ હતો અને બીજો કુમારનો મિત્ર રણવીરસિંહ હતો.

ભામાશાહે જરા રૂવાબથી પૂછયું. "કયાં ગયા હતા, કુમાર?"

"આં પાસેના ઉપવનમાં જરા ફરવાને ગયો હતો; પરંતુ તમે આમ કયાંથી આવો છો?" અમરસિંહે પોતાને પૂછેલ પ્રશ્નનો ઉત્તર આપતાં સામો પ્રશ્ન પૂછયો.

"દુશ્મનોની હિલચાલ જાણી લેવાના હેતુથી અમે આપણા ગુપ્ત ભીલદૂતો પાસેથી ખબર મેળવવાને માટે ગયા હતા." ભામાશાહે ઉત્તર આપ્યો.

"કાંઇ ખબર મળી કે નહિ?" અમરસિંહે પુનઃ પૂછયું.

"હા; મોગલ સેનાપતિ ફરિદખાં અને રાજા માનસિંહનો સરદાર ચંદ્રસિંહ સૈન્ય સહિત ચપ્પન પ્રદેશ ઉપર હુમલો કરવાને માટે થોડા જ કોસના અંતરે છાવણી નાંખીને પડેલા છે, એવી ખબર આપણા વિશ્વાસુ ભીલોએ આપી છે." રણવીરસિંહે જવાબ આપ્યો.

"ત્યારે આપણે હવે અહીંથી કયાં જશું? કયાં છુપાઈશું?" અમરસિંહે ખિન્નતાથી પૂછયું.

"કયાં જઈશું? કયાં છુપાઇશું?" ભામાશાહે ભાર દઈને કહ્યું. "કુમાર! આવાં નિર્માલ્ય વચનો તમારા મુખમાં શોભતા નથી."

"ત્યારે આપણે શું કરશું?" કુમારે ફરીથી પણ એજ સ્વાલ રજુ કર્યો.

"કર્ત્તવ્યની તમને કયાં દરકાર છે, કુમાર?" ભામાશાહે કહ્યું.

અમરસિંહે ભવાં ચડાવીને કહ્યું. "કર્ત્તવ્યની મને દરકાર નથી, ત્યારે કોને છે?"

"બીજાને હોય કે ન હોય, એ જુદો સ્વાલ છે; પરંતુ તમને તો ઘણી ઓછી જ છે." ભામાશાહે સ્પષ્ટતાથી કહ્યું અને હવે અમરસિંહ આગળ શો જવાબ આપે છે, તે સાંભળવાને આતુર થઈ રહ્યો.

"કર્ત્તવ્યની દરકાર મને ઓછી છે, એમ તમે શા ઉપ[illegible] કહો છો ?" અમરસિંહે પુનઃ ભવાં ચડાવીને પૂછયું.

"શા ઉપરથી કહો છો, એ કાંઈ પ્રશ્ન નથી, કુમાર! [illegible] તમારા અંતઃકરણને જ પૂછી જુઓ એટલે તમને સ્વયં ઉત્તર મ[illegible] આવશે." ભામાશાહે ઉત્તર આપ્યો.

"અંતઃકરણને પૂછવાની અગત્ય નથી." અમરસિંહે બે[illegible]કારીથી કહ્યું.

"ઠીક, અંતઃકરણને પૂછવાની અગત્ય ન હોય તો ભલે, પરંતુ કુમાર! જો કે હું હવે પ્રૌઢ થયો છું અને તેથી મારી બુદ્ધિ અને શક્તિ શિથિલ થઇ ગઇ હશે, એમ સ્વાભાવિક રીતે તમે ધારતા હશો; તો પણ મેવાડનાં અને આપણા પરિવારનાં પ્રત્યેક મનુષ્યના હૃદયમાં રહેલા ગુપ્ત સંકેતો અને વિચારોને હજુ હું જાણી લેવાને સમર્થ છું. તમે અત્યારે કયા અને શા હેતુથી ગયા હતા, એ હું પાછળની પરિસ્થિતિને જોઇને સહજમાં જાણી શકયો છું. માટે કુમાર! વાતને શામાટે છુપાવો છો ?" ભામાશાહે ગૌરવયુક્ત સ્વરે કહ્યું.

"વાતને છુપાવવાનું મને કશું પ્રયોજન નથી; કેમકે મારું અત્યારનું વર્તન કોઇ પણ રીતે અઘટિત નથી." અમરસિંહે જવાબ આપ્યો.

ભામાશાહે કહ્યું. "તમારું વર્તન અઘટિત હતું, એમ કહેવાનો મારો કિંચિત માત્ર પણ આશય નથી. પરંતુ અત્યારના કટોકટીના સમયે વિલાસની વાતો અને પ્રેમની ચેષ્ટાઓમાં રોકાઇ રહેવાથી આપણા ખરા કર્ત્તવ્યને શું હાનિ પહોંચવાની નથી ? મહારાણાએ આદરેલ સત્યાગ્રહને આપણી આવી રીતિની બેદરકારીથી શું ધક્કો પહોંચતો નથી ? અવશ્ય પહોંચે છે અને તેથી મારા કથનનો આશય [illegible] છે કે તમે હમણાં તમારા વિલાસી સ્વભાવનો ત્યાગ કરી ખરા કર્ત્તવ્યમાં મગ્ન થઇ રહો, એજ તમારા માટે ઉત્તમ છે. કુમાર! આ ભૂમિના તમે ભવિષ્યના [illegible] છો અને અમે [illegible] સ્વાતંત્ર્યનું [illegible] [illegible] તમને [illegible]

અને તેથી તમારે સાર્વજનિક લાભની ખાતર બેદરકારીનો ત્યાગ કરી કાળજીવાન થવાની જરૂર છે. "

અમરસિંહ ઉપર્યુક્ત વચનો સાંભળી શરમથી કેવળ નીચું જોઇ રહ્યો. ભામાશાહને જવાબ દેવાનું તેનામાં સામર્થ્ય રહ્યું નહોતું.

તેને ચૂપ રહેલો જોઇને ભામાશાહે આગળ ચલાવ્યું. "કુમાર! તમે એમ સમજતા હશો કે હું મહારાણા પ્રતાપસિંહનો જ્યેષ્ઠ પુત્ર અને મેવાડનો યુવરાજ છું એટલે મને કોણ કહેનાર છે? પરંતુ મને કહેવાની અગત્ય જણાય છે કે જો તમારી એવી માન્યતા હોય, તો તે ઘણીજ ભૂલભરેલી છે. તમે યુવરાજ છો, એ વાતનો અમે સ્વીકાર કરોએ છીએ અને તેથી તમારૂં ઘટિત સન્માન કરવું, એ અમારી ફરજ છે; પરંતુ જો તમે તમારા યુવરાજપદને લાયક ન હો અને તમારા ક્ષાત્રવટ ધર્મને જાણતા ન હો, તો અમે પ્રજાજનો તમને માન આપશું ખરા ! તમે રાજવંશમાં જન્મ્યા છો શા માટે ? એટલાજ માટે કે તમારે સર્વગુણસંપન્ન બનીને તથા ક્ષાત્રવટ ધર્મને અનુસરીને પ્રજાનું પાલન અને દેશની સ્વતંત્રતાનું રક્ષણ કરવું અને જો તમે એ પ્રમાણે વર્તો નહિ તો પછી મેવાડ ઉપર તમારો અધિકાર શું કામનો ? યુવરાજ ! તમને મારી આ વાતો અત્યારે તો વિષ સમાન લાગશે, પરંતુ જો તમે એ વાતોના મર્મને સમજશો અને તદનુસાર તમારૂં વર્તન રાખશો, તો તમને છેવટે એ વાતો અમૃત સમાન લાગશે અને તોજ તમે ભવિષ્યના મેવાડના અધિપતિ થવાને લાયક થશો. છેવટમાં યાદ રાખજો કુમાર ! કે જો તમે તમારા વિલાસી સ્વભાવ ઉપર વિજય મેળવશો નહિ અને તમારા ક્ષાત્રવટ ધર્મનું યથાર્થ રીતે પાલન કરશો નહિ તો મને ખાતરી છે કે તમે મેવાડની સ્વતંત્રતા ગુમાવી દેશો અને મોગલોના દાસત્વને સ્વીકારશો, મારાં આ વચનો તમારા હૃદય ઉપર બરાબર કોતરી રાખજો, એવો ખાસ કરીને મારો આગ્રહ છે. "

કુમાર અમરસિંહ આ બધો વખત અવનત મુખે ઉભેલો

"કર્ત્તવ્યની દરકાર મને ઓછી છે, એમ તમે શા ઉપરથી કહો છો ?" અમરસિંહે પુનઃ ભવાં ચડાવીને પૂછયું.

"શા ઉપરથી કહો છો, એ કાંઇ પ્રશ્ન નથી, કુમાર ! તમે તમારા અંતઃકરણને જ પૂછી જુઓ એટલે તમને સ્વયં ઉત્તર મળી આવશે." ભામાશાહે ઉત્તર આપ્યો.

"અંતઃકરણને પૂછવાની અગત્ય નથી." અમરસિંહે બેદરકારીથી કહ્યું.

"ઠીક, અંતઃકરણને પૂછવાની અગત્ય ન હોય તો ભલે, પરંતુ કુમાર ! જો કે હું હવે પ્રૌઢ થયો છું અને તેથી મારી બુદ્ધિ અને શક્તિ શિથિલ થઇ ગઇ હશે, એમ સ્વાભાવિક રીતે તમે ધારતા હશો; તો પણ મેવાડનાં અને આપણા પરિવારનાં પ્રત્યેક મનુષ્યના હૃદયમાં રહેલા ગુપ્ત સંકેતો અને વિચારોને હજુ હું જાણી લેવાને સમર્થ છું. તમે અત્યારે કયાં અને શા હેતુથી ગયા હતા, એ હું પાછળની પરિસ્થિતિને જોઇને સહજમાં જાણી શકયો છું. માટે કુમાર ! વાતને શામાટે છુપાવો છો ?" ભામાશાહે ગૌરવયુક્ત સ્વરે કહ્યું.

"વાતને છુપાવવાનું મને કશું પ્રયોજન નથી; કેમકે મારૂં અત્યારનું વર્તન કોઇ પણ રીતે અઘટિત નથી. અમરસિંહે જવાબ આપ્યો.

ભામાશાહે કહ્યું. "તમારૂં વર્તન અઘટિત હતું, એમ કહેવાનો મારો કિંચિત્ માત્ર પણ આશય નથી. પરંતુ અત્યારના કટોકટીના સમયે વિલાસની વાતો અને પ્રેમની ચેષ્ટાઓમાં રોકાઇ રહેવાથી આપણા ખરા કર્ત્તવ્યને શું હાનિ પહોંચતી નથી ? મહારાણાએ આદરેલ સત્યાગ્રહને આપણી આવી રીતિની બેદરકારીથી શું ધક્કો પહોંચતો નથી ? અવશ્ય પહોંચે છે અને તેથી મારા કથનનો ભાવાર્થ કિંવા આશય એટલોજ છે કે તમે હમણાં તમારા વિલાસી સ્વભાવનો ત્યાગ કરી ખરા કર્ત્તવ્યમાં સતત્ જોડાઇ રહો, એજ તમારા માટે ઉત્તમ છે. કુમાર ! આ ભૂમિના તમે ભવિષ્યના રક્ષકનાં છો અને અમે અત્યારે જે સ્વાતંત્ર્યનું બીજારોપણ કરીએ છીએ, તેનાં મધુર ફળોને ચાખવાનો અવસર તમને મળવાનો છે

જ કરવાની છે, ત્યારે હું પણ આપના અભિપ્રાય સાથે મળતો થઉં છું અને તેથી આપની આજ્ઞા મુજબ સર્વ પ્રકારની તૈયારી રાખવાની ગોઠવણ હમણાંજ કરૂં છું."

એમ કહી ભામાશાહ, રણવીરસિંહને લઈ ત્યાંથી ચાલ્યો ગયો અને પ્રતાપસિંહ તથા અમરસિંહ જૂદા જૂદા વિષયોની વાતો કરતાં ત્યાં બેસી રહ્યા.

બીજા દિવસનો સૂર્યોદય થયો. ભામાશાહે કરેલી ગોઠવણ મુજબ કેટલાક રાજપૂતો અને આસપાસના પ્રદેશના વિશ્વાસુ ભીલો ચપ્પન પ્રદેશના ઉપવનમાં એકત્ર થયા હતા. તલવાર અને ભાલાંવાળા રાજપૂત સૈનિકો જ્યારે કાંઈક નિરાશ જણાતા હતા, ત્યારે તીરકામઠાંવાળા ભીલો આનંદી દેખાતા હતા. એક બાજુ સલુંબરરાજ અને અન્ય સરદારો અને બીજી બાજુ રણવીરસિંહ તથા કર્મસિંહ વગેરે યુદ્ધકાર્ય સંબંધી મસલત ચલાવી રહ્યા હતા. આ વખતે મહારાણા પ્રતાપસિંહ, કુમાર અમરસિંહ તથા મંત્રીશ્વર ભામાશાહ સાથે આવી પહોંચ્યા. સરદારોએ અને સૈનિકોએ તેમને લશ્કરી નિયમે ઘટિત માન આપ્યું. મહારાણાએ પોતાનો યુદ્ધનો પોષાક પહેરેલો હતો અને કવચ અને ટોપની વચ્ચે માત્ર ઉઘાડા રહેલા મુખની પ્રતિભા અને બે આંખોમાંથી છુટતી તેજની ધારા સામા માણસના હૃદયમાં પૂજ્યભાવ અને ભયને એકી સાથે જન્મ આપતી હતી. કુમાર અમરસિંહે પણ લશ્કરી પોષાક પરિધાન કરેલો હતો; તોપણ તેનું સુંદર મુખ અને ચંચળ આંખો તેના અતીવ વિલાસીપણાની સાક્ષી પૂરતાં હતાં. મંત્રીશ્વર ભામાશાહે જે પોષાક પહેરેલો હતો; તે પણ યુદ્ધ સમયનો જ હતો અને તેથી તેની ભવ્યતા, ગંભીરતા અને દ્રઢતામાં ઓર વૃદ્ધિ થયેલી જણાતી હતી.

ક્ષણવાર રહી પ્રતાપસિંહે પોતાના હાથમાં પકડેલા ભાલાને જમીન ઉપર બરાબર ટેકવીને કહ્યું. "બહાદૂર વીરો ! અને કહેવાને આનંદ થાય છે કે આજે પુનઃ આપણને આપણી જનની જન્મભૂમિની સ્વતંત્રતાના રક્ષણને માટે શત્રુઓ સાથે યુદ્ધ કરવાનો

માટે હવે. ભામાશાહ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને રૂપસિંહે પણ તેનું અનુકરણ કર્યું. ભામાશાહે ઘોડા ઉપરથી ઉતરીને કુમારને વિચારયુક્ત સ્થિતિમાં જોઈને કહ્યું, "કુમાર! મારા ઉતાવળા કથનથી જો તમને માઠું લાગ્યું હોય તો માફ કરજો, કેમકે મેં તમને જે કહ્યું છે, તે તમારા હિતની ખાતરજ કહ્યું છે હવે ચાલો, નગરમાં જઈને મહારાણાને શત્રુની હીલચાલની ખબર આપીએ."

આગળ ભામાશાહ અને પાછળ અમરસિંહ અને રૂપસિંહ. એ પ્રમાણે તેઓ નગર તરફ ચાલ્યા. માર્ગમાં કોઈએ કાંઈ પણ વાત કરી નહિં. થોડી વારમાં તેઓ નગરમાં આવી પહોંચ્યા અને મહારાણા પ્રતાપસિંહને મળ્યા. ભામાશાહે પ્રતાપસિંહને શત્રુની હીલચાલની સવિસ્તર ખબર આપી અને તે સાંભળી લીધા. પછી પ્રતાપસિંહે કહ્યું "મોગલો આપણને અહીં પણ સુખે બેસવા દે, એવો સંભવ નથી અને મારી એ ધારણા તમે આપેલા સમાચારથી આજે સત્ય નીવડી છે, પરંતુ મંત્રીશ્વર! હવે આપણે શું કરવું?"

ભામાશાહે તુરતજ જવાબ આપ્યો. "શું કરવું, એ આપ ક્યાં નથી જાણતા? અત્યારે આપણી પાસે જેમ કોઈ પણ પ્રકારની યુદ્ધ સામગ્રી નથી, તેમ લડનાર માણસો પણ નથી, એ આપ સારી રીતે જાણો છો અને તેથી મારા અભિપ્રાય પ્રમાણે આપણે આ સ્થળનો ત્યાગ કરી અન્યત્ર ચાલ્યા જવું, એજ આપણા માટે હિતાવહ છે."

પ્રતાપસિંહે રોષદર્શક સ્વરથી કહ્યું. "મંત્રીશ્વર! તમારો અભિપ્રાય હાલની આપણી સ્થિતિ જોતાં જો કે અયોગ્ય તો નથી, તોપણ હું તેને અત્યારે માન્ય રાખી શકીશ નહિ. મારે આ સમયે પણ પુનઃ મારા ક્ષાત્રવટનું દર્શન મોગલોને કરાવવું છે અને તેથી આપણી પાસે જેટલા માણસો છે, તે સર્વને આવતી કાલે લડવાને માટે તૈયાર રાખવાની ગોઠવણ કરો."

પ્રતાપસિંહનું નિશ્ચયાત્મક કથન સાંભળીને ભામાશાહે તેનો કાંઈ પણ પ્રતિવાદ નહિ કરતાં કહ્યું. "જ્યારે આપની ઈચ્છા યુદ્ધ

કે ઘોડાક હજાર રાજપૂતો અને ભીલોના ગમે તેવા ધસારાથી તેઓ સહેજ પણ આંચકો ખાય તેમ નહોતું. પ્રતાપસિંહ અને ભામા શાહ એક બાજુ ઉભા ઉભા આ દ્રશ્ય જોતા હતા. તેઓ પોતાના સૈન્યની નબળાઈ તુરતજ સમજી ગયા અને તેથી પોતપોતાના ઘોડાને એડી મારીને તેઓએ યુદ્ધમાં ઝંપલાવ્યું. પ્રતાપસિંહ સૈનિકો વચ્ચે ઘુમતો ઘુમતો મોગલ સેનાપતિ ફરિદખાં અને ચંદ્ર સિંહ જ્યાં ઉભા હતા, ત્યાં આવી પહોંચ્યો. ફરિદખાં તથા ચંદ્રસિંહ સાવધ જ હતા એટલે પોતાના ખરેખરા પ્રતિસ્પર્ધિને જોઈ એકદમ તેની સામે ધસી આવ્યા અને પોતાની તલવારોને મ્યાનમાંથી ખેંચી કહાડી તેની ઉપર તુટી પડયા.

પ્રતાપસિંહે પોતાનો બચાવ પોતાના અતિ તેજદાર ભાલાથી કરતાં કરતાં ચંદ્રસિંહ તરફ જોઈને કહ્યું. ચંદ્રસિંહ ! તમે હમણાં એક બાજુ ઉપર ઉભા રહો; કેમકે તમે, ગમે તેમ પણ મારા જાતિબંધુ છો અને તેથી હું મારા બાહુબળનો સ્વાદ પ્રથમ જ તમને ચખાડવાને ઇચ્છતો નથી. મને પ્રથમ ફરિદખાં સાથે લડી લેવા દો અને ત્યારપછી તમારી સાથે લડીશ અને તમને પણ બતાવી આપીશ કે પ્રતાપસિંહમાં કેટલું સામર્થ્ય રહેલું છે."

ફરિદખાંએ પ્રતાપસિંહનું એ કથન સાંભળી લઈને કહ્યું. "ચંદ્રસિંહજી ! તમારા જાતિબંધુ હોવાનો દાવો કરનાર પ્રતાપ સિંહ સત્ય કહે છે; માટે તમે હમણાં તો એક બાજુ ઉભા ઉભા અમારા યુદ્ધને જોયા કરો, એજ ઠીક છે. કારણ કે તેથી મેં લીધેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાની મને સરલતા થશે."

પ્રતાપસિંહે પોતાના ઘોડાને ગોળ ફેરવતાં ફેરવતાં પૂછયું. "શી પ્રતિજ્ઞા લીધી છે, ખાંસાહેબ ! શું તે કહેવા જેવી નથી ?"

ફરિદખાંએ ગર્વથી જવાબ આપ્યો. "એ પ્રતિજ્ઞા તમને મારે કહેવીજ જોઇએ, રાણાજી ! અને તે એ છે કે મારે ગમે તે ભોગે તમને પકડીને શહેનશાહ અકબરની હજુરમાં લઇ જવા છે. આ મારી પ્રતિજ્ઞા."

પ્રતાપસિંહે મૂછો ઉપર હાથ મૂકતાં કહ્યું. "એમ કે? ખાંસાહેબ ! પ્રતિજ્ઞા તો અવશ્ય સારી કરી છે; પરંતુ મને પકડો તે પ-

અલભ્ય અવસર પ્રાપ્ત થયો છે; જો કે આજસુધીના પ્રત્યેક યુદ્ધમાં આપણો પરાજય થતો આવ્યો છે; તો પણ આપણે આપણા હૃદયમાં નિરાશાને સ્થાન આપ્યું નથી અને સંપૂર્ણ હિંમત અને બહાદૂરીથી આપણે આપણો બચાવ કરતા આવ્યા છીએ. આ વખતના યુદ્ધમાં પણ તમે સર્વ પૂર્વના જેવુંજ પરાક્રમ કરી બતાવશો, એવી હું આશા રાખું છું. આથી વિશેષ પ્રોત્સાહન અને આગ્રહની તમને જરૂરીઆત હોય, એમ હું માનતો નથી; કેમકે તમે તમારા ધર્મને બરાબર સમજો છો અને તમારી ભૂમિ, તમારા સમાજ અને તમારા ધર્મનું રક્ષણ કરવાને માટે તમે આતુર છો, એવી મારી ખાતરી હોવાથી હું તમને વિશેષ પ્રોત્સાહન ન આપું તો એ સર્વથા સ્વાભાવિક જ છે. છેવટે, મારા શૂરવીર સરદારો અને બહાદૂર સૈનિકો ! ભગવાન એકલિંગજીની ખરા હૃદયથી પ્રાર્થના કરો કે જેથી આપણને આપણા કાર્યમાં સફળતા મળે."

પોતાના મહારાણાની સ્નેહસૂચક આજ્ઞાનુસાર સર્વ સરદારો સૈનિકોએ અને ભીલોએ પોતાનાં વિવિધ હથિયારો નમાવીને ભગવાન એકલિંગજીની ક્ષણવાર મનમાં પ્રાર્થના કરી લીધી અને ત્યારબાદ પ્રતાપસિંહનો હુકમ થતાં તેઓ સર્વે યુદ્ધને માટે યોગ્ય સ્થળે જવાને આગળ વધ્યા. મધ્યાન્હનો સમય થયો તે પહેલાં પ્રતાપસિંહ પોતાના નાના લશ્કર સાથે ચપ્પન પ્રદેશમાંહેના યોગ્ય સ્થળે આવી પહોંચ્યો અને ત્યાં લશ્કરને યોગ્ય હરોળમાં ગોઠવીને તથા લશ્કરની મુખ્ય સરદારી કુમાર અમરસિંહને આપીને મોગલ સૈન્યની રાહ જોવા લાગ્યો. ક્ષણવારમા મોગલ સૈન્ય સામી બાજુએ આવી પહોંચ્યું અને આવીને ઉભું રહેતાંજ બન્ને સૈન્યો વચ્ચે યુદ્ધની શરૂઆત થઇ ગઇ. મોગલો અને રાજપૂતો સામસામા આવીને તલવાર અને ભાલાથી એક બીજા ઉપર પ્રહાર કરવા લાગ્યા અને લાગ મળતાંજ એક બીજાનાં મસ્તકોને ધડથી જૂદાં કરવાનું ચૂકતા નહોતા. રાજપૂત સૈનિકો મદોન્મત્ત થઇને યુદ્ધકાર્યમાં પ્રવૃત્ત થયેલા હતા અને વિશેષમાં ચાલાક ભીલો બાણોનો અને પત્થરોનો વરસાદ વર્ષાવતા હતા; તો પણ મોગલ સૈનિકોની હરોળમાં ભંગાણ પડે તેમ નહોતું, કેમકે તેની સંખ્યા એટલી બધી વિશાળ હતી

કે ઘોડાક હજાર રાજપૂતો અને ભીલોના ગમે તેવા ધસારાથી તેઓ સહેજ પણ આંચકો ખાય તેમ નહોતું. પ્રતાપસિંહ અને ભામાશાહ એક બાજુ ઉભા ઉભા આ દૃશ્ય જોતા હતા. તેઓ પોતાના સૈન્યની નબળાઈ તુરતજ સમજી ગયા અને તેથી પોતપોતાના ઘોડાને એડી મારીને તેઓએ યુદ્ધમાં ઝંપલાવ્યું. પ્રતાપસિંહ સૈનિકો વચ્ચે ઘુમતો ઘુમતો મોગલ સેનાપતિ ફરિદખાં અને ચંદ્રસિંહ જ્યાં ઉભા હતા, ત્યાં આવી પહોંચ્યો. ફરિદખાં તથા ચંદ્રસિંહ સાવધ જ હતા એટલે પોતાના ખરેખરા પ્રતિસ્પર્ધિને જોઈ એકદમ તેની સામે ધસી આવ્યા અને પોતાની તલવારોને મ્યાનમાંથી ખેંચી કહાડી તેની ઉપર તુટી પડયા.

પ્રતાપસિંહે પોતાનો બચાવ પોતાના અતિ તેજદાર ભાલાથી કરતાં કરતાં ચંદ્રસિંહ તરફ જોઈને કહ્યું. ચંદ્રસિંહ ! તમે હમણાં એક બાજુ ઉપર ઉભા રહો; કેમકે તમે, ગમે તેમ પણ મારા જાતિબંધુ છો અને તેથી હું મારા બાહુબળનો સ્વાદ પ્રથમ જ તમને ચખાડવાને ઇચ્છતો નથી. મને પ્રથમ ફરિદખાં સાથે લડી લેવા દો અને ત્યારપછી તમારી સાથે લડીશ અને તમને પણ બતાવી આપીશ કે પ્રતાપસિંહમાં કેટલું સામર્થ્ય રહેલું છે."

ફરિદખાંએ પ્રતાપસિંહનું એ કથન સભળી લઈને કહ્યું. "ચંદ્રસિંહજી ! તમારા જાતિબંધુ હોવાનો દાવો કરનાર પ્રતાપસિંહ સત્ય કહે છે; માટે તમે હમણાં તો એક બાજુ ઉભા ઉભા અમારા યુદ્ધને જોયા કરો, એજ ઠીક છે. કારણ કે તેથી મેં લીધેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાની મને સરલતા થશે."

પ્રતાપસિંહે પોતાના ઘોડાને ગોળ ફેરવતાં ફેરવતાં પૂછયું. "શી પ્રતિજ્ઞા લીધી છે, ખાંસાહેબ ! શું તે કહેવા જેવી નથી ?"

ફરિદખાંએ ગર્વથી જવાબ આપ્યો. "એ પ્રતિજ્ઞા તમને મારે કહેવીજ જોઇએ, રાણાજી ! અને તે એ છે કે મારે ગમે તે ભોગે તમને પકડીને શહેનશાહ અકબરની હજુરમાં લઇ જવા છે. આ મારી પ્રતિજ્ઞા."

પ્રતાપસિંહે મૂછો ઉપર હાથ મૂકતાં કહ્યું. "એમ કે? ખાંસાહેબ ! પ્રતિજ્ઞા તો અવશ્ય સારી કરી છે; પરંતુ મને પકડો તે પ-

રેતાં તમેજ ખુદાના બંદિવાન થઇને તેની હજુરમાં પહોંચી ન જાઓ, એ ધ્યાનમાં રાખજો."

ફરિદખાંએ કાંઈક ક્રોધથી કહ્યું. "રાણાજી ! મારે ધ્યાનમાં રાખવા જેવું કાંઈ છેજ નહિ; જે ધ્યાનમાં રાખવાનું છે, તે તમારે જ છે; કેમકે બધાની અજાયબી વચ્ચે તમે જુઓ છો તેમ તમને હમણાંજ કેદ પકડી લઉં છું. તમે જ્યાં સુધી મારા સામર્થ્યને જાણ્યું નથી, ત્યાં સુધીજ તમે બેદરકાર છો; પરંતુ જ્યારે જાણ્યું, ત્યારે જ ખબર પડશે કે દુનિયાની સપાટી ઉપર ફરિદખાં નામક એક શેરમર્દ હયાતી ધરાવે છે."

પ્રતાપસિંહે હસીને કહ્યું. "વાહ, વાહ ખાંસાહેબ ! તમે બાતજી તો સારું કરી જાણો છો; પરંતુ તમને આટલું તો યાદજ હશે કે યુદ્ધના મેદાનમાં શબ્દોની કશી પણ કિંમત નથી. યુદ્ધમાં તો બળવાન હાથનુંજ કામ છે. માટે મિથ્યા પ્રલાપનો ત્યાગ કરી મર્દ હો તો સામા ચાલ્યા આવો; પ્રતાપસિંહ તમારા જેવા માનની ય પુરૂષનું યોગ્ય સન્માન કરવાને તૈયાર જ છે."

પ્રતાપસિંહના ઉપર્યુક્ત વચનો સાંભળી ફરિદખાંનો મીજાજ હાથમાં ન રહ્યો. તે ક્રોધાંધ થઇને એકદમ તેની ઉપર ધસી આવ્યો. બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ મચ્યું અને કોણ કોને હરાવશે, એ બન્નેની યુદ્ધકાર્યની દક્ષતા જોઇને કહી શકાય તેમ નહોતું. એક કલાક પર્યંત આ પ્રમાણે તેઓ વચ્ચે યુદ્ધ ચાલ્યું; પરંતુ બેમાંથી એક પણ થાકે તેમ જણાતું નહોતું. પ્રતાપસિંહે હવે વિચાર્યું કે ફરિદખાં સામાન્ય પુરૂષ નથી, એટલે તેણે પોતાના ઘોડાને અચાનક એડી મારીને એવા તો જોરથી કુદાવ્યો કે તે ફરિદખાંનાં ઘોડાની અત્યંત પાસે જઇ પહોંચ્યો. બરાબર તેજ ક્ષણે પ્રતાપે પોતાનો તેજદાર ભાલો લાગ જોઈને જોરથી ફરિદખાંની છાતીમાં ઘોંચી દીધો. ફરિદખાંએ પહેરેલું બખ્તર તુટી ગયું અને ભાલો તેની છાતીમાં પેસી જતાં તે ઘોડા ઉપરથી ઉછળીને નીચે પડી ગયો અને પડતાંજ તેનો પ્રાણ ખુદાની હજુરમાં પ્રયાણ કરી ગયો. ચંદ્રસિંહ કે જે અત્યારસુધી આ ઉભયનું યુદ્ધ જોતો સામે ઉભો હતો તે આ સ્થિતિ નિહાળીને એકદમ પ્રતાપ ઉપર ધસી આવ્યો

અને તેના મસ્તક ઉપર પોતાની તલવારનો સખત ફટકો લગાવ્યો ચંદ્રસિંહના આ ફટકાથી મેવાડનો સૂર્ય તુરતજ અસ્ત પામી જાત; પરંતુ મેવાડનો ભાગ્યરવિ ભામાશાહ ભાગ્યયોગે એકદમ પોતાનો ઘોડો દોડાવતો ત્યાં આવી પહોંચ્યો અને ચંદ્રસિંહની તલવારના ઘાને પોતાની તલવાર ઉપર ઝીલી લીધો. ચંદ્રની તલવાર ભામાશાહની તલવાર સાથે અથડાતાં ભાંગી ગઈ અને ભાંગેલો ટુકડો ખણખણાટ કરતો દુર જઇને પડયો આ દરમ્યાન પ્રતાપસિંહ ફરિદખાંની છાતીમાંથી પોતાનો ભાલો પાછો ખેંચી કહાડીને સાવધ થઈ ગયો હતો અને તે તુરતજ ચંદ્રસિંહ ઉપર ધસી ગયો અને તેના ઘોડાને એવા તો જોરથી ભાલો માર્યો કે તે પોતાનો જીવ લઈને યુદ્ધભૂમિમાંથી પલાયન થઇ ગયો. મોગલ સૈનિકો કે જેઓ અત્યાર સુધી સંપૂર્ણ બહાદુરીથી લડતા હતા, તેઓ પોતાના સેનાપતિના મૃત્યુના સમાચાર સાંભળી તથા ઉપસેનાપતિ ચંદ્રસિંહની પલાયનની વાત સાંભળી નિરાશ થઇ ગયા અને તેથી તેમનો યુદ્ધનો જુસ્સો નરમ પડી ગયો. યુદ્ધનો જુસ્સો નરમ પડતાં તેમની હરોલમાં ભંગાણ પડવા લાગ્યું અને ઘણા ખરા તો પોતાનો જીવ બચાવવાને માટે નાશી પણ ગયા. રાજપૂતો અને ભીલોએ આ તકનો લાભ લઇ નાશી જતા મોગલ સૈનિકો ઉપર તુટી પડ્યા અને ઘણાને મૃત્યુને શરણ કરી દીધા. ક્ષણવારમાં યુદ્ધભૂમિ ઉપર એક પણ મોગલ સૈનિક જોવામાં નહિ આવતાં પોતાના સૈનિકોને પાછા ફરવાની આજ્ઞા આપી પ્રતાપસિંહ પોતાને જીવના જોખમમાંથી બચાવનાર ભામાશાહ પાસે આવી પહોંચ્યો.

તેણે આવતાં વેંત જ કહ્યું. " મંત્રીશ્વર ! તમે વખતસર આવીને મને ચંદ્રસિંહની તલવારને ભોગ થતો બચાવી લીધો છે, તે માટે હું તમારો ઉપકાર માનું તો તે અઘટિત ગણાશે નહિ. આજથી કેટલાક વર્ષો પૂર્વે આશાશાહે મારા મર્હુમ પિતા મહારાણા ઉદયસિંહને બાલ્યાવસ્થામાં આશ્રય આપી તેમનું મૃત્યુના ભયમાંથી રક્ષણ કર્યું હતું, એ વાત સર્વત્ર જાણીતી છે અને આજે તમે મારૂં રક્ષણ કરીને મેવાડના ભાગ્યવિધાયકનું પદ પ્રાપ્ત કર્યું છે, એ વાત સર્વત્ર જાણીતી થવા સાથે મેવાડના ઇતિહાસમાં

મહત્ત્વને પામશે. ભગવાન એકલિંગજીની કૃપાથી જો આપણે મેવાડનો પુનરૂદ્ધાર કરી શકીશું, તો તેનો બધો યશ, તમારા આજના સમયોચિત વર્ત્તનથી તમને જ મળવો જોઈએ, એવી મારી ઈચ્છા છે.”

“મહારાણા!” ભામાશાહે નમ્રતાથી કહ્યું. “મેવાડના પુનરોદ્ધારનો યશ મને જ મળવો જોઈએ એવી આપની ઈચ્છા જાણી હું આપનો અહેશાનમંદ થયો છું; પરંતુ મેં મારી ફરજ કરતાં કાંઈ વિશેષ મહત્ત્વનું કાર્ય કર્યું નથી. સ્વામીની સેવા અને તેને ખરા વખતે સહાય કરવી, એ સેવકનું કર્ત્તવ્ય જ છે. અને તેથી આપને મેં જે યત્કિંચિત્ સહાય કરી છે, તે માટે મારી પ્રશંસા કરવાની શી અગત્ય છે?”

“સેવકના ખરા કર્ત્તવ્યની કદર કરવી, એ સ્વામીની ફરજને હું સારી રીતે જાણું છું અને તેથી જ મેં તમારી યોગ્ય પ્રશંસા કરેલી છે; પરંતુ હાલ તે વિષે વધુ વાતચિત કરવાનો આપણને સમય નથી. આ વખતે જો કે આપણી જીત થઈ છે; તો પણ એથી આપણું કાર્ય સરલ થાય તેમ નથી. આ યુદ્ધમાં આપણા ઘણા સૈનિકો માર્યા ગયા છે અને કેટલાક ઘાયલ પણ થયેલા છે; માટે તમે ઘાયલ થયેલા સૈનિકોની દવાદારૂ કરાવવાની ગોઠવણ કરો અને હું તથા કુમાર અમરસિંહ નગરમાં જઈએ છીએ. વળી રણુવીરસિંહ ખબર લાવ્યો છે કે કર્મસિંહ સખત રીતે ઘાયલ થયેલો છે અને તેને નગરમાં લઈ જવામાં આવ્યો છે; તેથી તમે ઘાયલ થયેલા સૈનિકો માટે યોગ્ય વ્યવસ્થા કરી તુરત જ આવજો.” પ્રતાપસિંહ એ પ્રમાણે કહીને કુમાર અમરસિંહ સાથે ત્યાંથી ચાલ્યો ગયો અને ભામાશાહ રણુવીરસિંહને લઈ ઘાયલ થયેલા સૈનિકોની વ્યવસ્થા કરવામાં ગુંથાયો.

પ્રકરણ ૧૭ મું.

કર્મસિંહની માંદગી.

"લલાટે રાખ કર ત્હારો, પછી આ તાવ પણ સારો."

"કુસુમ!" યમુનાએ કહ્યું. "તું દીલગીર શા માટે થાય છે? કર્મસિંહને ત્રણ ચાર ઘા વાગેલા છે, એ વાત ખરી છે; પરંતુ તેમની સ્થિતિ ભય ઉપજાવે તેવી નથી. વૈદ હમણાં જ આવીને દવાદારૂ અને મલમપટ્ટા કરીને ગયા છે, તે કહેતા હતા કે કર્મસિંહની તબિયતને માટે કોઇએ ચિંતા કરવાની નથી."

"યમુના કહે છે તે કેવળ સત્ય છે, કુસુમ!" રાજકુમારી કમળાએ અનુમોદન આપતાં કહ્યું. "કર્મસિંહની તબિયત જોવાને વૈદ આવ્યા, ત્યારે હું માતુશ્રીની સાથે ત્યાં હતી અને યમુના પણ હતી; વૈદે જે અભિપ્રાય આપ્યો હતો, તે અમે સાંભળ્યો હતો અને તેથી કર્મસિંહની સ્થિતિ ભયંકર નથી, એમ હું ખાત્રીપૂર્વક કહું છું."

કુસમે ચિંતાતુર વદને અને સજળ નેત્રોએ રાજકુમારી કમળા તથા યમુના તરફ અર્થસૂચક દૃષ્ટિથી જોયું પણ કાંઈ જવાબ આપ્યો નહિ.

યમુનાએ કહ્યું. "કુસુમ! અમે તને સત્ય જ કહ્યું છે કે કર્મસિંહની તબિયત સારી અને સુધારા ઉપર છે; તેમ છતાં તું શા માટે દીલગીરીનો ત્યાગ કરતી નથી! એ અમે સમજી શકતાં નથી. કર્મસિંહે યુદ્ધમાં જે શૌર્ય અને બહાદુરી બતાવ્યાં છે, તે માટે તો તારે અભિમાન લેવું જોઇએ, તેને બદલે તું દીલગીરી ધારણ કરે છે, એઆશ્ચર્ય સરખું છે. ઠીક, પણ તું કર્મસિંહ પાસે જઇ આવી કે નહિ?"

"ના." કુસુમે ટુંકો ઉત્તર આપ્યો.

"તો પછી તું અત્યારે તેમની પાસે જા. તારી હાજરીથી તેમનું દુઃખ ઓછું થશે અને તેમના જીવને શાંતિ વળશે." રાજકુમારીએ સૂચના કરી.

" પણ ત્યાં પિતાજી, બાપુ વગેરે બેઠા હશે, તેનું કેમ? તેમની હાજરીમાં મારાથી ત્યાં જઈ શકાય ખરું?" કુસુમે પૂછ્યું.

" વૈદ્ય ગયા પછી મંત્રીશ્વર, કૃષ્ણલાલ વગેરે મહારાણાની પાસે મહત્ત્વની મસલત કરવાને હમણાં જ ગયા છે એટલે અત્યારે કર્મસિંહ ઓરડામાં એકલા જ સુતેલા છે અને તેથી તેમની પાસે જવાની આ સારી તકનો લાભ લેવાનો અમે તને આગ્રહ કરીએ છીએ." યમુનાએ કહ્યું.

" મારો આગ્રહ પણ એવો જ છે કે તારે અત્યારે કર્મસિંહ પાસે જવું અને તેની યોગ્ય સેવા કરીને તેના દુઃખી હૃદયને શાંત કરવું. " રાજકુમારીએ યમુનાના મતને મળતાં થઈને કહ્યું.

" ભલે, તમારા ઉભયના આગ્રહથી હું તેમની પાસે જઈશ; પરંતુ તેથી રાણાની આજ્ઞાનો ભંગ તો થતો નથીને? કુસુમે જીજ્ઞાસાથી પૂછયું.

" કુસુમ!" યમુનાએ ગંભીરતાપૂર્વક કહ્યું. " અત્યારે તારે કર્મસિંહ પાસે જવું છે, તે પ્રેમની નિરૂપયોગી વાર્તા કરવાને નહિ, પણ તેમની આવશ્યક વખતે સેવા કરવાને માટે જ જવું છે અને તેથી મહારાણાની આજ્ઞાનો ભંગ થતો હોય, એવી મારી માન્યતા નથી. કેમ કમળાબ્હેન. તમે શું માનો છો?".

" મારી માન્યતા પણ એવી જ છે અને તેથીજ અમે તને તેમની પાસે જવાનો આગ્રહ કરીએ છીએ. હું જાણું છું કે તને ત્યાં જવામાં કેટલેક અંશે શરમ પણ આડે આવતી હશે અને એમ થવું એ આપણી સ્ત્રીજાતિને માટે સ્વાભાવિક પણ છે, પરંતુ આવા વખતે શરમનો ત્યાગ કરીને કર્મસિંહની પાસે જવાની અગત્ય છે; કેમકે તારી હાજરીથી તેમનું ઘણું દુઃખ ઓછું થઈ જશે." રાજકુમારીએ વિશેષ આગ્રહ કરીને કહ્યું.

" ઠીક, જ્યારે તમારી બન્નેની એવી ઇચ્છા છે, ત્યારે હું ત્યાં જઉં છું; પરંતુ મહારાણી મને યાદ કરે તો આ વાતની તેમને ખબર નહિ પાડતાં બોલાવવાને દાસીને મોકલજો." કુસુમ એમ કહીને તેમની સામે જોઇ રહી.

"હવે વખત ગુમાવવો એ ઠીક નથી; માટે જેમ ત્વરાથી જવાય તેમ જા. મહારાણી તને યાદ કરશે તો અમે તને ખબર આપશું. યમુનાએ કુસુમને જવાની ઉતાવળ કરાવતાં કમળા પ્રતિ જોઈને કહ્યું. "ચાલો, આપણે હવે રૂકિમણી પાસે જઈએ."

કુસુમ પાસેના પોતાના મકાન તરફ ગઈ અને તે ગયા પછી કમળા તથા યમુના વાતો કરતાં રૂકિમણી પાસે જવાને આગળ ચાલ્યાં.

કુસુમ અનેક પ્રકારના વિચારો કરતી કરતી પોતાના મકાને પહોંચી અને પોતાની ભાભીને કંઇ પણ કહ્યા વિના ગુપચુપ કર્મસિંહ સુતો હતો, તે ઓરડામાં ચાલી ગઈ. કુસુમે ઓરડામાં પ્રવેશ કરીને દ્વારને જરા બંધ કર્યું અને પછી જોયું તો કર્મસિંહ નીચે જમીન ઉપર બીછાવેલી સાદી પથારીમાં સુતેલો હતો. ઓરડામાં તેના સિવાય બીજું કોઇ નહોતું અને તેથી કુસુમ લજ્જાનો ત્યાગ કરીને તેની પથારી પાસે જઇને બેઠી. કર્મસિંહને તલવારના બે ત્રણ ઘા વાગેલા હોવાથી તેની સ્થિતિ પ્રથમ તો ભયંકર હતી; પરંતુ વૈદ્યની તાત્કાલિક અને કાળજીયુક્ત સારવારથી તેની સ્થિતિમાં એક રાત્રિમાંજ સુધારો થયો હતો. ઘાની તીવ્ર પીડાથી કર્મસિંહને તાવ પણ આવ્યો હતો; પરંતુ વૈદ્યે આપેલી દવાથી તેનું બહુ જોર નહોતું અને અત્યારે દવાની અસરથી તે નિદ્રામાં પડેલો હતો. ખીલતી વયના નવજુવાન કર્મસિંહનું સુંદર મુખ, તેની અર્ધ મિંચાયલી આંખો, તેના મસ્તકના કાળા વાળ, તેના દીર્ઘ બાહુ, તેના ઉજ્જવલ પગ અને તેનું પાતળું કસાયેલું શરીર, એ સર્વને જોતાં કુસુમના હૃદયમાં પોતાના ભાવિ પતિને માટે માન અને સ્નેહ ઉત્પન્ન થયાં. તેણે અંતરના પ્રેમથી કર્મસિંહના વિસ્તૃત કપાળ ઉપર પોતાને મૃદુ અને કોમળ કર ધીમેથી મૂકયો અને તેના વતી તેના મસ્તકને દબાવવા લાગી. કુસુમના કોમળ કરસ્પર્શથી કર્મસિંહની નિદ્રા દવાની અસરને લઇ ભંગ તો થઇ નહીં; પરંતુ તેની જ્ઞાનેન્દ્રિયને જોઈતી અસર થઈ અને તેથી અર્ધ જાગૃત અને અર્ધ નિદ્રિત અવસ્થામાં કેમ જાણે તે

લતનો હોય નહિ ? એવી રીતે તેના મુખમાંથી નીચે મુજબ શબ્દો નિકળ્યા:—

" મહારાણા પ્રતાપસિંહનો જય, મેવાડના સૂર્યનો ઉદય અને મંત્રીશ્વર ભામાશાહની ઉદારતા ! કેવા મધુર એ શબ્દો છે ! મેવાડનો જય, એ શબ્દો હૃદયને કેવા પ્રિય લાગે છે ! કહે છે કે આ વખતના યુદ્ધમાં મહારાણાએ મોગલ સરદાર ફરિદખાને જાનથી મારી વિજય મેળવ્યો છે અને મંત્રીશ્વર ભામાશાહે મહારાણાને ચંદ્રસિંહની તલવારના ભોગ થતાં બચાવી લઈ મેવાડના ભાગ્યને ઉજ્વળ બનાવ્યું છે ! આવા વિજયી યુદ્ધમાં મારાથી કાંઇપણ પરાક્રમ ન થઇ શક્યું, એ કેવી દીલગીરીની વાત કહેવાય ? ઠીક, પણ, મારાથી યુદ્ધમાં પરાક્રમ થાય કે ન થાય, એની મારે ચિંતા કરવી નિરૂપયોગી છે. ઉપયોગી માત્ર એટલું જ છે કે ગમે તે ઉપાયે મેવાડનો વિજય થવો જોઇએ. અને તેની સ્વતંત્રતા સચવાઈ રહેવી જોઇએ. શાસનદેવો ! મારી આ પ્રાર્થના સાંભળશો ?...."

ક્ષણવાર તેની વાચા બંધ રહ્યા પછી તેના મુખમાંથી પુનઃ વાગ્ધારા નીકળવા લાગી:—

" અને કુસુમ, પ્યારી કુસમ;એને હું કેમ વિસરી શકું ? મારા હૃદયની દેવીને વિસારી દઉં, એવો હું નિષ્ઠુર છું ? નહિ, જરા પણ નહિ; પરંતુ તે મારાથી કાંઇક બેદરકાર રહેતી કેમ જણાય છે ? તેનો પ્રેમ; એમાં તો મને શંકા લેવાનું કશું કારણ આજ સુધી મળ્યું નથી. ત્યારે શું તે અભિમાનિની છે ? હા, તેના વર્તનથી કાંઇક એમ જણાય છે ખરૂં; પરંતુ એમ માનવાનું કારણ છે; તે મેવાડના મંત્રીશ્વર ભામાશાહની પુત્રી છે, જ્યારે હું એક સામાન્ય સુભટ છું. વળી આજ બે દિવસ થયા છતાં તે મારી તબિયતની ખબર પુછવા પણ આવી નથી, એ તેનું અભિમાન નહિં તો બીજું શું ? ભલે તે અભિમાન રાખવા દો; મને તેના અભિમાનની શી પરવા છે ? હું તો તેને મારા ખરા હૃદયથી ચાહું છું અને ભવિષ્યમાં પણ તેવા જ પ્રેમથી ચાહીશ, એ નિશ્ચિત છે. ઠીક, જવા દો એ વાતને; પરંતુ મારા કપાળને કોણ દબાવી રહ્યું છે ? કેવો મૃદુતા-

ગર્યો કોમળ કર છે? મગજને કેવી શાંતિ વળે છે? શું આ કર કુસુમનો તો ન હોય ને?"

કુસુમથી હવે બોલ્યા સિવાય રહી શકાયું નહિં. તેણે કહ્યું. "તમને કેમ લાગે છે? અભિમાનિની કુસુમ તમારી તાબયતની ખબર પુછવા પણ આવી નથી, એ તમારૂં મસ્તક દબાવા આવે, એ શું સંભવિત છે?"

"હા સંભવિત છે, પ્રેમીઓને માટે અસંભવિત કાંઇ છેજ નહિ; કેમકે કર પણ કુસુમનો જ છે અને વાણી પણ કુસુમની જ છે; પ્યારી કુસુમ વિના મૃદુતાથી મસ્તકને કોણ દબાવે?" આ શબ્દો બોલતાંની સાથે કર્મસિંહની આંખ ઉઘડી ગઈ. કુસમની અને તેની આંખો મળી કર્મસિંહે અને કુસુમે અકથ્ય આનંદનો અનુભવ લીધો. બન્નેની આંખોમાં પ્રેમ રમી રહ્યો.

કર્મસિંહે હર્ષાતિરેકથી કહ્યું. "કુસુમ! તમે અહીં ક્યાંથી?"

કુસુમે તિચી નજરે, કહ્યું. "હું અહીં ક્યાંથી, એ પ્રશ્નની પછી વાત, પરંતુ તમે મને "તમે" સંબોધનથી ક્યાં સુધી બોલાવશો? કારણ કે મને એવું માન જોઇતું નથી."

"તમને તુંકારથી બોલાવવાનો અધિકાર જ્યારે મને પ્રાપ્ત થશે, ત્યારે તમને તેજ પ્રમાણે બોલાવીશ; હાલનો તમે એ શબ્દને જ યોગ્ય છો અને તેથીજ પુછું છું કે તમે અહીં ક્યાંથી?" કર્મસિંહે "તમે" નો ખુલાસો કરતાં પુનઃ પૂછ્યું.

"પહેલો જ એ પ્રશ્ન પૂછવાનું શું પ્રયોજન છે, કર્મસિંહ!" કુસુમે પ્રતિવાદ કરતાં કહ્યું.

"એ પ્રશ્ન પૂછવાનું બીજું કાંઇ પ્રયોજન નથી; તેમ છતાં જો તમે પ્રયોજન હોય, એમ માનતા હો તો એટલુંજ કે અહીંઆવવામાં અને મારી સાથે વાત કરવામાં તમે મહારાણાની આજ્ઞાનો ભંગ તો નથી કરતાને?" કર્મસિંહે પ્રયોજન દર્શાવી પ્રશ્ન કર્યો.

કુસુમ કર્મસિંહના પ્રશ્નનો ભાવાર્થ સમજી ગઈ અને તેથી તેણે સહજ ખિન્નતાપૂર્વક કહ્યું. "તમે પૂછેલા પ્રશ્નનો મર્મ મારા સમજવામાં આવી ગયો છે. તે દિવસે કોમલમેરના બાગમાં મેં ત-

લવતો હોય નહિ ? એવી રીતે તેના મુખમાંથી નીચે મુજબ શ
નિકળ્યા:—

" મહારા પ્રતાપસિંહનો જય, મેવાડના સૂર્યનો ઉદય
મંત્રીશ્વર ભામાશાહની ઉદારતા ! કેવા મધુર એ શબ્દો
મેવાડનો જય, એ શબ્દો હૃદયને કેવા પ્રિય લાગે છે! કહે છે
વખતના યુદ્ધમાં મહારાણાએ મોગલ સરદાર ફરિદખાને
મારી વિજય મેળવ્યો છે અને મંત્રીશ્વર ભામાશાહે મહારા
ચંદ્રસિંહની તલવારના ભોગ થતાં બચાવી લઈ મેવાડના
ઉજ્વળ બનાવ્યું છે! આવા વિજયી યુદ્ધમાં મારાથી કાંઈપણ
ક્રમ ન થઇ શક્યું, એ કેવી દીલગીરીની વાત કહેવાય ? ઠીક.
મારાથી યુદ્ધમાં પરાક્રમ થાય કે ન થાય, એની મારે ચિંતા
નિરૂપયોગી છે. ઉપયોગી માત્ર એટલું જ છે કે ગમે તે ઉપાયે
વાડનો વિજય થવો જોઇએ. અને તેની સ્વતંત્રતા સચવાવી
જોઇએ. શાસનદેવો ! મારી આ પ્રાર્થના સાંભળશો ?..."

ક્ષણવાર તેની વાચા બંધ રહ્યા પછી તેના મુખમાંથી
વાગ્ધારા નીકળવા લાગી:—

" અને કુસુમ, પ્યારી કુસમ;એને હું કેમ વિસરી શકું ?
હૃદયની દેવીને વિસારી દઉં, એવો હું નિષ્ઠુર છું ? નહિ.
પણ નહિ; પરંતુ તે મારાથી કાંઇક બેદરકાર રહેતી કેમ
છે ? તેનો પ્રેમ; એમાં તો મને શંકા લેવાનું કશું કારણ
સુધી મળ્યું નથી. ત્યારે શું તે અભિમાનિની છે ? હા, તેના
નથી કાંઇક એમ જણાય છે ખરૂં; પરંતુ એમ માનવાનું કારણ
તે મેવાડના મંત્રીશ્વર ભામાશાહની પુત્રી છે, જ્યારે હું
ન્ય સુ[illegible]. વળી આજ બે દિવસ થયા છતાં તે મારી તબિયત
ખબર પુછ[illegible] પણ આવી નથી, એ તેનું અભિમાન નહિ તો
[illegible] ? ભલે તે અભિમાન રાખવા દો; મને તેના અભિમાનની
[illegible] છે ? હું તો તેને મારા ખરા હૃદયથી ચાહું છું અને
[illegible] તેવા જ પ્રેમથી ચાહીશ, એ નિશ્ચિત છે. ઠીક,
ને મારા કપાળને કોણ દબાવી રહ્યું છે ? કેવો

કર્મસિંહે ઉત્તર આપ્યો. "કુસુમ! ગયા બે દિવસોમાં તમારા પિતાશ્રી તથા તમારા બંધુ વિગેરેની હાજરી મારી પાસે કાયમની હતી એટલે તમે તેમની લજ્જાના કારણથી અહીં ન આવી શકો, એ સર્વથા સ્વાભાવિક જ હતું અને તેથી તમારે તે માટે ક્ષમા માગવાની અગત્ય નથી. તમારા હૃદયમાં મારા માટે જે પ્રેમ રહેલો છે, તેને હું સારી રીતે જાણું છું અને તેથી તમારી ગેરહાજરીથી તેમાં ન્યુનતા આવતી હોય, એમ હું માનતો નથી."

"તમારી એ માન્યતા તમારા ઉદાર સ્વભાવની સાક્ષી પુરે છે; પરંતુ મને તો હું તમારી પાસે ન આવી શકી, એ માટે બહુ જ દીલગીરી થાય છે અને તેથી તમે મને 'હું તને માફ કરૂં છું' એમ જ્યાંસુધી કહેશો નહિ, ત્યાંસુધી મારા હૃદયનો ભાર ઓછો થશે નહિ." કુસુમે વિનંતિભર્યા અવાજે કહ્યું.

"કુસુમ! મારા એ શબ્દોથી જ જો તમારી દીલગીરી દૂર થાય તેમ હોય, તો મને તેમ કહેવાને કશી પણ હરકત નથી. હું તને માફ કરૂં છું, પ્યારી કુસુમ! પછી છે કાંઇ?" કર્મસિંહે તેને માફી આપતાં પૂછયું.

"બસ, એજ મને જોઇતું હતું; મારા જીવને હવે શાંતિ થશે અને હૃદય હલકું થશે. પ્યારા કર્મસિંહ! જીવનના દેવતા! શરીર, મન અને આત્માના નાયક! ખરેખર.... ...." કુસુમ આગળ બોલવા જતી હતી; પરંતુ એટલામાં ઓરડાના દ્વારને ખખડતુ સાંભળી તે ચુપ થઇને દ્વાર તરફ જોઇ રહી.

"બ્હેન! કર્મસિંહની તબિયત કેમ છે? કુમાર અમરસિંહ તથા રણવીરસિંહ તેમની તબિયતની ખબર પૂછવા આવ્યા છે." ઓરડાની બહારથી કૃષ્ણલાલનો અવાજ આવ્યો.

"ભાઇ! અંદર આવો." એમ કહી કુસુમ ઓરડાના બીજા દ્વારથી એકદમ અન્યત્ર ચાલી ગઇ.

કુમાર અમરસિંહ, રણવીરસિંહ તથા કૃષ્ણલાલ ત્રણે ઓરડાની અંદર આવ્યા. તેમને આવતાં જોઇને કર્મસિંહે ઘટિત આવકાર આપ્યો. ત્રણે જણા યોગ્ય સ્થળે બેઠા, તે પછી કર્મસિંહે પુછયું. "કેમ કૃષ્ણલાલ! કાંઇ નવિન ખબર છે?"

મને મારી સાથે પ્રેમસંભાષણ કરતાં અટકાવી કર્ત્તવ્યની સૂચના કરી હતી, તે માટે તમે મને એ પ્રશ્ન પૂછોછોને ? "

કુસુમ ! " કર્મસિંહે પથારીમાંથી ઉઠીને બેસતાં કહ્યું. "મેં તમને એ પ્રશ્ન માત્ર તમારી મીઠી મશ્કરી કરવા ખાતર જ પૂછ્યો હતો; તેમ છતાં જો તમને એથી વિરૂદ્ધ અસર થઈ હોય તો હું તે માટે દીલગીર છું અને મારા બોલેલા શબ્દો પાછા ખેંચી લઉં છું."

" મને તમારા પ્રશ્નથી જરા પણ વિરૂદ્ધ અસર થઇ નથી; પરંતુ મેં એ સમયે વાપરેલા ડહાપણ માટે મને અત્યારે સહેજ દીલગીરી અને ખિન્નતા થતી હોવાથી તમને એમ જણાયું હશે. જવાદો એ વાતને; કેમકે એવી અર્થહીન વાતો કરવાનો અત્યારે પ્રસંગ તેમજ સમય નથી. કર્મસિંહ ! તમે પથારીમાં શા માટે બેઠા છો ? બેસવાથી તમને શ્રમ પડશે; માટે સુઇ જાઓ અને બની શકે તો નિદ્રા પણ લો; હું તમારા મસ્તકને દબાવતી અહીં બેઠી છું. કુસુમે એમ કહી કર્મસિંહને પથારીમાં તેની ઇચ્છા નહિ હોવા છતાં પણ સુઇ જવાનો આગ્રહ કર્યો.

કર્મસિંહે કુસુમની ઇચ્છાને માન આપી પથારીમાં સુઇને કહ્યું. " કુસુમ ! મારી તબિયત હવે સુધારા ઉપર આવતી જાય છે એટલે ચિંતા કરવાનું કાંઈપણ કારણ નથી. વળી તમારા અત્યારના આગમનથી મારા જીવને એટલો બધો કરાર વળ્યો છે કે મારી તબિયત હવે થોડા જ સમયમાં તદ્દન સુધરી જશે, એમ મને જણાય છે. "

" પરમાત્મા મહાવીરની કૃપાથી તમને તુરતમાં આરામ આવી જ જશે; પરંતુ મારો જીવ એટલો બધો ઉદાસીમાં હતો કે ગયા બે દિવસમાં મેં અન્નનો એક દાણો પણ મારા મુખમાં મૂક્યો નથી. અત્યારે તમારી તબિયત સુધારા ઉપર જોઇને મને આનંદ થાય છે. ગયા બે દિવસ મેં કેવી રીતે પસાર કર્યા છે, એ મારું મન જાણે છે, પરંતુ કર્મસિંહ ! તે દરમ્યાન હું તમારી પાસે તબિયત ની ખબર પૂછવા લજ્જાના કારણથી નથી આવી શકી, એ માટે મને હજુ પણ ખેદ થાય છે; શું તમે મને એ માટે માફ નહિ કરો ? " કુસુમે પોતાના હૃદયની વાત કહીને આર્જવતાથી પૂછ્યું.

" બહુ સારૂ; મહારાણાને એ ખબર આપવાને હું જઉં છું. " કૃષ્ણલાલે ઉભા થતાં કહ્યું.

" ચાલો, અમે પણ તમારી સાથે આવીએ છીએ. " અમરસિંહ તથા રણવીરસિંહ એમ કહી ઉભા થયા.

ત્રણે જણા કર્મસિંહને અશ્વાસન આપી તથા તબિયત માટે ઘટતી કાળજી રાખવાની સૂચના કરી ચાલ્યા ગયા.

કુસુમ પોતાના ભાઈ વગેરેને કર્મસિંહની તબિયત જોવાને આવેલા જાણી ઓરડાના બીજા દ્વારથી બહાર નીકળી ગઇ હતી, એ આપણે વાંચી ગયા છીએ. કુસુમ એ દ્વારથી બહાર નીકળી અને જરા આગળ ચાલી કે તુરતજ તેના ભાઇ કૃષ્ણલાલની પત્ની મનોરમા તેને સામી મળી. મનોરમા કુસુમથી એ ત્રણ વર્ષ મોટી હતી અને તેથી લગભગ સરખી વયની એ બન્ને નણંદ અને ભાભી વચ્ચે સખીભાવ હતો. મનોરમાએ પોતાની નણંદ કુસુમને ઉતાવળી ઉતાવળી ચાલી આવતી જોઇને મશ્કરીની ઢબથી પૂછયું. " કુસુમ બ્હેન ! આમ ઉતાવળાં ઉતાવળાં કયાંથી આવો છો ? "

કુસમે ઉત્તર આપ્યો. " કયાંથી કેમ ? રાજકુમારી કમળા બ્હેનને ત્યાંથી. "

" ખોટું બોલોમાં; હું કાંઇ તમારી રીતભાતથી અજાણી નથી કે મને ઉડાવો છો. " મનોરમાએ મંદ હાસ્ય કરીને કહ્યું.

" મારા સમ, ભાભી ! હું રાજકુમારીના આવાસથી જ આવું છું. " કુસમે કહ્યું.

" ખોટી વાત; તમે તો સાવ જુઠાજ છો. શું હું નથી સમજી શકતી કે તમે કર્મસિંહ પાસેથી આવો છો ? જુઓ, કુસુમ બ્હેન ! તમે કર્મસિંહ પાસે બેઠા હશો અને કોઇ તેમની તબિયત જોવા આવી ચડયું હશે એટલે તમે એકદમ ભાગી આવ્યા છો. કહો, મારી ધારણા ખરી છે કે નહિ ? " મનોરમાએ કહ્યું.

" માનો કે તમારી ધારણા ખરી છે; પરંતુ તમે તેથી કહેવા શું માગો છો ? " કુસમે પૂછયું.

" મારૂં કહેવાનું એટલું જ છે કે તમે ખરેખરી વાત કહી

"આવા કટોકટીના સમયે નવિન ખબર હોવાનું સ્વાભાવિક છે. પરંતુ તમારી તબિયતને હવે કેમ છે?" કુમાર અમરસિંહે સામો સવાલ કર્યો.

"મારી તબીયત હવે સુધરતી જાય છે અને મને આશા છે કે એકાદ અઠવાડીયામાં તો તદ્દન સુધરી જશે." કર્મસિંહે ઉત્તર આપ્યો.

"બહુ સારૂ; તમારી તબિયત સુધરતી જાણી અમે બહુ ખુશી થયા છીએ અને ભગવાન્ એકલિંગજીને પ્રાર્થના કરીએ છીએ કે તમને તુરત આરામ આવી જાય." રણવીરસિંહે કહ્યું.

"રણવીરસિંહજી. તમારી સર્વની શુભેચ્છા માટે હું તમારો આભાર માનું છું." કર્મસિંહે કૃતજ્ઞતા દર્શાવતાં કહ્યું.

"એમાં આભાર માનવાની કશી પણ અગત્ય નથી, કર્મસિંહ!" રણવીરસિંહે કહ્યું.

"આભાર માનવાની અગત્ય ન હોય તો ભલે; પરંતુ યુદ્ધ સંબંધી કાંઈ ખબર મળી છે કે નહિ?" કર્મસિંહે પૂછયું.

"નવી નવી ખબરો તો ઘડીયે ઘડીયે મળતી રહે છે, પરંતુ હમણાં જ એક ભીલ ખબર લાવ્યો છે, તે જરા ચિંતાજનક છે. આ વખતની તેમની હારથી મોગલો એટલા બધા ખીજવાઈ ગયા છે કે તેઓ એક મોટું સૈન્ય લઈને ચપ્પન ઉપર પુનઃ ચડી આવવાની તૈયારી કરે છે અને તેથી મહારાણા વગેરેનો એવો મત છે કે આપણે આ સ્થળનો એકદમ ત્યાગ કરવો; પરંતુ તમારી તબીયત બરાબર સુધરી હોય, તોજ આપણે આજકાલ જઈ શકીએ તેમ છીએ." કૃષ્ણલાલે ઉત્તર આપ્યો.

"આ સ્થળનો ત્યાગ કરવાનું નક્કી થઈ ગયું હોય તો તમારે કોઈએ મારી ચિંતા કરવાનું કશું પણ પ્રયોજન નથી; કેમકે મારી તબિયત જો કે તદ્દન સુધરી નથી; તો પણ હું તમારી સાથે જ્યાં જાઓ ત્યાં આવવાને તૈયાર જ છું. મહારાણાને ખબર આપો કે મારી તબિયત સુધરતાં સુધી રાહ જોવાની કાંઈ પણ અગત્ય નથી." કર્મસિંહે દ્દઢતાથી કહ્યું.

દેતા હો તો, તમને કોણ ઠબકો આપે છે ? પણ કુસુમ બ્હેન ! તમે તો હવે સાવ નિર્લજ્જ થઇ ગયા છો હો ? કર્મસિંહ સાથે તમારો તો હજુ સગપણસંબંધ જ થયો છે, એટલામાં દિવાના બની ગયા છો કે શું ? અમે જો કે પરણેલા છીએ, તો પણ પતિ પાછળ તમારી જેમ ગાંડા થઇને ફરતા નથી. હવે તો તમારા લગ્ન થાય તો જ સારૂં; તમારા ભાઇને આજેજ હું તે વિષે આગ્રહ કરીશ. " મનોરમા એમ કહીને હસવા લાગી.

" ભાભી ! " કુસમે કૃત્રિમ ક્રોધપૂર્વક કહ્યું. " તમને તો બધી બાબતમાં બીજાની મશ્કરી કરવાનું જ આવડે છે; પરંતુ પોતે કેવા શાણી સીતા છે, તેનો તો કાંઇ વિચાર જ કરતા નથી. તમે પણ કયા મારામાંથી જાઓ એવા ભોળા છો ? "

" અમે ગમે તેવા છીએ, તે અમારૂં મન જાણે છે; પરંતુ તમારાથી તો સારા, એ ચોકસ માનજો. " એમ કહી મનોરમા કુસુમને ચુંટીઓ ખણવા લાગી.

કુસુમ સીત્કાર કરતી જરા દૂર ખસી ગઇ અને કાંઇક કહેવા જતી હતી એટલામાં કૃષ્ણલાલ આવી પહોંચ્યો. તેણે આવતાંવેંત જ પૂછ્યું. " શી વાતો કરો છો, કુસુમ ! "

કુસમે કાંઇ જવાબ આપ્યો નહિ એટલે મનોરમાએ હસતાં હસતાં કહ્યું. વાતો તો એજ છે કે હવે કુસુમ બ્હેનનાં લગ્ન ક્યારે કરશો ? "

કુસુમ શરમથી નીચું જોઇ ગઇ અને મનોરમાને બળપૂર્વક ખેંચીને ત્યાંથી દૂરના ઓરડામાં લઇ ગઇ. કૃષ્ણલાલ તેમનું આ નાટક જોઇને હસતો હસતો પોતાના ઓરડામાં ચાલ્યો ગયો.



પ્રકરણ ૧૮ મું.

આચાર્ય શ્રી હીરવિજયસૂરિ.

" Lives of great men all remind us
We can make our lives sublime,
And, departing, leave behind us
Footprints on the sands of time. "

મહાપુરૂષના જીવનનું વાંચન અને તેનો અભ્યાસ સામાન્ય મનુષ્યવર્ગને પોતાના જીવનના નિશ્ચયોને નક્કી કરવા સરસથઇ પડે છે. આ કારણથીજ વિવેકી વિદ્વાનો પૂર્વે મહાપુરૂષોના જીવન ઇતિહાસને આલેખી તેને જનસમાજ સમક્ષ મૂકવાનું પસંદ કરે છે. પ્રાચીન સમયમાં જે જે મહાન્ વ્યક્તિઓ થઇ ગઇ છે, તે સર્વનો સંપૂર્ણ અને સર્વથા વિશ્વાસપાત્ર ઇતિહાસ હાલના સમયમાં મળતો નથી, એ જો કે અસત્ય તો નથી; તો પણ તેવી ઉત્તમ અને ચારિત્રસંપન્ન વ્યક્તિઓનો જેટલો ઇતિહાસ ઉપલબ્ધ થાય તેટલાને આલેખવાની ફરજ પ્રત્યેક સમાજના વિદ્વાનો ઉપર અને તેને પ્રગટ કરવાની ફરજ શ્રીમંતો ઉપર રહેલી છે. હિન્દુસ્થાન દેશમાં ઘણાં ધર્મો અને ઘણી જાતિઓ લાંબા કાળથી અસ્તિત્વ ધરાવતાં આવે છે અને તેમાં ઘણી મહાન વ્યક્તિઓ થઇ ગઇ છે, એ આપણે જાણીએ છીએ. દરેક મહાનુભાવ વ્યક્તિએ સમયને અનુલક્ષી ધર્મ, સમાજ કે દેશનું કલ્યાણ કરવામાં તનતોડ પ્રયાસો કરેલાં છે, એ પણ આપણે જાણીએ છીએ; પરંતુ જૈન ધર્મ કિંવા જૈન સમાજમાં જે જે મહાન્ મનુષ્યો થઇ ગયાં છે તે વિષે જનસમાજની દૃષ્ટિએ અન્ય ધર્મનાં મહાન મનુષ્યો કરતાં ઘણુંજ થોડું જાણવામાં આવ્યું છે. ભગવાન મહાવીરને વર્ત્તમાનમાં જૈન શાસનના નાયક ગણવામાં આવતા હોવાથી તેમના પહેલાના ઇતિહાસને આપણે બાજુએ રાખીએ; તો પણ ભગવાન્ મહાવીર

પછી ઘણાં જૈનાચાર્યો, ઘણાં જૈન વિદ્વાનો, ઘણાં જૈન રાજાઓ અ ઘણાં જૈન મંત્રીઓ થઇ ગયા છે કે જેમણે માત્ર પોતાના ધર્મ સમાજનું જ નહિ; કિન્તુ સમસ્ત દેશનું અને સમસ્ત માનવસમ જનું હિત કરવામાં અગ્ર ભાગ લીધો હતો. અત્રે અમે હીરવિજયસૂરિ કે જેઓ સમર્થ વિદ્વાન્ અને મહાન્ પ્રભાવિ જૈનાચાર્ય હતા, તેમનાં પરોપકારી અને નિઃસ્વાર્થી જીવનને વાંચક બંધુઓને પરિચય કરાવવાને માટે પ્રવૃત્તિ કરેલી છે. આઇન ઇ-અકબરીના બીજા ભાગનું ૩૦ મું પ્રકરણ "તે કાળના વિદ્વા પુરૂષો સંબંધી છે. તેમાં કેટલાક મહાપુરૂષોની નામાવલી ગોઠવેલ છે. આ નામાવલીનું ૧૬ મું નામ હીરવિજયસૂરિનું છે. આ હીરવિજય સૂરિ તે સમયના એક સમર્થ આચાર્ય હતા અને તેમના સદુપદેશનો પ્રભાવ મોગલ શહેનશાહ અકબરના ચારિ ઉપર એટલો તો સચ્ચોટ પડેલો હતો કે તેમને પોતાના ગુરૂ તરીકે ગણેલા હતા. એક વિજાતીય અને વિધર્મી બાદશાહ પોતાના ગુરૂ તરીકે જૈનાચાર્યને માને અને તદનુસાર તેમનું માન સાચવે, એ બનાવ પ્રત્યેક જૈનને અભિમાન લેવા જેવો છે એટલુંજ નહિ, પણ તેથી તે જૈનાચાર્ય કેવા અને કેટલા બધા સમર્થ વિદ્વાન અને વિશ્વના ભેદ તથા તત્ત્વોના જ્ઞાતા હોવા જોઇએ, એ પણ આપણે સારી રીતે જાણી શકીએ તેમ છે. શહેનશાહ અકબરનું પ્રાથમિક જીવન બહુ વખાણવા લાયક નહોતું, એ તેની કેટલેક અંશે ક્રુરતા અને વિષય-લોલુપતાથી સાબિત થાય છે; પરંતુ જ્યારથી તેને શ્રી હીરવિજયસૂરિનો સમાગમ થયો હતો, ત્યારથી તેને જીવનમાં ઘણા મહત્ત્વનો ફેરફાર થઇ ગયો હતો, એ ઇતિહાસના વાંચનથી જાણી શકાય તેમ છે.

સુપ્રસિદ્ધ ઓસવાળ વંશમાં હીરવિજય સૂરિનો જન્મ થયો હતો. ગુજરાતમાં આવેલા પ્રહ્લાદ પાટણ (પાલણપુર) માં કુંરા શાહ નામે એક જૈનધર્મી વણિક રહેતો હતો. આ કુંરાશાહને નાથી નામે સ્ત્રી હતી. કુંરાશાહ અને નાથી ઉભય પતિ-પત્ની પવિત્ર મનનાં, ઉત્કટ વિચારના, સદ્ગુણી, પરોપકારી, દયાળુ અને ધર્મપ્રત્યે પ્રીતિવાળાં હતાં. વિશેષમાં આ દંપતી વચ્ચે ગાઢ પ્રેમ

હતો અને એ શુદ્ધ અને નિર્મળ પ્રેમના ફળરૂપે તેમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ અનુક્રમે થયાં હતાં. ત્યારબાદ કેટલોક સમય વિત્યા પછી કુંરાશાહને પોતાની પત્ની નાથીથી ચોથા પુત્રરત્ન હીરવિજયસૂરિની પ્રાપ્તિ થઈ. તેમનો જન્મ વિક્રમ સંવત ૧૫૮૩ (ઇ. સ. ૧૫૨૬–૨૭) માં માર્ગશિર્ષ શુદિ ૯ ને સોમવારે થયો હતો. હીરવિજયમાં બાલ્યાવસ્થાથી જ ઉત્તમ ગુણો અને લક્ષણોનો વાસ થયેલો હતો. તેમણે પોતાની દશ–બાર વર્ષની અવસ્થા થઈ, તે પહેલાં વ્યાવહારિક વિષયનો જરૂર જેટલો અભ્યાસ કરી લીધો હતો અને તે ઉપરાંત એક વિદ્વાન અને શાંત પ્રકૃતિના મુનિ પાસે રહીને ધાર્મિક જ્ઞાન પણ મેળવી લીધું હતું. જે જે મહાપુરૂષો આ અવનીતલ ઉપર થઈ ગયા છે, તેઓ સર્વે સંસારની માયાજાળને વિષમ પ્રકારની ગણીને તેનાથી દૂર રહેવાનું જ પસંદ કરીને પ્રાય: વૈરાગ્યવૃત્તિને ધારણ કરનારા હોય છે. મુનિના સહવાસ અને ધાર્મિક જ્ઞાનના સેવનથી હીરવિજયનું મન પણ સંસાર ઉપરથી ઉઠી ગયું હતું અને વૈરાગ્ય તરફ ખેંચાવા લાગ્યું હતું અને તેથી તે વ્યાવહારિક કાર્યોમાં રસપૂર્વક ભાગ લેતા નહોતા. જ્યારે હીરવિજયનું વય તેર વર્ષનું થયું, ત્યારે તેમનાં માતાપિતાનો સ્વર્ગવાસ થયો. હીરવિજયને માતા–પિતા ઉપર બહુજ ભક્તિભાવ હતો અને તેથી તેમનાં મૃત્યુથી તેના હૃદય ઉપર સચ્ચોટ અસર થઇ અને તેનું ચિત્ત વિશેષ ઉદાસિન વૃત્તિને ધારણ કરતું ગયું. કેટલોક સમય વિત્યા બાદ હીરવિજય પોતાની બ્હેનને મળવાને માટે પાટણ ગયા. પાટણમાં રહેતી તેમની બ્હેનનું નામ વિમળા હતું. વિમળા બહુજ સદ્દગુણી અને સુશીલા હતી અને તેથી તેણે પોતાના ભાઈને આવેલો જાણી તેને પ્રેમથી વધાવી લીધો અને તેના ઉદાસિન ચિત્તને શાંત કરવાનો પ્રયાસ કરવા લાગી; પરંતુ એથી હીરવિજયના મન ઉપર કશી અસર થવા પામી નહિ. આ સમયે પાટણમાં શ્રી વિજયદાનસૂરિ નામક જૈનાચાર્ય પોતાની પવિત્ર અને હૃદયંગમ ઉપદેશવાણીથી ભવ્યજીવોને પ્રબોધી રહ્યા હતા. આ આચાર્ય ઘણા જ પ્રતાપી અને વિદ્વાન હતા અને તેથી તેમની સુકીર્તિ ગુજરાત, રાજસ્થાન, કચ્છ વગેરે દેશોમાં પ્રસરી રહેલી

પણ ઘણા જૈનાચાર્યો, ઘણાં જૈન વિદ્વાનો, ઘણાં જૈન રાજાઓ ત ઘણા જૈન મંત્રીઓ થઇ ગયા છે કે જેમણે માત્ર પોતાના ધર્મ સમાજનું જ નહિ; કિન્તુ સમસ્ત દેશનું અને સમસ્ત માનવસમા જનું હિત કરવામાં અગ્ર ભાગ લીધો હતો. અત્રે અમે શ્રી હીરવિજયસૂરિ કે જેઓ સમર્થ વિદ્વાન્ અને મહાન્ પ્રભાવિ જૈનાચાર્ય હતા, તેમનાં પરોપકારી અને નિઃસ્વાર્થી જીવનનો વાંચક બંધુઓને પરિચય કરાવવાને માટે પ્રવૃત્તિ કરેલી છે. આઇ ઇ–અકબરીના બીજા ભાગનું ૩૦ મું પ્રકરણ “ તે કાળના વિદ્વાન પુરૂષો સંબંધી છે. તેમાં કેટલાક મહાપુરૂષોની નામાવલી ગોઠવેલ છે. આ નામાવલીનું ૧૬ મું નામ હીરવિજયસૂરિનું છે. આ હીરવિજય સૂરિ તે સમયના એક સમર્થ આચાર્ય હતા અને તેમના સદુપદેશનો પ્રભાવ મોગલ શનેહશાહ અકબરના ચારિ ઉપર એટલો તો સચ્ચોટ પડેલો હતો કે તેમને પોતાના ગુરૂ તરીકે ગણેલા હતા. એક વિજાતીય અને વિધર્મી બાદશાહ પોતાના ગુરૂ તરીકે જૈનાચાર્યને માને અને તદનુસાર તેમનું માન સાચવે, એ બનાવ પ્રત્યેક જૈનને અભિમાન લેવા જેવો છે એટલુંજ નહિ, પણ તેથી તે જૈનાચાર્ય કેવા અને કેટલા બધા સમર્થ વિદ્વાન અને વિશ્વના ભેદ તથા તત્ત્વોના જ્ઞાતા હોવા જોઇએ, એ પણ આપણે સારી રીતે જાણી શકીએ તેમ છે. શનેહશાહ અકબરનું પ્રાથમિક જીવન બહુ વખાણવા લાયક નહોતું, એ તેની કેટલેક અંશે ક્રુરતા અને વિષય-લોલુપતાથી સાબિત થાય છે; પરંતુ જ્યારથી તેને શ્રી હીરવિજયસૂરિનો સમાગમ થયો હતો, ત્યારથી તેને જીવનમાં ઘણા મહત્ત્વનો ફેરફાર થઇ ગયો હતો, એ ઇતિહાસના વાંચનથી જાણી શકાય તેમ છે.

સુપ્રસિદ્ધ ઓશવાળ વંશમાં હીરવિજય સૂરિનો જન્મ થયો હતો. ગુજરાતમાં આવેલા પ્રહ્લાદ પાટણ (પાલણપુર) માં કુંરા શાહ નામે એક જૈનધર્મી વણિક રહેતો હતો. આ કુંરાશાહને નાથી નામે સ્ત્રી હતી. કુંરાશાહ અને નાથી ઉભય પતિ–પત્ની પવિત્ર મનનાં, ઉમદા વિચારનાં, સદ્દગુણી, પરોપકારી, દયાળુ અને ધર્મપ્રત્યે પ્રીતિવાળાં હતાં. વિશેષમાં આ દંપતી વચ્ચે ગાઢ પ્રેમ

હતો અને એ શુદ્ધ અને નિર્મળ પ્રેમના ફળરૂપે તેમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ અનુક્રમે થયાં હતાં. ત્યારબાદ કેટલોક સમય વિત્યા પછી કુંરાશાહને પોતાની પત્ની નાથીથી ચોથા પુત્રરત્ન હીરવિજયસૂરિની પ્રાપ્તિ થઈ. તેમનો જન્મ વિક્રમ સંવત્ ૧૫૮૩ (ઇ. સ. ૧૫૨૬-૨૭) માં માર્ગશિર્ષ શુદિ ૯ ને સોમવારે થયો હતો. હીરવિજયમાં બાલ્યાવસ્થાથી જ ઉત્તમ ગુણો અને લક્ષણોનો વાસ થયેલો હતો. તેમણે પોતાની દશ-બાર વર્ષની અવસ્થા થઈ, તે પહેલાં વ્યાવહારિક વિષયનો જરૂર જેટલો અભ્યાસ કરી લીધો હતો અને તે ઉપરાંત એક વિદ્વાન અને શાંત પ્રકૃતિના મુનિ પાસે રહીને ધાર્મિક જ્ઞાન પણ મેળવી લીધું હતું. જે જે મહાપુરૂષો આ અવનીતલ ઉપર થઈ ગયા છે, તેઓ સર્વે સંસારની માયાજાળને વિષમ પ્રકારની ગણીને તેનાથી દૂર રહેવાનું જ પસંદ કરીને પ્રાયઃ વૈરાગ્યવૃત્તિને ધારણ કરનારા હોય છે. મુનિના સહવાસ અને ધાર્મિક જ્ઞાનના સેવનથી હીરવિજયનું મન પણ સંસાર ઉપરથી ઉઠી ગયું હતું અને વૈરાગ્ય તરફ ખેંચાવા લાગ્યું હતું અને તેથી તે વ્યાવહારિક કાર્યોમાં રસપૂર્વક ભાગ લેતા નહોતા. જ્યારે હીરવિજયનું વય તેર વર્ષનું થયું, ત્યારે તેમનાં માતાપિતાનો સ્વર્ગવાસ થયો. હીરવિજયને માતા-પિતા ઉપર બહુજ ભક્તિભાવ હતો અને તેથી તેમનાં મૃત્યુથી તેના હૃદય ઉપર સચ્ચોટ અસર થઇ અને તેનું ચિત્ત વિશેષ ઉદાસિન વૃત્તિને ધારણ કરતું ગયું. કેટલોક સમય વિત્યા બાદ હીરવિજય પોતાની બ્હેનને મળવાને માટે પાટણ ગયા. પાટણમાં રહેતી તેમની બ્હેનનું નામ વિમળા હતું. વિમળા બહુજ સદ્ગુણી અને સુશીલા હતી એને તેથી તેણે પોતાના ભાઈને આવેલો જાણી તેને પ્રેમથી વધાવી લીધો અને તેના ઉદાસિન ચિત્તને શાંત કરવાનો પ્રયાસ કરવા લાગી; પરંતુ એથી હીરવિજયના મન ઉપર કશી અસર થવા પામી નહિં. આ સમયે પાટણમાં શ્રી વિજયદાનસૂરિ નામક જૈનાચાર્ય પોતાની પવિત્ર અને હૃદયંગમ ઉપદેશવાણીથી ભવ્યજીવોને પ્રબોધી રહ્યા હતા. આ આચાર્ય ઘણા જ પ્રતાપી અને વિદ્વાન હતા અને તેથી તેમની સુકીર્તિ ગુજરાત, રાજસ્થાન, કચ્છ વગેરે દેશોમાં પ્રસરી રહેલી

હતી. હીરવિજય આવા એક વિદ્વાન આચાર્યની શોધમાં હોવાથી તેમણે તેમનો સમાગમ કર્યો અને ધીરે ધીરે વધાર્યો વિજયદાનસૂરિની નમ્રતા, તેમનો શાંત સ્વભાવ, તેમની કરુણા વિશાળ દૃષ્ટિ અને તેમના સુંદર ઉપદેશની સચોટ છાપ હીરવિ યના હૃદય ઉપર એટલે સુધી પડી ગઇ કે તેમનું ચિત્ત વૈરાગ્ય વમાં વધુને વધુ પ્રવૃત્તિ કરતું ગયું અને છેવટે તે તેમની પા દીક્ષા લેવાને પણ તૈયાર થઇ ગયા. આ વાતની તેમની બ્હેન વિમ ળાને ખબર પડતાં તેણે પોતાના ભાઇને એક દિવસે એકાંતમ બોલાવીને કહ્યું. " ભાઇ ! મેં સાંભળ્યું છે કે તમે સંસારને ત્યાગ કરી આચાર્યમહારાજ પાસે દીક્ષા લેવાના છો; શું આ વાત સાચી છે ? જો સાચી હોય, તો મારે તમને કહેવું જોઇએ કે દીક્ષા લેવી એ કાંઇ રમત વાત નથી. દીક્ષા અથવા સંયમવૃત્ત એ નામ ઘણું સુંદર છે, પરંતુ ડુંગર દૂરથી જેમ રળિયામણો લાગે છે, તેમ દીક્ષા એ નામમાત્રથી જ સુંદર લાગે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરાદિ આંતર શત્રુઓ ઉપર વિજય મેળવવો, એ સરલ વાત નથી; માટે સંયમવૃત્ત અંગિકાર કરવાના વિચારને હૃદયમાંથી કહાડી નાંખી આપણા બીજા બંધુઓની જેમ એક ગુણી અને સ્વરૂપવતી કન્યા સાથે લગ્ન કરીને સંસારના સુખને હાલ તો ભોગવો એવી મારી ઇચ્છા છે. "

હીરવિજયે સંપૂર્ણ શાંતિથી કહ્યું. " બ્હેન તમે જે વાત સાંભળી છે, તે સત્ય જ છે. તમે સંયમવૃત્તને મુશ્કેલી ભર્યું કાર્ય જણાવો છો, એ તમારૂં કથન ગેરવ્યાજબી નથી; પરંતુ મેં એ મુશ્કેલ કાર્યને સાધવાનો નિશ્ચય કરેલો હોવાથી સંસારના સુખને ભોગવવાની મારી ઇચ્છા નથી. બ્હેન ! તમે વિચાર કરો કે આ આત્માએ અનેક વખત સંસારના સુખોને અનુભવ્યાં હશે; તો પણ તેને તૃપ્તિ થઇ નથી, એનું શું કારણ ? એનું કારણ એજ કે સંસારનાં એ કહેવાતાં સુખો ખરી રીતે સુખો નથી, પણ સુખોનો માત્ર આભાસ જ છે અને તેથી તેમાં આત્માની તૃપ્તિ થતી નથી. વસ્તુસ્થિતિ જ્યારે આવી છે અને તેનું મને જ્યારે સત્ય જ્ઞાન થયું છે, ત્યારે એ નાશવંત, ક્ષણિક અને અંતે દુઃખદાયી સુખોને વાર

દાર મેળવવાને માટે મારે શામાટે મારા દુર્લભ મનુષ્ય અવતારને વૃથા ગુમાવવો જોઇએ ? બ્હેન ! તમે સુખ કોને કહો છો ? સંસારમાં સુખ જેવી વસ્તુ કઇ છે ? એક તરફ મુસલમાનો અને રાજપૂતો લડે છે અને બીજી તરફ ખુદ હિન્દુઓ જ માંહોમાંહે યુદ્ધ કરી રહ્યા છે અને આ યુદ્ધમાં–માનવોની સ્વાર્થયુક્ત લડાઇમાં હજારો મનુષ્યોની કત્લ થાય છે અને લોહીની નદીઓ વહે છે; શું આ સુખ છે ? બહારથી ઐશ્વર્યવાન અને દમામદાર જણાતાં બાદશાહો અને રાજાઓ અંતરથી દિનરાત રાજ ખટપટ અને પોતાની સત્તા નભાવી રાખવાના ક્રૂર કાવત્રામા પીડાતા જણાય છે; શું તેઓ સુખી છે ? શ્રીમંત મનુષ્યો ધનને અધિક અને અધિક વધારવામાં પોતાના જીવનને ગાળતાં હોય છે; શું તેમને સત્ય સુખનું એકાદ સ્વપ્ન પણ આવતું હશે ખરૂં કે ? ગરીબ મનુષ્યો પોતાની આજીવિકા માટે સખત દોડધામ કરતાં જોવામાં આવે છે; શું તેમને ખરા સુખનો અનુભવ થતો હશે કે ? આવી રીતે દોડધામવાળી અને જીવનનો હ્રાસ કરનારી અનિષ્ટ પ્રવૃત્તિમાં દુનિયા સંડોવાયલી હોવા છતાં શું તમે તેને સુખી માનો છો ? તમે ભૂલો છો; સુખ ક્યાં છે ? કામ, ક્રોધાદિ શત્રુઓને જીતવામાં, ચંચળ ઇન્દ્રિયોને વશ કરવામાં, એકાગ્ર ધ્યાને આત્મસ્વરૂપનું ચિંતન કરવામાં, પરમાત્મા મહાવીરના પગલે ચાલવામાં અને દેશનું, સમાજનું અને પ્રાણીમાત્રનું કલ્યાણ કરવાની પ્રવૃત્તિમાં જ હું ખરા સુખને જોઈ શકું છું અને તેથી તે મેળવવાને માટે મેં દીક્ષા ગ્રહણ કરવાને વિચાર રાખ્યો છે; માટે બ્હેન ! હું તમારી ઇચ્છાને માન આપી શકતો નથી, તે માટે મને ક્ષમા આપો અને સાથે સાથે દીક્ષા લેવાની રજા પણ આપો; કેમકે તમે મારી મોટી બ્હેન હોવાથી તમારી આજ્ઞા મેળવવી, એ મારૂં કર્તવ્ય છે.”

તેર–ચૌદ વર્ષની ઉમ્મરના હીરવિજયના મુખમાંથી આવા જ્ઞાનના શબ્દો નીકળતાં સાંભળી વાંચકમહાશયોને કદાચ આશ્ચર્ય થશે; પરંતુ જે મહાપુરૂષો થવાને જન્મેલા છે, તેઓ બાલ્યાવસ્થાથી જ જ્ઞાની અને અનુભવી હોય છે, એ ઇતિહાસપ્રસિદ્ધ વાત છે અને તેથી તેમાં આશ્ચર્ય પામવાનું કે શંકા લાવવાનું પ્રયોજન રહેતું નથી.

શિમળા પોતાના લઘુ બંધુની દ્રઢતા સમજી ગઈ અને તેથી તે પોતાનો આગ્રહ છોડી દઈને કહ્યું. "ભાઈ! તમે જ્યારે આટલી હદ સુધી સત્યનું શોધન કર્યું છે અને તેથી દીક્ષા લેવાના દ્રઢ નિશ્ચ ઉપર આવી ગયા છો, ત્યારે હું તમને તેમ કરતાં અટકાવવાનું પસંદ કર નથી. તમારા આવા ઉત્તમ વિચારો જાણીને મને બહુજ આનંદ થયે છે અને સાથે સાથે અભિમાન પણ થયું છે. પ્યારા બંધુ! તે ખુશીથી દીક્ષા અંગિકાર કરો અને સત્ય સુખને વરવા ભાગ્યશાળ થાઓ. મારી તમને આશીષ છે."

હીરે પોતાની બ્હેનની આ પ્રમાણે આજ્ઞા મેળવ્યા પછી સંવત ૧૫૯૬, કાર્તિક વદી ર ના રોજ આચાર્યશ્રી વિજયદાનસૂરિ પાસે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી ગુરૂએ તેમનું બુદ્ધિચાતુર્ય તથા તેમના ઉચ્ચ ગુણો જોઈને તેમને દક્ષિણ પ્રદેશમાં ન્યાયશાસ્ત્રનું અધ્યયન કરવા મોકલ્યા હતા. ત્યાં તેઓ કેટલોક સમય રહી ન્યાય શાસ્ત્રમાં પારંગત થઈને પુનઃ પાટણમાં આવી તેમણે પોતાના પાંડિત્યનું દર્શન કરાવીને પોતાના ગુરૂને પ્રસન્ન કર્યા. ત્યારબાદ શ્રી વિજયદાનસૂરિ પોતાના શિષ્યમંડળ સાથે વિહાર કરતાં કરતાં નારદપુરમાં આવ્યા અને ત્યાં હીરવિજયને 'વાચક' ની ઉપાધિ મળી. શ્રી વિજયદાનસૂરિને જેમ જેમ હીરવિજયનો પરિચય પડતો ગયો, તેમ તેમ તેમને તેમની ઉત્કૃષ્ટ બુદ્ધિ, તેમનાં ઉચ્ચ ગુણો, તેમનું જ્ઞાન, તેમની નમ્રતા અને તેમની નિરાભિમા વૃત્તિની ખબર પડતી ગઈ અને તેથી તેઓ તેમના ઉપર બહુ પ્રસન્ન રહેતા હતા. નારદપુરમાંથી વિહાર કરી તેઓ કેટલોક સમ વિત્યા પછી સિરોહીમાં આવ્યા અને ત્યાંજ ચાતુર્માસ વ્યતિ કરવાનો નિશ્ચય કર્યો. તેઓ ત્યાં ચાતુર્માસ રહ્યા તે દરમ્યાન હીર વિજયની વધુ યોગ્યતા જણાતાં તેમને આચાર્યપદવી આપવાને તેમણે વિચાર કર્યો અને તે માટે સ્થાનીક શ્રી સંઘની શી ઇચ્છા છે, તે જાણી લેવાને માટે તેમણે પોતાનો વિચાર સંઘ સન્મુખ જાહેર કર્યો; સિરોહીના સંઘે તેમના વિચારને ખુશીથી વધાવી લીધો. તે પછી યોગ્ય મુહૂર્તે હીરવિજયને આચાર્યપદવી આપવામાં આવી અને ત્યારથી તેઓ આચાર્ય શ્રી હીરવિજયસૂરિના નામથી ઓળખાવા લાગ્યા.

ચાતુર્માસ સંપૂર્ણ થયા પછી શ્રી વિજયાનંદસૂરિ અન્યત્ર વિહાર કરી ગયા અને છેવટે તેઓ વડલીમાં આવ્યા અને ત્યાંજ કાળધર્મને પામ્યા. શ્રીહીરવિજયસૂરિ પોતાના ગુરૂએ પરલોકગમન કર્યાની ખબર સાંભળતાં જ બહુજ દીલગીર થયા; પરંતુ તત્ત્વદૃષ્ટિથી વિચાર કરીને તેઓએ પોતાના મનનું સમાધાન કરી લીધું અને આચાર્ય તરીકેની જવાબદારી ઉપાડી લઇ જૈનશાસનની ઉન્નતિ કરવાના કાર્યમાં જોડાયા. તેઓ પ્રથમ ત્રંબાવતીમાં આવ્યા. ત્યાંથી ડીસા અને બોરસદ વગેરે સ્થળે વિહાર કરતા અને ભવ્ય જીવોને બોધ આપતા તેઓ ગાંધારબંદરમાં આવીને ચાતુર્માસ રહેવાનો નિશ્ચય કરીને ત્યાંજ રહ્યા.

પ્રસ્તુત નવલકથાના ચૌદમા પ્રકરણમાં બાદશાહ અકબરે શ્રી હીરવિજયસૂરિની અત્યંત પ્રશંસા સાંભળી તેમને પોતાની પાસે પધારવાનું આમંત્રણ કરવા માટે અહમદાબાદના સુબેદાર ઉપર ફરમાનપત્ર લખીને પોતાના બે કર્મચારીઓને મોકલવાની વ્યવસ્થા કરી હતી, એમ આપણે વાંચી ગયા છીએ. તે મુજબ અકબરના એ બે કર્મચારીઓ અહમદાબાદ આવી પહોંચ્યા અને ત્યાંના સુબેદારને બાદશાહનું ફરમાનપત્ર તેઓએ આપ્યું. સુબેદાર શાહબુદ્દીને અહમદાબાદના મુખ્ય મુખ્ય જૈન શ્રાવકોને પોતાની પાસે બોલાવીને બાદશાહનું ફરમાનપત્ર વાંચી સંભળાવ્યું અને શ્રી હીરવિજયસૂરિને શહેનશાહ અકબરની હજુરમાં જવાને માટે આજ્ઞા આપી. તે પછી જૈન શ્રાવકો ગાંધાર ગયા અને સૂરિજીને બાદશાહ અકબરના આમંત્રણની સર્વ હકીકત તેમને કહી સંભળાવી અને પોતાના તરફથી પણ વિનંતિ કરી કે આપ બાદશાહના આમંત્રણને માન આપી તેમની પાસે જશો. તો જૈન શાસનની બહુજ ઉન્નતિ થશે; માટે આપ ચાતુર્માસ વિત્યા બાદ આગ્રા જવાને માટે જરૂર વિહાર કરશો. સૂરિમહારાજે તેમની વાત સાંભળી લઇ વિચાર કર્યો કે શહેનશાહ અકબર સત્યપ્રિય હોવાથી તેની પાસે જઇને તેને સદુપદેશ આપવાથી ધર્મની ખ્યાતિ અને દેશનું હીત થવાનો પૂરતો સંભવ છે. આ પ્રમાણે વિચાર કરી સૂરિજીએ તેમને જણાવ્યું કે તમારી ઇચ્છા એવી છે તો હું ચાતુ-

ર્માસ થઈ રહ્યા બાદ બાદશાહ પાસે જવાને માટે વિહાર કરી શ્રાવકો એ સાંભળીને ખુશી થયા અને ચાતુર્માસને સંપૂર્ણ થ થોડો સમય હોવાથી તેઓ વિહાર થતાં સુધી રોકાયા.

ચાતુર્માસ સંપૂર્ણ થતાં શ્રી હીરવિજયસૂરિએ ગાંધારમાં પોતાના શિષ્યપરિવાર સમેત વિહાર કર્યો. મહી નદી ઉતરી વડ અને ખંભાત થઇને તેઓશ્રી થોડા દિવસમાં અહમદાવાદ આ પહોંચ્યા. અહમદાબાદના જૈનોએ તેમનો મોટા સમારોહ નગરપ્રવેશ કરાવ્યો. સુબેદાર શાહબુદ્દીને તેમને ઘણા જ આદરમા સાથે પોતાના મહેલમાં બોલાવ્યા અને બહુમૂલ્ય હીરા માણિક અને મોતી વગેરે વસ્તુઓ ભેટ કરીને અકબરશાહની ઇચ્છા જણાવી તેમને બાદશાહથી પાસે જવાની વિનંતિ કરી.

સૂરિજીએ જવાબ આપ્યો. “ખાંસાહેબ! સંસારનો ત્યાગ કરીને મેં મુનિજીવનનો સ્વીકાર કરેલો હોવાથી તમે ભેટ કરેલી આ સુંદર અને બહુમૂલ્ય વસ્તુઓને લઇને હું શું કરૂં ?' મારે તેમાંની એક પણ વસ્તુની જરૂર નથી, તેમ નિઃસ્વાર્થી જીવનના અંગે તેનો સ્વીકાર પણ મારાથી થઇ શકે નહિં; માટે તમે તેનો ઉપયોગ નિરા ધાર અને ગરીબ માનવોને અને પ્રાણીઓને બચાવવામાં કરજો એ વી મારી ઇચ્છા છે બાદશાહ અકબરશાહની શુભેચ્છાને માન આપી હું તેમની પાસે જવાને માટેજ વિહાર કરતો કરતો અત્રે આવેલો છું અને તેથી અહીં કેટલોક સમય વિતાવ્યા પછી હું અહીંથી વિહાર કરીને તે તરફ જઈશ; માટે તે દરમ્યાન તેમને મારા વિહાર સંબંધી ખબર પહોંચાડવી હોય તો ખુશીથી પહોંચાડજો.”

શાહબુદ્દીન સૂરિજીની નિઃસ્વાર્થ બુદ્ધિ જોઇને ચકિત થઈ ગયો અને તેમની ઘણીજ પ્રશંસા કરી તેણે કહ્યું. “સૂરિજી! આપના કહેવા મુજબ બાદશાહ સલામતને આપના વિહાર સંબંધી ખબર આજે મોકલાવીશ; માટે આપને જ્યારે અનુકૂળતા હોય, ત્યારે આપ તેમની હજુર જવાને વિહાર કરજો; ઉતાવળ કરવાની કે તકલીફ ઉઠાવવાની કશી અગત્ય નથી.”

ત્યારબાદ જૂદા જૂદા વિષયો ઉપર કેટલોક સમય સુધી

ચાલી રહ્યા પછી સૂરિજી પોતાના નિવાસસ્થાને આવી પહોંચ્યા. અમદાવાદમાં કેટલાક દિવસો સૂરીશ્વરે શાંતિપૂર્વક વ્યતિત કર્યા અને તે પછી બાદશાહે મોકલેલા બન્ને કર્મચારીઓ સાથે પોતાના શિષ્યસમુદાયને લઈ ફતેહપુર જવાને તેમણે વિહાર કર્યો.

પ્રકરણ ૧૯ મું.

વિજય શાથી મળે છે ?

શિયાળાની ઋતુ હતી અને મધ્યાન્હનો સમય હતો. આ વખતે પૃથિવીરાજ પોતાના મહેલના એક ઓરડામાં વિરામાસન ઉપર દીલગીરી ભરેલા ચહેરે બેઠો હતો. તેનો સલાહકારક કરમચંદ તેની સામેના આસન ઉપર બેઠેલો હતો.

"કેમ, કરમચંદ ! મહારાણા પ્રતાપસિંહ તરફથી કાંઈ સમાચાર હમણાં આવ્યા છે કે નહિ ?" પૃથિવીરાજે ખિન્નતાથી પૂછયું.

"જી હા; તેમના તરફથી અગત્યના સમાચાર લઈને એક ભીલ બહુજ સંભાળપૂર્વક અને ગુપ્ત વેશે આજે પ્રાતઃકાળમાં આવી પહોંચ્યો છે અને તેણે આવીને મને મહારાણાનો કાગલ આપ્યો કે તુરતજ હું અહીં આવ્યો હતો; પરંતુ નોકરે આપ બાદશાહની હજુરમાં ગયાની ખબર આપતાં હું પાછો ફર્યો હતો." કરમચંદે મહારાણા તરફથી સમાચાર આવ્યાનો જવાબ આપતાં સાથે સાથે ખુલાસો પણ કર્યો.

"હા, સવારમાં બાદશાહે મને યાદ કરવાથી હું તેમની પાસે ગયો હતો; પરંતુ મહારાણાએ શા સમાચાર મોકલ્યા છે ?" પૃથિવીરાજે પોતે બાદશાહની પાસે ગયાની કબુલાત કરતાં પૂછયું.

કરમચંદે મહારાણાનો કાગલ કહાડી તેને પૃથિવીરાજને આપતાં ઉત્તર આપ્યો. "કોમલમેરનો ત્યાગ કર્યા પછી મહા-

રાજા પોતાના પરિવાર સાથે અપાન પ્રદેશમાં આવેલા ચોન
માં જઈને વિશ્રામ લીધોના આજને રહ્યા હતા તથા તે
મહારાણાને પાછી બાદશાહ સન્મુખ આવવાની પ્રતિજ્ઞા
સેનાપતિ ફરિદખાં અને તેની સાથે રાજા માનસિંહનો
ચંદ્રસિંહ અપાન પ્રદેશ ઉપર ચઢાઈ લઈ ગયા હતા. તે તે
પણું જાણીએ છીએ આ યુદ્ધમાં મહારાણાનો વિજય થયો છે
ફરિદખાંનો સદંતર નાશ થયો છે તથા ચંદ્રસિંહ નાશી છૂટ્યે
આપદનાઓનું વર્ણન કરતાં અનુભવરાજ ગોવિંદસિંહજી કાગ
લખે છે કે આ યુદ્ધમાં ખરેખરું મહત્વનું કાર્ય મંત્રીશ્વર ભા
શાહે કરેલું છે અને જો તેણે ચંદ્રસિંહની તલવારનો ભોગ થ
મહારાણાને યોગ્ય વખતે આવીને બચાવી લીધા ન હોત, તો
જે મેવાડનો સૂર્ય ક્યારનો અસ્ત પામી ગયો હોત અને સમસ્ત
જસ્થાનમાં અંધકાર વ્યાપી ગયો હોત. ગોવિંદસિંહે ભામાશા
ની કાર્યકુશળતા અને બહાદુરીની ઘણીજ પ્રશંસા કરેલી છે. છેવ
એ અનુભવી સરદાર લખે છે કે જો કે આ યુદ્ધમાં અમને ભગવા
એકલિંગજીની કૃપાથી વિજય મળ્યો છે; તો પણ અમે નિરાંત કરીને
શાંતિથી એક સ્થળે બેસી શકીએ તેમ નથી; કારણ કે પોતાના
થયેલા આ પરાજયથી બાદશાહ અકબર ક્રોધે ભરાઇને તુરત
બીજો હુમલો કરવાને માટે વિશાળ સૈન્યને રવાના કરશે અને તે
અમારે અમારા બચાવને માટે આ સ્થળનો ત્યાગ કરવો પડશે
વળી અમારી પાસેના ઘણાં ખરા સૈનિકો યુદ્ધમાં કામ આવી ગ
છે તથા જે જીવતા રહ્યા છે, તેને લાંબો વખત ચાલે એટલું અન
જ વગેરે પણ અમારી પાસે રહેલું નથી. આવી સ્થિતિમાં ભ
ષ્યમાં શું થશે, એની કલ્પના અત્યારથી કરવી નિરૂપયોગી છે અ
તેથી માત્ર ભગવાન્ એકલિંગજીની કૃપાને ઇચ્છતાં અમે સં
આ સ્થળનો ત્યાગ કરીને તમને આ કાગળ પહોંચશે તે પહેલ
અન્યત્ર ચાલ્યા ગયા હશું."

"કેરમચંદ !" પૃથિવીરાજે કાગળનો વૃત્તાંત સાંભળી લીધા
પછી કહ્યું. "કાગળની હકીકત સાંભળતાં એક તરફથી આનંદ
અને તેજ ક્ષણે બીજી તરફથી દિલગીરીનો સાથે અનુભવ થાય છે.

મંત્રીશ્વર ભામાશાહના બુદ્ધિકૌશલ્ય માટે મને બહુ માન હતું જ અને તેમાં તમે કહેલી વાતથી વિશેષ વૃદ્ધિ થયેલી છે. ભામાશાહ એ ખરેખર અલૌકિક પુરુષ છે અને મને ખાતરી છે કે મેવાડનો ઉદ્ધાર પણ તેનો જ હાથે થશે. મહારાણાની દ્રઢતા અને સ્વદેશની સ્વતંત્રતા મેળવવા માટે તેમનો ઉત્સાહ જોઇને પણ તેમના માટે ધન્યવાદના શબ્દો મારા મુખમાંથી નીકળ્યા સિવાય રહેતા નથી. આવા રાજા અને આવા મંત્રીને જે દેશ અને જે ભૂમિ ધરાવે છે, તેનો ઉદ્ધાર ગમે ત્યારે પણ થયા સિવાય રહેશે નહિ; પરંતુ તેમની અત્યારની દુઃખી સ્થિતિનો અહેવાલ સાંભળીને મને બહુ દિલગીરી થાય છે. શું હું એક ક્ષત્રિય થઇને મારા દુઃખી થતાં જાતિભાઇને કાંઇ સહાય ન કરી શકું ? કરમચંદ !"

"અવશ્ય મદદ કરી શકો; પરંતુ જ્યાંસુધી આપ બાદશાહના કેદી છો, ત્યાંસુધી અહીં બેઠા મહારાણાને માત્ર અત્યંત ગુપ્ત રીતે કાગલથી આશ્વાસન આપવા સિવાય બીજું કાંઇ કરી શકો તેમ નથી." કરમચંદે સ્પષ્ટતાથી ઉત્તર આપ્યો.

પૃથ્વીરાજને તેના ખરી વસ્તુસ્થિતિનું ભાન થતાં તેણે પોતાની ભ્રકુટી ચડાવીને પૂછયું. "તમારી વાત સત્ય છે, કરમચંદ ! પરંતુ બાદશાહની નજરકેદમાંથી શું છૂટી શકાય તેમ નથી ? તમે કાંઇ ઉપાય બતાવી શકો તેમ છો ?"

કરમચંદે ઉત્તર આપ્યો. "રાજાસાહેબ ! હું કેટલાએ દિવસોથી એજ વિચાર કરી રહ્યો છું; પરંતુ હજુ સુધી કાંઇ પણ ઉપાય મળી આવ્યો નથી."

"તો પછી આપણે આ સ્થિતિમાં અહીં હાથ-પગ જોડીને કયાંસુધી બેસી રહેશું ?" પૃથિવીરાજે પુનઃ પૂછયું.

"એ વિષે હાલ કાંઇ પણ કહી શકાય તેમ નથી; કેમકે અકબરશાહ જેવા મહાન દક્ષ અને રાજકળાનિપુણ બાદશાહના પંજામાંથી સ્વતંત્ર થવું, એ કાંઇ સરલ કાર્ય નથી; તેમ છતાં તેથી નિરાશ થવાનું પણ કાંઇ પ્રયોજન નથી." કરમચંદે સત્ય જવાબ આપ્યો.

"નિરાશ થવાનું પ્રયોજન ન હોય; તો પછી શા માટે તમે કાંઇ ઉપાય શોધતા નથી?" પૃથિવીરાજે આતુરતા દર્શાવી.

"ઉપાય શોધી કહાડવો, એ બહુ મુશ્કેલ કાર્ય નથી; પરંતુ યોગ્ય તક મળ્યા પહેલાં ઉપાય શોધી કહાડવા માત્રથી જ અર્થ સરે તેમ નથી અને તેથી હું યોગ્ય તકની જ રાહ જોયા કરું છું." કર્મસિંહે કહ્યું.

"મને લાગે છે કે તકની રાહ જોવામાં આપણો અર્થ સરે તેમ નથી; તકની રાહ જોવી એ શું નિર્માલ્યતા નથી?" પૃથ્વીરાજે કહ્યું.

"ક્ષત્રિયો એને નિર્માલ્યતા કહે છે, જ્યારે મુત્સદ્દી-વણિકો એને કાર્ય કુશળતા કહે છે રાજાસાહેબ! કેવળ બાહુબળથી જ કોઇ કાર્ય સફળ થતું નથી પરંતુ બાહુબળ સાથે જ્યારે મનોબળનો સંયોગ થાય છે, ત્યારે જ સફળતા પ્રાપ્ત થાય છે અને તેથી તકની રાહ જોયા વિના યાહોમ કરીને કોઇ કાર્યમાં પડતું મૂકવું, એ શરીરબળનો વિના કારણે ક્ષય કરવા બરોબર છે." કરમચંદે મુત્સદ્દીગીરીની વ્યાખ્યા કરતાં કહ્યું.

પૃથિવીરાજે સહેજ હસીને કહ્યું. "કરમચંદ! તમારું કથન સત્ય છે અને શરીરબળ કરતાં મનોબળ વિશેષ બળવાન છે, એ હું સ્વીકારું છું; પરંતુ તમને મેં જે પ્રશ્ન પૂછયો હતો, તે માત્ર તમારું બુદ્ધિચાતુર્ય જોવાને માટે જ પુછયો હતો અને તમે તેનો જ બાદ ઉત્તર આપીને મારા મનનું સમાધાન કર્યું છે. અમારી રાજપૂત જાતિમાં બાહુબળ ઘણું છે; પરંતુ મનોબળની અગર તો મુત્સદ્દીપણાની ખામીને લઈ તેને અત્યારે પરતંત્રતાની સ્થિતિમાં મૂકાવું પડયું છે. મને અનુભવ છે કે કોઇ પણ કાર્યમાં શરીરબળ અને મુત્સદ્દીપણાનો સંયોગ થાય છે, ત્યારે જ વિજય મળે છે અને મારો આ અનુભવ જો કે સત્ય છે; તોપણ તેથી શરીરબળને ઉતારી નાંખવામાં અને તેના પ્રતિ ઉપેક્ષા કરવામાં ડહાપણ નથી, એ પણ શું સત્ય નથી?"

"એ પણ કેવળ સત્ય છે." કરમચંદે તુરતજ ઉત્તર આપ્યો. "હું પ્રથમ જ કહી ગયો છું કે બાહુબળ સાથે જ્યારે મનોબળનો-

મુત્સદીપણાનો સંયોગ થાય છે, ત્યારે સફલતા પ્રાપ્ત થાય છે. એકલા બાહુબળને મેળવવાથી અથવા તો તેનો એક પક્ષીય ઉપયોગ કરવાથી અર્થ સરતો નથી. જેટલે અંશે મુત્સદીપણાની અગત્ય છે, તેટલે જ અંશે બાહુબળની પણ અગત્ય છે અને જ્યાં એ ઉભય બળોનો સંયોગ થાય છે, ત્યાં અવશ્ય વિજય પ્રાપ્ત થાય છે. આપ જાણો છો કે મહારાણા પ્રતાપસિંહ બાહુબળની, દૃઢ નિશ્ચયની, વીરોચિત સ્વભાવની અને લડાયક જુસ્સાની સાક્ષાત્ મૂર્તિ છે અને મંત્રીશ્વર ભામાશાહ મુત્સદીપણાની, બુદ્ધિચાતુર્યની, સહનશીળતાની અને યુદ્ધકાર્યકુશળતાની સાક્ષાત્ મૂર્તિ છે અને જ્યાં આવી બે વ્યકિતઓનું અસ્તિત્વ છે, ત્યાં સફળતા સ્વયં આવીને ભેટે છે. હાલમાં જોકે તેઓ સંપૂર્ણ સંકટમાં છે; તોપણ છેવટે મહારાણાનો કહો કે મેવાડનો વિજય થશે, એવી મારી માન્યતા છે."

"જેવી તમારી માન્યતા છે, તેવી જ મારી માન્યતા પણ છે; પરંતુ તેમની હાલની સ્થિતિ તરફ ધ્યાન આપતાં તેમનો વિજય થશે કે નહિ; એ શંકાયુકત વાત છે. તમે જાણો છો કે મહાન ઐશ્વર્યશાળી અને પ્રબળ પ્રતાપી શહેનશાહ અકબરની સામે કોઈ પણ પ્રકારના સાધન વિના યુદ્ધ ચાલુ રાખવું, એ મોટામાં મોટી મુશ્કેલીનું કાર્ય છે અને તેથી તેમનો વિજય થશે કે નહિ, એ શું શંકાયુક્ત વાત નથી ?" પૃથિવીરાજે પોતાની માન્યતાને કહી બતાવતાં પ્રશ્ન કર્યો.

"આપની માન્યતા સાચી હોવાનું હું સ્વીકારૂં છું અને એ પણ જાણું છું કે ભારતસમ્રાટ અકબરશાહની સામે બાથ ભીડવી, એ સાધારણ વાત નથી; પરંતુ દૃઢનિશ્ચય અને શ્રદ્ધાને સેવનારાં કલાવિન્દ મનુષ્યો વિજયને કિંવા સફલતાને ગમે તે ભોગે પ્રાપ્ત કરે છે, એ વિશ્વનો એક અટલ સિદ્ધાંત છે અને તેથી મહારાણા પ્રતાપસિંહના વિજયને માટે શંકા ધરવાનું મને કશું પણ પ્રયોજન જણાતું નથી." કરમચંદે વિશ્વના સિદ્ધાંતને દર્શાવતાં ઉત્તર આપ્યો.

"કરમચંદ !" પૃથિવીરાજે કહ્યું. "તમારા આવા ઉત્તમ વિચારો જાણીને તથા તમારા જેવા સમર્થ કલાવિન્દ પુરૂષ મારા

સત્કાર અને મિત્ર પ્રીતિને મને બહુજ આનંદ થાય છે; પરંતુ આનંદની સાથે એટલી દીલગીરી પણ થાય છે કે તમારા જેવા સત્પુરુષ મારી પાસે હોવા છતાં હું મારી માતૃભૂમિના કાર્યને માટે હાલની મારી નજરકેદીની સ્થિતિના અંગે કાંઈ પણ કરી શકું તેમ નથી અને તેથી મને થતો આનંદ એ માત્ર મનનું સમાધાન કરવા પુરતો છે."

"રાજાસાહેબ!" કરમચંદે કહ્યું. "જેવી આપને દીલગીરી થાય છે, તેવી મને પણ થાય છે; પરંતુ હાલ તો મનનું સમાધાન ગમે તે પ્રકારે કર્યા સિવાય અન્ય એક પણ ઉપાય આપણી પાસે રહેલો નથી. આપણાથી જો હાલના સંયોગોમાં કાંઈ પણ થઈ શકે તેમ હોય, તો તે એટલું જ છે કે મહારાણા પ્રતાપસિંહને પત્ર દ્વારાએ આપણે આશ્વાસન આપવું અને તેમને ગમે તે લોકે પોતાની દૃઢતા ટકાવી રાખવાને આગ્રહ કરવો."

"બરોબર છે; હાલની સ્થિતિમાં આપણે તેથી કાંઈ વિશેષ કરી શકીએ તેમ નથી; અને તેથી મનનું સમાધાન નિરૂપાયે પણ કરવું પડે છે; પરંતુ મહારાણાના પત્રનો ઉત્તર ક્યારે લખવાનો છે?" પૃથ્વીરાજે કરમચંદના અભિપ્રાયને સ્વીકારીને પૂછ્યું.

"આપ કહો ત્યારે હું લખવાને તઈયાર જ છું." કરમચંદે જવાબ આપ્યો.

"તો પછી આજેજ ઉત્તર લખી નાંખીને આવેલ ભીલને પાછો ગુપ્ત રીતે રવાના કરી દેવો, એજ ઠીક છે; કેમ ખરૂં ને?" પૃથ્વીરાજે કહ્યું.

"હા, એજ ઠીક છે અને તેથી હું હમણાં જ ઉત્તર લખીને આવું છું અને આપ તેને વાંચી લ્યો કે તુરત જ આવેલ ભીલને એ ઉત્તરરૂપી કાગળને આપી રવાના કરી દેશું." કરમચંદે આસન ઉપરથી ઉઠતાં કહ્યું,

કરમચંદ પાસેના બીજા ઓરડામાં ગયો અને ત્યાં બેસીને રાજા ગોવિંદસિંહે લખેલા પત્રના ઉત્તરરૂપે સરસ શબ્દોમાં હું પ્રથમ થોડીવારમાં લખી નાંખ્યો અને ત્યારબાદ પુનઃ પૃથ્વિ-

પૃથ્વીરાજ પાસે આવીને તેને એ કાગળ વાંચવાને આપ્યો. પૃથ્વીરાજે સદરહુ કાગળને વાંચી લીધો અને પોતાનો સંતોષ જાહેર કરતાં કહ્યું. " કરમચંદ! કાગળ બહુજ સારી રીતે લખેલો છે અને તેથી તેમાં કાંઈ સુધારો વધારો કરવા જેવું નથી; માટે તેને પરબીડિયામાં બરોબર બંધ કરીને તમે જાતેજ મહારાણાના ભીલને હાથોહાથ આપજો. "

" બહુ સારૂ, આપની આજ્ઞા મુજબ અમલ કરીને આપને ખબર આપીશ. " એમ કહી કરમચંદ પૃથિવીરાજ પાસેથી કાગલ લઇને પોતાના આવાસે આવવાને ઓરડાની બહાર નીકળ્યો અને જરા આગળ ચાલ્યો. પરંતુ મસ્તકમાં કાંઈક વિચાર ઉદ્ભવતાં તે પાછો વળીને પુનઃ ઓરડામાં આવ્યો.

પ્રકરણ ૨૦ મું.

ચંપાદેવી.

ન થા માલુમ કે ઉલ્ફતમેં ગમ ખાનાં ભી હોતા હૈ,
જીગરકી બેકલી ઔર જીકા ગભરાનાં ભી હોતા હૈ.
અગર દાની સીમી રોઝન, અઝલ દાગે જુદાઈરા,
નમીકરદન્ બદીલ રોશન, ચીરાગે આશનાઈરા."

કરમચંદ પુનઃ ઓરડામાં આવ્યો, ત્યારે પૃથિવીરાજ વિચારસાગરમાં ગોથાં ખાતો હતો અને તેથી તેને કરમચંદના આગમનની ખબર પડી નહિ.

કરમચંદે તેને બેધ્યાન જોઇને તેનું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટે કહ્યું. " રાજાસાહેબ ! "

પૃથિવીરાજે ઝટ લઇને તેની સામે જોયું અને આતુરતાથી પૂછ્યું. " કેમ કરમચંદ ! "

" મારી એક વિનંતિ સાંભળશો ? " કરમચંદે આસન ઉપર બેસતાં કહ્યું.

"મારા સાચા સલાહકાર અને મિત્રની વિનંતિને શું હું સાંભળીશ નહિ, એમ ધારીને તમે એ પ્રશ્ન કરો છો ?" પૃથિવીરાજે પૂછ્યું.

"આપ મારી વિનંતિને નહિ સાંભળો, એ હેતુથી મેં એ પ્રશ્ન કર્યો નથી; પંતુ આપને તેને સાંભળવા જેટલી અત્યારે ફુરસદ છે કે નહિ. એ જાણવાના હેતુથી જ મેં એ પ્રશ્ન કર્યો છે." કરમચંદે ઉત્તર આપ્યો.

"પ્રિય મિત્ર ! તમારી વિનંતિ તો શું પણ તમારી સઘળું પણ ગમે તે સમયે સાંભળવાની મને ફુરસદ જ છે, માટે તમારે જે કહેવું હોય તે ખુશીથી કહો; હું તેને સાંભળવાને તૈયાર જ છું."

"બહુ સારૂ; સાંભળો ત્યારે." કરમચંદે એમ કહીને પૃથિવીરાજની બરાબર સામે જોઈને પૂછ્યું. "મારી વિનંતિ એવી છે કે આપ આમ ને આમ આ સ્થિતિમાં ક્યાં સુધી વખતને વ્યતિત કરશો ?"

"તમે શું કહેવા માગો છો, તે હું બરાબર સમજી શકતો નથી; માટે તમારે જે કહેવું હોય, તે જરા સ્પષ્ટતાથી કહેશો, તો તેને સમજવાની મને સરલતા થશે." પૃથિવીરાજે તેના મર્મને નહિ સમજતાં કહ્યું.

"મારો કહેવાનો ભાવાર્થ એવો છે કે રાણીજીના પરલોકગમનને હવે ઘણો સમય થઈ ગયો છે અને તેથી આપ ફરીથી લગ્ન કરો, તો શી હરકત છે ?" કરમચંદે પોતાના કથનનો ભાવાર્થ કહી બતાવ્યો.

પૃથિવીરાજે એ સાંભળીને નિશ્વાસ મૂકતાં કહ્યું. "કરમચંદ ! તમારૂં કહેવું ઠીક છે; પરંતુ ફરીથી લગ્ન કરવાનો મારો વિચાર નથી; કારણ કે લીલાદેવી જેવી સદ્‌ગુણી અને સૌંદર્યવતી પત્ની શું વારંવાર મળવી સહેલ છે ?"

"રાજ્યસાહેબ !" કરમચંદે ગંભીરતા પૂર્વક કહ્યું. "આપનું કથન સત્ય છે કે શ્રીમતી લીલાદેવી જેવા રાણીજી મળવા, એ સહેલ નથી; પરંતુ આપ તેમના શોકમાં રહીને ફરીથી લગ્ન નહીં કરો, તો તેથી એક વખત મૃત્યુ પામેલા રાણીજી જેમ આપને પુન

મળવાના નથી, તેમ તેથી આપનો શોક પણ ઓછો થવાનો નથી; માટે મારી વિનંતિનો સ્વીકાર કરીને આપે ફરીથી લગ્ન કરવું, એ જ આપને માટે શ્રેયસ્કર છે.

"કરમચંદ !" પૃથિવીરાજે દીલગીરી ભરેલા અવાજે કહ્યું. "તમારી મારા પ્રત્યેની લાગણીને માટે હું તમારો ઉપકાર માનું છું; પરંતુ દીલગીર છું કે હું તમારી વિનંતીનો સ્વીકાર કરી શકતો નથી."

"તેમ કરવાનું કાંઈ કારણ ?" કરમચંદે પ્રશ્ન કર્યો.

"હા, કારણ છે અને તે તમે ક્યાં જાણતા નથી ? મારી હૃદયેશ્વરી લીલાદેવી જો કે મૃત્યુ પામી છે અને તે મને પુનઃ મળે એવી આશા રાખવી એ પણ કેવળ મૂર્ખતા છે; તો પણ તેના અસામાન્ય પ્રેમને, તેના ઉચ્ચ સદ્દગુણોને, તેની મીઠી વાણીને, તેના અપ્રતીમ રૂપ-લાવણ્યને અને તેના સદૈવ હસતા મુખારવિંદને હું હજી ભૂલી ગયો નથી. તેનો અમર આત્મા જો કે સ્વર્ગમાં જ વિરાજતો હશે, તો પણ તેની સ્મૃતિરૂપ મૂર્તિ મારા હૃદયમંદિરમાં જ વિરાજે છે અને તેથી તેનો તિરસ્કાર કરીને, તેને વિસારી દઇને હું અન્ય સ્ત્રીની સાથે લગ્ન કરવાને તૈયાર નથી. કરમચંદ ! તમે ચતુર અને વિદ્વાન્ થઇને મને ખોટે માર્ગે કાં દોરો છો ?" પૃથિવીરાજે કાંઈક આવેશથી જવાબ આપ્યો.

"રાજાસાહેબ !" કરમચંદે કહ્યું. "આપને ખોટે માર્ગે દોરવાનું મને શું પ્રયોજન છે ? હું તો આપને ખરા જ માર્ગે દોરૂં છું અને એમ કરવું, એ મારો ફરજ છે; પરંતુ રાણીજીના મૃત્યુ પછી આપનો જીવ ઉદાસ રહેતો હોવાથી આપને મારી સાચી સલાહ પણ વિપરીત લાગે છે અને તેથી જ આપ તેને ખોટો માર્ગ કહો છો."

"તમને મારા કથનથી માઠું લાગ્યું હોય તેમ જણાય છે; પરંતુ કરમચંદ ! તમેજ વિચાર કરો કે લીલાદેવી જેવી બીજી સ્ત્રી મળવી, એ શું સહજ વાત છે ? પૃથિવીરાજે પૂછયું.

"જેમ એ સહજ વાત નથી, તેમ એ અસંભવિત પણ નથી, પરંતુ એવી લીલાદેવી શું આપને પુનઃ મળશે ખરાં?" કરમચંદે પૃથિવીરાજના પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વાલ કર્યો.

"નહિજ; એક વખત મૃત્યુ પામેલું માણસ પુનઃ મળતું નથી એ.તો હું સારી રીતે જાણું છું." પૃથિવીરાજે જવાબ આપ્યો.

"તો પછી એ માટે શોક કરવાથી શું ફળ મળવાનું છે? કાંઇજ નહિ અને તેથી મારી વિનંતિનો સ્વીકાર કરી આપ પુનઃ લગ્ન કરીને સુખી થાઓ, એવી મારી ઇચ્છા છે." કરમચંદે મૂળ વાત લાવીને મૂકી.

"ઘડીભર માનો કે હું તમારી વિનંતિ સ્વીકાર કરીને લગ્ન કરવાને તૈયાર થાઉં; પરંતુ મારે કોની સાથે લગ્ન કરવું?" પૃથિવીરાજે પ્રશ્ન કર્યો.

"એ વિષે મેં મારાથી બનતી સઘળી ગોઠવણ કરી રાખી છે. લીલાદેવીના બ્હેન ચંપાદેવી આપના રાણી થવાને સર્વાંશે લાયક છે. અને વળી તેની સાથે લગ્ન કરવાથી સ્વર્ગસ્થ રાણીજીના પ્રેમને પણ આપ સ્મૃતિમાં રાખી શકશો. માટે આપે ચંપાદેવી સાથે લગ્ન કરવું, એ ઉત્તમ છે." કરમચંદે કરેલી સઘળી ગોઠવણ કહી બતાવી.

"એ વાત પણ ઘડીભરને માટે હું સ્વીકારી લઉં; પરંતુ શું ચંપા મને ચાહે છે? અને જો તે મને ન ચાહતી હોય, તો તેની સાથે બલાત્કારે મારે લગ્ન કરવું, એ શું ઉચિત છે?" પૃથિવીરાજે પુનઃ પ્રશ્ન કર્યો.

"કોઇની સાથે બળાત્કારે લગ્ન કરવાને માટે હું આપને આગ્રહ કરતો નથી; પરંતુ જો ચંપાદેવી આપને ચાહતા હોય, તો પછી આપ તેની સાથે લગ્ન કરવાને તૈયાર છોને?" કરમચંદે એમ કહીને પૃથિવીરાજની સામે જોયું.

પૃથિવીરાજ હવે વિચારમાં પડી ગયો. તેણે કરમચંદના પ્રશ્નનો કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ.

પૃથિવીરાજને નિરૂત્તર રહેલો જોઈને કરમચંદે કહ્યું, "કેમ ઉત્તર આપતા નથી રાજા સાહેબ ?"

"કરમચંદ! હું તમારા પ્રશ્નનો વિચાર કરીને જવાબ આપીશ. શહેનશાહ અકબરે પણ મને ગયકાલે પુનઃ લગ્ન કરવાની મિત્રતાના દાવે સલાહ આપી છે અને તેનો જવાબ પણ મારે વિચારીને આપવાનો છે." પૃથિવીરાજે કહ્યું.

"ત્યારે તો આપે શહેનશાહની સલાહને માન્ય રાખવી પડશે, કેમ ખરૂં ને ?" કરમચંદે જરા હસીને પૂછ્યું.

"ઉપરથી મિત્રતાનો દાવો કરનારા અને અંદરથી શત્રુતા ધરાવતા શહેનશાહની સલાહને માન્ય રાખવાને હું કોઈ પણ રીતે તૈયાર નથી; પરંતુ આ વિષયમાં તમારો જ્યારે બહુ આગ્રહ છે, ત્યારે મારે અવશ્ય વિચાર કરવો પડશે. હાલ તો તમે તમને સોંપેલા કામ ઉપર જાઓ. દરમ્યાન હું વિચાર કરીને તમને નિરાંતે યોગ્ય જવાબ આપીશ."

"બહુ સારૂં; આપને યોગ્ય લાગે ત્યારે જવાબ આપજો; પરંતુ મારી વિનંતિનો અસ્વીકાર કરવાનું સાહસ એકદમ કરી નાંખતા નહિ, એવો મારો ખાસ કરીને આગ્રહ છે. હું હવે રજા લઉં છું અને સાંજે અગર કાલે સવારે આપને મળીશ." એમ કહી કરમચંદ ચાલ્યો ગયો અને પૃથિવીરાજ કરમચંદે કરેલા આગ્રહ વિષે વિચાર કરવા લાગ્યો.

તેણે ઘણો સમય સુધી એ વિષય ઉપર વિચાર કર્યો; પરંતુ તે કોઈ પણ નિશ્ચય ઉપર આવી શક્યો નહિ; કારણ કે લીલાદેવીનો અસ્ખલિત પ્રેમ અને અંતે થયેલો તેનો વિયોગ તેને એટલો બધો સાલતો હતો અને તેના હૃદયમાં એથી એટલી બધી ગંભીર અસર થયેલી હતી કે તેનું જીવન તેને હવે અપ્રિય થઈ પડયું હતું અને તેથી પોતાની એવી દુઃખી સ્થિતિમાં તે અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવાને ખુશી નહોતો. ચંપાદેવી પોતાને ચાહતી હશે, એવો ખ્યાલ તેને આજ સુધી આવ્યો નહોતો; પરંતુ કરમચંદે જ્યારે એ વાત ભાર દઈને કહી છે, ત્યારે તે સત્ય હોવી જોઈએ અને તેથી

જો ચંપાદેવી પોતાને ખરી રીતે ચાહતી જ હોય, તો તેના પ્રેમને સ્વીકાર કરવો કે નહિ. એ વિચારે તેના મસ્તકને ભ્રમિત બનાવી દીધું. ચંપાદેવીના પ્રેમનો સ્વીકાર કરવાથી પોતાનું દુઃખ કેટલેક અંશે દૂર થવાની સાથે લીલાદેવીની સ્મૃતિ કાયમને માટે રહી શકશે, એ કરમચંદનું કહેવું અસત્ય તો નથી જ, એવો વિચાર તેના મસ્તિષ્કમાં ઉત્પન્ન થયો; પરંતુ તે પોતાને ચાહે છે કે નહિ, એની ખાત્રી પ્રથમ કરવાની તેને જરૂર જણાઈ અને તેથી તે ચંપાદેવીને મળવાને અને તેના વિચારો જાણી લેવાને આતુર થઈ ગયો. આ પ્રમાણે વિચાર કરી પોતાની આતુરતાને શમાવવાની ખાતર તે ચંપાદેવીની પાસે જવાને ઉઠયો અને બે ત્રણ પગલાં આગળ ચાલ્યો કે તુરત જ ચંપાદેવીને ઓરડામાં પ્રવેશ કરતી અને પોતાની તરફ ચાલી આવતી તેના જોવામાં આવી. પૃથ્વીરાજે આજપર્યંત ચંપાદેવીને કદિપણ ધ્યાનપૂર્વક જોઈ નહોતી અને તેથી તેનું સૌંદર્ય કેવું છે, તેની કલ્પના સરખી પણ તેને નહોતી; પરંતુ અત્યારે તેણે તેને બરોબર જોઈ અને તેને જોતાં જ તે આશ્ચર્ય પામી ગયો. તેણે જોયું કે ચંપાદેવી પોતાની સ્વર્ગસ્થ પ્રિયપત્નિ લીલાદેવીથી રૂપમાં જરા પણ ઉતરતી નહોતી એજ લાવણ્યના ભંડાર સરખું મુખ, એજ સીધી સરલ નાસિકા, એજ ગુલાબી ગાલો, એજ ચંચળ આંખો, એજ દાડમની કળીઓ જેવી દંતપંક્તિ, એજ કનકકળશ જેવાં સ્તન, એજ કમળદંડને પણ શરમાવે તેવા નાજુક હાથ, એજ પાતળો કટીભાગ, એજ સ્થૂળ નિતંબપ્રદેશ, એજ ચંપકવર્ણીય દેહલતા અને એજ ગજગામિની ચાલ! ટુંકામાં કહું તો એજ લલિત લલના લીલાદેવી! પૃથ્વીરાજ ચંપાદેવીને જોઈને–તેના અનુપમ રૂપ–લાવણ્યને નિરખીને પોતાનું ભાન ક્ષણવારને માટે ભૂલી ગયો. તેણે પોતાના મનથી પ્રશ્ન કર્યો, 'શું આ લીલાદેવી છે?' અંતરમાંથી તુરત જ જવાબ મળ્યો કે આ લીલાદેવી તો નથી, પણ તેની પ્રતિમૂર્તિરૂપ તેની બ્હેન ચંપાદેવી છે. પૃથ્વીરાજે ચંપાદેવીની સામે જોઈને કહ્યું. "ચંપાદેવી!"

"શું કહો છો, રાજસાહેબ!" ચંપાદેવીએ પૂછ્યું.

"તું ખરેખર ચંપાદેવી છે કે લીલાદેવી?" પૃથ્વીરાજે પ્રશ્ન કર્યો.

"કેમ, આપ મને ઓળખી શકતા નથી, એ કેવી વાત ? હું ચંપાદેવી જ છું. લીલાદેવી હવે આ સંસારમાં નથી, એ આપ ક્યાં જાણતા નથી ?" ચંપાદેવીએ એક નિઃશ્વાસ નાંખીને જવાબ આપ્યો.

"ઠીક, તું ચંપાદેવી છે તો ભલે; પરંતુ લીલાદેવી તને કદિ યાદ આવે છે ? તું તેને કદિ સંભારે છે ?" પૃથિવીરાજે બીજો પ્રશ્ન કર્યો.

"રાજા સાહેબ ! એ પ્રશ્ન પૂછીને મને શા માટે દુઃખી કરો છો ! લીલાદેવી–મારી પવિત્ર અને સદ્‌ગુણી બ્હેનને હું દિનરાત સંભારૂં છું. પરંતુ સંભારવા માત્રથી તેનો ચિરકાળને માટે થયેલો વિયોગ શું દૂર થાય તેમ છે ખરો ?" ચંપાદેવીએ પુનઃ નિઃશ્વાસ નાંખીને જવાબ આપતાં પૂછયું.

"નહિ, તેનો વિયોગ મટીને સંયોગ થાય તેમ નથી તે નથી જ. ઠીક, જવાદે એ વાતને; પરંતુ ચંપાદેવી ! હું તારી પાસેથી એક વાત જાણવા માગું છું." પૃથિવીરાજે મૂળ વાત લાવીને મૂકી.

"શી વાત જાણવા માગો છો, રાજા સાહેબ ?" ચંપાદેવીએ પૂછયું.

"એજ કે તેં તારૂં દિલ કોઈને અર્પણ કર્યું છે ? તું કોઈને ચાહે છે ?" પૃથિવીરાજે પૂછયું અને હવે તે શો ઉત્તર આપે છે, એ જાણવાને તે આતુરદૃષ્ટિએ તેની સામે જોઈ રહ્યો.

પૃથિવીરાજનો નહીં ધારેલો પ્રશ્ન સાંભળીને તે વિચારમાં પડી ગઈ અને શરમથી નીચું પણ જોઈ ગઇ. તેણે તેના પ્રશ્નનો કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ.

પૃથિવીરાજને જ્યારે કાંઇ પણ ઉત્તર મળ્યો નહિ, ત્યારે તેણે પુનઃ એજ પ્રશ્ન કર્યો. "ચંપાદેવી ! કેમ ઉત્તર આપતી નથી ? તું કોઇને ચાહે છે ?"

ચંપાદેવીએ પૃથિવીરાજની સામે અર્થસૂચક દૃષ્ટિથી જોઇને કહ્યું: "એ પ્રશ્ન પૂછવાનું આપને શું પ્રયોજન છે ?"

"પ્રયોજન છે અને તેથીજ તને પૂછુ છું." પૃથિવીરાજે કહ્યું:

"પરંતુ એ પ્રયોજન મને કહી શકાય તેમ નથી ?" ચંપા દેવીએ પૂછયું.

"પ્રયોજન તો એજ છે કે તું હવે ઉમ્મરલાયક થઈ છે અને તેથી કુમારી અવસ્થામાં તને મારા આવાસે રાખવી, એ યોગ્ય નથી. તું જેને ચાહતી હોય, તેની સાથે તારૂં લગ્ન કરી દેવાનો મારે વિચાર હોવાથી મેં તને એ પ્રશ્ન પૂછયો છે." પૃથિવીરાજે ખુલાસો કર્યો.

"આપે વિચાર તો સારો કર્યો છે; પરંતુ એમાં મને પૂછવા જેવું શું છે ? આપને તથા મારા પિતાશ્રીને યોગ્ય લાગે તેમ કરો." ચંપાદેવીએ ઉદાસિન ભાવે કહ્યું.

"એ ઠીક છે; પરંતુ લગ્ન જેવા ગંભીર વિષયમાં તારી સંમતિની ખાસ અગત્ય છે અને તેથીજ મેં તને એ સ્વાલ કર્યો છે કે તું કોઇને ચાહે છે ? તેં તારૂં હૃદય કોઇને અર્પણ કર્યું છે ? અને કર્યું હોય, તો મને કહે એટલે તારા પિતાશ્રીને કહીને તારૂં લગ્ન તેની સાથે કરાવી આપવાની ગોઠવણ કરૂં." પૃથિવીરાજે નિખાલસદિલથી કહ્યું.

"રાજાસાહેબ ! તમારા પ્રશ્નનો ઉત્તર આપવો એ મને કે ઉચિત નથી; તો પણ આપ મારી બ્હેનના પતિ હોઇને મારા નિકટના સંબંધી છો, એમ ધારી આપના પ્રશ્નનો ઉત્તર આપવાને હું હરકત જોતી નથી અને તેથી કહું છું કે આજ કેટલોએ સમય થયાં મેં મારૂં હૃદય એક પુરૂષને અર્પણ કર્યું છે." ચંપાએ શરમને ત્યાગ કરીને સ્પષ્ટ ઉત્તર આપ્યો.

"કોને અર્પણ કર્યું છે ?" પૃથિવીરાજે તુરતજ બીજો સ્વાલ કર્યો.

"એ શું આપના જાણવામાં નથી ?" ચંપાદેવીએ પૃથિવીરાજની સામે ધ્યાનપૂર્વક જોઇને તિક્ષ્ણ કટાક્ષ સાથે પૂછયું.

"નહિ, એ વાત મારા જાણવામાં નથી; કેમકે તારા હૃદયની ગુપ્ત વાતને હું શી રીતે જાણી શકું ?" પૃથિવીરાજે અજાણ્યા સાથે કહ્યું.

"મારા હૃદયની ગુપ્ત વાતને આપ શી રીતે જાણી શકો, એ એક જૂદો જ સવાલ છે; પરંતુ આપ જ્યારે એ વાતને જાણતાં નથી, ત્યારે મારે તે તમને કહેવી જ પડશે. રાજાસાહેબ ! મારી સાથે ચાલો; હું આપને હમણાંજ બતાવી આપું છું કે મેં મારૂં હૃદય કોને અર્પણ કર્યું છે." ચંપાદેવીએ એમ કહીને તેને નેત્રસંકેતથી પોતાની સાથે આવવાની સૂચના કરી.

ચંપાદેવી આગળ અને પૃથિવીરાજ પાછળ, એ પ્રમાણે બન્ને એ ઓરડામાંથી નીકળીને બીજા ઓરડામા આવી પહોંચ્યા. આ ઓરડો ચંપાદેવીનો હતો. ઓરડામાં પ્રવેશ કરીને ચંપાદેવીએ દિવાલમાં ગોઠવેલા સુંદર નકશીદાર દ્વારવાળા કબાટને ઉઘાડયું અને તે પછી પૃથિવીરાજ સામે જોઇને કહ્યું. "રાજાસાહેબ ! આ કબાટની અંદર આપ કંઇ જોઇ શકો છો ?"

પૃથિવીરાજ કબાટથી જરા દૂર ઉભો હોવાથી તેણે બરોબર ધ્યાનપૂર્વક જોઈને કહ્યુ. "હા, કબાટની મધ્યમાં ગોઠવેલા એક ચિત્રને-છબીને હું જોઇ શકું છું."

"પણ તે ચિત્ર કોનું છે, શું આપ તેને ઓળખી શકતા નથી ?" ચંપાદેવીએ પૂછયું.

ચંપાદેવીના એ પ્રશ્નથી તે તેની અત્યંત નજીક આવ્યો અને ત્યારબાદ કબાટની અંદર જોઇને આશ્ચર્ય દર્શાવતાં તેણે જવાબ આપ્યો. "આ ચિત્ર તો મારૂં પોતાનું જ છે; પરંતુ તે તારી પાસે કયાંથી ?"

ચંપાદેવીએ કહ્યું "મારી બ્હેન લીલાદેવીએ મને આ ચિત્ર એક દિવસે આપ્યું હતું અને ત્યારથી તે મારી પાસે છે."

"પણ તેને બતાવીને તું મને શું કહેવા માગે છે ?" પૃથિવીરાજે આતુરતાપૂર્વક પૂછયું.

"એજ કે એ ચિત્ર જે પુરૂષનું છે, તે પુરૂષને હું ચાહું છું અને તેને જ મેં મારૂં દિલ અર્પણ કર્યું છે." ચંપાદેવીએ એકદમ ઉત્તર આપ્યો.

પૃથિવીરાજ તેનો ઉત્તર સાંભળીને અજાયબ થઇ ગયો. તેણે ચંપાદેવીના મુખારવિંદ પ્રત્યે ધ્યાનપૂર્વક જોઈને શંકાશીળહૃદયે-

પૂછ્યું. "ચંપાદેવી ! શું તું મને ચાહે છે ? અને ચાહે છે તો કયા કારણથી ?"

"રાજાસાહેબ ! મેં જે કહ્યું છે, તેમાં શંકા ધરવાનું કંઈ પણ પ્રયોજન નથી; કારણ કે હું આપને ચાહું છું એ નિર્વિવાદ વાત છે; પરંતુ આપને હું શા કારણથી ચાહું છું અથવા તો આપને મેં મારું હૃદય શા માટે અર્પણ કર્યું છે, તે હું પણ જાણતી નહિ હોવાથી તેનો ઉત્તર આપી શકીશ નહિ." ચંપાદેવીએ સ્પષ્ટતાથી કહ્યું.

ચંપાદેવીના ઉત્તર પછી પૃથિવીરાજે ક્ષણવાર વિચાર કરીને કહ્યું. "ચંપાદેવી ! તારી બ્હેન લીલાદેવીનું મૃત્યુ થતાં અન્ય સ્ત્રીની સાથે લગ્નની ગાંઠથી જોડાવાનો મારો વિચાર કિંચિત્માત્ર પણ નહોતો અને એ વિચાર પ્રમાણે વર્ત્તવાનો મેં નિશ્ચય પણ કરી રાખ્યો હતો; પરંતુ મારા મિત્ર અને સલાહકાર કરમચંદે આજે મને ફરીથી લગ્ન કરવાનો અને તે પણ તારી સાથે લગ્ન કરવાનો એટલો બધો આગ્રહ કર્યો છે કે હું તેને તે બાબત સ્પષ્ટતાથી ના પાડી શકું તેમ નહિ હોવાથી વિચાર કરીને જવાબ આપીશ, એમ કહીને મેં તેના મનનું હાલ તુરત સમાધાન કર્યું છે. મારી માન્યતા એવી હતી કે તું મને ચાહતી નહિ હોય અને તેથી તારી પાસેથી તેનો ખુલાસો મેળવ્યા પછી કરમચંદને હું જવાબ આપવાનો હતો કે ચંપાદેવી મને ચાહતી નથી એટલે પછી મારે તેની સાથે બળાત્કારે શી રીતે લગ્ન કરવું ? આવી રીતે તેને ઉત્તર આપીને હું મારા નિશ્ચયને વળગી રહેવાને માગતો હોઇને મેં તારી પાસેથી તું કોને ચાહે છે, એ જાણી લેવાના હેતુથી એ વિષયના પ્રશ્નો તને કર્યા હતા; પરંતુ તું જ્યારે મને ચાહે છે, ત્યારે તારા પ્રેમનો અસ્વીકાર કરીને તને–મારી પ્રિય પત્નીની બ્હેનને દુઃખી કરવી અને સાથે સાથે મારા સાચા મિત્ર કરમચંદની સલાહને અમાન્ય રાખવી, એ હવે મને ઉચિત લાગતું નથી. ચંપાદેવી ! પ્રિયતમા લીલાદેવીનો પ્રેમ એટલો બધો અગાધ હતો કે તેને હું મારા આખા જીવનપર્યંત સુધી ક્ષણવાર માટે પણ ભુલી શકું તેમ નથી; તો પણ મારી પ્રિયતમાના એ

પ્રેમની અને ખુદ તેની સ્મૃતિ કાયમ રાખવાને માટે હું તારી સાથે લગ્ન કરૂં તો મેં મારા પ્રિયતમાને અન્યાય આપ્યો છે, એમ ગણાશે નહિ અને તેથી હું તારા પ્રેમનો સ્વીકાર કરીને તે બદલામાં હું તને મારો અર્ધ પ્રેમ આપું તો તું મારી સાથે લગ્ન કરવાને ખુશી છે ?" પૃથિવીરાજે નિખાલસ દિલથી બધી હકીકત કહીને છેવટે પૂછયું.

"રાજાસાહેબ! પ્યારા! આપ મને આપનો અર્ધ પ્રેમ આપો કે બધો પ્રેમ આપો અથવા તો મને ચાહો કે સદંતર ન પણ ચાહો, પણ મેં મારૂં દિલ જે આપને અર્પણ કર્યું છે, તે અન્યનું કદિપણ થશે નહિ અને તેથી આપની ગમે તેવી શરત મારે કબુલ છે, હું આપની સાથે લગ્નથી જોડાવાને ખુશી જ છું" ચંપાદેવીએ જવાબ આપ્યો.

પૃથિવીરાજે ખુશી થતાં કહ્યું "ચંપાદેવી! જ્યારે તું મારી શરતને કબુલ કરે છે, ત્યારે તું મારી સ્વર્ગસ્થ પ્રિયતમાની બ્હેન હોઇને હું પણ તારી સાથે લગ્ન કરવાને ખુશી છું. પ્યારી ચંપા! તું લીલાદેવીની સાક્ષાત્ મૂર્તિ જ છું અને તેથી મારે તારો શા માટે તિરસ્કાર કરવો જોઇએ? આવ, પ્રિય ચંપા! આવ અને આ દુઃખી પૃથિવીરાજના બળતા હૃદયને આલિંગીને તેને શાંત કર."

ચંપાદેવીને એટલુંજ જોઇતું હતું. તે પૃથિવીરાજના વચનોથી અત્યંત ખુશી થઇ ગઇ; પરંતુ સ્ત્રીયોચિત લજ્જાના આવરણથી તે નીચું જોઇને ઉભી રહી અને તેણે કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ.

પૃથિવીરાજ તેને નિરૂત્તર રહેલી જોઇને તેની પાસે ગયો અને તેને પોતાના બાહુપાશમાં લઇને લજ્જાથી લાલચોળ બનેલા તેના અધરોષ્ઠ ઉપર સ્નેહદાનરૂપી ચુંબન ભરીને તેણે કહ્યું:—

"ચાંપાં ડગલાં ચાર, લટકંતી લાલાં જસી:
ભામન ભર ધર ભાર, પા અમૃત પૃથ્વીરાજરે." *

ચંપાદેવી પોતાના પ્રિયતમ કવિની કાવ્યચાતુરી જોઇને હસી

* પ્રતાપ પ્રતિજ્ઞા નાટકમાંથી.

પડી અને હસતાં હસતાં તે પણ વૃક્ષને જેમ સુકોમળ વેલી આલિંગન કરે છે તેમ પૃથિવીરાજને આલિંગતી ભેટી પડી. અમે નથી જાણતા કે આ ઉભય પ્રેમીઓ પ્રેમાલિંગનમાંથી ક્યારે છૂટા થયા! અમે જાણીએ છીએ માત્ર એટલુંજ કે તેઓ તે પછી લગ્નની પવિત્ર ગાંઠથી જોડાઈને પરમાનંદથી દિવસો ગુજારવા લાગ્યા હતા અને અમે આશા રાખીએ છીએ કે અમારા વાંચક બન્ધુઓ એટલાથીજ સંતોષને ધારણ કરશે.



પ્રકરણ ૨૧ મું.

કષ્ટનો અવધિ.

ચૌંન્ડ નગરના ઉપવનમાં થયેલ યુદ્ધમાં મોગલોનો પરાજય થયા પછી તેઓ પુનઃ મોટું સૈન્ય લઇને પ્રતાપસિંહ ઉપર ચડી આવવાની તૈયારી કરી રહ્યા હતા. આ ખબર પ્રતાપસિંહને પોતાના ગુપ્ત દૂત મારફત મળતાં તેણે ભામાશાહ તથા ગોવિંદસિંહની સલાહથી ચૌંન્ડ નગરનો ત્યાગ કરીને આબુથી બાર ગાઉ પશ્ચિમમાં દૂર આવેલા પહાડોમાં ચાલ્યા જવાનો નિશ્ચય કરી રાખ્યો હતો. એ આપણે સત્તરમા પ્રકરણમાં જોઇ ગયા છીએ. આ વખતે પ્રતાપસિંહની પાસે સૈન્ય માત્ર નામનું જ હતું; કારણકે તેના ઘણાખરા બહાદૂર યોદ્ધાઓ છેલ્લા યુદ્ધમાં માર્યા ગયા હતા અને જે બચ્યા હતા, તેઓ પણ તેની પાસે આવી દુઃખી સ્થિતિમાં કેટલો સમય રહેશે, તે વિષે કાંઇ કહી શકાય તેમ નહોતું અને તેથી જ્યારે તેણે ચૌંન્ડ નગરનો ત્યાગ કર્યો, ત્યારે તેની સાથે માત્ર તેનાં પરિવારનાં માણસો, તેનાં આમજનો, તેનાં ત્રણ ચાર વિશ્વાસુ સરદારો, થોડા રાજપૂત સૈનિકો અને તે સિવાય કેટલાક વિશ્વાસુ ભીલો જ માત્ર હતા. સમસ્ત મેવાડમાંથી એક પણ નગર કે એક પણ ગામ પ્રતાપસિંહના કબજામાં રહ્યું નહોતું. તેને પોતાનો રાજા જાણીને કોઈ પણ મનુષ્ય આશ્રય આપે તેમ પણ નહોતું અને તેથી તેણે કોઈ ગુપ્ત અને દૂરના પ્રદેશમાં ચાલ્યા જવાનો વિચાર કરીને વનમાં

આશ્રયહીન અને નિરાધાર માણસની જેમ આમથી તેમ અને તેમથી આમ ભટકવાનું શરૂ કર્યું. ઘડીમાં એક સ્થળે તો ઘડીમાં બીજે સ્થળે એ પ્રમાણે વનમાં ભટકતાં ભટકતાં તેના દુઃખનો અવધિ આવી રહ્યો હતો. એકાદ ગુપ્ત સ્થળ શોધીને ત્યાં વસવાનો નિશ્ચય કરતો હતો કે તુરતજ તેના ભીલદૂતો મોગલો તેની શોધમાં આવી પહોંચ્યાની ખબર આપતા હતા અને તેથી તેને તાબડતોબ ત્યાંથી ચાલ્યા જવું પડતું હતું અને બીજા સ્થળની તપાસ કરવી પડતી હતી. કોઇ વખતે વનમાંથી કંદમૂળાદિ જે મળતું હતું, તેને ખાઈને પોતાની ક્ષુધાને તૃપ્ત કરવાની ખાતર તે પોતાના પરિવારનાં માણસો સાથે બેસવાની તૈયારી કરતો હતો; પરંતુ તે દરમ્યાન શત્રુઓના આગમનના સમાચાર તેને મળતા અને તેથી ખાવાનું મુલતવી રાખીને પણ તેને પોતાનાં આપ્તજનોને બચાવવાની ખાતર નાશી જવું પડતું હતું. આ પ્રમાણે એક બે વાર નહિ, પણ ઘણી વાર બનતું હોવાથી તેના દુઃખનો હવે પાર રહ્યો નહોતો. મોગલો તેની શોધ એટલી બધી ખંતથી અને કાળજીથી કરતા હતા કે તે એક પણ સ્થળે નિરાંત કરીને રહી શકતો નહોતો અને ઘડીએ ઘડીએ તેને એક સ્થળેથી બીજે સ્થળે અને બીજે સ્થળેથી ત્રીજે સ્થળે નાસી જવું પડતું હતું. મેવાડના મહારાણા પ્રતાપસિંહની આ સમયે એટલી બધી દુઃખદ અવસ્થા થઇ પડી હતી કે તેને અને તેના માણસોને ખાવાને પેટપુર અન્ન પણ મળતું નહોતું અને કદિ જ્યાં ત્યાંથી લાવીને ખાવાને બેસતાં તો મોગલો તેની શોધમાં નિરંતર ફરતા રહેતા હોવાથી તેમને નિરાંતે બેસીને ખાવાનો વખત પણ રહેતો નહોતો. ટુંકામાં કહીએ તો આ સમયની પ્રતાપસિંહની સ્થિતિ એક ગરીબમાં પણ ગરીબ અને નિર્ધનમાં પણ નિર્ધન દુઃખી ભિક્ષુકની સ્થિતિ કરતાં પણ ખરાબ હતી. કારણ કે એક ભિક્ષુક જોકે ગરીબ અને નિર્ધન હોય છે; તો પણ તે માગીભિખીને પોતાનું અને પોતાના કુટુંબનું ઉદરપોષણ કરીને આનંદનો અનુભવ કરી શકે છે; પરંતુ પ્રતાપસિંહને તો તેને અને તેના પરિવારને માટે પેટપુર ખાવાનું મળતું નહોતું, એટલું જ નહિ; પણ ચિંતા, તાપ, દુઃખ, ગ્લાનિ અને શોકથી તેને શાંતિ કે આરામનું સ્વપ્ન

પણ આવતું નહોતું અને તેથી તે એક સામાન્ય ભિક્ષુકથી પણ દુઃખી હતો, એમ કહેવામાં અમે બીલકુલ અતિશયોક્તિ કરતા નથી. વીરવર પ્રતાપસિંહની આવી સ્થિતિ હતી, એ નિર્વિવાદ સત્ય છે અને સમગ્ર ઇતિહાસવેત્તાઓ પણ એજ પ્રમાણે કહે છે; છતાં તેના ધૈર્યનો, તેની દઢતાનો, તેની સ્વદેશભક્તિનો અને તેના હૃદયની શાંતિનો આજસુધી જરાપણ ભંગ થયો નહોતો; પરંતુ આપણે તેના ઉત્તમ ગુણોનું ગમે તેટલું વર્ણન કરીએ, તો પણ તે અંતે તો એક સંસારી મનુષ્ય જ હતો, એ વાતને આપણે ભૂલી જવાનું નથી. એક મનુષ્યનું ચારિત્ર ગમે તેટલું ઉત્તમ હોય, તેનામાં ગમે તેટલા અસાધારણ દૈવી ગુણો હોય અને તેનામાં ગમે તેટલી દઢતા હોય, તો પણ જ્યાંસુધી તે એક સંસારની સ્થિતિમાં હોય છે, જ્યાંસુધી તે વ્યક્તિગત પ્રેમમાં મશગુલ હોય છે અને જ્યાંસુધી તે આ મારૂં અને આ તારૂં એવી ભેદબુદ્ધિમાં રહેવાડું ઇચ્છે છે ત્યાંસુધી તે આત્માની ઉંચી હદને પામી શકતો નથી અને તેથી કાળના પ્રભાવે, સંયોગના બળ અને કર્મના ઉદયે જો તેનાથી પોતાની દઢતામાં સર્વથા સ્થિર ન રહી શકાય, તો તે માટે તે જરા પણ દોષને પાત્ર નથી; કારણ કે એવી અવસ્થામાં તેનાથી પોતાની દઢતાને બરોબર સાચવી ન શકાય તો એક મનુષ્યને માટે તે સ્વાભાવિક જ છે. અમે અત્રે ચરમશરીરી અને પરમાત્મ સ્વરૂપ મહાપુરૂપોની વાત કરતા નથી; પરંતુ સામાન્ય મનુષ્ય વર્ગની જ વાત કરીએ છીએ અને તેથી અમારા કથનમાં કોઇને શંકા લાવવાની કશી પણ અગત્ય નથી, તેમ છતાં અમે અમારા આ કથનને સિદ્ધાંત તરીકે ઠરાવવા માગતા નથી; કારણ કે ઘણા સામાન્ય ગણાતાં મનુષ્યોએ પણ સમયપરત્વે એવું અદ્ભૂત આત્મવીર્ય દર્શાવી આપ્યું છે અને છેવટ સુધી પોતાના નિશ્ચયને-સત્યાગ્રહને એવી તો દઢતાથી વળગી રહ્યા છે કે તેમણે પોતાના આત્મીય વ્હાલાંઓની, અખુટ સંપત્તિની, અલૌકિક વૈભવ-વિલાસની અને પોતાના પ્રિય પ્રાણની પણ દરકાર કરેલી નથી. આ વાત ઇતિહાસના અભ્યાસકારોથી અજાણી નથી; પરંતુ અમારો કહેવાનો આશય માત્ર એટલો જ છે કે એક મનુષ્ય પોતાની ગમે તેટલી દઢતા

ટકાવી રાખવાની પ્રબળ ઇચ્છા હોવા છતાં પણ જો કાળ, સંયોગ કે કર્મના પ્રભાવથી માનસિક દુર્બળતાને વશ થઇને અસ્થિર બની જાય, તો તેમાં આશ્ચર્ય પામવાનું કશું પણ પ્રયોજન નથી. ઘણીવાર આપણે જોઇએ છીએ કે એક મનુષ્યને માથે દુઃખનું વાદળ તુટી પડે છે, તેનો વૈભવ ચાલ્યો જાય છે, તેના ધનનો નાશ થાય છે અને વખતે તેના ઉપર પ્રાણસંકટ પણ આવી પડે છે; તો પણ તે પોતાના નિશ્ચયથી જરા પણ ચલિત થતો નથી; પરંતુ જ્યારે તેના હૃદયના ટુકડાઓરૂપી વ્હાલાંઓ ઉપર કોઇ જાતના સંકટની અસર થાય છે અને તેમને દુઃખી થતાં જુએ છે, ત્યારે ધૈર્ય સર્વથા રહેતું નથી. મહારાણા પ્રતાપસિંહના સંબંધમાં પણ આમ જ બન્યાનું કહેવાય છે. તેણે પોતાના દેશની સ્વતંત્રતા પુનઃ મેળવવાની ખાતર સર્વસ્વનો ત્યાગ કરીને વનવાસનો સ્વીકાર કર્યો હતો અને આનંદથી અસહ્ય દુઃખોને સહન કરવાનું પણ પસંદ કર્યું હતું અને તે માટે આપણે તે મહાન્ પ્રતાપી નરપુંગવની જેટલી પ્રશંસા કરીએ, તેટલી થોડી જ છે; પરંતુ જ્યારે તેણે પોતાના પ્રિય બાળકો અન્નને માટે રડતાં અને ક્ષુધાથી પીડાતાં જોયા, ત્યારે એ પ્રતાપી પુરૂષના ધૈર્યનો અવધિ આવી રહ્યો અને તેથી તેના મુખમાંથી નિરાશાના ઉદ્ગારો નીકળી પડ્યા હતા. હકીકત એવી છે કે એક સમયે પ્રતાપસિંહ વનમાં યોગ્ય સ્થળે બેઠો બેઠો પોતાના દેશની દુર્બળતા વિષે અવનવી કલ્પનાઓ કરતો હતો, તે સમયે તેની મહારાણી પદ્માવતી તેની પાસે આવી પહોંચી. મેવાડના મહારાણા પ્રતાપસિંહની મહારાણી પદ્માવતીના અંગ ઉપર અતિ સામાન્ય અને સાદાં વસ્ત્રો હતાં. આભૂષણનું તો નામ સરખું પણ નહોતું. તેની કાન્તિ ફીક્કી પડી ગઇ હતી. અને તેનું મુખારવિંદ કરમાઇ ગયું હતું. તે પોતાના પતિ પાસે સામે આવીને જ્યારે ઉભી રહી, ત્યારે તેના નેત્રકમળમાંથી અશ્રુની ધારા ચાલી જતી હતી. પ્રતાપસિંહે પોતાના પ્રાણથી પણ અધિકતર પ્રિય મહારાણીને રડતી જોઇને તેની સામે ક્ષણવાર જોયા પછી ઉદ્વિગ્ન સ્વરે પૂછ્યું. "પ્રિય દેવી! તારાં નેત્રોમાં અશ્રુની ધારા કેવી ? તું તો રોજ મને આશ્વાસન આપે છે અને આજે તુંજ ઉઠીને રડે છે; એનું શું કારણ ?"

"પ્રાણનાથ !" પદ્માવતીએ રડતાં રડતાં કહ્યું. "હું આજે આજસુધી આશ્વાસન આપતી હોવાથી અત્યારે મારા નેત્રોમાંથી અશ્રુની ધારા નીકળતી જોઇને આપને આશ્ચર્ય થતું હશે અને તેથી આપ તેનું કારણ જાણવાને ઇન્તેજાર છો, એ સ્વાભાવિક છે. મારા નેત્રોમાંથી કદિ નહિ ધારેલી આંસુઓની ધારા નીકળવાનું કારણ માત્ર એજ છે કે આજ સુધી મેં અનેક સંકટોને હસતે મ્હોડે સહન કર્યાં છે; પરંતુ હવે આપણાં પ્રિય બાળકોનું દુઃખ જોઇને મારી ધીરજ રહેતી નથી અને તેથી જ અનિચ્છાએ પણ આંખોમાંથી અશ્રુઓ નીકળી પડે છે."

"આપણાં બાળકોનું કયું દુઃખ જોઇને તને રડવું આવે છે પ્રિયા !" પ્રતાપસિંહે જીજ્ઞાસાથી પૂછ્યું.

"પ્રિય પતિ ! તેમનાં ક્ષુધાનાં અત્યંત તીવ્ર દુઃખને જોઇને મને રડવું આવે છે તેઓ બિચારાં ભુખથી એવાં તો બેહાલ થઈ ગયાં છે અને એવાં તો કલ્પાંત કરી રહ્યા છે કે મારાથી તેમનું એ દુઃખ જોઈ શકાતું નથી. આપ એક વખત પર્ણકુટીમાં આવીને જુઓ તો ખરા કે તેમની ભયંકર હૃદયવિદારક સ્થિતિ છે !" મહારાણીએ જવાબ આપતાં કહ્યું.

મહારાણીના ઉપર્યુક્ત કથનથી પ્રતાપસિંહ જ્યાં બેઠો હતો ત્યાંથી તુરત જ ઉભો થયો અને તેની સાથે તૃણ અને કાષ્ટ બાંધેલી કામચલાઉ પર્ણકુટીનાં દ્વાર પાસે ગયો. દ્વારમાં ઉભા રહીને તેણે પોતાના બાળકોની જે દયાજનક સ્થિતિ જોઇ તેથી તેનું હૃદય અત્યંત દીલગીરીમાં ગરકાવ થઇ ગયું અને તેથી તે એકદમ ત્યાંથી પાછો ફર્યો. પાછા ફરતાં ફરતાં તેની આંખોમાંથી પણ અશ્રુઓ જોસબંધ નીકળવા લાગ્યાં અને તેથી જ્યાં ઉભો હતો ત્યાંજ નીચે બેસી ગયો. કેટલીક વાર રડીને હૃદયના ભારને ઓછો કર્યા પછી તેણે પોતાની પત્નીને કહ્યું "પ્રિયા ! થયું, હવે આપણા દુઃખનો અવધી આવી રહ્યો છે; કારણ કે રાજવૈભવમાં ઉછરેલાં બાળકોનું સુધાનું દુઃખ જોઇને મારી ધીરજ પણ હવે રહેતી નથી. ધીરજ ક્યાં સુધી રહે ? રાજ ગયું, વૈભવ ગયો, ધનનો નાશ થયો, કીર્તિ ગઇ અને છેવટે ભુખનાં દુઃખથી પ્રિય બાળકોના પ્રાણ પણ જવાની

ત્યારીમાં છે; હવે બાકી શું રહ્યું કે ધીરજને રાખવી ? દેશની સ્વતંત્રતાના યજ્ઞમાં સર્વસ્વની આહુતિ આપવા છતાં પણ જ્યારે વિજયની આશા જણાતી નથી, ત્યારે પછી આમ ક્યાં સુધી અને શા માટે દુઃખી થવું જોઈએ ? હે પરમાત્મા ! હે કૃપાળુ ભગવાન ! હવે આ દુઃખને જોયું જાતું નથી; હવે તે સહન થતું નથી અને તેથી જીવીને પણ હવે શું કરવું છે ? કાંતો આ દુઃખી જીવનનો સ્વેચ્છાએ અંત આણવો અને કાંતો આ ભૂમિનો સદંતર ત્યાગ કરીને ચાલ્યા જવું. આ બન્નેમાંથી એક ઉપાય અજમાવ્યા સિવાય હવે અન્ય એક પણ માર્ગ આપણા માટે રહ્યો નથી. પ્રિય દેવી ! કહે જે સત્ય હોય તે કહે કે આ ઉભય ઉપાયોમાંથી મારે કયા ઉપાયને ગ્રહણ કરવો ?"

મહારાણીએ જોયું કે પોતાના પતિ તદ્દન નિરાશ થઇ ગયા છે અને તેથી નિરાશાના અતિરેકથી તે વગર વિચાર્યું કોઇ પણ કાર્ય કરી બેસશે, એમ વિચારી તેણે તેની પાસે જઈને અત્યંત મીઠી મધુર વાણીથી કહ્યું. "પ્રાણપતિ !"

"કેમ ?" મહારાણાએ આંખો ફાડીને કહ્યું !

"આપને આ શું થયું છે ? આપ કેમ સાવ નિરાશ થઇ ગયા છો ? મેવાડનો સિંહ એક સામાન્ય દુઃખથી શું કાયર બની ગયો છે કે તેના મુખમાંથી નિર્બળ શિયાળને પણ ન છાજે તેવાં અયોગ્ય વચનો નીકળે છે ? મહારાણા ? પ્રાણનાથ ! આપ વિચાર કરો કે આપ કોણ છો ? આપની પ્રતિજ્ઞાને યાદ કરો. ગમે તે ભોગે અને ગમે તે ઉપાયે મેવાડનો પુનરુદ્ધાર કરવાની આપે પ્રતિજ્ઞા કરી છે, તેનું શું આપને વિસ્મય થયું છે ? હું નથી ધારતી કે આપને તેનું વિસ્મરણ થયું હોય અને તેમ છતાં આપ આવા નિરાશાના ઉદ્ગારો કહાડો છો એ શું આપને શોભે છે ?" પદ્માવતીએ આવેશપૂર્વક કહ્યું.

પ્રતાપસિંહે દીલગીરી ભરેલા સ્વરથી કહ્યું. "વ્હાલી ! પ્રતિજ્ઞાને હું ભૂલી ગયો નથી અને જ્યાં સુધી મારી હૈયાતી હશે, ત્યાં સુધી ભૂલીશ પણ નહિ; પરંતુ તેને ભૂલવી કે ન ભૂલવી, એ બન્ને હવે સરખુંજ છે; કારણ કે આવા અત્યંત ભયંકર દુઃખના

સમયમાં મેવાડનો પુનરૂદ્ધાર મારાથી થશે શું સંભવિત છે કે મારે તેને સ્મરણમાં રાખવી ? નહિ જ અને તેથી આવી દુઃખી અને અપમાનજનક સ્થિતિમાં પ્રતિજ્ઞાનું પાલન કરવાના આગ્રહને છોડી દઈ હું હવે તમને વધારે વખત દુઃખી કરવાને માગતો નથી. પ્રિયદેવી ! હવે હું તમારા મિથ્યા આશ્વાસનને માનવાનો નથી. કિન્તુ મને જે ઠીક લાગશે તેજ કરવાનો છું. ”

પદ્માવતી કાંઇક બોલવા જતી હતી, પણ એટલામાં મંત્રીશ્વર ભામાશાહને આવતો જોઇને ચુપ થઇ ગઇ અને તેની સામે જોઇ રહી. ભામાશાહે રાજદંપતીને નમન કરીને મહારાણા તરફ જોઇ મહારાણીને ઉદ્દેશીને પૂછ્યું “ રાજરાણી ! શી વાતચિત ચાલી રહી છે ? મહારાણા કેમ ઉદાસ જણાય છે ? ”

મહારાણીએ જવાબ આપ્યો. “ મંત્રીશ્વર ! વાતચિત બીજી શી હોય ? તમારા મહારાણા બાળકોનું ક્ષુધાતું દુઃખ જોઇ ઉદાસ અને નિરાશ થઇ ગયા હોવાથી હું તેમને આશ્વાસન આપું છું; પરંતુ તેઓશ્રી કહે છે કે હું હવે તમારા મિથ્યા આશ્વાસનને માનવાનો નથી; કિન્તુ મને જે ઠીક લાગશે, તેજ કરવાનો છું.”

“ મહારાણી ! ” ભામાશાહે કહ્યું “ આપની વાતને હું અસત્ય ઠરાવવા ઇચ્છતો નથી; પરંતુ વીરશિરોમણી અને દૃઢપ્રતિજ્ઞ મહારાણાના સ્વભાવને હું જાણું છું; તેઓશ્રી નિરાશાના ઉદ્ગારો કહાડે, એ મને સંભવિત લાગતું નથી. શું સિંહ કદાપિ ઘાસ ખાવાને તૈયાર થતો હશે ખરો ? ”

“ મંત્રીશ્વર ! ” મહારાણીએ કહ્યું. “તમારી વાતનો હું સ્વીકાર કરું છું કે સિંહ કદાપિ ઘાસ ખાય નહિ; પરંતુ મહારાણાની ઉદાસ મુખમુદ્રાને અને તેમની દુર્બળ સ્થિતિને એક વખત જોઇ લ્યો અને પછી જે કહેવું હોય, તે મને કહેજો. ”

ભામાશાહે મહારાણાની મુખમુદ્રા તરફ જોયું તો ખરેખર તેની ઉપર ઉદાસિનતા અને નિરાશાની કાલિમા છવાઇ ગઇ હતી અને તેથી તેણે પૂછ્યું “ મહારાણા ! મેવાડેશ્વર ! દેવી પદ્માવતી જે હકીકત કહે છે, તે શું સત્ય છે ? ”

"હા, તે જે કહે છે, તે સત્ય છે; કારણ કે હવે મારા દુઃખનો અવધિ આવી રહ્યો છે, હવે હું તેને સહન કરવાને તૈયાર નથી." મહારાણાએ જવાબ આપ્યો.

" પણ આમ નિરાશ થવાનું કાંઇ કારણ છે ? " ભામાશાહે પુનઃ પૂછયું.

" કારણ ! " પ્રતાપસિંહે કહ્યું " કારણ વિના કાર્ય સંભવતુંજ નથી. ધન, કીર્તિ, માન, મોટાઇ, વૈભવ, વિલાસ, રાજપાટ વગેરે સર્વ સુખનાં સાધનોનો ત્યાગ કરીને દેશની સ્વતંત્રતા સાચવવાને માટે વનવાસને ગ્રહણ કર્યા છતાં પણ જ્યારે જય મેળવવાની એક પણ આશા રહી નથી, ત્યારે દુરાગ્રહને વશ થઇ અસહ્ય દુઃખોને સહન કરવા, એ શું મૂર્ખતા નથી ? મંત્રીશ્વર ! હવે તો જે રીતે હું મારા આપ્તજનોને સુખી કરી શકું, તેજ રીતને ગ્રહણ કરવાની છે અને તેથી જ હું કહું છું કે હું હવે તમારા મિથ્યા આશ્વાસનને નહિ માનતાં મને જે ઠીક લાગશે તેજ કરીશ."

" મહારાણા ! કોઇ દિવસ નહિ અને આજે આપને આપનાં આપ્તજનોનો બહુ મોહ લાગ્યો, એનું શું કારણ ? આપ વિચાર કરશો તો જણાશે કે અમે પણ અમારાં આપ્તજનોને સુખી કરવાને આતુર છીએ; પરંતુ તેમને સુખી શી રીતે કરવા ? બીજા રાજપૂત રાજાઓએ જેવી રીતે પોતાની સ્વતંત્રતા વેચીને તથા પોતાની બ્હેન–દીકરીઓને મોગલ બાદશાહને આપીને મહાન્ ઐશ્વર્યને પ્રાપ્ત કરી પોતાનાં વ્હાલાંઓને સુખી કર્યાં છે, એવી રીતે શું આપ તેમને સુખી કરવાને ચાહો છો ? અને જો ચાહો છો તો આપ શહેનશાહ અકબરનું દાસત્વ સ્વીકારવાને શું તૈયાર છો ? " ભામાશાહે આવેશપૂર્વક કહ્યું.

" શહેનશાહ અકબરનું દાસત્વ ! મોગલોની ગુલામગીરી ! મંત્રીશ્વર ! તમે શું કહો છો, તે હું સમજી શકતો નથી. શું હું મારી પુત્રીને વિધર્મી મોગલ બાદશાહને આપીને તથા મારી સ્વતંત્રતાને વેચીને મારાં આપ્તજનોને સુખી કરવાનું ચાહીશ, એમ તમે માનો છો ? અને જો તમે એમ માનતા હો, તો તમારી એ

માન્યતા તદ્દન ભૂલ ભરેલી છે." પ્રતાપસિંહે દાસત્વ અને ગુલામગીરી શબ્દો ઉપર ભાર મૂકીને આશ્ચર્ય દર્શાવતાં કહ્યું.

"મારી માન્યતા જ્યારે ભૂલભરેલી છે, ત્યારે આપ શી રીતે સુખી થવાને ઇચ્છો છો ?" ભામાશાહે પૂછ્યું.

"શી રીતે ?" પ્રતાપસિંહે આશ્ચર્ય પામીને કહ્યું અને એમ કહેતાં જ તે વિચારમાં પડી ગયો. કેટલોક સમય સુધી શાંતિપૂર્વક વિચાર કર્યા પછી તેણે કહ્યું: "ભામાશાહ ! ખરેખર મારી ભૂલ થઇ છે. દુ:ખના અતિરેકથી મારાથી નિરાશાના જે શબ્દો બોલી જવાયા છે, તે માટે મને હવે ઘણોજ પશ્ચાતાપ થાય છે. મારાં પ્રિય બાળકોને ક્ષુધાના દુ:ખથી પીડાતાં જોઇને મારી ધીરજ ચાલી ગઇ હતી; પરંતુ તમારા તથા મહારાણીના આવેશપૂર્ણ શબ્દોથી મારામાં પુનઃ ધીરજ અને દૃઢતાએ આવીને વાસ કર્યો છે અને તેથી ભગવાન એકલિંગજીના સોગન ખાઇને પ્રતિજ્ઞા કરૂં છું કે હું જે દુ:ખનો અનુભવ હાલ કરી રહ્યો છું, તેનાથી અધિકતર દુ:ખને અનુભવવાનો સમય ભવિષ્યમાં કદાચ પ્રાપ્ત થાય અને મૃત્યુ કે દિવસ પછી આવતું હોય, તો ભલે આજે જ આવે; પરંતુ મોગલોના દાસત્વને નહિ સ્વીકારવાનો મેં જે નિશ્ચય કર્યો છે, તેને પૂર્ણ દૃઢતા અને અડગ શ્રદ્ધાથી વળગી રહીશ. કહો, પ્રિયે! અને ભામાશાહ ! હવે તમે શું કહેવા માગો છો ?"

"પ્રાણનાથ !" પદ્માવતીએ તુરત જ ઉત્તર આપ્યો. "હવે અમારે કાંઇપણ કહેવાનું છે જ નહિ અને જો હોય, તો તે માત્ર એટલું જ છે કે ભગવાન એકલિંગજીની કૃપાથી આપનો નિશ્ચય ફલિભૂત થાઓ."

"મારૂં કહેવાનું પણ એટલુંજ છે કે પરમાત્માની કૃપાથી આપનો વિજય થાઓ." ભામાશાહે કહ્યું.

પ્રતાપસિંહ ઉત્સાહિત વદને કાંઇક બોલવા જતો હતો એટલામાં તેના એક વિશ્વાસુ ભીલે તેની સામે આવી તેને નમીને તેના હાથમાં એક કાગળ મૂકયો. પ્રતાપે કાગળને હાથમાં લઇ આમ તેમ ફેરવતાં આવેલ ભીલને પૂછ્યું. "મારા મિત્ર પૃથ્વીરાજનો આ કાગળ જણાય છે કેમ ખરૂં ને ?"

"જી હા; તેમનો જ આ કાગલ છે અને તેને લઇને આશા ગયેલો આપણો દૂત હમણાં જ આવી પહોંચ્યો છે." ભીલે જવાબ આપ્યો.

પ્રતાપસિંહે સદરહુ કાગળને ખોલીને ભામાશાહને વાંચવા માટે આપ્યો અને તેણે સાંભળી શકાય તેટલા અવાજથી તેને નીચે મુજબ વાંચ્યો:—

વીર શિરોમણી રાજેન્દ્ર !

વિનંતિ કે સલુંબરરાજ શ્રી ગોવિંદસિંહજીના હાથથી લખાયલો મારા મિત્ર કરમચંદ ઉપર આવેલો આપનો કાગળ મળ્યો છે અને તેને વાંચીને મને ઘણોજ આનંદ થયો છે. સલુંબરરાજની લેખનશૈલી ઉપરથી આપ કેટલેક અંશે કાયર થઇ ગયા હો, એવું ગર્ભિત રીતે મને જણાયું છે અને તેમ બનવું જો કે સંભવિત છે; તોપણ પ્રિય ભૂમિ મેવાડની સ્વતંત્રતા અને આપણી રાજપૂત જાતિની કીર્તિને સાચવવાને માટે આપ આપની પ્રતિજ્ઞામાંથી જરા પણ ચલિત થશો નહિ. કારણકે—

"અકબર સમદ અથાહ, સૂરાપણ ભરિયો સજલ;
મેવાડો તિણમાંહી, પોયણ ફુલ પ્રતાપસી.
અકબર એકણ બાર, દાગણકી સારી દુની;
અણદાગલ અસવાર, રહિયો રાણ પ્રતાપસી.
અકબર ઘોર અંધાર, ઉંઘાણા હિન્દુ અવર;
જાગે જુગ દાતાર, પોહરે રાણ પ્રતાપસી.
હિન્દુ પતિ પરતાપ, પત રાખો હિન્દુ આણરી;
સહે વિપત્તિ સંતાપ, સત્ય સપથ કર આપણી.
ચૌથો ચિતોડાહ, બાંટો બાજન્તી તણું;
દીસે મેવાડાહ, તો સિર રાણ પ્રતાપસી." *

માટે રાજેન્દ્ર મેવાડના ઉદ્ધારની અને રાજપૂત જાતિની સ્વતંત્રતાની બધી આશા આપના ઉપર હોઇ આપ આપની પ્રતિજ્ઞામાં દૃઢ રહેજો, એ મારી આપને ખાસ કરીને ભલામણ–અરે નહિ–પ્રાર્થના છે. દેશનો ઉદ્ધાર કરવાનું સુકૃત્ય મારા ભાગ્યમાં

* જુઓ મેવાડનો ઇતિહાસ.

ઉપયોગનું નથી અને તેથી હું દીલગીર છું; પરંતુ જ્યારે હું આપના સાહસને અને આપની વીરતાનો વિચાર કરું છું, ત્યારે મારી એ દીલગીરી કેટલેક અંશે ઓછી થાય છે. છેવટમાં અમારા એકલિંગજી આપણા દેશનું કલ્યાણ કરો. એ અંતરની દિલ ઇચ્છા સાથે વિરમું છું. મંત્રીશ્વર ભામાશાહ જેવા સુજ્ઞ અને કલાવિન્દ પુરૂષ જેના સલાહકાર અને સહાયક છે, તે રાણા પ્રતાપ પરાજય પામશે નહિ, એવી મને ખાત્રી છે અને મારી એ ખાત્રી સાચી નિવડો. એવી પરમાત્મા પાસે મારી નમ્ર પ્રાર્થના છે.

લી૦ પરતંત્રતાની બેડીમાં જકડાયેલો

પૃથિવીરાજ.

ભામાશાહ ઉપર પ્રમાણે પત્ર વાંચી રહ્યો, એટલે પ્રતાપસિંહે આનંદ પામીને કહ્યું. " ભામાશાહ ! મારા મિત્ર પૃથિવીરાજની દેશના ઉદ્ધાર માટેની તીવ્ર લાગણી જોઈ મને બહુ જ આનંદ થાય છે અને તેથી મારા હૃદયમાં બળનો સંચાર થાય છે. પૃથિવીરાજ જેવો રાજા જો આ વખતે સ્વતંત્ર હોત, તો તેની સહાયથી આજે ક્યારનોએ મેવાડનો ઉદ્ધાર થઇ ગયો હોત. કેમ મારી ધારણા સત્ય છે ને ? "

" આપની ધારણા કેવળ સત્ય છે; કેમકે તેઓ જેમ સાહિત્ય રસિક અને કાવ્યકોવિદ છે, તેમ યુદ્ધમાં પણ જવાંમર્દ અને બહાદૂર નર છે અને તેથી તેમના જેવા પુરૂષ જો આપણા પક્ષમાં આ વખતે હોત તો આપણને ઘણી જ સરલતા મળી આવી હોત. પરંતુ તેઓ શહેનશાહ અકબરની નજરકેદમાં હોવાથી આપણે તેમની સહાયતાનો લાભ મળી શકે તેમ નથી, એ જો કે દીલગીરી ભરેલું છે, તો પણ તેમની લાગણી અને શુભેચ્છા માટે આપણે તેમનો આભાર માનવો જોઇએ છે. રાજસ્થાનનાં ઘણા ખરા રાજાઓ અને ખુદ તેમના ભાઈ રાયસિંહ પણ જ્યારે અકબરના દાસત્વનો સ્વીકાર કરી પોતાની પુત્રીઓ તેને આપી ચુક્યા છે, ત્યારે પૃથિવીરાજ જેવા નરરત્ન બાદશાહની નજરકેદમાં રહ્યાં છતાં પણ આપણને આટલી સહાય અને સલાહ આપે છે, એ કાંઈ જેવી તેવી ખુશાલીની વાત નથી. " ભામાશાહે કહ્યું.

આ વખતે કુમાર અમરસિંહ અને રણવીરસિંહ ઉતાવળા ઉતાવળા આવી પહોંચ્યા અને તેમણે મહારાણા તરફ જોઈને કહ્યું. "મોગલોને આપણા આ નિવાસસ્થાનની પણ ખબર પડી ગઈ જણાય છે; કેમકે તેમની એક ટુકડી આ તરફ એકદમ ધસારાબંધ ચાલી આવે છે અને તેથી ભીલના નાયકે આપણને આ સ્થળનો ત્યાગ કરવાની સૂચના મોકલાવી છે."

"હું ધારતો જ હતો કે ચાલાક મોગલોથી આપણું આ સ્થળ પણ ગુપ્ત રહેશે નહિ અને થયું પણ તેમજ. ઠીક, તમે આપણા સઘળાં પરિવારને લઈ ભીલનાયક સલાહ આપે, તે તરફ ચાલ્યા જવાની ગોઠવણ કરો અને અમે પણ તમારી પાછળ જ આવી પહોંચીએ છીએ." પ્રતાપસિંહે એમ કહીને તેમને જવાની સૂચના કરી.

"ભીલનાયકે આપણી ગોઠવણ મુજબ સુન્ધાના પહાડોમાં જવાની અમને ખબર મોકલાવી છે અને તેથી અમે ત્યાં જવાની ગોઠવણ કરી લઈએ છીએ." એમ કહી અમરસિંહ તથા રણવીરસિંહ મહારાણીને પોતાની સાથે લઈને તુરત જ ચાલ્યા ગયા.

તેઓના જવા પછી પ્રતાપસિંહ તથા ભામાશાહ અન્ય સરદારો અને રાજપૂતોની સાથે તેમની પાછળ ગયા અને તેઓને ગયાને બહુ વાર થઈ નહિ હોય, એટલામાં તો મોગલો ત્યાં આવી પહોંચ્યા; પરંતુ પ્રતાપસિંહ વગેરેને ત્યાં નહિ જોવાથી તેઓ બીજી દિશામાં તેમની શોધ કરવાને દોડી ગયા.



પ્રકરણ ૨૨ મું.

ધાર્મિક ઐક્ય

શહેનશાહ અકબરના સંબંધમાં આપણે જાણવા યોગ્ય ઈતિહાસ પ્રસ્તુત નવલકથામાં વાંચી ગયા છીએ અને તેના ગુણ-દોષની બન્ને બાજુઓને પણ પ્રસંગોપાત જોઈ ગયા છીએ; તો પણ

જતો હતો. જ્યારે જ્યારે તે આગ્રાથી ફતેહપુર આવતો હતો ત્યારે ત્યારે તે પોતાના ખાસ દરબારીઓ, પોતાના મિત્રો, પોતાના સલાહકારો અને તૌહિદ-ઈ-ઈલાહીના સર્વ વિદ્વાનોને પોતાની સાથેજ લઈ જતો હતો અને તેમની સાથે વિવિધ પ્રકારનો વિનોદ કરીને અલૌકિક આનંદનો ઉપભોગ કરતો હતો. રવિવારનો [illegible] અને અનુકુળ સમય હોવાથી ઇબાદતખાનામાં નિયમ [illegible] તૌહિદ-ઈ-ઈલાહીના વિદ્વાનોની સભા ભરવામાં આવી હતી [illegible] સર્વ સભાસદોની મધ્યમાં બાદશાહ અકબર ઈંદ્ર સમાન હતો. આ સભામાં અબુલફૈઝ, અબુલફઝલ, અબદુલ કાદર, શાહ મનસુર, મીર આલમ, તાનસેન, રાજા પૃથિવીરાજ, રાજા બીરબલ, દિવાન ટોડરમલ્લ, થાનસિંહ, કરમચંદ, કવિગંગ [illegible] પંડિત જગન્નાથ વગેરે વિદ્વાનો હાજર હતા અને તેઓ પર[illegible] અનેક પ્રકારના વિષયો ઉપર ચર્ચા ચલાવી રહ્યા હતા. બાદશાહ અકબરે આ વખતે સર્વને ચૂપ રહેવાની ઇશારત કરતાં સર્વ સભાસદો ચૂપ થઇ ગયા. ત્યારબાદ તેણે તાનસેન સામે નજર [illegible] કહ્યું " તાનસેન ! "

તાનસેને તુરતજ જવાબ આપ્યો, " ફરમાન ખુદાવંદ ! "

" આપણે અત્યારે કોઇ પણ વિષય ઉપર ચર્ચા ચલાવ[illegible] તે પહેલાં તમે એકાદ મીઠું અને મધુર ગાન સંભળાવીને અમ[illegible]

૧ દિવાન ટોડરમલ અકબરશાહનો મુખ્ય દિવાન અને જાતિનો ક્ષત્રી હતો અને તે અરબ્બી, ફારસી અને સંસ્કૃત ભાષામાં મહા નિપુણ હતો એમ પ્રતાપપ્રતિજ્ઞા નાટકમાં રા. નથુરામ સુંદરજી શુક્લ લખે છે: પણ શ્રીયુત બાબુ ઉમરાવસિંહજી ટાંક બી. એ. એલ. એલ. બી. કહે છે કે ટોડરમલ શહેનશાહ અકબરનો કોષાધ્યક્ષ હતો. તેનું નામ અકબરના દરબારના પ્રૌઢ [illegible] જૈનીઓમાં સર્વથી મશહુર છે. તે જાતિએ ઓસવાલ હતો અને તેના વંશજો ટોડરમલ્લોર નામથી પ્રસિદ્ધ છે અને અજમેર તથા જોધપુરમાં આજ [illegible] જોવામાં આવે છે. આ બન્ને વાતોમાંથી કઇ ખરી અને કઇ ખોટી, એ નક્કી કરવાનું કાર્ય અમે ઇતિહાસવેત્તાઓને સોંપીએ છીએ. ઐતિહાસિક વિષયમાં આવા ઘણા મતભેદો રહેલા છે અને તેથી આવા વિદ્વાન પુરુષોનાં જુદાં જુદાં જીવનચરિત્રો લખવામાં આવે, તો જ તેઓ ખરી રીતે કોણ હતા, એ જાણી શકાય.

—લેખક.

સર્વના દિલને ખુશ કરો એવી મારી ઈચ્છા છે." બાદશાહે કહ્યું.

તાનસેને બાદશાહની ઈચ્છાને જો હુકમ કરીને પોતાના કર્ણપ્રિય કંઠને ખુલ્લો મૂકી દીધોઃ—

"તેરેરી બદન કમળપર શામ સુંદર પીય રીઝ રહે એક ઠોર,
બીન દેખે નેન, છીયાકું ન પરે ચેન, બોલત ઓર કે ઓર,
ઘરી ઘરી પલછન કર ન પરત હે ઓર ન સુઝત કોઈ ડોર,
તાનસેનકે પીયાસો ઉઠ હીલમીલ કરો નોહારત દોરઃ—
તેરેરી બદન કમળપર.."

તાનસેને ઉપર્યુક્ત ગાન એવા તો મનોરંજક આલાપ અને મીઠા સુરથી ગાઇ બતાવ્યું કે તેને સાંભળનારા સર્વ સભાસદો ઘડીભર મંત્રમુગ્ધ બની ગયા અને તેઓ એક અવાજે તેની પ્રશંસા કરવા મંડી ગયા. ખુદ બાદશાહે પણ તાનસેનની ગાયનકળાના વખાણ કરતાં બીરબલને ઉદ્દેશીને કહ્યું. "બીરબલ! ગાયનકળામાં તાનસેન ઘણોજ ઉસ્તાદ અને પ્રવીણ છે. મને લાગે છે કે સમસ્ત હિન્દુસ્થાનમાં તેના જેવો બીજો ગાયક ભાગ્યેજ હશે."

"બાદશાહ સલામતની એ માન્યતા સત્ય છે કે તાનસેન ગાયનકળામાં ઘણો જ ઉસ્તાદ છે; પરંતુ તેથી તેના જેવો બીજો કોઈ ગાયક સમસ્ત હિન્દુસ્તાનમાં ભાગ્યે જ હશે, એમ કહેવું એ મને જરા અતિશયોક્તિ ભરેલું લાગે છે." બીરબલે ખરી હકીકત કહી બતાવી.

"રાજા બીરબલનું કથન સર્વથા સત્ય છે" દિવાન ટોડરમલ્લે તેના મતને અનુમોદન આપતાં કહ્યું.

"હિન્દુસ્થાન જેવા વિશાળ દેશમાં મિયાં તાનસેનથી પણ ગાયનકળામાં અધિક ઉસ્તાદ ગાયકો હોવા, એ કાંઇ અસંભવિત વાત નથી. જ્યાં સુધી આપણે બીજા જ્ઞાત પુરૂષોના સહવાસમાં આવ્યા હોતા નથી, ત્યાં સુધી તુલનાના અભાવે આપણે એક વ્યક્તિને બહુ જ મહત્ત્વ આપી દઈએ છીએ અને એમ બનવું એ સ્વાભાવિક પણ છે. આ ઉપરથી મિયાં તાનસેનને હું ઉતારી પાડવા

તેના વિષે ઘણું ખરું જાણવાનું બાકી રહે છે. અકબરબાદશાહનું પૂર્વાવસ્થાનું જીવન વિલાસ લોલુપતા અને મિથ્યાડંબરથી ગમે તેટલું કલુષિત બન્યું હોય, તો તે વિષે અમે કાંઈ પણ કહેતા નથી. અન્ય કેટલાક ઇતિહાસકારો પણ તેના કેટલાક દોષો વિષે ફરીઆદ કરે છે પરંતુ અમારો અને કહેવાનો આશય માત્ર એટલોજ છે કે હિંદુ સ્થાનનાં શિરસ્મરણીય તખ્ત ઉપર જે મુસલમાન બાદશાહો બેસીને રાજ્યશાસન ચલાવી ગયા છે, તેમાંથી અકબર સર્વ શ્રે કીર્તિ સંપાદન કરી ગયો છે, એ નિર્વિવાદ છે. એક મનુષ્ય તરી બાદશાહ અકબર સર્વગુણસંપન્ન નહોતો, એ અમે માનીએ છીએ; પરંતુ તેનામાં ન્યાય, સત્ય, દયા, સમાનતા અને વિદ્વત્તા ઉચ્ચ ગુણોનો વાસ જરૂર હતો, અને તેથી તે હિન્દુ, મુસલમાન જાતિઓમાં પ્રિય થઇ પડયો હતો. બાદશાહ અકબર મહા મુત્સદ્દી અને કલાવિન્દ પુરૂષ હતો અને તેથી તેણે પરાજીત હિં જાતિના દિલને જીતી લેવાને માટે તેમની—રાજપૂતોની પુત્રી સાથે લગ્નસંબંધ યોજીને તથા તેમને ધાર્મિક સ્વતંત્રતા અર્પી મોગલ સલ્તનતની જડને મજબૂત બનાવી હતી; પરંતુ ઔરંગઝેબે હિન્દુઓનું નામનિશાન સદંતર કહાડી નાંખવાની મિથ્યા લાલચને વશ થઈ એ જડને સદંતર ઉખાડી નાંખી હતી અને તેથી મોગલ સલ્તનતની હયાતી તે પછી થોડા સમયમાં નાશ પામી હતી અ તેની વાતો માત્ર ઇતિહાસના નિર્જીવ પાનાં ઉપર લખાયલી રહે પામી છે, એ ઇતિહાસના વાંચકોથી અજાણ્યું નથી. રાજસત્તા ટકાવી રાખવા માટે જીતાયલી પ્રજાના દિલને પ્રસન્ન રાખવાની તેના ઉપર ન્યાયપ્રિયતાની છાપ બેસાડવાની ખાસ કરીને અગ રહેલી છે અને શહેનશાહ અકબરે આ અગત્યનો સ્વીકાર કરીને પોતાની હિન્દુ પ્રજાનું દીલ લગ્નસંબંધ યોજીને અને ધાર્મિક સ્વતંત્રતા આપીને ઘણા ભાગે જીતી લીધું હતું. તેણે પોતાના દરબારમાં હિન્દુ અને જૈન પંડિતો, વિદ્વાનો, તત્ત્વજ્ઞો તથા કવિઓને તેમના ધર્મની ખુબીઓ સમજવાને માટે એકત્ર કર્યા હતા એટલુંજ નહિં, પણ લાયક હિન્દુ અને જૈન ધર્મિઓને પોતાના રાજ્ય કારોબારમાં જોખમી હોદ્દાઓ આપીને તેમનો વિશ્વાસ

પાંદન કરી લીધો હતો; બાદશાહ અકબર સારી રીતે સમજતો હો કે હિન્દુસ્થાનના લોકો પોતાના ધર્મને પોતાના પ્રાણ કરતાં પણ વધુ ચાહનારા છે અને તેથી તેણે જૂદા જૂદા ધર્મને માનનારા દ્વાનોની એક સભા સ્થાપી હતી અને તે દ્વારા પોતે દરેક ધર્મનું રહસ્ય સમજીને સર્વને સંતોષ આપતો હતો. હિન્દુ અને મુસલમાન . એક વિરૂદ્ધ સ્વભાવ, વિરૂદ્ધ આચાર વિચાર અને વિરૂદ્ધ ધર્મને રણ કરનારી જાતિઓ હોવાથી તેમનું ધાર્મિક ઐક્ય કરવાની ખાતર ણે આ સભા સ્થાપી હતી અને તેનું નામ તોહિદ–ઇ–ઇલાહી ટલે કે 'પરમતત્ત્વની એકતા' એવું રાખ્યું હતું. આ સભાને માટે ણે ફત્તેપુર સીક્રીમાં ખાસ મકાન તૈયાર કરાવીને તેને ઇબાદત-ાનાનું નામ આપેલું હતું. શહેનશાહ અકબરે જો કે પોતાની ાજ્યગાદી આગ્રામાં રાખેલી હતી; તો પણ તે પોતાનો ઘણોખરો મય ફત્તેહપુર સીક્રીમાંજ ગાળતો હોવાથી તેણે ઇબાદતખાનાના અતિ ભવ્ય અને સુંદર મકાનને ત્યાંજ બંધાવ્યું હતું. બાદશાહ ાં ઇબાદતખાનામાં બેસીને પ્રત્યેક ધર્મના વિદ્વાનોની સાથે ધાર્મિક ચર્ચા ચલાવતો હતો અને પોતાની શંકાનું સમાધાન કરતો હતો. વિદ્વાન અને તત્ત્વજ્ઞ પુરૂષોના સહવાસ અને નિત્યના પરિચયથી તેનું જીવન ઉજ્વળ બનતું જતું હતું; પરંતુ જ્યારથી તેને જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિનો સમાગમ થયો અને તેમના ઉત્તમ અમૃતમય ઉપદેશનું તેણે પાન કર્યું, ત્યારથી તેના જીવનમાં ઘણો જ-ફેરફાર થઇ ગયો હતો અને તે એટલે સુધી કે કેટલાક કટ્ટર મુસલમાનો તેના જીવનમાં થયેલા ફેરફારના અંગે તેના આચાર–વિચાર જોઇને તેનાથી નારાજ થઇ ગયા હતા અને ખુદ શાહજાદા સલીમને પોતાના બાગાની વિરૂદ્ધ ઉશ્કેરીને તેની સામે બળવો જગાડવાને પણ લલચાવી શકયા હતા; પરંતુ મહા વિચક્ષણ અને રાજ્યકાર્યકુશળ અકબરે પોતાના વિરોધીઓને શામ, દામ, ભેદ અને દંડથી સમજાવીને પોતાની સત્તા જેવીને તેવી ટકાવી રાખી હતી.

જે સમયની ઘટનાનો અમે અત્રે ઉલ્લેખ કરીએ છીએ, તે સમયે મોગલકુલતિલક શહેનશાહ અકબર ફત્તેપુર સીક્રીમાં વિરા-

જતો હતો. જ્યારે જ્યારે તે આગ્રાથી ફતેહપુર આવતો ત્યારે ત્યારે તે પોતાના ખાસ દરબારીઓ, પોતાના મિત્રો, પોતાના સલાહકારો અને તૌહિદ-ઈ-ઈલાહીના સર્વ વિદ્વાનોને પોતાની સાથેજ લઈ જતો હતો અને તેમની સાથે વિવિધ પ્રકારનો વિનોદ કરીને અલૌકિક આનંદનો ઉપભોગ કરતો હતો. રવિવારનો દિવસ અને અનુકૂળ સમય હોવાથી ઇબાદતખાનામાં નિયમ મુજબ તૌહિદ-ઈ-ઈલાહીના વિદ્વાનોની સભા ભરવામાં આવી હતી અને સર્વ સભાસદોની મધ્યમાં બાદશાહ અકબર ઇંદ્ર સમાન શોભતો હતો. આ સભામાં અબુલફૈઝ, અબુલફજલ, અબદુલ કાદર, શાહ મનસુર, મીર આલમ, તાનસેન, રાજા પૃથિવીરાજ, બીરબલ, દિવાન ટોડરમલ[1], માનસિંહ, કરમચંદ, કવિ ગંગ પંડિત જગન્નાથ વગેરે વિદ્વાનો હાજર હતા અને તેઓ પરસ્પર અનેક પ્રકારના વિષયો ઉપર ચર્ચા ચલાવી રહ્યા હતા. બાદશાહ અકબરે આ વખતે સર્વને ચુપ રહેવાની ઇશારત કરતાં સર્વ સભાસદો ચૂપ થઇ ગયા. ત્યારબાદ તેણે તાનસેન સામે નજર કરી કહ્યું " તાનસેન ! "

તાનસેને તુરતજ જવાબ આપ્યો, " ફરમાન ખુદાવંદ ! "

" આપણે અત્યારે કોઇ પણ વિષય ઉપર ચર્ચા ચલાવીએ તે પહેલાં તમે એકાદ મીઠું અને મધુર ગાન સંભળાવીને અમ

૧ દિવાન ટોડરમલ અકબરશાહનો મુખ્ય દિવાન અને જાતિનો ક્ષત્રી હતો અને તે અરબ્બી, ફારસી અને સંસ્કૃત ભાષામાં મહા નિપુણ હતો એમ પ્રતાપપ્રતિજ્ઞા નાટકમાં રા. નથુરામ સુંદરજી શુક્લ લખે છે: શ્રીયુત બાબુ ઉમરાવસિંહજી ટાંક બી. એ. એલ. એલ. બી. કહે છે કે ટોડરમલ શહેનશાહ અકબરનો કોશાધ્યક્ષ હતો. તેનું નામ અકબરના દરબારના પ્રતિનિધિઓમાં સર્વથી મશહૂર છે. તે જાતિએ ઓસવાલ હતો અને તેના વંશજો ટોડરમલ્લોર નામથી પ્રસિદ્ધ છે અને અજમેર તથા જોધપુરમાં આજ જોવામાં આવે છે. આ બન્ને વાતોમાંથી કઇ ખરી અને કઇ ખોટી, એ નક્કી કરવાનું કાર્ય અમે ઇતિહાસવેત્તાઓને સોંપીએ છીએ. ઐતિહાસિક વિષયોમાં આવા ઘણા મતભેદો રહેલા છે અને તેથી આવા વિદ્વાન પુરૂષોનાં જુદાં જુદાં જીવનચરિત્રો લખવામાં આવે, તો જ તેઓ ખરી રીતે કોણ હતા, એ જાણી શકાય.

—લેખક

પરંતુ તે પહેલાં આપને એ સમજાવવાની જરૂર છે કે હિન્દુ અને ઈસ્લામ એ ઉભય વિરોધી ધર્મનું ઐક્ય થવું શું સંભવિત છે ? હરગીજ નહિ અને તેથીજ હું આપને અરજ ગુજારૂં છું કે આપ ધાર્મિક ઐક્યના પ્રયાસને છોડી દો–સદંતર છોડી દો. હા, એટલું છે કે જો આપને ધાર્મિક ઐક્ય ખરી રીતે કરવુંજ હોય તો કાંતો બધાને મુસલમાન કરવા જોઈએ અને કાંતો આપણે બધાએ હિન્દુ થઈ જવું જોઈએ. કેમ શાહ મનસુર ! તમારો આ વિષે શો અભિપ્રાય છે ? " કાજીએ એમ કહીને શાહ મનસુર કે જે પોતાના મતને સર્વથા મળતો આવતો હતો, તેને પૂછયું.

" બરાબર છે, કાજીસાહેબ ! તમારૂં કથન રાસ્ત છે. " શાહ મનસુરે હા ભણી.

" કાજીસાહેબ ! મને માફ કરજો; પરંતુ મારે કહેવું જોઈએ કે તમે ધાર્મિક ઐક્ય સંબંધી નાહક વહેમને ધરો છો. ધાર્મિક ઐક્યનો અર્થ એવો નથી કે બધાંએ ઈસલામ કે હિન્દુ ધર્મને જ ગ્રહણ કરવો; તેનો અર્થ માત્ર એટલોજ છે કે હિન્દુ, જૈન અને ઈસલામ ધર્મમાં અરસપરસ જે મતભેદો છે, તેને એક બાજુએ રાખીને સર્વ ધર્મના અનુયાયીઓએ દેશના સામાન્ય હિતની ખાતર પોતાની વચ્ચેના વૈમનસ્યને દૂર કરીને પરસ્પર ભ્રાતૃભાવથી વર્તવું. તૌહિદ–ઈ–ઈલાહીનો અર્થ અથવા તો સિદ્ધાંત આજ છે; તેમ છતાં આવા સામાન્ય વિષયમાં તમે આનાકાની કરીને શહેનશાહને અવળે રસ્તે દોરવા માગો છો, એ તમારા જેવા વિદ્વાન પુરૂષને યોગ્ય નથી. " અબુલફજલે ધાર્મિક ઐક્યનો ખુલાસો કરતાં કહ્યું.

" અબુલફજલ ! શહેનશાહને હું અવળે રસ્તે દોરવા માગું છું કે તમે દોરવા માગો છો, એ હકીકતને સર્વ ઈસલામીઓ સારી રીતે જાણતા હોવાથી તમારે મને એ વિષે કાંઈ પણ કહેવાની જરૂર નથી. હું તો મને જે યોગ્ય લાગે છે, તે ખુલ્લા દિલથી શહેનશાહને તુરતજ કહું છું; કારણ કે હું તેને મારી ફરજ સમજું છું; પરંતુ તેથી તેમણે મારા વચનોને માન્ય રાખવા જ જોઈએ, એવો મારો તમને આગ્રહ નથી. " કાજીએ સ્હેજ રોષપૂર્વક કહ્યું.

ઈચ્છતો નથી, કારણ કે તેમની ગાયનકળાની નિપુણતા માટે મને સંપૂર્ણ માન છે. મારો કહેવાનો ભાવાર્થ માત્ર એટલો જ છે ‘ તાનસેનજી જેવા બીજા ગાયકો પણ ભાગ્યે જ હશે.’ એ માનવું જરા ઉતાવળી છે.”

અકબરે રાજા બીરબલ તથા દિવાન ટોડરમલનો એકજ અભિપ્રાય જાણીને ગંભીરતાથી કહ્યું. “ તમારો શુદ્ધ અને નિષ્પક્ષપાત અભિપ્રાય જાણીને મને સંતોષ થયો છે; કારણ કે આપણી આ સભામાં હરકોઈ સભાસદને સંપૂર્ણ સ્વતંત્રતા અને નિડરતાથી વિષય પરત્વે પોતાનાં અભિપ્રાયો આપવાની છુટ છે; પરંતુ તાનસેનની ગાયનકળાને માટે આપણે અત્રે વાદવિવાદ કરવાનો નથી અને તેથી એ વાતને પડતી મૂકવાની હું સર્વને સૂચના કરૂં છું. અત્રે આપણે જે વિષયને હાથ ધરી વાદવિવાદ કરવાનો છે અને ચર્ચા ચલાવવાની છે, તે આપણા નવિન પંથને પુષ્ટ કરવા વિષે હોવાથી તે સંબધી પોતપોતાના વિચારો જણાવવાને માટે તમારૂં સર્વનું ધ્યાન એંચું છું.”

બાદશાહના છેવટના શબ્દો સાંભળી કાઝીએ જરા આવેશપૂર્વક કહ્યું. “ નામવર શહેનશાહ ! ધાર્મિક ઐક્ય સાધવાને માટે આપે તૌહિદ-ઈ-ઈલાહી નામક નવિન પંથ સ્થાપીને જે પ્રચાર કરવા માંડયો છે તે પરવરદેગારના ફરમાનથી વિરૂદ્ધ છે, એમ ઘણીવાર કહી ગયો છું અને હજુ પણ એમજ કહું છું. માટે એ ભ્રમમૂલક પ્રયાસનો ત્યાગ કરીને પાક ઈસલામ ધર્મનો પ્રચાર કરવાના કાર્યને હાથ ધરો, એવી મારી આપને અરજ છે.”

“ મારી પણ આપને એવીજ અરજ છે; કારણ કે કાઝી સાહેબ જે કહે છે, તે બીલકુલ સત્ય છે.” અબ્દુલકાદરે ... મતને પુષ્ટિ આપતાં કહ્યું.

“ પરંતુ ધાર્મિક ઐક્ય સાધવાનો હું જે પ્રયાસ કરૂં છું, પરવરદેગારના ફરમાન વિરૂદ્ધ શી રીતે છે, તે મને જરા સમજાવશો ?” અકબરે કાઝીને ઉદ્દેશીને પૂછયું.

“ એ હકીકત આપને કોઈ વખતે એકાંતમાં સમજાવીશ

પરંતુ તે પહેલાં આપને એ જાણવાની જરૂર છે કે હિન્દુ અને ઈસલામ એ ઉભય વિરોધી ધર્મનું ઐક્ય થવું શું સંભવિત છે ? હરગીજ નહિ અને તેથીજ હું આપને આગ્રહ કરું છું કે આપ ધાર્મિક ઐક્યના ખ્યાલને છોડી દો—પરંતુ છોડી દો. હા, એટલું છે કે જો આપને ધાર્મિક ઐક્ય પેદા કરીને રહેવું જ હોય તો કાંતો બધાને મુસલમાન કરવા જોઈએ અને કાંતો આપણે બધાએ હિન્દુ થઈ જવું જોઈએ. કેમ શાહ અનવુર ! તમારો આ વિષે શો અભિપ્રાય છે ? " કાજીએ એમ કહીને શાહ અનવુર કે જે પોતાનાજ મતને અનુસરનારો એકજ માનનારો હતો, તેને પૂછ્યું.

" બરોબર છે, કાજીસાહેબ ! તમારું કહેવું વાજબી છે. " શાહ અનવુરે હા ભણી.

" કાજીસાહેબ ! મને માફ કરજો, પરંતુ મારે કહેવું જોઈએ કે તમેં ધાર્મિક ઐક્ય સંબંધી નાહક વહેમને ધરો છો. ધાર્મિક ઐક્યનો અર્થ એવો નથી કે બધાએ ઈસલામ કે હિન્દુ ધર્મને જ કબુલ કરવો; તેનો અર્થ માત્ર એટલોજ છે કે હિન્દુ, જૈન અને ઈસલામ ધર્મમાં અરસપરસ જે મતભેદો છે, તેને એક બાજુએ રાખીને સર્વ ધર્મના અનુયાયીઓએ દેશના સામાન્ય હિતની ખાતર પોતાની વચ્ચેના વૈમનસ્યને દૂર કરીને પરસ્પર ભ્રાતૃભાવથી વર્તવું. તૌહિદ–ઇ–ઇલાહીનો અર્થ અથવા તો સિદ્ધાંત આજ છે; તેમ છતાં આવા સામાન્ય વિષયમાં તમે આનાકાની કરીને શહેનશાહને અવળે રસ્તે દોરવા માગો છો, એ તમારા જેવા વિદ્વાન પુરૂષને યોગ્ય નથી. " અબુલફજલે ધાર્મિક ઐક્યનો ખુલાસો કરતાં કહ્યું.

" અબુલફજલ ! શહેનશાહને હું અવળે રસ્તે દોરવા માગું છું કે તમે દોરવા માગો છો, એ હકીકતને સર્વ ઈસલામીઓ સારી રીતે જાણતા હોવાથી તમારે મને એ વિષે કાંઈ પણ કહેવાની જરૂર નથી. હું તો મને જે યોગ્ય લાગે છે, તે ખુલ્લા દિલથી શહેનશાહને તુરતજ કહું છું; કારણ કે હું તેને મારી ફરજ સમજું છું; પરંતુ તેથી તેમણે મારા વચનોને માન્ય રાખવા જ જોઈએ, એવો મારો તમને આગ્રહ નથી. " કાજીએ સ્હેજ રોષપૂર્વક કહ્યું.

"હું ક્યાં કહું છું કે તમે એવો આગ્રહ કરો છો ! અને કદાચ કરતા હો; તોપણ શહેનશાહ તેને વગર વિચાર્યે માની લે એવા ઉતાવળા કે બુદ્ધિહીન નથી. ખુદાતાલાએ તેમને સમજ શક્તિની ઉત્તમ બક્ષિસ ઉદાર હાથે આપેલી હોવાથી તેઓશ્રી હરકોઈ પુરૂષના આગ્રહને અને તેની વાર્તાના મર્મને સહજમાં સમજી શકે તેવા છે અને તેથી તમે આગ્રહ કરો કે ન કરો, એ સરખું જ છે." અબુલફજલે કાજીને સચોટ જવાબ આપ્યો અને તેથી કાજીની આંખોમાં રતાશ છવાઈ ગઈ અને તે તેનો પ્રત્યુત્તર આપવાને તૈયારી કરતો હતો; પરંતુ અકબરે તેને નેત્રની ઇશારતથી શાંત રહેવાની સૂચના કરી એટલે તે અનિચ્છાએ પણ ચૂપ રહ્યો.

તે પછી બાદશાહે કરમચંદ પ્રતિ જોઇને તેને ઉદ્દેશીને કહ્યું: 'કરમચંદ ! ધાર્મિક ઐક્ય સંબંધી તમારો શો અભિપ્રાય છે ! તમે કાજી અને અબુલફજલ એ ઉભયમાંથી કોના મતને મળતા થાઓ છો ?"

કરમચંદે ક્ષણવાર વિચાર કરીને કહ્યું. "બાદશાહ સલામત. ધાર્મિક ઐક્ય સાધવાનો પ્રયાસ જો સ્વાર્થરહિતપણે કરવામાં આવતો હોય, તો મારા મત મુજબ પ્રશંસનીય છે, કારણકે તેમ કરવાથી ધર્મના અંગે અરસપરસ જે વિરૂદ્ધતા અસ્તિત્વ ધરાવતી હોય, તેનો ઘણે અંશે નાશ થાય છે અને તેથી દેશમાં સામાન્ય રીતે શાંતિ જળવાઇ રહે છે. ધાર્મિક ઐક્ય કરવાથી કોઈ પણ ધર્મનો નાશ થતો નથી, એ સહજમાં સમજી શકાય તેવી વાત છે. કારણકે તેથી કોઇને પોતપોતાના ધર્મની માન્યતા અને શ્રદ્ધાનો ત્યાગ કરવાની જરૂર રહેતી નથી; કિન્તુ જૂદા જૂદા ધર્મોના જે મતભેદો રહેલા છે, તેની ઉપેક્ષા કરીને સર્વ ધર્માનુયાયીઓએ પરસ્પર એકસંપીથી વર્તવાનું છે. રાજકીય દૃષ્ટિથી ધાર્મિક ઐક્યનો સિદ્ધાંત બહુ અગત્યનો છે; કારણકે તેથી ખુદ રાજકર્તાને પણ લાભ થવાનો સંભવ છે અને તેથી મારો અભિપ્રાય શેખ અબુલફજલને મળતો છે."

શહેનશાહ અકબર કરમચંદનો અભિપ્રાય જાણીને અંતરમાં

હુજ ખુશી થઈ ગયો; પરંતુ તેણે પોતાની ખુશાલીને દબાવી, રાખીને રાજા બીરબલને પૂછયું. " અને તમે આ વિષે શું કહો છો? તમે કોના મતને મળતા થાઓ છો ? "

રાજા બીરબલે તુરતજ જવાબ આપ્યો " જહાંપનાહ ! હું શાહ કેરમચંદના મતને મળતો થાઉં છું; કારણ કે તેમણે ધાર્મિક ઐકય સંબંધમાં પોતાનો જે અભિપ્રાય આપ્યો છે, તે ઘણો જ વિચારણીય અને મહત્ત્વનો છે. જે દેશમાં જૂદા જૂદા ધર્મને માનનારી પ્રજા અને વિધર્મી રાજકર્ત્તા હોય, તે દેશમાં ધાર્મિક ઐકયની ઘણી જ જરૂર છે અને આ જરૂર જેમ પ્રજાને લાભકારી છે, તેમ રાજકર્ત્તાને પણ લાભકારી છે. રાજકર્ત્તા જો પ્રજાના ધર્મમાં હાથ નહિ નાખતાં સઘને પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા આપે છે, તો તેના રાજ્યનો પાયો મજબુત થવાની સાથે પ્રજાજનો તેને દીલોજાનથી ચાહે છે. ધાર્મિક ઐકયથી હિન્દુએ મુસલમાન અને મુસલમાને હિન્દુ થવાની જરૂર રહેતી નથી; પરંતુ હિન્દુ અને મુસલમાન ઉભય ધર્માનુયાયીઓએ અરસપરસ ધાર્મિક મતભેદો હોય તેને ભૂલી જઇને દેશના સામાન્ય લાભની ખાતર ઐકય સાધવું, એજ માત્ર ધાર્મિક ઐકયનો હેતુ છે અને આ હેતુને લક્ષ્યમાં રાખીને જ તૌહિદ-ઇ-ઇલાહી નામક પંથની આપે સ્થાપના કરી છે, એ અમે સારી રીતે જાણીએ છીએ. "

" રાજા બીરબલનું કથન સર્વાંશે સત્ય છે અને તેથી બધાને મુસલમાન કરવા જોઇએ અથવા તો બધાએ હિન્દુ થઇ જવું જોઇએ, એ કાજી સાહેબનો સિદ્ધાંત અસત્ય ઠરે છે." ફૈજીએ કહ્યું.

" મારા સિદ્ધાંતને તમે બધા ભલે અસત્ય ઠરાવવા માગો; પરંતુ મેં જે કહ્યું છે, તે બીલકુલ રાસ્ત છે. અને તેથી તમે તેને અસત્ય ઠરાવી શકશો નહિ, કારણ કે હિન્દુ અને મુસલમાન એ ઉભય કોમનું ધાર્મિક ઐકય થવું, એ તદન અસંભવિત છે." કાજીએ દૃઢ નિશ્ચયપૂર્વક કહ્યું.

કાજીના ઉપર્યુક્ત શબ્દો સાંભળી લીધા પછી સર્વ સભાસદો ક્ષણવાર ચૂપ રહ્યા અને શહેનશાહ અકબર વિચારમાં પડી ગયો.

એટલી વાર પછી તેણે પોતાના આસન ઉપર સ્થાન ગ્રહણ કર્યું. “હે વિદ્વાન મિત્રો ! ધાર્મિક ઐક્યના સંબંધમાં તમે અત્યારે જે અભિપ્રાયો આપ્યા છે, તે બધાને મેં ધ્યાનપૂર્વક સાંભળ્યા છે. ધાર્મિક ઐક્ય કરવાનો આપણો આશય શાહ કરમચંદ અને બીરબલ કહે છે તેમ પરસ્પરના ધાર્મિક ભેદોને ભૂલી જઈને હિંદુ અને મુસલમાન ઉભય કોમોએ 'પરસ્પર એકસંપીથી રહેવું જોઈએ' જ છે અને આ આશયને લક્ષમાં રાખીને તોહિદ-ઈલાહી દીની સ્થાપના આપણે કરેલી છે. આપણો આશય આવો છે અને કોઈ પણ ધર્મને બાધક થાય તેવો નથી; તો પણ આપણે ફલિભૂત થશું કે નહિ, એની મને શંકા જ રહ્યા કરે છે; કારણ કે આપણા આ ધાર્મિક ઐક્યતાના પ્રયાસથી હિંદુ અને મુસલમાનનો મોટો ભાગ વિરૂદ્ધ છે, એટલું જ નહિ, પણ વિરોધીઓ આપણા વિરૂદ્ધ ખટપટ પણ ચલાવી રહ્યા છે. મારી પ્રજાની સુખશાંતિ અને મારા મુલકના સામાન્ય હિતની ખાતર તેવા વિરોધીઓની દરકાર નહિ કરતાં ધર્મિક ઐક્ય કરવાના ઉમદા વિચારને સતત વળગી રહેવા ઇચ્છું છું અને તમે મારા મિત્રો મારા આશયને સમજી મને આ કાર્યમાં સહાય કરવા સદા તત્પર રહેશો, એવી મારી ઇચ્છા છે. તેમ છતાં જેઓ મ… મતથી વિરૂદ્ધતા ધરાવતા હોય, તેઓને આગ્રહથી મારા પક્ષમાં જોડાવાનું હું કહેતો નથી; કારણ કે ધર્મ સંબંધી વિષયમાં હું કોઈ ઉપર ફરમાન ચલાવવાને ઇચ્છતો નથી. આ વિષય સંબંધે આપણે આગળ ઉપર વિશેષ ચર્ચા કરશું; હાલ તો અગત્યના રાજકીય કામ માટે મારે જવાનું હોઇ એ ચર્ચાને બંધ કરવી પડે છે.”

બાદશાહ તુરતજ આસન ઉપરથી ઉઠ્યો અને તે સાથે સર્વ સભાસદો પણ ઉભા થઇ ગયા. ત્યારબાદ તે દિવાન ટોડરમલ તથા ફૈજીને પોતાની સાથે લઈ ત્યાંથી રવાના થઇ ગયો અને અન્ય સભાસદો પણ પોતપોતાના કાર્ય ઉપર ચાલ્યા ગયા.

પ્રકરણ ૨૩ મું.

સૂરીશ્વર અને સમ્રાટ.

આચાર્ય શ્રી હીરવિજયસૂરિ અમદાવાદથી વિહાર કર્યા પછી પાટણ, સિદ્ધપુર, સરોતરા, સિરોહી, સાદડી, રાણપુર, આઉઆ અને મેડતા વગેરે પ્રસિદ્ધ નગરો અને ગામોમાં થોડો થોડો સમય રહી છેવટે સાંગાનેર સ્થાનમાં આવી પહોંચ્યા. સૂરિજી એ જે સ્થાનોમાં થઇને વિહાર કરતા હતા, તે સર્વ સ્થાનોના શ્રાવકો અને રાજાઓ તેમનો પ્રવેશમહોત્સવ ઘણીજ ધામધૂમથી કરતા હતા અને તેમના ઉત્તમ ઉપદેશનો લાભ લેતા હતા. પાટણમાં એક શ્રાવિકાએ મોટો ઉત્સવ કરીને સૂરિજીના હાથે જીનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. સિદ્ધપુરમાંથી પંડિત શાંતિચંદને સૂરિજીએ પોતાની સાથે લીધા હતા, સરોતરાનો ઠાકોર અર્જુનસિંહ કે જે ઘણો દુર્વ્યસની અને પાપી હતો, તેને સૂરિજીએ સદુપદેશ આપીને સારા માર્ગે ચલાવી દીધો હતો અને આઉઆના તાલ્હા શેઠે સૂરિજીનો નગરપ્રવેશ બહુજ ઉત્સાહપૂર્વક કરાવીને ભારી મહોત્સવ કર્યો હતો. આ પ્રમાણે સ્થળે સ્થળે ઉપદેશ આપતાં, સન્માન પામતાં અને પ્રસિદ્ધ તિર્થોની યાત્રા કરતાં સૂરીશ્વરે સાંગાનેર નગરમાં આવીને વિશ્રાંતિ લેવાને માટે સ્થિરતા કરી. શહેનશાહ અકબરને હીરવિજયસૂરિ અહીં સુધી આવી પહોંચ્યાની ખબર પડતાં તેણે થાનસિંહ, કરમચંદ, અમીપાલ અને માનુ વગેરે પ્રસિદ્ધ જૈનીઓ અને અબુલફજલ તથા બીરબલ વગેરે અધિકારીઓને સૂરિજીને આદરમાન સાથે ફત્તેહપુર તેડી લાવવાને માટે આજ્ઞા આપી દીધી અને તેથી તેઓ અનેક હાથી, ઘોડા, રથ અને સૈન્ય લઇને સાંગાનેર આવ્યા. સાંગાનેર આવીને તેઓએ સૂરીશ્વરને ફત્તેહપુર આવવાની વિનંતિ કરી. એટલે તેઓશ્રી પોતાના પરિવાર સમેત ધીમે ધીમે વિહાર કરીને ફત્તેહપુર આવી પહોંચ્યા અને નગરની બહાર એક રાજપૂત સરદારના મહેલમાં નિવાસ કર્યો. ત્યાર પછી થાનસિંહ, બીરબલ

વગેરે બાદશાહની પાસે આવ્યા અને તેને સૂરિજીના આગમનની ખબર આપી. બાદશાહ એ સમાચાર સાંભળીને ઘણોજ ખુશી થયો અને સૂરિજીને બીજે દિવસે સવારમાં પોતાની પાસે આવવાની વિનંતિ કરવાને માટે કરમચંદને આજ્ઞા આપી. કરમચંદ સૂરિજીને બાદશાહની ઇચ્છા મુજબ વિનંતિ કરીને તુરત જ પાછો આવ્યો અને એ ખબર બાદશાહને આપીને પોતાને આવાસે ગયો.

બીજે દિવસે સવારમાં હીરવિજયસૂરિ પોતાની પાસે આવે તે પહેલાં ઈબાદતખાનામાં રાજ્યના સર્વ મુખ્ય મુખ્ય અધિકારીઓ અને દરબારીઓ તથા નગરના આગેવાન શ્રાવકોને હાજર રહેવાનો હુકમ બાદશાહે કર્યો હતો અને તેથી વખત થતાં તેઓ સર્વ હાજર થઇ ગયા હતા અને ઈબાદતખાનામાં સૂરીશ્વર તથા સમ્રાટની રાહ જોતાં બેઠા હતા. આચાર્ય શ્રી હીરવિજયસૂરિ પોતાના શિષ્યમંડલ સાથે સવારના નવ વાગે શાહી દરબારમાં આવી પહોંચ્યા. એટલે હાજર રહેલા સર્વ સભાસદોએ તેમનો આદરસત્કાર કરીને તેમને સર્વને યોગ્ય સ્થળે બેસવાની વિનંતિ કરી. સૂરિજી તથા તેમના શિષ્યો પોતાને યોગ્ય એવી જગ્યાએ બેસી ગયા, તે પછી થાનસિંહ તથા કરમચંદ બાદશાહને સૂરિજીના આગમનની ખબર આપવાને તેના ખાસ આવાસમાં ગયા. સૂરીશ્વરની સાથે આ વખતે પ્રધાન તેર શિષ્યો હતા અને તેઓ સર્વ શાસ્ત્રના પારગામી અને વિદ્વાન હતા. થાનસિંહ તથા કરમચંદ જ્યારે બાદશાહને સૂરિજીના આગમનની ખબર આપવાને ગયા ત્યારે બાદશાહ પોતે મહત્વયુક્ત રાજકીય વાતચીતમાં પોતાના સેનાપતિઓ સાથે રોકાયલો હોવાથી તેણે થાનસિંહ તથા કરમચંદના મુખથી સૂરિજીના આગમનની વાત સાંભળીને દિવાન ટોડરમલ તથા અબુલફજલને તેમનું આતિથ્ય કરવાને માટે તુરત જ મોકલ્યા. દિવાન ટોડરમલ તથા શેખ અબુલફજલ બાદશાહની આજ્ઞા પ્રમાણે સૂરિજીની પાસે આવી પહોંચ્યા અને તેમને બાદશાહ સલામત ખાનગી મસલતમાં રોકાયેલ હોઈ તેમને આવતાં થોડી વાર થશે, એમ કહીને તેમનાં કુશળ સમાચાર પૂછ્યા. સૂરીશ્વરે તેનો યોગ્ય ઉત્તર આપ્યા પછી અબુ

ફેજલે ધર્મ સંબંધી ચર્ચા કરતાં કરતાં ઈસલામ ધર્મ વિષે અને ખુદાતાલાની હયાતી વિષે અનેક પ્રકારનાં પ્રશ્નો પૂછીને સૂરિજીનું જ્ઞાન કેવું અને કેટલું છે, તે જાણી લીધું અને તેથી ખુશી થઈને તેણે તેમનો બહુજ ઉપકાર માન્યો. અબુલફજલ પણ વિદ્વાન હતો અને તેથી સૂરિજીની અપૂર્વ વિદ્વત્તા જોઇને તેમની સાથે વિશેષ વાર્તાલાપ કરવાની તેની ઈચ્છા હતી. પરંતુ એટલામાં બાદશાહ અકબર પોતાના ખાસ મિત્ર ફૈજી સાથે આવી પહોંચતાં તેને પોતાની ઇચ્છાને દાબી રાખવી પડી. બાદશાહે આવીને તુરતજ શ્રી હીરવિજયસૂરિને પ્રણામ કરીને કુશલસમાચાર પૂછયા અને તેમણે તેનો યોગ્ય ઉત્તર આપીને ધર્મલાભરૂપી આશીર્વાદ આપ્યો. ત્યારબાદ બાદશાહે સૂરિજીનો હાથ પકડી તેને પોતાના આસન પાસે લઇ ગયો અને તે ઉપર પોતાની સાથેજ બેસવાનું કહ્યું. પરંતુ સૂરિજીએ સોના-રૂપાં વગેરે ધાતુના આસન ઉપર બેસવું અથવા તો તેનો સ્પર્શ કરવો, એ પોતાના મુનિધર્મની વિરૂદ્ધ હોઇને તે ઉપર બેસવાની ના પાડી. એટલે બાદશાહ પોતે નીચે ગાલીચા ઉપર ગાદી બિછાવીને તે ઉપર બેઠો અને સૂરિજી તથા તેમના શિષ્યો કોરી જમીન ઉપર નાનાં નાનાં ઊનનાં કપડાંનાં કકડા પાથરીને તે ઉપર બેઠા. અન્ય દરબારીઓ પણ તે પછી પોતપોતાને ઉચિત જગ્યાએ આસપાસ બેસી ગયા.

તે પછી શહેનશાહે સ્મિત હાસ્યપૂર્વક કહ્યું. "સૂરિજી! આગ્રા નગરના મુખ્ય શાહુકાર થાનસિંહ શાહની પુત્રી ચંપાના મુખથી આપની પ્રશંસા સાંભળી હું આપને મળવાને માટે અત્યાર આગમચથી બહુજ આતુર થઈ રહ્યો હતો. પરંતુ આજે અત્યારે આપના પવિત્ર દર્શન થવાથી મારી એ આતુરતા શમી ગઇ છે અને તેથી મને બહુજ આનંદ થયો છે. આપ ગુજરાતમાં હોવાની મને ખબર મળતાં મેં આપને અત્રે આવવાને માટે મારા ખાસ કર્મચારીઓને વિનંતિ કરવાને મોકલ્યા હતા અને એ ઉપરથી આપ મારા આમંત્રણને માન આપી અત્રે આવ્યા છો, તે માટે હું આપનો ઉપકાર માનું છું. ઠીક, પણ આપ ગુજરાતના કયા ગામમાંથી

અને શી રીતે અહીં આવ્યા છો ? આપને કાંઈ તકલીફ તો પડી નથીને ?"

બાદશાહની સહૃદયતા જોઈને સૂરીશ્વરે પ્રસન્ન થઈને જવા આપ્યો " જહાંપનાહ ! હું પણ આપની સહૃદયતા જોઈને બહુ ખુશી થયો છું અને તે માટે આપનો આભાર પણ માનું છું. આપનું આમંત્રણ લઈને આપના કર્મચારીઓ ગુજરાતમાં આવ્યા ત્યારે હું ગંધારબંદરમાં ચાતુર્માસ હતો અને તેથી ચાતુર્માસ પૂરું થતાં પગે ચાલીને આજ લગભગ છ મહીને અહીં આવી પહોંચ્યો છું. ઉપદેશને માટે અમારે મુનિઓને એક સ્થળે કાયમ રહેવાનું નથી, પરંતુ જૂદે જૂદે સ્થળે ફરતાંજ રહેવાનું છે અને તેથી મને અહીં આવવામાં કશી પણ તકલીફ પડી નથી. "

બાદશાહ આ સાંભળીને આશ્ચર્ય પામી ગયો. તેણે પૂછ્યું " શું આપ ઠેઠ ગંધારથી પૈદલ ચાલ્યા આવો છો ? "

" હા " સૂરીશ્વરે સંક્ષિપ્ત ઉત્તર આપ્યો.

" ત્યારે તો આપને આટલી વૃદ્ધાવસ્થામાં પગે ચાલીને આવતાં જરૂર તકલીફ ઉઠાવવી પડી હશે અને મુશ્કેલી પણ ભો પડી હશે. સૂરીશ્વર ! મને તે માટે માફ કરજો; પરંતુ અહમદાબાદના સુબેદારે આપને અહીં આવવા માટેની કાંઈ સગવડ કરી આપી નહિ, એ કેવી વાત ? " અકબરે વિશેષ આશ્ચર્ય પામીને પૂછ્યું.

" પૃથિવીપતિ ! " આચાર્ય મહારાજે મંદ સ્મિત કરીને કહ્યું. " હું પગે ચાલીને આવ્યો, તેમાં સુબેદારનો કાંઈ પણ દોષ નથી, તેણે તો મને જે જોઈએ તે આપવાની ઉદારતા દર્શાવી હતી, પરંતુ અમારા મુનિધર્મના અંગે અમારાથી એક પણ વસ્તુ તેમની પાસેથી લઈ શકાય તેમ નહિ હોવાથી હું મારી ઈચ્છા પૂર્વક પગે ચાલીને આવ્યો છું. અને તેથી ' સુબેદારે મને કેમ કાંઈ સગવડતા કરી આપી નહિ ' એ સવાલ રહેતો નથી. "

" સૂરિ મહારાજ ! " બાદશાહે કૃતજ્ઞતાથી કહ્યું. " આપને ઘણીજ મુસાફરી કરવી પડી હશે, એમ જે મારા જાણવામાં પ્રથમથી આવ્યું હોત તો હું આપને અહીં સુધી આવવાની તકલીફ આપ

નહિ. મારા સમજવામાં તો એમજ હતું કે આપને મારા સુબેદાર તરફથી વાહન વગેરેની સગવડ કરી આપવામાં આવશે એટલે આપ સુખપૂર્વક અત્રે આવી શકશો; પરંતુ આપના કથનથી મારી એ સમજણ અસત્ય ઠરે છે અને તેથી મારી એ ગેરસમજણને લઇ આપને મુસાફરીમાં જે જે મુશ્કેલીઓ અનુભવવી પડી હોય, તે માટે હું પુનઃ આપની માફી ચાહું છું."

"નામવર બાદશાહ !" સૂરિજીએ કહ્યું. "આપની કૃતજ્ઞતા માટે હું આપનો અહેશાનમંદ છું; પરંતુ જ્યારથી મેં મુનિધર્મનો સ્વીકાર કર્યો છે, ત્યારથી ઉપદેશને માટે જૂદે જૂદે સ્થળે મારે પેદલ મુસાફરી કરવી પડતી હોવાથી તેમાં કેટલીક મુશ્કેલીઓને અનુભવવી પડે છે; પરંતુ એ મારા મુનિધર્મના ફરજ હોવાથી તેમ કરવામાં મને લેશ માત્ર પણ દુઃખ ઉપજતું નથી અને તેથી તે માટે આપે માફી માગવાની કશી પણ આવશ્યકતા નથી."

"સૂરિજી ! એ આપના પરાર્થી હૃદયની ઉત્તમતાની સાક્ષી પૂરે છે. હું આપની મુસાફરીની હકીકત જાણવાને બહુજ ઇન્તેજાર છું અને તેથી કૃપા કરી મને તે કહી સંભળાવશો." બાદશાહે જીજ્ઞાસાથી કહ્યું;

સૂરીશ્વરે તેનો કાંઇ પણ જવાબ આપ્યો નહિ. એટલે તેણે બીરબલ તરફ જોઇને કહ્યું. "બીરબલ ! સૂરિજી પોતાની મુસાફરીનો હાલ પોતે કહેવાને ખુશી નથી, માટે તેમને આમંત્રણ કરવાને જે બે કર્મચારીઓ ગયા હતા, તેમને અત્રે બોલાવો; તેમની પાસેથી આપણે સર્વ હકીકત જાણી શકીશું."

બીરબલ જો હુકમ કહીને બહાર આવ્યો અને બંને કર્મચારીઓને બોલાવી લાવવાને માટે એક પહેરેગીરને આજ્ઞા આપીને તે પુનઃ અંદર આવીને પોતાના સ્થળે બેઠો. થોડી વારમાંજ તે ઉભય કર્મચારીઓ બાદશાહની હજુરમાં આવી કુર્નિસ બજાવીને ઉભા રહ્યા; બાદશાહે તેમાંના એકને કહ્યું. "કમાલ !"

"ખુદાવંદ ! કમાલે નમ્રતાથી કહ્યું.

"આચાર્ય શ્રી હીરવિજયસૂરિજીની મુસાફરીનો સવિસ્તર

અને શી રીતે અહીં આવ્યા છો ? આપને કાંઈ તકલીફ તો પડી નથીને ?"

બાદશાહની સહૃદયતા જોઈને સૂરીશ્વરે પ્રશાંત શબ્દે જવાબ આપ્યો "જહાંપનાહ ! હું પણ આપની સહૃદયતા જોઈને ખુબ ખુશી થયો છું અને તે માટે આપનો આભાર પણ માનું છું. આપનું આમંત્રણ લઈને આપના કર્મચારીઓ ગુજરાતમાં આવ્યા ત્યારે હું ગંધારબંદરમાં ચાતુર્માસ હતો અને તેથી ચાતુર્માસ પૂરું થતાં પગે ચાલીને આજ લગભગ છ મહીને અહીં આવી પહોંચ્યો છું. ઉપદેશને માટે અમારે મુનિઓને એક સ્થળે કાયમ રહેવાનું નથી, પરંતુ જૂદે જૂદે સ્થળે ફરતાંજ રહેવાનું છે અને તેથી મને અહીં આવવામાં કશી પણ તકલીફ પડી નથી."

બાદશાહ આ સાંભળીને આશ્ચર્ય પામી ગયો. તેણે પૂછ્યું "શું આપ ઠેઠ ગંધારથી પેદલ ચાલતા આવો છો ?"

"હા" સૂરીશ્વરે સંક્ષિપ્ત ઉત્તર આપ્યો.

"ત્યારે તો આપને આટલી વૃદ્ધાવસ્થામાં પગે ચાલીને આવતાં જરૂર તકલીફ ઉઠાવવી પડી હશે અને મુશ્કેલી પણ ભોગવવી પડી હશે. સૂરીશ્વર! મને તે માટે માફ કરજો; પરંતુ અહમદાબાદના સુબેદારે આપને અહીં આવવા માટેની કાંઈ સગવડ કરી આપી નહિ, એ કેવી વાત ?" અકબરે વિશેષ આશ્ચર્ય પામીને પૂછ્યું.

"પૃથિવીપતિ !" આચાર્ય મહારાજે મંદ સ્મિત કરીને કહ્યું. "હું પગે ચાલીને આવ્યો, તેમાં સુબેદારનો કાંઈ પણ દોષ નથી, તેણે તો મને જે જોઈએ તે આપવાની ઉદારતા દર્શાવી હતી પરંતુ અમારા મુનિધર્મના અંગે મારાથી એક પણ વસ્તુ તેમની પાસેથી લઈ શકાય તેમ નહિ હોવાથી હું મારી ઇચ્છા પૂર્વક પગે ચાલીને આવ્યો છું. અને તેથી 'સુબેદારે મને કેમ કાંઈ સગવડતા કરી આપી નહિ' એ સવાલ રહેતો નથી."

"સૂરિ મહારાજ ! " બાદશાહે કૃતજ્ઞતાથી કહ્યું. "આપને પેદલજ મુસાફરી કરવી પડતી હશે, એમ જો મારા જાણવામાં પ્રથમથી આવ્યું હોત તો હું આપને અહીં સુધી આવવાની તકલીફ આ-

સૂરિજીની મુસાફરીનો ઉપર પ્રમાણે હાલ સાંભળીને બાદશાહ અકબર તથા અન્ય સભાજનો આશ્ચર્યમાં લીન થઇ ગયા અને સૂરિજીના ઉત્તમ ચારિત્ર વિષે તેમની અનેક પ્રકારે પ્રશંસા કરવા લાગ્યા, પછી શહેનશાહે પ્રસન્ન મુખમુદ્રાથી કહ્યું, "આચાર્ય મહારાજ! સુશીલા શ્રાવીકા ચંપાના મુખેથી આપની પ્રશંસા જ્યારથી મેં સાંભળી હતી, ત્યારથી આપના પ્રત્યે મને પૂજ્યભાવ ઉત્પન થયો હતો; પરંતુ આજે ખુદ મારા કર્મચારીના મુખથી આપના સર્વોત્કૃષ્ટ ચારિત્રનું વર્ણન સાંભળીને મને પૂજ્યભાવની સાથે એટલો બધો આનંદ ઉત્પન થયો છે કે જેનું વર્ણન હું શબ્દો દ્વારાએ કરી શકવાને સમર્થ નથી. આજ સુધી મેં પ્રત્યેક ધર્મના ઘણા આચાર્યોની મુલાકાત લીધી છે અને તેમના ચારિત્રની પણ ઘટતી તપાસ કરી છે; પરંતુ ચારિત્રના વિષયમાં તેમાંથી એક પણ આચાર્ય આપની તુલનામાં આવે તેમ નથી. આપનું ચારિત્ર અલૌકિક છે. આપના જેવા દૈવી પુરૂષનું દર્શન કરીને હું ખરેખર કૃતાર્થ અને પાવન થયો છું."

સૂરિજી પોતાની પ્રશંસા સાંભળીને નીચું જોઈ રહ્યા. ક્ષણવાર એ પ્રમાણે રહ્યા પછી તેમણે શહેનશાહની સામે જોઇને કહ્યું. "આપને મારૂં ચારિત્ર અલૌકિક જણાય છે, એનું કારણ આપની નિર્મળ અને ગુણગ્રાહક બુદ્ધિનો પ્રતાપ જ છે; બાકી હું તો માત્ર એક અતિ સામાન્ય મનુષ્ય જ છું અને તેથી આપ કહો છો તેટલી પ્રશંસાને હું લાયક નથી."

શહેનશાહે સૂરિજીની નિખાલસ વૃત્તિ જોઈને વિશેષ આનંદને પામતા કહ્યું. "ગુરૂજી! હું આપની મિથ્યા પ્રશંસા કરતો નથી; પરંતુ મને જે સત્ય જણાય છે, તેજ પ્રમાણે આપના વખાણ કરૂં છું. આપ ભલે આપને સામાન્ય મનુષ્ય માનતા હો; પરંતુ હું તો આપને દૈવી પુરૂષ જ માનું છું; કારણ કે દૈવી પુરૂષ વિના આવું નિખાલસ દિલ, આવો નિરાભિમાની સ્વભાવ, આવી શાંત ચિત્તવૃત્તિ અને આવું ચારિત્ર એક સામાન્ય મનુષ્યમાં હોવાં સંભવતાં નથી. સૂરીશ્વર! ખરેખર આપ જીન્નતના ફીરસ્તાજ છો."

હાલ જાણવાને હું ઇંતેજાર છું; માટે તેને કહી સંભળાવ; "[illegible]
શાહે આજ્ઞા કરી.

" જો હુકમ, જનાબ ! " એમ કહી કમાલે શરૂઆત [illegible]
" જ્યારે અમે આપ નામવરના ફરમાનથી અહીંથી રવાના [illegible]
અહમદાબાદ પહોંચ્યા, ત્યારે સૂરીશ્વર ગંધારમાં હતા અને [illegible]
સુબેદાર સાહેબે અહમદાબાદના કેટલાક આગેવાન શ્રાવકોને [illegible]
નામવરના આમંત્રણની તેમને ખબર આપવા અને ફત્તેહપુર [illegible]
રવા સંબંધી વિનંતિ કરવાને મોકલ્યા હતા, સૂરીશ્વર ચ[illegible]
પૂર્ણ થતાં ગંધારથી વિહાર કરીને અહમદાબાદ આવ્યા અને [illegible]
દાર સાહેબને મળ્યા. સુબેદાર સાહેબે તેમને અનેક કિંમતી વા[illegible]
ભેટ કરવા માંડી અને ફત્તેહપુર પહોંચવાને માટે જે [illegible]
જોઈએ તે આપવાને કહ્યું; પરંતુ તેમણે તે સર્વનો ઇન્કાર [illegible]
અમદાબાદમાં કેટલાક દિવસો રહી તેઓએ આ તરફ આવવાને [illegible]
હાર કર્યો અને આજે લગભગ છ મહિને તેઓશ્રી અહીં [illegible]
પહોંચ્યા છે, ઠેઠ ગંધારથી અહીં સુધી તેઓ પગે ચાલતા આ[illegible]
છે. પોતાની પાસે જરૂર જોગ જે સામાન હતો, તે સર્વ [illegible]
પોતેજ ઉઠાવીને ચાલતા હતા અને વચમાં કોઇ નગર કે [illegible]
આવતું, ત્યાં તેઓ વિશ્રાંતિ લેવાને થોભતા. અને ઘેર ઘેરથી [illegible]
માગી લાવીને પોતાનો નિર્વાહ કરતા હતા. આખી [illegible]

અકબરના નામથી આગ્રા નગરમાં પુસ્તકાલય બનાવીને તેમાં તેમને રાખવાની ગોઠવણ કરી દીધી. તે પછી બાદશાહના હુકમાનથી ઈલ્કાબજિયો અને શાહીફોજના સરંજામ સાથે ભારી મહોત્સવ પૂર્વક આચાર્ય શ્રી હીરવિજયસૂરિ પોતાના નિવાસસ્થાને ગયા. સમસ્ત ફતેહપુરમાં જૈનોઓએ આજના દિવસનું ઉત્સવ તરીકે પરિપાલન કર્યું અને દત્તરે રૂપિયાનું દાન ગરીબ લોકોને આપવામાં આવ્યું *

પ્રકરણ ૨૪ મું.

સ્નેહ સ્વીકાર.

"સ્વપ્નમાં પણ અયથા દીઠું સ્નેહનું સંભારણું,
પ્રેમનું પગલું થતાં ઉઘડે હૃદયનું બારણું;
શુદ્ધ સાચા સ્નેહ પાસે તુચ્છ છે સુખ સ્વર્ગનું.
ના ચહે પ્રેમી વિના સુખ મોક્ષ કે અપવર્ગનું."

—મેવાડની સંધ્યા.

"ઘણા દિવસથી જેની મૂર્તિને હૃદયમાં ધારણ કરી રાખી છે, તેનું અચાનક અહીં આગમન થયું, તે મારા ભાગ્યની પરિસીમા નહિ તો બીજું શું? પરંતુ સાંભળ્યું છે કે "જ્યાં સુધી મેવાડનો પુનરૂદ્ધાર ન થાય, ત્યાં સુધી ભોગવિલાસ અને પ્રેમચર્ચાને સ્વપ્નમાં પણ સંભારીશ નહિ." એવી તેમણે સખ્ત પ્રતિજ્ઞા લીધેલી છે અને તેથી આવી વિરાગી અવસ્થામાં તે મારા સ્નેહનો સ્વીકાર કરશે ખરા? આ ઘટના જરા વિચારવા જેવી છે ખરી; પરંતુ શું તે મારા પ્રેમનો તિરસ્કાર કરશે? અને જો તે મારા પ્રેમનો તિરસ્કાર કરે, તો પછી આ જીવન શું કામનું છે? જીવનનો ઉદ્દેશ પણ પછી શો રહે તેમ છે? ના, ના; તે મારા સ્નેહનો તિરસ્કાર કરે, એ તો મને સંભવિત લા-

* ઇતિહાસના જીજ્ઞાસુઓએ આ સંબંધી વિશેષ હકીકત જાણવાને માટે કૃપારસકોશ-ભાષાંતર જોવું.

ગતું નથી. ત્યારે શું સ્વીકાર કરશે ? અલબત, તેમણે મારા સ્નેહને સ્વીકાર કરવોજ જોઇએ ! પરંતુ કદાચ ન કરે તો ?" એક ઉર ભગ અઢાર–વીશ વર્ષની અવસ્થાએ પહોંચેલી સુંદરી આ પ્રશ્ને પોતાના મનથી વિચાર કરતી હતી અને અવનવી કલ્પનાઓ ઉપજાવતી હતી.

પ્રાતઃકાળનો સમય હતો. સૂર્યનારાયણનો ઉદય થઈ ચૂકે હતો. મીઠો, મધુર અને સુશીતલવાયુ વહન કરી રહ્યો હતો. બાગ માંહેના વિવિધ જાતિના પુષ્પો દિવાકરને માન આપવાને ખીલી ઉઠયાં હતાં. જુદા જુદા રસના ભોગી ભ્રમરો તેમની ઉપર ગુંજારવ કરી રહ્યા હતા. વૃક્ષો ઉપર પંખીઓ આનંદથી કલ્લોલ કરી રહ્યાં હતાં અને શ્યામ રંગની પણ મીઠા કંઠની કોયલ ક્ષણે ક્ષણે પોતાને ટહુકાર કરીને આખા બાગને ગજાવી રહી હતી. બરોબર આ સમયે એક યુવાન સુંદરી આમ્રવૃક્ષના આશ્રયે બેસીને ગુલાબના સુમધુર પુષ્પોની માળા ગુંથી રહી હતી. આ નવજુવાન બાળાનું સૌંદર્ય અને તેનું લાવણ્ય વર્ણનાતીત હતું, એ અમે જો કે ક[illegible] કરીએ છીએ; તો પણ કોણ જાણે શાથી અમારી લેખિની તેનાં ર[illegible] લાવણ્યનું વર્ણન કરવાને લલચાય છે ! વાંચકો કહેશે કે લેખકે જુઓ ત્યાં સુંદરીનાં સૌંદર્યનાં જ વખાણ કરવામાં લેખિનીનો ઉપયોગ કર્યો છે. ખરૂં છે; વાંચક મહાશયોના એ આક્ષે[illegible] અમે સહન કરવાને તૈયાર છીએ; પરંતુ વિચાર કરો કે સૌંદર્ય માધુર્યના અને લાવણ્યના ગુણ કોણે ગાયા નથી ? કયા કવિએ [illegible] નમોહન તરૂણીના રૂપનું વર્ણન કર્યું નથી ? કયા લેખકે સ્વર્ગ[illegible] સુરસુંદરી સમાન નાજુક નારીના લાવણ્યની કથા લખી નથી[illegible] કોઈ બતાવશો કે કયા મનુષ્યે સૌંદર્યના સાગર અને લાવણ્યના [illegible] ડાર સમાન લલિત લલનાની પ્રશંસા કરી નથી ? અને જો [illegible] સ્ત્રીના માધુર્યના ગુણ ગાયા છે, સ્ત્રીનાં રૂપનું વર્ણન કર્યું છે, સં[illegible] લાવણ્યની કથા લખી છે અને સ્ત્રીના લાલિત્યની પ્રશંસા કરી[illegible] તો પછી અમે પણ તેના રૂપ–લાવણ્યની વારંવાર પ્રશંસા કરીએ છીએ, તે શું સ્વાભાવિક નથી ?

આમ્રવૃક્ષની છાયા નીચે જે સુંદરી બેઠી હતી, તેનાં રૂપનું ને

" તમારી ગુપ્ત વાત જાણીને હું શું કરીશ, એ સવાલ પૂ
જાનું તમને કાંઇ પ્રયોજન નથી; પરંતુ એને જાણવાનું તો મને
પ્રયોજન છે. મારી પ્યારી સખીની ગુપ્ત વાત જાણવાનો શું મને
અધિકાર નથી ? " લલિતાએ પ્રયોજન કહી બતાવતાં પૂછ્યું.

રાજકુમારી વિચારમાં પડી ગઇ. લલિતાને હવે શો ઉત્ત
આપવો, તેની એને સમજણ પડી નહિ. તે કેવળ નિરુત્તરજ રહી

લલિતાએ જરા રોષપૂર્વક કહ્યું " ભલે, જો તમારી ગુપ્ત
વાત જાણવાનો મને અધિકાર ન હોય, તો હું આ ચાલી તમે
મારે એકલા બેઠા બેઠા વિચાર કર્યા કરો. "

એમ કહી લલિતા જરા ચાલી એટલે રાજકુમારીએ તેનો
પાલવ પકડી રાખીને કહ્યું. "ક્યાં જાય છે, લલિતા ? શું તને મા
ઉપર રીસ ચડી છે ?"

" હાસ્તો; વાતને મારાથી છુપાવો છો શા માટે ?" લલિ
તાએ જવાબ આપ્યો.

" પ્યારી સખી ! " રાજકુમારીએ તેને પોતાની પાસે બેસા
રતાં કહ્યું. " તારાથી મેં કોઈ વાતને છૂપી રાખી છે કે આ વા
તને ન કહું ?"

" તો પછી ઝટ કહી નાખોને ? મોંઘા શા માટે થાઓ છો
અલકાબ્હેન ! " લલિતાએ મશ્કરી કરતાં કહ્યું.

" તું સાંભળ તો ખરી; હું તને એજ વાત કહું છું. મેવા
ડના મહારાણા પ્રતાપસિંહ દુઃખના માર્યા આપણા અતિથિ થઈ
આવ્યા છે અને પિતાજીએ તમને આશ્રય આપ્યો છે, એ વાતને તો
તું જાણે છે ને ? " અલકાસુંદરીએ વાતની શરૂઆત કરી.

" હા, એ તો હું જાણું છું, પરંતુ તેથી તમે શું કહેવા
માગો છો ? " લલિતાએ અધિરતાથી પૂછ્યું.

એજ કે હું તે મહારાણાને ચાહું છું અને તે હમણાથી નહિ
પરંતુ ત્યારથી ... પહેલાં જ્યારે તમની સ્વદેશપ્રીતિની ...
... થી તેમને ચાહું છું. મેવાડના ...

કંટાળી અને તેમનાથી પરાજય પામીને તેમનું અચાનક આ-
મન અહીં થવાથી જો કે તેમનો પ્રેમ સંપાદન કરવાને મને સરલ
થઇ છે; તો પણ આજ સુધી મારા પ્રેમથી તેમને વાકેફ કરવા
સાહસ હું કરી શકી નથી અને તેથીજ હું અત્યારે અહીં બેઠી બે
વિચારતી હતી કે તેઓ મારા સ્નેહનો સ્વીકાર કરશે કે નહિં ?
અલકાસુંદરીએ પોતાની ગુપ્ત વાત પોતાની સખીને કહી બતાવ

"વાહ, વાહ, અલકાબ્હેન ! પ્રેમપાત્રની પસંદગી તો બ
સારી કરી છે હો ! પરંતુ આ વાતને મારાથી અત્યાર સુધી કે
ગુપ્ત રાખી હતી ?" લલિતાએ રાજકુમારીના ગુલાબી ગાલ
પર ચુંટી ખણીને પૂછયું.

અલકાએ પોતાના ગાલને પંપાળતા ઉત્તર આપ્યો "
તેં મને કયારે પૂછ્યું ? ને મેં વાત ગુપ્ત રાખી ? જેમ આજસુ
તેં કાંઇ મારા પ્રેમપાત્ર સંબંધી વાત પૂછી નહોતી, તેમ મેં તને
વિષે કાંઇ કહ્યું પણ નહોતું."

"અલકાબ્હેન ! તમારી ચતુરાઇથી તો હું હારી ! જુએ
બીજાના માથે દોષારોપણ કરતા કેવુ આવડે છે ? મેં તમને
ન પૂછી, તેથી કાંઇ મેં તમને વાત કહેવાની બંધી તો નહો
કરીને ?" લલિતાએ કહ્યું.

"બંધી તો નહોતી કરી; પરંતુ લલિતા ખરૂં કહું ? મ
લજ્જાને લીધે હું તને એ વાત કરી શકી નહોતી." અલકાએ પ
હકીકત કહી.

"બહુ સારૂં. પ્રેમપાત્ર તો ઉત્તમ શોધી કહાડયું છે, એ
જરાએ શક નથી; પરંતુ તારા એ પ્રેમપાત્રનો તારા તરફ કે
ભાવ છે ?" લલિતાએ પ્રશ્ન કર્યો.

"તે હું જાણતી નથી; કારણ કે તેઓ જો કે અહીં બે–
માસથી આવ્યા છે; તો પણ તેમને મેં નજરોનજર કદિ પણ દ
નથી અને તેથી તેમનો મારા તરફ કેવો ભાવ છે, તે હું શી
કહું ?" અલકાએ જવાબ આપ્યો.

" તમારી ગુપ્ત વાત જાણીને ... ?
મારે તમને કાંઈ પ્રયોજન નથી. પરંતુ
પ્રયોજન છે. મારી પ્યારી સખીની ...
અધિકાર નથી ?" લલિતાએ ...

રાજકુમારી વિચારમાં પડી
આપવો, તેની એને સમજ પડી.

લલિતાએ જરા રોષપૂર્વક
વાત જાણવાનો મને અધિકાર ન
મારે એકલા બેઠા બેઠા વિચાર ક

એમ કહી લલિતા જવા લા
પાલવ પકડી રાખીને કહ્યું. "ક્યા
ઉપર રીસ ચડી છે ?"

" હારતો, વાતને મારાથી
તાએ જવાબ આપ્યો.

" પ્યારી સખી !" રાજકુમા
રતાં કહ્યું. " તારાથી મેં કોઈ વ
તને ન કહું ?"

" તો પછી ઝટ કહી નાખોને ?
અલકાબ્હેન !" લલિતાએ મશ્કરી કર .

" તું સાંભળ તો ખરી, હું તને -
ડના મહારાણા પ્રતાપસિંહ દુઃખના માર્યા
આવ્યા છે અને પિતાજીએ તેમને આશ્રય
તું જાણે છે ને ?" અલકાસુંદરીએ વાતના

" હા, એ તો હું જાણું છું, પરંતુ
માગો છો ?" લલિતાએ અધિરતાથી પૂછ્યુ

એજ કે હું તે મહારાણાને ચાહું છું
પરંતુ આજથી બે વર્ષ પહેલાં જ્યારે તેમની
વાત મેં સાંભળી હતી, ત્યારથી તેમને ચાહું છું

" હું તો માતુશ્રીને ખાતેજ તમારા પ્રેમની વાત કહીને તથા મને બરાબર સમજાવીને કબુલાત મેળવી લઈશ; પરંતુ તમે મહારાણાના પ્રેમને શી રીતે જીતશો ? લલિતાએ પૂછ્યું.

" હું પણ એજ વિચાર કરી રહી છુ કે તેમના પ્રેમને મારે શી રીતે જીતવો ? તું કાંઇ ઉપાય બતાવીશ ? " અલકાસુંદરીએ સામો સવાલ કર્યો

" એનો ઉપાય તો એજ છે કે તમે કોઇ પણ રીતે તેમને એકાંતમાં મળો અને વખત જોઈને તમારા દિલની વાત તેમને કરો. આ સિવાય બીજો ઉપાય મારા સમજવામાં આવતો નથી. " લલિતાએ ઉપાય દર્શાવ્યો.

" પરંતુ આગળથી તેમને શી રીતે મળાય ? અને મળવાનું કદાચ બને, તોપણ દિલની વાત તેમને શી રીતે કહી શકાય ? " અલકાએ પુનઃ પૂછ્યુ.

" મારા સમજવા પ્રમાણે તેમને બાગમાં આવવાનો સમય થઇ ગયો છે અને તે આવ્યા પછી હું જોઉં છુ કે તેમને મળતાં અને તેમની સાથે વાત કરતાં તમને કેવીક લજ્જા આવે છે ? નાહક ઢોંગ શામાટે કરી રહ્યા છો ? પોતાના પ્રેમપાત્રને મળવાને માટે તો આતુર થઈ રહ્યા છો અને વળી ભાવ શું કામ ખાઓ છો ? " લલિતાએ સ્મિત હાસ્ય કરીને કહ્યું.

" ઠીક, લલિતા ! તું કહે તે ખરૂ . હું તેમને મળવાને માટે જ અત્રે આવી છું, પછી છે કાંઇ ? " અલકાએ આડંબરનો ત્યાગ કરીને કહ્યું.

" હવે કેવા ઠેકાણે આવ્યા ? " એમ કહી લલિતાએ આસપાસ જોઈને સૂચના કરી " જુઓ, અલકાબ્હેન! સામેથી તમારા મનના માલિક આવે છે, તેની સાથે બરોબર વાર્તાલાપ કરજો અને તેમને તમારા પ્રેમપાસમાં જરૂર સપડાવી લેજો. હું હવે જાઉં છું."

લલિતા હસતી હસતી એ પ્રમાણે સૂચના કરીને ચાલી ગઈ અને અલકાસુંદરી સામેથી મહારાણા પ્રતાપસિંહને આવતાં જોઇ સ્તબ્ધ થઈને ઉભી રહી.

" ઠીક, પરન્તુ [illegible] મા[illegible]ને આ [illegible]

છે કે નહિ ? " લલિતાએ પૂછ્યું.

" નહિં, તેઓ મારી આ વાતને જરા પણ જાણતા નથ

કારણ કે મેં આ વાતને બહુજ ગુપ્ત રાખી છે જો કોઈ જાણતું હે

તો તે માત્ર તું જ છે અને તેં પણ મને મેં અત્યારે તેનાથી જાણી

કરી એટલેજ. પ્યારી સખી ! મારા આ પ્રેમનું શું પરિણામ આવશે

એટલે કે મહારાજા તેનો સ્વીકાર કરશે કે નહિ ? તથા માતાપિત

કબુલ કરશે કે નહિ ? એની મને બહુ ચિંતા થાય છે. શું તું મ

આ ચિંતાસાગરમાંથી તરી પાર થવાનો કોઈ ઉપાય નહિ બતાવી

રાજકુમારી અલકાએ લલિતાના પ્રશ્નનો ઉત્તર આપીને દ

વાણીથી પૂછ્યું.

" વાહ, વાહ ! અત્યારસુધી તો વાતને મારાથી ગુપ્ત રાખી

અને હવે ઉપાય બતાવવા માટે વિનતિ કરો છો, એ કેવી વાત ! હું

તો કોઈએ તમને ઉપાય બતાવવાની નથી." લલિતાએ હસીનેકહ

" લલિતા ! પ્યારી સખી ! મશ્કરીની વાત જવા દે અને

કૃપા કરીને મને કોઈ ઉપાય બતાવ કે જેથી કરીને મારા દુઃખી

જીવને આરામ થાય " અલકાએ પુનઃ દીનતાથી કહ્યું.

" અલકાબ્હેન ! " લલિતાએ ગભીરતાપૂર્વક કહ્યું "મશ્કરી

કરવાનો મારો સ્વભાવ જ છે એટલે તમે મનમાં કાંઈ લાવશો નહિ

મને લાગે છે કે આ ચિંતામાંથી મુક્ત થવાના બે ઉપાય છે. એક

તો એ છે કે તમારા માતપિતાના કાને તમારા પ્રેમની વાત કહીં

ચાડવી અને તેમની પાસેથી તેની કબુલાત લેવી અને બીજો ઉપાય

એ છે કે મહારાણાના પ્રેમને જીતવો. હવે પેલા ઉપાયને તો હું

અજમાવી જોઇશ; પરંતુ બીજા ઉપાયને તમારે અજમાવવો પડશે

કેમ ખરૂં કે નહિ ? "

રાજકુમારી એ સાભળીને ક્ષણ વાર નિરૂત્તર રહી તે પછી

તેણે કહ્યું. " બરોબર છે. જો માતાપિતાની પાસેથી તું મારી વાતની

કબુલાત મેળવીશ તો હું બીજો ઉપાય અજમાવી જોઇશ, પછી

બને તે ખરૂં. "

"અને જો તમે ઠાકોર રાયધવલના પુત્રી હો, તો મારા સમજ્યા પ્રમાણે તમારૂં નામ અલકાસુંદરી છે, કેમ ખરૂં ને ?," પ્રતાપસિંહે પુનઃ પૂછ્યું.

અલકાની લજ્જા હવે પલાયન કરી ગઈ હતી તેણે પોતાના અવનત મુખને ઉંચું કરીને પ્રતાપસિંહના મુખ ઉપર પોતાના કમળ સમાન નેત્રો સ્થાપીને કહ્યું, "આપની ધારણા સત્ય છે. હું ઠાકોર રાયધવલની પુત્રી છું અને મારૂં નામ અલકાસુંદરી છે."

"મેં તમને આજસુધી નજરોનજર જોયા ન હતા અને તેથી અત્યાર આગમચ હું તમને ઓળખી શકયો નહોતો; પરંતુ તમને જોતાંજ મેં જે કલ્પના કરી હતી, તે તમારા કથનથી સત્ય નીવડી છે. અલકાસુંદરી ! જેવું તમારૂં નામ છે, તેવું તમારૂં રૂપ પણ અલૌકિક છે." પ્રતાપસિંહે આનંદસહ કહ્યું.

અલકાસુંદરી પોતાનાં રૂપનાં વખાણ સાંભળીને શરમાઇ ગઇ. શરમથી તેના ગાલો ઉપર લાલ રંગની છટા વિલસી રહી.

પ્રતાપે તેને શરમાઈ જતી જોઈને કહ્યું "રાજકુમારી ! શા માટે શરમાઓ છો ? તમારા રૂપની મેં જે પ્રશંસા કરી છે, તે મિથ્યા નહિ; કિન્તુ કેવળ સત્ય છે અને તેથી તમારે શરમાવાનું કાઇ કારણ નથી, પરંતુ તમે કોઈ દિવસ નહિ ને આજે સવારમાં વહેલા બાગમાં શા માટે આવ્યા છો ? જ્યારથી અમે અહીં આવ્યા ત્યારથી આ બાગમાં હું હમેશા દિલને આરામ આપવાને માટે સવારમાં આવું છું; પરંતુ આજ પર્યંત તમને મેં જોયા નથી અને તેથીજ હું તમને એ સ્વાલ કરૂં છું."

મહારાણાના પ્રશ્નનો શો ઉત્તર આપવો તેની અલકાને સમજણ પડી નહિ અને તેથી તે નિરૂત્તર રહી. તેને નિરૂત્તર રહેલી જોઇને પ્રતાપસિંહે પુનઃ સ્વાલ કર્યો. "કેમ ઉત્તર આપતા નથી, અલકાસુંદરી ! શું તમે શરમાઓ છો ?"

અલકાએ વિચાર્યું કે હવે ઉત્તર આપ્યા સિવાય ચાલે તેમ નથી અને તેથી તેણે કહ્યું. "મેવાડના પુણ્યશ્લોક મહારાણાના દર્શન કરવાની ઇચ્છા હૃદયમાં કેટલાએ દિવસોથી હતી અને તેથી એ

નિત્યના નિયમ પ્રમાણે પ્રતાપસિંહ પ્રાતઃકાળમાં વે
ઉઠીને વિકસિત બનેલાં પુષ્પોની તાજી સુગંધનો ઉપભોગ કર
બાગમાં આવ્યો હતો. તેણે આ વખતે સાદાં અને શ્વેત વ
પરિધાન કરેલાં હતાં. અનાથ ચિંતા અને અસહ્ય દુઃખથી તે
ભવ્ય મુખ જો કે ઉદાસ જણાતું હતું અને તેની આંખો જો કે ઉં
પેસી ગઈ હતી, તોપણ તેના શરીરના મજબુત બાંધામાં, તે
મુખની ભવ્યતામાં અને તેની આંખોના તેજમાં જરા ન્યૂનતા
નહોતી. પ્રતાપસિંહ ફરતો ફરતો અને બાગની સુગંધી હવા
ઉપભોગ કરતો કરતો અલકાસુંદરી જ આમ્રવૃક્ષ નીચે વિ
ભાવે ઉભી હતી, તેની નજીક આવી પહોંચ્યો અને આશ્ચર્ય
અલકાને અવનત મુખે ઉભેલી જોઇને તે ત્યાં ઉભો થઇ રહ્
જ્યારથી પ્રતાપે મેવાડનો ઉદ્ધાર કરવાને અને સ્વદેશની સ્વતંત્ર
સાચવવાને માટે સર્વ ભોગ વિલાસનો ત્યાગ કર્યો હતો, ત્યાર
તેનું હૃદય ઘણે ભાગે શુષ્ક થઈ ગયું હતું અને તેમાંથી સ્નેહરૂપ
અમૃત કેટલેક અંશે સુકાઈ ગયું હતું અને તેથી કોઈ પણ સુંદ
ઓને જોઇને તેના હૃદયમાં કશી પણ અસર થતી નહોતી; પર
અત્યારે અલકાસુંદરીને જોઇને અને તેના અલૌકિક રૂપને અ
લોકીને તેને સ્વાભાવિક રીતેજ અજાયબી થઇ અને તેના હૃદયમ
ચમત્કારીક અસર પણ થઈ. તેણે અલકાને બરોબર ધ્યાનપૂર્વ
જોઇ લીધી અને તે પછી તેને તેની સાથે વાર્તાલાપ કરવાની ઇચ્છા
થઇ. તેણે તુરતજ મીઠા અને મધુર અવાજે પૂછયું. " તમે કો
છો અને અહીં શામાટે ઉભા છો ? "

અલકાએ કાંઈ પણ ઉત્તર નહિ આપતાં મૌન સેવવાનું જ
ઉચિત વિચાર્યું.

પ્રતાપસિંહે ફરીથી પૂછયું. " કેમ ઉત્તર આપતાં નથી ? મે
સાંભળ્યું છે કે ઠાકોર રાયધવલને એક અલૌકિક સૌંદર્યવતી પુત્રી
છે, શું તે તમે તો નહિને ! "

અલકાએ આ વખતે આડી નજરે પ્રતાપસિંહના મુખને
એકવાર જોઈ લીધું; પરંતુ કાંઇ જવાબ આપ્યો નહીં.

અલકાએ ક્ષણવાર વિચાર કરીને જવાબ આપ્યો. "કારણ! કારણ તો કાંઇએ નથી; પરંતુ ગુણવાન્ પુરૂષોનો કોણ પક્ષપાત કરતું નથી?"

"એ ઠીક છે; પરંતુ કારણ તો કાંઇક હોવુંજ જોઇએ." પ્રતાપે કહ્યું.

"કદાચ હોય પણ ખરૂં; તે જાણીને આપ શું કરશો?" અલકાએ અર્થસૂચક સ્વરે પૂછ્યું.

"એને જાણીને હું શું કરીશ, એ સવાલ નિરાળો છે; પરંતુ તમારો મારા તરફ શા કારણથી પક્ષપાત થયો છે, એ જાણવાને તો હું બહુજ આતુર છું." પ્રતાપસિંહે ઉત્તર આપ્યો.

અલકાએ વિચાર કર્યો કે હવે ધીરે ધીરે અગત્યના સવાલ ઉપર આવવાની અગત્ય છે અને તેથી તેણે કહ્યું. "મહારાણા! આપની પ્રત્યે મારો પક્ષપાત ખાસ કરીને શા કારણથી છે, તે હું બરોબર જાણતી નથી; હું જાણું છું માત્ર એટલુંજ કે આપ મેવાડના પુણ્યશ્લોક મહારાણા છો, દૈવી પુરૂષ છો, વીરશિરોમણી છો અને સર્વગુણસંપન્ન રાજેન્દ્ર છો. આપની પ્રત્યેના મારા પક્ષપાતનું આથી અન્ય કારણ આપ શું જાણવા માગો છો?"

"અલકાસુંદરી!" પ્રતાપસિંહે કહ્યું. "એક માણસની માત્ર મ્હોડેથી પ્રશંસા કરવી, એ કાંઇ તેના તરફના પક્ષપાતનું ખરૂં કારણ નથી."

"મહારાણા!" અલકાએ જરા સ્પષ્ટતાથી કહ્યું. "એક પુરૂષ તરફ એક સ્ત્રીનો કોઇ પણ પ્રકારના ખાસ કારણ વિના પક્ષપાત હોવાનું પ્રેમ–સ્નેહ સિવાય બીજું શું કારણ હોઇ શકે? આપ આવા સીધા અને સરલ વિષયને સમજી શકતા નથી, એ કેવી વાત?"

"અલકાસુંદરી! હું તમારી મર્મયુક્ત વાતને બરોબર સમજી શકતો નથી; માટે તમારે જે કહેવાનું હોય, તે હજુ પણ વધારે સ્પષ્ટતાથી કહો, તેમાં શું કંઇ હરકત છે?" પ્રતાપસિંહે જીજ્ઞાસાથી કહ્યું.

"મહારાણા ! મને ક્ષમા કરજો; પરંતુ મારે કહેવું જોઇએ કે આપનું કથન સત્ય નથી. મેવાડના ઉદ્ધાર માટે આપે ભોગ-વિલાસનો ત્યાગ કર્યો હોય તો ભલે કર્યો, કારણ કે દેશના કલ્યાણને માટે એના જેવું બીજું એકે ઉત્તમ કાર્ય નથી; પરંતુ તેથી કોઈપણ કુમારી બાળાનો આપને ચાહવાનો અધિકાર શું ચાલ્યો જાય છે કે જેથી આપ તેને ઉતાવળ કહો છો ?" અલકાસુંદરીએ સામો પ્રશ્ન કર્યો.

"અલકાસુંદરીના આ પ્રશ્નનો શો ઉત્તર આપવો, એની પ્રતાપસિંહને ખબર પડી નહિ અને તેથી તેણે કહ્યું. "અલકાસુંદરી ! તમારો એ પ્રશ્ન ઘણોજ કઠિન છે અને તેથી તેનો ખરો અને વ્યાજબી ઉત્તર શો આપવો, એની મને સમજણ પડતી નથી; પરંતુ તેમ છતાં તમે મને ચાહવામાં ઉતાવળ કરી છે એટલુંજ નહિ, પણ મને ચાહવામાં તમે ભૂલો છો, એમ કહ્યા સિવાય મને ચાલતું નથી."

અલકાએ તેનો પ્રતિવાદ કરતાં કહ્યું. "મહારાણા ! આપ જ્યારે મારા પ્રશ્નનો વ્યાજબી ઉત્તર આપી શકતા નથી, ત્યારે આ-પને ચાહવામાં મેં ઉતાવળ કરી છે અથવા તો તેમ કરવામાં હું ભૂલું છું એમ આપ શા ઉપરથી કહો છો ?"

"તમે વિચાર કરો કે જ્યારે મેં સર્વ ભોગવિલાસનો ત્યાગ ક-રીને સાધુજીવન ગુજારવાનો નિશ્ચય કર્યો છે અને જ્યાસુધી મેવાડનો પુનરૂદ્ધાર ન થાય, ત્યાંસુધી મારાથી સંસારનાં સુખોનો સ્વીકાર થાય નહિ, જ્યારે મારી આવી પ્રતિજ્ઞા છે, ત્યારે આવી સ્થિતિમા તમે મને ચાહીને શું કરશો ? તમે મને ચાહો કે ન ચાહો એ બન્ને સરખું જ છે; કારણકે મારા વર્ત્તમાન સાધુ-જીવનમાં હું તમારો સ્વીકાર કરી શકું તેમ નથી અને તેથી જ હું કહું છું કે તમે મને ચાહવામાં ઉતાવળ કરી છે. મેવાડના મહારાણાને મોહીને જો તમે મને ચાહતા હો, તો તેમાં પણ તમારી ભૂલ થાય છે; કારણકે મેવાડના મહારાણાનું પદ હું ખોઈ બેઠો છું અત્યારે મેવાડનું એક નગર, એક કિલ્લો કે એક નાનું સરખુ ગામડુ પણ મારા કબજામાં નથી. એ ઉપરાંત મારાં ધન-દોલત-સુખ-સંપત્તિ ઇત્યાદિનો પણ નાશ

લાગો છો અને તેથી તમે મને હરીને તેના સહવાસમાં મારો પ્રેમ
કરીને જ ગુમાવી આશા રાખી હશે. તેમાં તમને નિરાશ
અલકાસુંદરી ! આ બધી પરિસ્થિતિનો વિચાર કરી મને માફ
છો તો અને હું આનંદપૂર્વક કહું છું કે તેમ કરવામાં જ
કલ્યાણ છે." પ્રતાપસિંહે સવિસ્તર હકીકત કહીને તેને વાળવા

અલકાસુંદરીએ આ સાંભળીને એક નિ:શ્વાસ મૂક્યો
કાંઈક દીલગીરી ભરેલા અવાજે કહ્યું. "એક સ્ત્રી જો એક પુ
તેના ઐશ્વર્ય અને તેની સંપત્તિને માટે ચાહતી હોય, તો તે
પ્રેમ નહિ; કિન્તુ મોહ જ છે અને તે અધમ છે-સ્વાર્થી છે. મ
રાણા ! હું આપને ચાહું છું, તે આપના પદને કે આપના વૈભવ
વિલાસને માટે નહિ; પરંતુ આપના દૈવી ગુણોને અને આ
સ્વદેશસેવાની દૃઢ પ્રતિજ્ઞાને માટે જ ચાહું છું અને તેથી આ
સાધુ હો કે સંન્યાસી હો, ગરીબ હો કે તવંગર હો, મહારાણા
કે સામાન્ય રાજપૂત હો અને સુખી હો કે દુ:ખી હો, તે તરફ
શા માટે ધ્યાન આપવું જોઈએ ? મહારાણા ! આપને ચાહ
મેં સુખની લાલસા રાખી જ નથી અને તેથી આપે જો સર્વ
વિલાસનો ત્યાગ કરીને સાધુજીવન ગુજારવાનો નિશ્ચય કર્યો
તો તેની મને શી દરકાર છે ? આપ જેવા નરશ્રેષ્ઠ અને પુરુષ
પુરુષનાં પવિત્ર ચરણોની સેવા કરવાને અને આપના સ્વદેશસેવા
પુણ્ય કાર્યમાં એક સ્ત્રી જેટલી સહાય પોતાના પ્રાણનાથને કરી
તેટલી સહાય કરવાને માટે જ હું આપને ચાહું છું-ખરા હૃદય
ચાહું છું અને તેથી મહારાણા ! હું આપને વિનંતી કરીને કહું છું
આપ મારા પ્રેમનો સ્વીકાર કરી મને અનાથને સનાથ બનાવો."

પ્રતાપસિંહ અલકાસુંદરીની આ લાંબી દલીલ સાંભળીને
વિચારમાં પડી ગયો. તેણે ક્ષણવાર વિચાર કરીને કહ્યું. "અલકા
સુંદરી ! ... હૃદયની શુદ્ધ લાગણી અને તમારી શુદ્ધ
જોઈ

થાય છે; પરંતુ તમારી એ
કે કેમ, એની મને શંકા રહે
અકબર મને નમાવવા,
કરવાને માટે બહુ જ

થઈ રહ્યો છે અને તે માટે પોતાના સૈન્યને વારંવાર મોકલીને મને હેરાન કરવામાં કચી પણ મણા મૂકતો નથી. આવી વિપદ્ગ્રસ્ત સ્થિતિમાં મારે આ સ્થળનો ક્યારે અને કઇ ઘડીએ ત્યાગ કરવો પડશે, તે તથા આ સ્થળનો ત્યાગ કરીને મારે મારા આસજનોનો બચાવ કરવાને કયાં નાસી જવું પડશે, તે ચોક્કસ નથી અને તેથી મને ચાહવામાં અને મારો સ્નેહ સંપાદન કરવામાં તમને સુખનો અંશમાત્ર પણ મળવાનો સંભવ નથી આ કારણથી હું તમને આગ્રહપૂર્વક કહું છું કે તમારો પ્રેમ મને અર્પણ કરીને તેના બદલામાં મારો સ્નેહ મેળવવાની વાતને તમે વિસારી દેજો."

અલકાસુંદરીએ ગંભીર ભાવથી કહ્યું "મહારાણા! હવે કયાં સુધી કસોટી કરશો? હું આપને એક વખત કહી ચૂકી છું અને હજુ પણ કહું છું કે હું આપને ખરા હૃદયથી ચાહું છું અને તેથી આપ જો કદાચ મારા સ્નેહનો તિરસ્કાર કરશો, તો પણ આપના પ્રતિ મારો જે સ્નેહ બંધાયો છે, તેમાં સહેજ પણ ન્યુનતા થશે નહિ."

અલકાસુંદરીની દ્રઢતા જોઇને પ્રતાપસિંહ ઘડીભર વિચાર સાગરમાં ગોથાં ખાવા લાગ્યો. તેને શો જવાબ આપવો, એની તેને સમજણ પડી નહિ અને તેથી તે તેના પ્રતિ અનિમિષ નયનોએ જોતો મૌનપણે ઉભો રહ્યો.

અલકાસુંદરીએ તેને નિરૂત્તર રહેલો જોઇને આવેશપૂર્ણ સ્વરે કહ્યું. "મહારાણા! હવે શો વિચાર કરો છો? આ આતુર હૃદયા બાળાને હવે વધારે શા માટે તલસાવો છો?"

પ્રતાપસિંહે તેનો કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ અને પૂર્વવત્ મૌનપણે તેની સામે જોતો ઉભો રહ્યો.

આ વખતે પણ તેને નિરૂત્તર રહેલો જોઇને અલકાસુંદરીની ધીરજ રહી નહિ તેણે પ્રતાપસિંહની નજીક જઇ તેના ચરણ ઉપર પોતાનું મસ્તક લગાવી દીધું અને પછી ગદગદિત કંઠે કહ્યું. "મહારાણા! હૃદયેશ્વર! ભગવાન સૂર્યનારાયણની સાક્ષીએ હું મારૂં દિલ આપને અર્પણ કરીને મારૂં મસ્તક આપના ચરણમાં ધરૂં છું. ચાહે તો આપ તેનો સ્વીકાર કરો કે ચાહે તો ઠોકર મારો,

આપની ઈચ્છામા આવે તેમ કરો, પરંતુ હુ તો આજથી અન્ત
થી આપની અર્ધાંગના બની ચૂકી છુ અને આપ મારા સ્વા
બન્યા છો. ”

આ શબ્દો બોલતા બોલતા અલકાના નેત્રોમાથી અશ્રુ
ધારા નીકળીને પ્રતાપસિંહના ચરણોને પલાળવા લાગી આ
જોઈને પ્રતાપસિંહનુ હૃદય પીગળી ગયુ અને તેથી તેણે
કોમળ કર પકડીને તેને ઉઠાડતા સ્નેહસૂચક સ્વરે કહ્યુ “અલકા
સુંદરી! તમે તમારી અડગ શ્રદ્ધાથી મારા નિશ્ચયને ચલિત
નાખ્યો છે, મારા અતિ કઠિન હૃદયને પીગળાવી નાખ્યુ છે
અલકાસુંદરી! પ્યારી અલકા! હુ તમારા સ્નેહનો સ્વીકાર
છુ અને બદલામા મારો સ્નેહ—મારૂ દિલ તમને અર્પણ કરુ છુ
માટે ઉઠો. ”

અલકા ઉભી થઈ અને આનંદના અતિરેકથી પોતાના પ્રિ
તમની સામે જોઈ રહી આ વખતે તેના લાવણ્યના ભંડાર સમ
મુખચંદ્ર ઉપર હાસ્યની અપૂર્વ છટા વિલસી રહી હતી અને
તેના સૌંદર્યમા ઓર વૃદ્ધિ થયેલી હતી.

પ્રતાપસિંહે તેને પૂછયુ “પ્યારી અલકાસુંદરી! શેઠ
રાયધવલની આ વિષયમા શી ઈચ્છા છે? તે આપણો પ્રેમ સંબંધ
કબુલ રાખશે ખરા? ”

“તે સબંધી આપને કશી પણ ચિંતા કરવાની નથી, કારણ
મારા માતપિતાનો મારા ઉપર એટલો બધો પ્રેમભાવ છે કે
મારી ઈચ્છાને અવશ્ય કબુલ રાખશે, એ નિઃસંશય છે” અલકા
જવાબ આપ્યો.

“બહુ સારૂ, પરંતુ અલકા! તને એક વાત કહેવાની
અને તે એ કે તારા પિતા આપણો પ્રેમસંબંધ કબુલ રાખે
આપણા લગ્ન થશે; પરંતુ કોઈ પણ પ્રકારની ધામધુમ વિના
છે એટલુંજ નહિ, પણ લગ્ન પછી તારે મારી જેમ સર્વ
વિલાસનો ત્યાગ કરીને સાધુ-જીવન ગુજારવુ પડશે કહે,
વને કબૂલ છે?” પ્રતાપે પુનઃ પૂછ્યુ

"હૃદયેશ્વર ! આ તો શું, પણ આપની ગમે તે શરત મારે
લ છે. આપજ વિચાર કરો કે આપ જ્યારે સામાન્ય પર્ણકુટીમાં
ને આપનું જીવન ગુજારતા હશો, ત્યારે શું હું રાજમહેલમાં
ને એશઆરામ કરીશ ? કદિ નહિ હું તો આપની છાયાની
ન આપના સુખમાં અને દુઃખમાં ભાગ લેવ.ને આપની આજ્ઞાનુ-
ર્તની બનીને આપની સાથેજ રહીશ અને આપના ચરણની સેવા
ને મને પોતાને ભાગ્યશાલિની ગણીને આનંદ માનીશ."
લકાએ શરતનો સ્વીકાર કરતા ઉત્તર આપ્યો.

પ્રતાપે હસીને કહ્યું. "બહુ સારૂં. હું હવે જાઉં છું."

એમ કહીને પ્રતાપ પોતાની પ્રિયતમાને પ્રેમમયી દૃષ્ટિથી
તો જોતો આગળ ચાલ્યો એટલે અલકાએ તેને સંબોધીને ઉભા
વાનો ઇશારત કરતાં તે ઉભો રહ્યો. અલકા તેની પાસે ગઇ અને
તાના હસ્તમાં ગુલાબના પુષ્પોની તૈયાર કરેલી જે માળા હતી,
તેના કંઠમાં પહેરાવી દીધી. પ્રતાપ તેનું ચાતુર્ય જોઈને હસી
ડયો. તે પછી તેણે એ માળાને પોતાના કંઠમાંથી લઇને અલકાના
ઠમાં તેને આરોપણ કરી અને ત્યારપછી તે ત્વરાથી ત્યાંથી ચ લ્યો
યો અને ગુલાબનાં પુષ્પોની એ માળા અલકાસુંદરીના સુંદર
ઠમાં અને તેના અતિ ઉચ્ચ સ્તનપ્રદેશ ઉપર સ્થાન મેળવીને
તાર્થ થઇ. ધન્ય એ માળાને અને અહોધન્ય એ અલકાસુંદરીને !

—**—

પ્રકરણ ૨૫ મું.

ભામાશાહની સ્વદેશભક્તિ.

મોગલોના ત્રાસથી બચવાને માટે મહારાણા પ્રતાપસિંહે
પોતાના પરિવાર સાથે આબુથી બાર ગાઉ પશ્ચિમમાં દૂર આવેલા
ચુંધાના પહાડોમાં આવીને નિવાસ કર્યો હતો. આ પહાડોમાં
દેવડા રાજપૂતોની વસતિ હતી અને તે સર્વમાં લોયાણાનો ઠાકોર
રાયધવલ મુખ્ય રાજા હતો. ઠાકોર રાયધવલે મહારાણા પ્રતાપ-
સિંહને આશ્રય આપ્યો હતો અને તેમને કોઈપણ પ્રકારની ઉણપ

ન લાગે, એવી રીતે તે તેમની આગતાસ્વાગતા કરતો હતો. દુર્ગમ પહાડોમાં આવીને વસવાથી પ્રતાપસિંહને મોગલોના ત્રાસની ચિંતા ઓછી થઈ ગઈ હતી અને તેથી તે પોતાના મંડળ સહિત પહને છાજે તેવી સ્થિતિમાં આનંદપૂર્વક ત્યાં રહેતા હતા. પ્રતાપસિંહ એ કે અહીં આવીને સુખશાંતિમાં પડયો હતો, તો પણ તે પોતાની પ્રતિજ્ઞા વિસરી ગયો નહોતો. તે ચોયાણા નામની નદીના એક સાદી પર્ણકુટીમાં રહેતો હતો અને નિરસ ભોજન જમીને તથા ભોગવિલાસનો ત્યાગ કરીને સાધુ–જીવન ગુજારતો હતો. તેના આપ્તજનો તથા તેના સરદારો વગેરે પણ તેની સાથેજ રહેતા હતા અને તેઓ પણ તેનું અનુકરણ કરતાં હતા. પ્રતાપસિંહે આ સમયે પોતાના ચિત્તની પ્રસન્નતાને માટે એક વાવ અને એક વિશાળ બાગ બનાવ્યાં હતાં.* આ બાગ માહેના વિવિધ પ્રકારનાં વૃક્ષો અને પુષ્પોની મધુર હવામાં તે પોતાનો ઘણોખરો સમય ગુજારતો હતો. દુર્ગમ પહાડોમાં આવી નિવાસ કરવાથી તથા ઠાકોર રાયધરના ઉત્તમ આતિથ્યથી પ્રતાપસિંહને કેટલેક અંશે શાંતિનું જો કે ભાન થયું હતું તો પણ હજુ તેનાં હૃદયમાંથી મોગલો તરફની ચિંતાનો સર્વથા નાશ થયો નહોતો અને તેથી તે તેમનાથી સર્વદા સાવચેત જ રહેતો હતો. તેણે પોતાના વિશ્વાસુ ભીલોને મોગલોની હીલચાલની ખબર રાખવા માટે રાખેલા હોવાથી તેઓ પ્રસંગોપાત તેને જોઈતી ખબર મોકલાવતા હતા અને તેથી તે કેટલીક રીતે અગાઉ કરતાં નિશ્ચિંત હતો. તો પણ ચાલાક મોગલો તેનો પત્તો કોઈ વખતે પણ મેળવી લેશે, એવી તેને ખાતરી હોવાથી તે બહુજ સંભાળપૂર્વક રહેતો હતો. આ પ્રમાણે કેટલોક સમય ગુજાર્યા બાદ પ્રતાપસિંહ એક વખતે પોતે બંધાવેલી વાવના આગળના ચોતરા ઉપર બેઠો હતો અને અનેક પ્રકારના વિચારોમાં લીન થઈ ગયો હતો, ત્યારે ભામાશાહ તથા ગોવીંદસિંહ ત્યાં આવી પહોંચ્યા અને તેને નમન કરીને તેની સામે ઉભા રહ્યા. પ્રતાપસિંહે વિચારનિદ્રામાંથી જાગૃત થઈને તેમની સામે જોયું અને તે પછી મંદ સ્મિત કર્યું

* પ્રતાપ પ્રતિજ્ઞા નાટકમાં તેના કર્તા રા. રા. નથુરામ શુક્લ કહે છે કે આ વાવ અને બાગ હજુ પણ મોજુદ છે

ગોવિંદસિંહે તથા ભામાશાહે પણ તેના પ્રત્યુત્તરરૂપે મંદ ત કર્યું. ત્યારબાદ ક્ષણવાર રહી ગોવિંદસિંહે કહ્યું. "મહા ! મોગલોને આપણા આ નિવાસસ્થાનની પણ ખબર પડી ગઈ ાય છે; કારણકે બાદશાહનો અત્યંત માનીતો સેનાપતિ અબ રહીમખાં ખાનખાના મોગલોનું વિશાળ સૈન્ય લઇને આ તરફ યો આવે છે, એવી ખબર આપણો એક ભીલ હમણાંજ લાવ્યો મને લાગે છે કે આપણને આ સ્થળનો ત્યાગ એકદમ કરીને ન્યત્ર ચાલ્યા જવાની અગત્ય છે."

પ્રતાપસિંહે આ ખબર સાંભળી લઇને કાંઇક દીલગીરીયુક્ત રથી પૂછ્યું "પરંતુ આપણે ક્યાં ચાલ્યા જઇશું ? મેવાડની ાસપાસનું એક પણ સ્થળ આપણા નિવાસને માટે હવે યોગ્ય રહ્યું થી; કારણ કે મોગલો પ્રત્યેક ગુપ્ત સ્થળથી જાણીતા થઇ ગયા છે ને તેથી તેઓ આપણને હવે જરા વાર પણ સુખે બેસવા દેશે હિ. આ સ્થિતિમાં મારી માન્યતા પ્રમાણે આપણને સિંધના ણુની પેઠે પાર ચાલ્યા જવાની અગત્ય છે. કેમ, ભામાશાહ ! મારી શી માન્યતા છે ?"

ભામાશાહ પોતાને પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપવાને જતો તો; પરંતુ તે દરમ્યાન ઠાકોર રાયધવલ ત્યાં આવી પહોંચ્યો અને પ્રતાપસિંહને નમન કરીને પૂછ્યું, "શી વાતચિત ચાલી હી છે, મહારાણા !"

મહારાણાએ ઠાકોર રાયધવલને હર્ષથી આવકાર આપી પોતાની પાસે બેસાર્યો અને તે પછી ઉત્તર આપ્યો. "ઠાકોર ! હાલના સમયમાં બીજી શી વાતચિત હોય ? મોગલોને અમારા આ નિવાસસ્થાનની પણ ખબર પડી ગઇ છે અને તેથી તેઓ આ તરફ અમને પકડવાને માટે ચાલ્યા આવે છે, એવા સમાચાર અમારા એક દૂતે આપતાં અમે તે સંબંધી વિચાર કરીએ છીએ."

"શું મોગલોને આ સ્થળનો પણ પત્તો મળી ગયો ! બહુજ આશ્ચર્યની વાત; પરંતુ આપે તે સંબંધી શો વિચાર કર્યો છે ?" રાયધવલે આશ્ચર્ય દર્શાવતાં પૂછ્યું.

"અમે હજુ કોઈ પણ ચોક્કસ નિર્ણય ઉપર આવ્યા નથી, પરંતુ મારો વિચાર આ સ્થળનો ત્યાગ કરીને સિંધના રણની પાર ચાલ્યા જવાનો છે કારણ કે હવે સ્વભૂમિનો ત્યાગ કર્યા વિના અન્ય એક પણ માર્ગ અમારા માટે અવશેષ રહેલો નથી અને હવે તો દૂરના દેશમાં જઈને કેવળ અજ્ઞાત અવસ્થામાં જીવનને વ્યતિત કરવું, એજ હિતાવહ છે" પ્રતાપસિંહે ઉત્તર આપ્યો.

"મહારાણા!" રાયધવલે કહ્યું. "આપ કેટલા નિરાશ થઇ ગયેલા હો, એમ આપના વચનો ઉપરથી મને જણાય છે, પરંતુ મારે કહેવું જોઇએ કે આપને આ સ્થળનો ત્યાગ કરવાનું તથા નિરાશ થવાનું કશું પણ પ્રયોજન નથી આપ જેવા સ્વાભિમાની મહાવીરને દરેક ઉપાયે સહાય કરવી, એને હું મારી ફરજ સમજતો હોવાથી મોગલોની સામે બચાવ કરવાને મારી પાસે જેટલું સૈન્ય છે, તે આપની સેવામાં અર્પણ કરૂં છું, એટલું જ નહિ, પણ અન્ય ઠાકોરોને વિનતિ કરીને તેમના સૈન્યને પણ આપની સેવામાં અર્પણ કરાવીશ અને તેથી આપે આ સ્થળેથી ચાલ્યા જવાનો વિચાર માંડી વાળવો, એજ ઉત્તમ છે"

પ્રતાપસિંહે તેની આ ઉદારતા જોઈને કૃતજ્ઞતા દર્શાવતાં કહ્યું "ઠાકોર! મને સહાય કરવાની તમારી તીવ્ર લાગણી જોઈને હું તમારો ઘણો જ ઉપકાર માનું છું તમે મને આજ સુધી આશ્રય આપીને તથા મારૂં યોગ્ય આતિથ્ય કરીને તમારો જે રૂણ ચઢાવ્યો છે, તેનો યોગ્ય બદલો વાળી આપવાની મારામાં શક્તિ નહિ હોવાથી હું તેમાં વધારો કરવાને હવે ઇચ્છતો નથી મોગલોના વિશાળ સૈન્યની સામે તમારી નાની જાગીરને લડાઈમાં ઉતારીને તમને પણ મારી સ્થિતિમાં લાવી મૂકવા, એ મારી કેવળ મૂર્ખતાજ ગણાય અને તેથી હું હવે જેમ બને તેમ આ સ્થળનો ત્યાગ કરી વિદાય થવાને માગું છું"

મહારાણાના ઉપર્યુક્ત વચનો સાંભળીને રાયધવલ અનિવાર્ય કરવા જતો હતો, પરંતુ તેને અટકાવીને મંત્રીશ્વર ભામાશાહે કહ્યું "મહારાણા! આ સ્થળનો ત્યાગ કરીને રણની પાર

ચાલ્યા જવાથી મેવાડનો ઉદ્ધાર કરવાની તથા તેની સ્વતંત્રતા પુનઃ મેળવવાની આપણા માથે જે જવાબદારી રહેલી છે; તેને શું આપણે વિસરી જશું નહિ ?"

"દૂરના પ્રદેશમાં ચાલ્યા જવાથી આપણે તેને જો કે સર્વથા વિસરી જશું નહિ; તો પણ વિસરી જવા જેવું કરીએ છીએ, એ સત્ય છે; પરંતુ અત્યારે આપણી જે દુર્બળ સ્થિતિ છે, તેમાં રહીને આપણે શું મેવાડનો પુનરૂદ્ધાર કરી શકીએ તેમ છીએ કે ? આપણે એ જવાબદારીને વળગી રહીને આપણા આશ્રયદાતાને પણ જોખમમાં શા માટે ઉતરવા જોઈએ ?" મહારાણાએ ભામાશાહના પ્રશ્નનો ઉત્તર આપતાં પૂછયું.

ભામાશાહ તેનાં આ પ્રશ્નથી વિચારમાં પડી ગયો. તેણે કેટલીક સમય સુધી વિચાર કરીને કહ્યું. "મહારાણા ! આપના વિચારો આપણી વર્ત્તમાન સ્થિતિનો વિચાર કરતાં જો કે અસત્ય તો નથી; પણ આપણે ગમે તે ભોગે મેવાડનો ઉદ્ધાર કરવોજ જોઇએ, એવો મારો દુરાગ્રહ છે."

"અને મારો પણ તેવોજ આગ્રહ છે." ગોવિંદસિંહે કહ્યું.

"તમારો ઉભયનો આગ્રહ બરોબર છે; પરંતુ આપણે મેવાડનો ઉદ્ધાર શી રીતે કરવો ? આપણી પાસે ધન નથી, સૈનિકો નથી અને તે ઉપરાંત યુદ્ધનાં સાધનો પણ નથી; તેમ છતાં મેવાડના ઉદ્ધારની જવાબદારીને વળગી રહીને આપણે શું કરવાના છીએ ?" મહારાણાએ પૂછયું.

ભામાશાહે કે ગોવિંદસિંહે તેનો કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ, એટલે તેણે પુનઃકહ્યું. "ભામાશાહ અને ગોવિંદસિંહજી ! આ સ્થળનો ત્યાગ કરીને અન્યત્ર ચાલ્યા જવાથી આપણે જે કઠોર પ્રતિજ્ઞા લીધી છે, તેને ત્યજી દઇને આપણા કર્ત્તવ્યથી ચલિત થવું, એવો મારા કથનનો ભાવાર્થ નથી. મારૂં કથન તો એટલુંજ છે કે મેવાડના ઉદ્ધારની જ્યારે એક પણ આશા રહી નથી, ત્યારે આપણે અહીં પડ્યા રહીને અન્યને ભારરૂપ શા માટે થવું જોઇએ ? આપણી પાસે જો ધન હોત, જો સૈન્ય હોત અને જો યુદ્ધનાં સાધનો હોત, તો શું આપણે આપણી માતૃભૂમિનો ત્યાગ કરીને અન્યત્ર

ચાલ્યા જવાનુ પસંદ કરત ખરા ? નહિજ પરંતુ જ્યારે આપ[illegible]
પાસે કાંઈ પણ સાધન નથી, ત્યારે નાહક આપણે અહીં શા મા[illegible]
પડ્યા રહેવુ જોઈએ ? ’

ભામાશાહે તુરતજ કહ્યુ “મહારાણા ! આપણી પાસે [illegible]
પણ સાધન નથી અને તેથી ‘અહીં શા માટે પડ્યા રહેવુ જોઈ[illegible]
એ આપની માન્યતા સત્ય છે, પરંતુ આપણે જો ધન વગેરે સાધ[illegible]
મેળવી શકીએ, તો પછી આપણને અહીં રહેવાને અને મેવ[illegible]
ઉદ્ધારને માટે પ્રયાસ કરવાની કાંઈ હરકત છે ખરી ?”

“નહિ, તો પછી કશી પણ હરકત નથી, પરંતુ આપણ[illegible]
પાસે ધન વગેરે સાધનો નથી, તેનુ કેમ ?” પ્રતાપસિંહે તે[illegible]
વાતનો સ્વીકાર કરતા પૂછ્યુ

“મહારાણા !” ભામાશાહે કહ્યુ “આપની વાત ઠીક [illegible]
પરંતુ જો આપ ધન વગેરે સાધનના અભાવે નિરાશ થઈને મેવા[illegible]
ડનો ત્યાગ કરવા ઈચ્છા ધરાવતા હો, તો આપની એ ઈચ્છા[illegible]
અંતરમાંજ સમાવી દો, કારણ કે મારી પાસે આપના રાજ્ય[illegible]
સેવા કરીને મારા પૂર્વજોએ મેળવેલુ જે પુષ્કળ ધન છે, તેને મેવા[illegible]
ડના ઉદ્ધારને માટે આપના ચરણોમા નજર કરૂં છુ એ ધન[illegible]
પચીશ હજાર માણસના સૈન્યને બાર વર્ષ સુધી નભાવી શકા[illegible]
તેમ છે, માટે મહારાણા ! મારી આ સામાન્ય પ્રાર્થનાનો સ્વીકા[illegible]
કરી ફરના દેશમા ચાલ્યા જવાના વિચારને આપ તિલાંજ[illegible]
આપી દો ”

ભામાશાહની આ અપૂર્વ સ્વદેશભક્તિ અને તેનુ અલૌકિ[illegible]
સ્વાર્પણ જોઈને પ્રતાપસિંહે આશ્ચર્ય દર્શાવતા પૂછ્યુ “મંત્રીશ્વ[illegible]
તમારી ઉદારતાને માટે હુ તમને ધન્યવાદ આપુ છુ, પરંતુ જે
ધન તમારૂં છે તેને મારે શામાટે લેવુ જોઈએ ? અને તમારે [illegible]
શામાટે આપી દેવુ જોઈએ ?”

ભામાશાહે કાંઈક દીલગીરી ભરેલા અને કાંઈક આવેશવા[illegible]
સ્વરથી કહ્યુ “મહારાણા ! આપ શુ કહો છો, તે હુ સમજી
શકતો નથી જે ધન આપને હુ અર્પણ કરવા માગુ છુ, તે અલબ[illegible]
મારા કબજામા છે, પરંતુ તેથી તે મારૂં શી રીતે થયું ? મારા પૂ[illegible]



પ્રતાપે કહ્યું — ભામાશાહ ! તમારા ધનથી મેવાડનો જે ઉદ્ધાર
થશે તેનો સઘળો યશ તમોને જ મળશે

એએ આપના પૂર્વજોની સેવા કરીને તે ધન મેળવ્યુ છે અને તેથી વાસ્તવ તે આપનુ જ છે, મેવાડના મહારાણા તરીકે આપ જ તેના સ્વામી છે. સેવકની સભાળ લેવાની અને તેને દુ ખમા સહાય કરવાની જેમ સ્વામીને માથે ફરજ રહેલી છે, તેમ સ્વામીના દુ ખે દુ:ખી થવાની અને પોતાનુ સર્વસ્વ અર્પણ કરીને પણ તેની યત્કિંચિત્ સેવા બજાવવાની ફરજ સેવકની ઉપર પણ રહેલી છે. મારી આ ફરજના અગે હુ મારી પાસેના ધનને આપને જ્યારે અર્પણ કરવા માગુ છુ, ત્યારે આપે તેનો અસ્વીકાર શામાટે કરવો જોઇએ? સ્વામી–સેવકના સબધને પડીભર બાજુએ રાખીએ; તો પણ જે ભૂમિ મારી જન્મદાતા છે, જે ભૂમિમા રહીને મે મારૂ આટલુ જીવન સુખપૂર્વક વ્યતિત કર્યુ છે, જે ભૂમિના અન્નપાણીથી મારૂ શરીર પોષાયુ છે, જે ભૂમિ મારા દેશબાધવોની આશ્રયદાતા છે અને જે ભૂમિની સુશીતલ છાયામા વસીને મે યથેષ્ટ આનદને અનુભવ્યો છે, તે પ્રિય જન્મભૂમિના ઉદ્ધારને માટે પણ મારે મારા સર્વસ્વનુ સ્વાર્પણ કરવુ, એ મારો ધર્મ છે અને એ ધર્મને બજાવવાને માટે મારી પાસે જે દોલત છે, તે હુ આપને અર્પણ કરતો હોવાથી ‘ તેને તમારે શામાટે આપી દેવી જોઇએ’ એવો પ્રશ્ન પૂછવાની આપને અગત્ય નથી અને તેથી મારી માગણીનો સ્વીકાર કરવાની હુ આપને આગ્રહપૂર્વક વિનતિ કરૂ છુ.

પ્રતાપસિંહે હર્ષપૂર્વક કહ્યુ “ મત્રીશ્વર! તમારા વડિલોએ મારા વડિલોની સેવા કરીને જે ધન મેળવ્યુ હોય, તે વાસ્તવિકરીતે જોતાં તમારૂ જ કહેવાય અને તેથી તેના ઉપર મારો જરા પણ અધિકાર ગણાય નહિ, પરતુ તેમ છતા તમે જ્યારે તેને મેવાડના ઉદ્ધારને માટે અર્પણ કરવાને તૈયાર થયા છો, ત્યારે હુ તેનો સ્વીકાર કરવાનુ ઉચિત માનુ છુ અને તમારી આવી અલૌકિક ઉદારતા માટે તમને શતકોટી ધ યવાદ આપુ છુ ભામાશાહ! “ તમારા ધનથી મેવાડનો જો ઉદ્ધાર થશે, તો તેનો સઘળો યશ તમને જ મળશે અને રાજપુત જાતિનુ ગૌરવ તમે જ સાચવી રાખ્યુ છે, એમ ભવિષ્યના ઇતિહાસમા સુવર્ણાક્ષરે કોતરાઇ રહેશે ” તમારી આ ઉદાર સહાયથી મારામા હવે નવિન ચૈતન્ય પ્રકટયુ છે અને તેથી હુ હવે દૂરના દેશમાં

ચાલ્યા જવાના મારા વિચારને માંડી વાળું છું અને મેવાડના કલ્યાણના કાર્યમાં પુનઃ જોડાવાની વધારે દૃઢાગ્રહથી પ્રતિજ્ઞા કરૂં છું."

ભામાશાહે પ્રતાપસિંહને નમન કરીને કહ્યું. "મહારાણા! મારી મિથ્યા પ્રશંસાની વાતને જવા દો; કારણ કે મેં જે કાંઈ કર્યું છે, તે મારી ફરજથી વિશેષ નથી કર્યું. અને તેથી મારી પ્રશંસા કરવાની કે મને ધન્યવાદ આપવાની જરૂરીઆત નથી. આપે કૃપા કરીને મારી વિનંતીનો સ્વીકાર કર્યો, એજ મારા મોટા ભાગ્યની વાત છે. મારૂં ધન મેવાડના ઉદ્ધારને માટે વપરાશે, એ વિચારથી મને ઘણો જ આનંદ થાય છે."

ઠાકોર રાયધવલે ભામાશાહની પ્રશંસા કરતાં કહ્યું. "મંત્રીશ્વર! તમારી આવી ઉદારતા અને દેશનો ઉદ્ધાર કરવાની તમારી તીવ્ર લાગણી જોઈને મને ઘણો જ આનંદ થયો છે. જન્મભૂમિના કલ્યાણને માટે તમે આજે જે સ્વાર્પણ કર્યું છે, તે પ્રતિહાસમાં સોનેરી અક્ષરોથી સર્વદા કોતરાઈ રહેશે અને તેથી મેવાડના ઉદ્ધારનું બધું માન તમને જ મળશે, એમ મહારાણાનું કહેવું છે તે સર્વથા સત્ય છે. ધન્ય છે, ભામાશાહ! તમારા જેવા પોતાના દેશ અને સ્વામીના સાચા સેવકને સહસ્રવાર ધન્ય છે!"

"અને હું પણ ઠાકોર રાયધવલજીના મતને મળતો થાઉં છું; કારણકે મંત્રીશ્વર! તમે તમારૂં સઘળું ધન દેશના ઉદ્ધારને માટે અર્પણ કરીને સ્વદેશભક્તિનું જે ઉત્તમ કાર્ય કર્યું છે, તે માટે તમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો જ છે અને તમારી જેટલી પ્રશંસા કરીએ, તે પણ થોડી જ છે. મારે નિર્વિવાદપણે કહેવું જોઈએ છે કે આજે તમે કરેલા સ્વાર્પણથી મેવાડીઓની ચાલી જતી આબરૂનું રક્ષણ થયું છે, એટલું જ નહિ, પણ દેશનું નાશ પામતું ગૌરવ સચવાઈ રહ્યું છે." ગોવિંદસિંહે પોતાના ખરા જીગરથી કહ્યું.

મંત્રીશ્વર ભામાશાહે આ ઉભય વીરોએ કરેલી પોતાની પ્રશંસા સાંભળીને કહ્યું. "ઠાકોર રાયધવલજી તથા સરદારજી! મારા પ્રત્યેની તમારી ઉભયની શુભ લાગણી જોઈને હું તમારો અત્યંત ઉપકાર માનું છું; પરંતુ તમે મારી જે પ્રશંસા કરો છો

તેને માટે હું યોગ્ય નથી; કારણકે મેં જે કાંઇ યત્કિંચિત્ સ્વાર્પણ કર્યું છે, તે મારી ફરજના અંગે જ કરેલું છે."

આ વાર્તાચિત થઇ રહ્યા પછી મહારાણા પ્રતાપસિંહે કહ્યું. "ભામાશાહ ! તમે હવે તમારૂં ધન કે જે મેવાડના ઉદ્ધાર માટે અર્પણ કરવાને તૈયાર થયા છો; તેને અત્રે લાવવાની વ્યવસ્થા કરવાને આપણા કેટલાક વિશ્વાસુ ભીલોને લઇને જાઓ અને અમે આસપાસના પ્રદેશમાંથી સૈનિકોને એકત્ર કરવાના કાર્યમાં જોડાઇએ છીએ."

"જેવી મહારાણાની આજ્ઞા." એમ કહીને ભામાશાહ ત્યાંથી તેને નમન કરીને પોતાને સોંપવામાં આવેલા કાર્ય ઉપર જવાને રવાના થઇ ગયો અને તે પછી પ્રતાપસિંહ પણ યુદ્ધનાં સાધનોની તૈયારી કરવાને ત્યાંથી જવાની તૈયારી કરતો હતો તેને ઠાકોર રાયધવલે અટકાવીને નમ્રતાપૂર્વક કહ્યું. "મહારાણા ! મંત્રીશ્વર ભામાશાહની વિનંતિનો સ્વીકાર કરીને જેમ આપે તેમને કૃતાર્થ કર્યા છે, તેમ મને પણ મારી વિનંતિનો સ્વીકાર કરીને કૃતાર્થ કરશો."

મહારાણાએ આનંદપૂર્વક કહ્યું. "ઠાકોર ! તમારે જે કહેવું હોય, તે ખુશીથી કહો. હું તેનો અવશ્ય સ્વીકાર કરીશ."

રાયધવલે કહ્યું. "મહારાણા ! મારી વિનંતિ એ છે કે આપ જેવા સ્વદેશભક્ત, વીરશિરોમણી, પુણ્યશ્લોક, દઢપ્રતિજ્ઞ અને પુરૂષોત્તમ મહારાણાએ અત્રે આવીને મને જે માન આપ્યું છે, તે માટે આપનો હું જેટલો ઉપકાર માનું તેટલો થોડોજ છે, પરંતુ મને કહેવાને દીલગીરી થાય છે કે આપને જોઇએ તેવી અને તેટલી આગતાસ્વાગતા મારાથી થઇ નથી, એટલુંજ નહિ પણ આપને યોગ્ય એવી એક પણ વસ્તુ મારાથી આપની સન્મુખ નજર કરી શકાઇ નથી અને તેથી મારી પુત્રી અલકાસુંદરી કે જે રૂપ અને ગુણમાં આપને સર્વથા યોગ્ય છે, તેનું પાણીગ્રહણ કરીને મને કૃતાર્થ કરશો."

પ્રતાપસિંહને ઠાકોરની આ માગણીથી આશ્ચર્ય થયું નહિ; કારણ કે અલકાસુંદરીની પ્રેરણાથી જ તે આ પ્રમાણે તેનું પાણિગ્રહણ કરવાને માટે કહે છે, એમ તેના અલકાસુંદરી સાથે થયેલા

મીઠનથી તેને જણાવ્યું, તેમ છતાં તેણે કહ્યું. "રાયધવલજી ! મ
દુઃખના અને ખરેખરી કટોકટીના સમયે તમે મને માન પરિચય
હિત આશ્રય આપીને જે આગતાસ્વાગતા કરી છે, તેનો યોગ્ય બ
મારાથી આવી હાલતમા શી રીતે વાળી શકાયે, તેનો હું રા
દિવસ વિચાર કરૂં છું તેમા વળી તમે મને તમારી પુત્રીનું પ
ગ્રહણ કરવાનું કહીને તમારા મારા ઉપરના ઉપકારમા વૃદ્ધિ ક
છો, એ કેવી વાત ? તમે મને ખરા સમયે આશ્રય આપીને
સહાય કરી છે, તેને લઈને હું તમારી માગણીનો અસ્વીકાર કરવો
ઉચિત માનતો નથી, પરંતુ મારી પ્રતિજ્ઞાને અંગે તમારી પુ
સાથે હાલ તુરત હું લગ્ન કરી શકીશ નહિ અને હું આશા રાખું
છું કે તે માટે મને માફ કરશો."

રાયધવલે કહ્યું. "મહારાણા ! આપની પ્રતિજ્ઞાને હું જાણું
છું અને તેથી આપ ધામધુમથી મારી પુત્રી સાથે લગ્ન કરી શ
નહિ એ સર્વથા સ્વાભાવિક છે, પરંતુ હું આપની પ્રતિજ્ઞાને કે
પણ પ્રકારની હરકત આવે તેમ કરવાને માગતો નથી. મારી વિનં
માત્ર એટલીજ છે કે આપે મારી પુત્રીનું પાણિગ્રહણ કરીને તે
આપની અર્ધાંગના બનાવી આપની સેવામાં જ રાખવી. ના કિ
કોઈ પણ પ્રકારની ધામધુમ વિના આજે સંધ્યા સમયે કરવાની
સર્વ ગોઠવણ પણ કરી રાખી છે, માટે આપ તેનો સ્વીકાર કરીને
મને વિશેષ ઉપકૃત બનાવશો, એવી મને સંપૂર્ણ આશા છે"

"બહુ સારૂં જ્યારે તમે મારી પ્રતિજ્ઞાથી પરિચિત છો અને
કોઈ પણ પ્રકારની ધામધુમ વિના તમે તમારી પુત્રીને મારી અર્ધાં
ગના માત્ર વાગ્દાનથી બનાવવાને ઈચ્છો છો, ત્યારે મને તેનો સ્વી
કાર કરવાની કશી પણ હરકત નથી અને તેથી આજ સંધ્યા સમયે
તમારી ઈચ્છા મુજબ વર્તવાને હું તૈયાર છું. રાયધવલજી ! તમે
મને ખરા સમયે આશ્રય આપીને મારા ઉપર જે ઉપકાર કર્યો છે અને
વિશેષમાં તમારી પુત્રી પણ મને આપવા તયાર થયા છો, તેનો યોગ
બદલો મારે તમને શી રીતે આપવા, તેનો મને હમેશા વિચાર થ
કરે છે હાલની મારી વિચિત્ર અવસ્થામા હું તમને કાંઈ કિંમતી
ભેટ કે અમુક સારી જાગીર આપી શકતો નથી, એ જો કે ઠીક નથી

રેલું છે; તો પણ તમારા ઉપકારનો બદલો વાળવાની ખાતર હું
મને 'રાણા'ની પદવીથી વિભૂષિત કરૂં છું." પ્રતાપસિંહે અલ-
કાસુંદરીનો સ્વીકાર કરવાની કબુલાત આપતાં કહ્યું.

"મહારાણા!" રાયધવલે કહ્યું "આપને આશ્રય આપીને
આપની જે આગતા સ્વાગતા કરી છે તે માટે આપને મનમાં
કોઈ પણ પ્રકારનો સંદેહ રાખવાની જરૂરીઆત નથી; કારણ કે
અતિથિઓએ અતિથિઓને સહાય કરવી, એને હું મારી ફરજ સમજું
છું, તેથી મારાથી બનતી આપની જે સેવા મેં કરેલી છે, તેનો બદલો
આપવાની કશી પણ અગત્ય નથી, તેમ છતાં જ્યારે આપ મને
'રાણા'ની માનવંત ઉપાધિથી વિભૂષિત કરો છો, ત્યારે હું તેનો
સ્વીકાર કરૂં છું. અને હવે હું મારી પુત્રીના વાગ્દાનની ક્રિયાની
જરૂરજોગ તૈયારી કરવાને જવાની રજા માગું છું, યોગ્ય સમયે મારો
કુમાર આપને તેડવાને માટે આવશે; માટે આપ તે વખતે બે-ત્રણ
સરદારો સાથે મારા મહેલે પધારજો."

પ્રતાપસિંહે ઈશારતથી હા કહી એટલે રાયધવલ ચાલ્યો
ગયો અને તે પછી તે તથા સરદાર ગોવિંદસિંહ પણ ભવિષ્યમાં
થનારા યુદ્ધની તૈયારી કરવાને અને આસપાસના પ્રદેશમાંથી સૈનિકો
મેળવવાનો પ્રયાસ કરવાને પોતાના નિવાસસ્થાને ગયા, પ્રતાપસિંહે
પોતાની પર્ણકુટીમાં જઇને દેવી પદ્માવતીને રાયધવલની માગણી કહી
દર્શાવી એટલે તેણે પણ અલકાસુંદરીનો સ્વીકાર કરવાને આગ્રહ કર્યો.
સંધ્યા સમયે યોગ્ય મુહૂર્તે પ્રતાપસિંહે અગ્નિદેવની સાક્ષીએ
અલકાસુંદરી સાથે પાણિગ્રહણ કરીને તેને પોતાની અર્ધાંગના બનાવી
અને તે વખતથી અલકાસુંદરી પોતાના પ્રિયતમની પર્ણકુટીમાં જઇને
તેણે જે પ્રમાણે પ્રતિજ્ઞા લીધી હતી, તે પ્રમાણે પોતે પણ પ્રતિજ્ઞા
લઇને રહેવા લાગી.



પ્રકરણ ૨૬ મું.

શાહજાદો સલીમ.

" દુનિયામેં અચ્છી ચીજ જો કુચ્છ હય વો શરાબ હય
ઈસકે ગિવા જો ચીજ હય બિલકુલ ખરાબ હય.
જો પિતા હય ઈસ આલમમેં વો સરદાર હોતા હય;
જો બેવકુફ હય કરસો ઉસે ઈન્કાર હોતા હય."

શાહજાદા સલીમે શરાબની બે ત્રણ પ્યાલીઓ ઉપરા ઉ
ગટગટાવીને ઉપરની બેત કહી. એટલે તેનો જાની મિત્ર મહબ
જે તેની સામેજ બેઠો હતો, તેણે તેને વધાવી લઈને કહ્યું " શ
જાદા સાહેબ ! આપે કહેલી બેત બિલકુલ રાસ્ત છે; કા કે આ દુ
યામા ખુદાતાલાએ જો કોઇ અચ્છી ચીજ બનાવી હોય, તો તે શ
બજ છે. શરાબની મોજ અને તેનો નીસો ખરેખર અજબ છે અ
તેથી જે ઈસમ તેનો ઇન્કાર કરે છે, તે ખરેખર બેવકુફ અને ઉ
સરદારજ છે; પરંતુ મારા મહેરબાન ! ગુલામની ગુસ્તાખી
માફ કરજો; કાં કે દુનિયામાં શરાબ એ જો કે બહુત અચ્છી ચી
છે; તો પણ મારે કહ્યા સિવાય નથી ચાલતું કે ગુલાબી બદન
નવજુવાન નાજુક પરી પણ શરાબથી જરાએ કમતી નથી."

શાહજાદો એ સાંભળીને ખડખડાટ હસી પડયો. તેણે શરાબ
એક પ્યાલી પુનઃ ગટગટાવી જઇ કહ્યું. " વાહવાહ, દોસ્ત તે
પણ ખુબ કરી. ખુદાતાલાએ બનાવેલી શરાબ અને સુંદરી એ બે
અજબ કરામતોમાં સુંદરી સર્વશ્રેષ્ટ છે; કારણ કે શરાબનો નીસો તો
મારે મન સાધારણ બીના છે; પરંતુ સુંદરીના બેનમુન રૂપનો નીસો
એટલો બધો બેહદ છે કે તને તેની શી વાત કહું ? પેલી મહબૂબ
નવજુવાન સુંદરી મહેર-અમીર આયાસબેગની પુત્રી અને શેર
અફગાનની બીબી—ને તો તેં જોઇ છે ને ? તેના અજબ રૂપનો મને
એવો તો નીસો ચડયો છે કે હજુ પણ તેની મનમોહન મૂરત મારા
જીગરમાંથી દૂર થઇ નથી. હાલ તો જો કે બાબાએ તેને મારી નજરથી
દૂર કરવાને માટે નાલાયક શેર અફગાન સાથે પરણાવી દીધી છે,
તો પણ હું તેને ભૂલી ગયો નથી અને તેથી કોઇને કોઇ વખતે હું

એ રૂપસુંદરી મહેરને મેળવીશ અને તેને મારી રાજરાણી બનાવીને સુખી થઈશ."

"શાહજાદા સાહેબ ! શું એ મનમોહન સુંદરી મહેરને આપ હજુ ભૂલી ગયા નથી ? ઘણીજ આશ્ચર્યની વાત ! પરંતુ આપ તેને મેળવશો શી રીતે ?" મહમદે સ્વાલ કર્યો.

"મહમદ ! દોસ્ત ! તું હજુ ઉલ્લુજ રહ્યો છે; શી રીતે મેળવશો, એ કાંઇ સ્વાલ છે ! જમીન આસમાન એક થાય; તો પણ હું તેને છોડનાર નથી, જ્યારે દિલ્હીના તખ્તેતાઉસ ઉપર તારો આ મિત્ર વિરાજમાન થશે, ત્યારે બિચારા શેર અફગાનની શી તાકાત છે કે તે મહેરને સાચવી શકે ? ગમે તે ભોગે અને ગમે તે ઉપાયે હું મહેરને મારી દિલબર બનાવીશ, એ ચોકસ છે અને જ્યારે એમ કરીશ, ત્યારેજ મારા દિલની આગ બુઝાશે." શાહજાદાએ આંખો ફાડીને જવાબ આપ્યો.

મહમદે હસીને કહ્યું. "પાક પરવરદેગારની મહેરબાનીથી આપની ઇચ્છા જલદી પાર પડો, એમ હું ઇચ્છું છું; પરંતુ શાહજાદા સાહેબ ! જ્યારે આપ એ લલિત લલનાને મેળવશો, ત્યારે પેલી ગુલબદન રજીયાનું શું થશે ! શું આપ તેને વિસરી જશો ?"

"રજીયા !" શાહજાદાએ આશ્ચર્ય પામીને કહ્યું. "નહિ, રજીયાને વિસારી મેલવી મને પાલવે તેમ નથી; કારણ કે મને તેની કેટલાક રાજકીય કામોમાં ખાસ કરીને અગત્ય છે, પરંતુ મહેરની આગળ રજીયા તુચ્છ છે; કાંઇ વિસાતમાં નથી."

મહમદે શરાબની પ્યાલી લઇને કહ્યું "સાહેબ ! આપ મહેરને વધુ મહત્વ આપો છો; પરંતુ મારા મતાનુસાર મદમાતી સ્થૂલકાય સુંદરી રજીયા મહેરથી જરા પણ ઉતરતી નથી. પછી તો આપ જે ધારતા હો, તે ખરૂં."

"દોસ્ત ! તારૂં કથન ઠીક છે; પરંતુ મહેર તે મહેરજ છે; તેની તુલનામા રજીયા ટકી શકે તેમ નથી યા ખુદા ! યા પરવરદેગાર ! મહેર, હા, મહેરને જ હું મારી રાજરાણી બનાવીશ" શાહજાદો શરાબના બેહદ નીસામાં બોલી ઉઠયો.

બરાબર આ સમસે પચીશેક વર્ષની એક તરૂણીએ શાહ સલીમની સન્મુખ આવીને કહ્યું. શાહજાદા સાહેબ ! કોને આ રાજરાણી બનાવવાને માગો છો ? ”

શાહજાદાએ નીસામાંજ જવાબ આપ્યો. “ તને, પ્યારી યા ! તનેજ. બીજી કોને ? ”

તે આવનાર તરૂણી ઉમરાવ ફૈજીની બીબી રજીયા તેણે કહ્યું. “ ખોટી વાત ! આપ તો પેલી નાદાન છોકરી મ આપની રાજરાણી બનાવવાને માગો છો; કેમ ખરૂં ને ! ”

“ મહેર ! હા, મહેરને. પછી છે કાંઇ ? ” શાહજાદાએ નીસામા જ જવાબ આપ્યો.

“ ઠીક, તો પછી મને વિસારી મૂકશો ને ! ” અને એ આ પ્રમ ણે વિસારી મૂકવાને માગતા હતા, તો પછી મારી પ્રેમ–સંબંધ શા માટે બાંધ્યો ? ” રજીયાએ કર્કશતાથી પ્રશ્ન

રજીયાના કર્કશ સ્વરથી શાહજાદાને જરા ભાન આવ્યું લાગ્યું કે નીસામા તેણે કાચુ કાપ્યું હતું અને તેથી પોતાની ભૂલને સુધારી લેવાને માટે તે એકદમ ઉભો થઇ ગયો અને રજી કોમળ કરને પ્રેમથી પકડીને તેને પોતાની તરફ ખેંચીને કોણ પ્યારી રજીયા ! જીન્નતની હુરી ! તુ અહીં કયારથી ? તું કેટલા સમયથી આવીને ઉભી છો ? ”

રજીયા કાંઇ કાચીપોચી નહોતી કે તે શાહજાદાના આ ઉપરના મીઠાં વચનોને ન સમજી શકે તેણે ઝટ લઇને તેના હા તરછોડી નાખીને કહ્યું. “ નહિ, શાહજાદા સાહેબ ! હું હવે મીઠાં મીઠા વચનોથી ભોળવાઇ જવાની નથી. તમે મહેરને ચા છો અને તેને આપની રાજરાણી બનાવવાને માગતા હો, તો હું મારે આ ચાલી. આપના જેવા ચંચળ ચિત્તના પુરૂષ સાથે પ્રેમ બંધાવાથી એ બાજુ ફળ મળતુ હશે, એવી મને પ્રથમથી ખબર ને હું મારા પતિનો વિશ્વાસઘાત કરીને કદિ પણ આપની પ્રેમ એકાને બાંધત નહિ. ”

આ પ્રમાણે કહીને રજીયા ત્યાંથી રીસાઇને ચાલી ગઇ.

એટલે શાહજાદાએ તેનો હાથ પકડીને તેને ઉભી રાખી અને મંદ સ્મિત કરતાં કહ્યું. "પ્યારી દિલબર! શામાટે રીસાય છે? શામાટે તારા નાજુક દિલને દુ:ખી કરે છે? શરાબના બેહદ નીસામાં મારાથી કાંઈ તને અપમાનકારક શબ્દો કહી જવાયા હોય, તો તેમાટે તું મને માફ કર, કારણ કે શરાબના નીશામાં મારાથી ઘણીવાર ન બોલવાના શબ્દો બોલી જવાય છે, તે તું કયાં નથી જાણતી કે નાહક મારા ઉપર ક્રોધ કરે છે?"

રજીઆએ કાંઈક શાંતિને ધારણ કરીને કહ્યું. "શાહજાદા સાહેબ! હું આપના ઉપર ક્રોધ કરતી નથી; પરંતુ જો આપ મહેરને-પેલી એક વખતની કંગાલ છોકરીને ચાહતા હો અને તેનેજ તમારી રાજરાણી બનાવવાને માગતા હો, તો પછી આપને મારી શી જરૂર છે? અને આપ જ્યારે તેને વધારે મહત્વ આપવાને માગો છો, ત્યારે મારે અહીં આવવાનું પ્રયોજન પણ શું છે?"

"રજીયા! જીગર!" શાહજાદાએ રજીયાને મનાવતાં કહ્યું "તું નાહક વહેમાય છે. નીસાના આવેશમાં મહેર વિષે હું કાંઈ આડું અવળું બોલી ગયો હોઉં, તો તે તરફ તારે જરા પણ ધ્યાન આપવું જોઈએ નહિ મહેર ગમે તેવી રૂપસુંદરી હોય, તો તેની મને શી પરવા છે? હું તો બસ તનેજ ખરા હૃદયથી ચાહું છું અને તેથી જ્યારે હું હિન્દુસ્થાનનો શહેનશાહ થઇશ, ત્યારે તને જ મારી શહેનશાહબાનુ બનાવીશ, એવું મેં જે વચન તને આપ્યુ છે, તેને હું વિસરી ગયો નથી. વળી આજે તને પુન: પણ કહું છુ કે હું મારા એ વચનને ગમે તે ભોગે પાળવાને તૈયાર જ છું હવે તને મારા પ્રેમનો વિશ્વાસ આવે છે, પ્યારી?'

રજીયા શાહજાદાના ભોળા દિલને જાણતી હતી અને તેથી તેણે હસીને જવાબ આપ્યો. "પ્યારા! આપના પ્રેમનો મને વિશ્વાસ જ છે અને તેથી આપે આપેલ વચનને ગમે તે ભોગે આપ પાળશો, એવી મને સંપૂર્ણ ખાતરીજ છે, પરંતુ આપ હવે શરાબના વ્યસનની કાંઈ હદ રાખો તો ઠીક; નહિ તો પછી આપની તબિયતને મોટો ધક્કો લાગશે."

શાહજાદાએ રજીયાને પોતાના આસન ઉપર પોતાની
જ બેસારીને અને તેનાં ગુલાબી ગાલ ઉપર ચુંબન કરીને
"પ્યારી ! હું ઘણુંએ જાણું છું કે શરાબનું વ્યસન અયોગ્ય
પરંતુ મને તેનો એટલો બધો રસ લાગી ગયો છે કે મારાથી
છોડાતું નથી; તેમ છતાં તારી વ્યાજબી સલાહને માન આપીને
તેને ઓછું કરવાનો પ્રયાસ અવશ્ય કરીશ. જોધા અને
પણ મને તે વિષે બહુજ શિખામણ આપે છે; પરંતુ ખરાબ
ના સહવાસથી શરાબને હું છોડી શકતો નથી. ઠીક, પણ
કયાં ગયો ? "

" તે તો હું જ્યારે અહીં આવી, ત્યારનો ચાલ્યો ગયો
રજીયાએ કહ્યું.

" હં, રજીયા, પણ પેલા કાગળનું શું થયું ? મને લાગે
બાબાના હાથમાં એ કાગળ ગયો હોવો જોઇએ." સલીમે કહ્યું.

" હા, આપની ધારણા સત્ય છે, કારણ કે જે વખતે વિજય
એ કાગળ આપીને હુ તેને સમજાવતી હતી, તે વખતે ખુદ શાહ
શાહ હિન્દુના પોશાકમાં સજ્જ થઇને ત્યા આવી પહોંચ્યા
તેમના આગમનથી હું તો તુરતજ પલાયન થઇ ગઇ હતી,
વિજય ત્યાંને ત્યાંજ ઉભો રહ્યો અને શાહેનશાહે તેની સાથે
સુધી વાર્તાલાપ કર્યો હતો અને તેથી મારો એ કાગળ
તેમના હાથમાંજ ગયો હશે." રજીયાએ સલીમની ધારણને
રતા પોતાની માન્યતા કહી બતાવી

" એ કાગળ જો બાબાના હાથમાં ગયો હશે, તો તો આપ
પૂરી ફજેતી થવાની છે; પરંતુ રજીયા ! તેં તે કાગળમાં શી
કત લખેલી હતી ? " સલીમે જીજ્ઞાસાથી પૂછયું.

" શી હકીકત લખેલી હતી, કેમ ? શાહેનશાહ વિરૂદ્ધ
જે બળવો જગાડવાના છીએ અને આપણા નવા પાક
ધર્મના વિરોધી અનુલફજલ વગેરેનો કાંટો કાઢવા માગીએ
કરવાની ધારેલી જે ઇચ્છા ધરાવીએ છીએ, તે વિષે કેટલીક
અને ગુપ્ત માનવીઓને તે કાગળમાં લખવામાં આવેલી હતી

વેશે તે કાગળ એ શહેનશાહના હાથમાં ગયો હશે તો આપણી પૂરી યોજના ધૂળમાં મળવાનો સંભવ છે. મને લાગે છે કે આપણે ચેલાને એ કાગળ વિષે પૂછીએ તો શી હરકત છે ?" રઝીયાએ કાગળની હકીકત કહેતાં પ્રશ્ન કર્યો.

"નહિ તેને હવે એ વિષે કાંઈપણ પૂછી શકાય તેમ નથી; કારણ કે તે બાબાનો માનીતો થઈ પડયો છે અને તેથી તેને કાગળની હકીકત પૂછવાથી કાંઈ અર્થ સરે તેમ નથી." શાહજાદાએ જવાબ આપ્યો.

"ઠીક, જવાદો એ વાતને, પરંતુ બળવો જગાડવા સંબંધી આપ હવે શું નિશ્ચય ઉપર આવ્યા છો ?" રઝીયાએ વિષયને બદલીને સવાલ કર્યો.

"બળવો જગાડવો એ ચોક્કસ છે; પરંતુ કયારે અને શી રીતે જગાડવો, તે વિષે મેં હજુ કશો પણ નિશ્ચય કર્યો નથી. બાદશાહને રાજધાનીનો ત્યાગ કરીને દૂરના દેશમા યુદ્ધાદિ કારણસર જવાનું થાય, તો બળવો જગાડીને રાજધાનીનો કબજો મેળવવાનું કાર્ય સહેલું થઈ પડે તેમ હોવાથી હું તેનીજ રાહ જોઈ રહ્યો છું. કેટલાક મુસલમાન સરદારોને તો મે આપણા પક્ષમાં સામેલ કરી લીધા છે; પરંતુ રાજપૂત અને અન્ય હિન્દુ સરદારો અને અમીરો આપણા પક્ષમાં આવતા નથી. તેઓ તો બાદશાહને માટે પોતાના પ્રાણ આપવાને પણ તૈયાર છે અને તેથી બળવો જગાડવાનું કાર્ય હાલ તુરત સહેલું નથી. અબદુલકાદરે મને ગઇ કાલેજ ખબર આપી છે કે બાદશાહ દક્ષિણમા ખાનદેશ તરફ યુદ્ધ કાર્યને માટે જવાના છે અને જો આ ખબર ખરી હોય અને તેઓ રાજધાનીનો ત્યાગ કરીને દક્ષિણમાં જવાના હોય તો પછી રાજધાની અને ખજાનાનો કબજો મેળવાનું કાર્ય આપણને બહુજ સરલ થઈ પડે તેમ છે તથા એક વખત તેનો કબજો આપણા હાથમાં આવી ગયો કે પછી બાદશાહથી ડરવાનું આપણને કશું પ્રયોજન નથી." સલીમે બળવો જગાડવાની પોતાની ગોઠવણ કહી બતાવી.

"આપની ગોઠવણ તો ઘણીજ સારી છે અને ખુદાતાલાની

રહેમાથી તે પાર પણ પડશે, પરન્તુ તે પછી-એટલે કે આ શ
શાહ થયા પછી આપની આ નાચીજ દાસીને ભૂલી તો જશો ન
ને ? રજીયાએ અર્થસૂચક દ્રષ્ટિથી પૂછયુ

" નહિ પ્યારી રજીયા ! " સલીમે રજીયાને આલી
આપીને કહ્યુ " તને તો હુ કદિ પણ ભૂલી જવાનો નથી, કિ
જ્યારે હુ સમસ્ત હિન્દુસ્થાનનો શહેનશાહ થઇશ ત્યારે તને મ
સામ્રાજ્ઞી બનાવીશ '

રજીયા શાહજાદા સલીમની અપૂર્વ પ્રીતિ જોઇને ખુશી
ગઇ આનદના અતિરેકથી તેનુ સુદર મુખ ખીલી ઉઠયુ
સોનાની પ્યાલી શરાબથી ભરીને શાહજાદાને પ્યારથી આપતા ક
નામવર શાહજાદા ! પ્યારા જીગર ! મારા તરફની આપની અ
પ્રીતિ જોઇને હુ આપની ઘણી જ અહેસાનમદ છુ '

શાહજાદાએ રજીયાના હાથમાથી શરાબની પ્યાલી લઇ
તેને ગટગટાવીને કહ્યુ " વાહવાહ, રજીયા ! શરાબકી કયા મોજ
કયા આનદ ? "

રજીયાએ પુન બીજી પ્યાલી ભરીને આપી અને તેને પણ
પૂર્વવત્ ગટગટાવી ગયો તે પછી શાહજાદાએ નીસાના જોરમ ર
યાને અનેક પ્રકારની રાજખટપટની વાતો કહી દીધી અને તે
વધારે ને વધારે ગુપ્ત વાતો તેની પાસેથી પ્રેમના મીઠા વચનોથી લોભ
વીને કઢાવતી હતી જ્યારે આ પ્રમાણે શાહજાદો સલીમ અને અ
ફૈજીની બીબી રજીયા શરાબમા મસ્ત બનીને એશઆરામ ભોગવ
હતા, ત્યારે શહેનશાહ અકબર અને તેનો મિત્ર ફૈજી તેમની
બિભત્સ ચેષ્ટાને ચુપચુપ નિહાળીને મનમાને મનમા આશ્ચ
પામતા હતા શાહજાદાને વધારે બેભાન અવસ્થામા જોઇ
શહેનશાહ અકબર તથા ફૈજી ઓરડામા દાખલ થયા રજીયાએ
શરાબ પીધેલો નહિ હોવાથી તેને નીસો ચડેલો નહોતો અને તે
તે અકબર તથા ફૈજીને આવેલા જોઇને આશ્ચર્ય પામી ગઇ અ
બેઠી હતી ત્યાથી એકદમ ઉભી થઇ ગઇ શાહજાદો તો હ
બેભાન અવસ્થામા પડ્યો હતો અને મુખેથી " શરાબકી

ાજ ? શરાબકી કયા બાત ? પ્યારી રજીયા ? કયા આનંદ ? "
તેમ વારંવાર અસ્પષ્ટ સ્વરે બરાડતો હતો. બાદશાહે તેની પાસે
જઈને તેના ખભા ઉપર જોરથી પોતાનો હાથ મૂકીને ગંભીરતા
પૂર્વક કહ્યું " સલીમ ! "

સલીમે નીસામાંજ જવાબ આપ્યો. " દિલોજાન રજીયા !
શરાબકી કયા મૌજ ? શરાબકી કયા બાત ? "

અકબરે રોષપૂર્વક પુનઃ ગંભીરતાથી કહ્યું " સલીમ ! "

આ વખતે શાહજાદાએ કાંઇ જવાબ આપ્યો નહિ; પરંતુ
નીસાના આવેશમાં ખડખડાટ હસી પડ્યો

અકબરે તેને સંપૂર્ણ બેભાન બનેલો જોઇને તેને જાગૃત
કરવાની ખાતર તેનો હાથ જોરથી ખેંચીને કહ્યું. " સલીમ !
સાવધ થા અને જરા નિહાળીને જો કે હું કોણ છું ? હું રજીયા
નહિ, પણ તારો બાબા અને સમગ્ર હિન્દુસ્થાનનો શહેનશાહ
અકબર છું, શું તું શરાબના નીસામાં એટલો બધો ચકચૂર થઇ
ગયો છે કે મને ઓળખતો પણ નથી. ? "

સલીમની કર્ણેન્દ્રિયમાં શહેનશાહ અકબર એ બે શબ્દોનો
પ્રવેશ થયો અને તેમ થતાંજ તેની જ્ઞાનેન્દ્રિય સતેજ થઇ ગઇ. તે
આંખો ફાડીને અકબરની સામે પ્રથમ તો જોઇ રહ્યો; પરંતુ
ત્યારબાદ તેને સંપૂર્ણ ઓળખવાથી મંત્રમુગ્ધ થઇ ગયો અને
શરમથી અવનત મુખે ઉભો થઇ રહ્યો.

અકબરે તેને શુદ્ધિમાં આવેલો જાણીને પૂછયું, " કેમ,
સલીમ ! હજુ તેં શરાબનો ત્યાગ નથી કર્યો ? તારા બાબાના
હુકમનો તું આવીજ રીતે અમલ કરે છે કે ? ઠીક, પણ આ સ્ત્રી
કોણ છે અને તે શામાટે અત્રે આવેલી છે ? "

શાહજાદો તેના બાબાનાં ઉપરાઉપરી પ્રશ્નો સાંભળીને જરા
ગભરાઇ ગયો અને તેથી તેણે કાંઇ જવાબ નહિ આપતા ચુપજ
રહેવું પસંદ કર્યું.

અકબરે પુનઃ કરડા સ્વરે પૂછયું, " કેમ જવાબ આપતો

નથી સલીમ ? કહે, આ સ્ત્રી કોણ છે અને તે શા કારણથી આવેલી છે ?"

સલીમે આ વખતે પણ કાંઇ જવાબ આપ્યો નહિ, એ ફૈઝીએ જરા આગળ આવીને કહ્યું, " નામવર શહેનશા શાહજાદા સાહેબને હવે શરમાવો નહિ, તેઓ મને અહીં ઉ જોઇને જવાબ આપતા અચકાય છે અને તેથી હું જ આ પ્રશ્નનો ઉત્તર આપું છું કે એ સ્ત્રી મારી બેવકૂ બીબી રઝીયા પણ અહીંઆ શું કારણથી આવી છે, તે હું આપને કહી શકતો નથી."

" આ બાનુ તમારી બીબી છે, એ હું સારી રીતે જાણું પરંતુ તે વાત મારે શાહજાદાના મુખમાંથી જ કઢાવવી હતી શહેનશાહે ફૈઝીને એ પ્રમાણે કહીને સલીમ તરફ જોઇને પૂ " સલીમ ! રઝીયાબાનુ અહીં કેમ આવેલાં છે અને તેમની તું શી ખાનગી મસલત ચલાવતો હતો ? "

સલીમે પોતાના બાબાના મુખ સામે એકવાર આડી નજ જોઇ લીધું, પરંતુ તેને યોગ્ય જવાબ આપવા જેટલી હિંમ તેનામાં નહોતી અને તેથી તે મૌનજ રહ્યો.

શહેનશાહે તેને કેવળ નિરૂત્તર રહેલો જોઇને " સલીમ ! તું મારો યુવરાજ પુત્ર હોવાથી મારી પાછળ આ સમગ્ર શહેનશાહતનો સમ્રાટ થવાનો છે વળી મારી ઉંમર જઇફ થવા આવી છે અને તેથી હું હવે જેટલું જીવ્યો છું, જીવવાનો નથી, એ ચોક્કસ છે; તેમ છતાં તું મારી વિરૂદ્ધ જગાડવાની ખટપટ શા માટે કરી રહ્યો છે, તે હું સમજી નથી. તૌહિદ-ઈ-ઈલાહીના મતની સ્થાપનાથી કેટલાક મુસલ મારી વિરૂદ્ધ થઇ ગયા છે અને તેમણેજ તને આડું ભંભેરીને મારી સામે ઉશ્કેરવાની પેરવી કરી છે, પરંતુ યાદ રાખ સલીમ ! કે તું તારી બુરી મતલબમાં કદિ પણ ફાવ નેહવાનો નથી પાક પરવરદિગાર હમેશાં સત્યનો-ધર્મ નીતિનોજ વિજય કરે છે અને અસત્ય-અધર્મ-અનીતિનો કરે છે અને તેથી તેં તથા તારા દુષ્ટ સલાહકારોએ મારી ને આ પ્રકારની ખટપટ રચી હશે; તો પણ તમે અનીતિના

લગ્ન હોવાથી તેમાં ફેરફાર થશે નહિ. સલીમ! તારા સ્થળે જો કોઈ બીજો શખ્સ હોત, તો મેં તેને શાહનશાહત વિરૂદ્ધ ખટપટ કરવાના ગુન્હા માટે કારભારીએ ફાંસીના લાકડે લટકાવી દીધો હોત; પરંતુ તું મારો બેટો છે–અતિ વ્હાલો બેટો છે અને તેથી તને સખ્ત શિક્ષા કરવાને મારૂં હૃદય ચાલતુ નથી. શાહનશાહતના રક્ષણને માટે ન્યાયદ્રષ્ટિએ મારે તને વખતમા સખ્ત એટલે કે દેહાંત દંડની શિક્ષા કરવી જોઈએ અને તારા અનિષ્ટ આચરણો જોતા તુ એવી શિક્ષાને લાયક છે, પરંતુ પ્યારા બેટા! તારા માટે મારા હૃદયમાં એટલો બધો અગાધ પ્રેમ ભર્યો છે કે હું તેમ કરી શકતો નથી. સલીમ! ઠાર્હક સમજ અને વિચાર કર કે તું કોણ છે? તું કોનો બેટો છે? તારા બાબા કોણ છે? તારો અધિકાર શો છે? અને તારૂં મહત્વ શું છે? તુ પોતે ભવિષ્યનો શહેનશાહજ છો અને તેથી દિનરાત શરાબના નિસામા અને દુષ્ટ સ્ત્રીઓના સહવાસમાં પડયા રહેવાનુ તને યોગ્ય છે? વ્હાલા બેટા! બરોબર વિચાર કરીને મને જવાબ આપ કે તને તારૂ હાલનુ વર્ત્તન ઉચિત છે?”

શહેનશાહના પ્રેમાળ અને શિક્ષાના વચનો સાભળીને શાહજાદા સલીમનુ હૃદય ભેદાઇ ગયુ અને તેથી તેની આંખોમાથી અશ્રુઓની ધારા વહેવા લાગી તેણે તેના બાબાના કદમો ઉપર પડીને ગદ્દગદિત અવાજે કહ્યુ. “પ્યારા બાબા! આપના આ બેવફા બેટાને ફાંસીના લાકડે લટકાવી દો, કારણ કે તેને એજ શિક્ષા યોગ્ય છે”

બાદશાહ અકબરે સલીમનો હાથ પકડીને ઉભો કર્યો અને તે પછી પુનઃ પ્રેમાળ સ્વરથી કહ્યુ “સલીમ! બેટા! તુ મોતની શિક્ષાને યોગ્ય નથી; કિન્તુ આગ્રાના જગદ્‌વિખ્યાત તખ્ત ઉપર બેસીને લાખો મનુષ્યોને યોગ્ય ન્યાય આપવાને લાયક છો મારો તને ખાસ કરીને આગ્રહ છે કે તુ તારા હાલના દુષ્ટ ચારિત્રને સુધાર અને ખરાબ દોસ્તોનો ત્યાગ કર અને પછી જો કે તારી આબરૂ કેટલી બધી વધી જાય છે માણુસ માત્ર ભૂલને પાત્ર છે અને તેથી આજ સુધી તે કરેલી ભૂલોનો તને જો હવે બરોબર પશ્ચાત્તાપ થતો હોય, તો તેજ શિક્ષા તને પૂરતી છે બોલ તને પશ્ચાત્તાપ થાય છે”?

"પશ્ચાત્તાપ !" સલીમે આશ્ચર્યસૂચક અવાજે ક
"પશ્ચાત્તાપ તો શું ; પરંતુ આ પૃથિવી માર્ગ આપે તો તેને અંદર સમાઇ જાઉં, તેટલી શરમ પણ થાય છે અને તેથી આપ અરજ ગુજારીને કહું છું કે મને યોગ્ય દંડ આપો-મને કંઇ શિક્ષા કરો. પ્યારા બાબા ! તે વિના-યોગ્ય ઠોકર વાગ્યા વિના હું સુધરી શકવાનો નથી."

"નહિ, બેટા !" શહેનશાહે કહ્યું. "તને પૂરતો પશ્ચાત્તાપ થએ હોવાથી હવે શિક્ષા આપવાની જરૂર નથી. પશ્ચાત્તાપ અને શરમ બેજ એવી શિક્ષાઓ છે કે જેથી ગમે તેવા દુષ્ટ માણસ પણ સુધરી જાય છે, તેથી તને કાંઇપણ શિક્ષા નહિ કરતાં માફી આપું છું."

"પરંતુ પ્યારા બાબા ! શું હું આપની રહેમને યોગ્ય છું કે આપ મને માફી આપો છો ?" સલીમે આતુરતા સૂચક સ્વરે પૂછ્યું.

"હા, તું મારી રહેમને સર્વદા યોગ્યજ છે, કેમકે પુત્ર કપુત્ર થાય છે; પરંતુ માવતર કદિ પણ કમાવતર થતાં નથી અને તેથી તું માફીને પાત્ર છે. સલીમ તું હવે જા અને મારા ખાસ ઓરડામાં મારી રાહ જો, હું હમણાંજ તારી પાસે આવી પહોંચું છું" એમ કહી બાદશાહ અકબરે તેને ત્યાંથી ચાલ્યા જવાની ઇશારત કરી એટલે તે તેને નમીને તુરત જ ચાલ્યો ગયો.

તે ગયા પછી શહેનશાહે પોતાના દોસ્ત ફૈઝીને કહ્યું. "પ્યારા મિત્ર ! તમારી બીબીને માટે હવે તમે શું કરવા માગો છો ? તમને જો કાંઇ હરકત ન હોય અને તમારી કબુલાત હોય, તો હું તેને કે કરવાને માગું છું. કારણ કે સર્વ ખટપટનું મૂળ તેજ છે."

"નામવર શહેનશાહ !" ફૈઝીએ કહ્યું. "મારી બેવફા બીબીને માટે આપ ગમે તે કરવાને મુખત્યાર છો, મને તેમા કોઇ પણ પ્રકારની હરકત નથી."

"બહુત ખુબ." બાદશાહ અકબરે એમ કહીને પોતાના અંગરક્ષકોને જોરથી બૂમ મારી. તુરત જ બે હથિયારબંધ કર્મચારીઓ બાદશાહની સન્મુખ આવીને કુર્નિસ બજાવીને ઉભા રહ્યા. બાદશાહ અકબરે તેમને કરડા અવાજે હુકમ કર્યો. "આ બાનુને

સત્વર દરબારમાં લઈ આવો અને તેમાં તેને કેદ કરીને મને ખબર આપો."

કર્મચારીઓ રજીયાને લઈને ત્યાંથી ચાલ્યા ગયા. રજીયાએ જતી વખતે શહેનશાહને તથા તેના યોદ્ધા ફૈજીને પોતાને પણ બદબદાની જેમ મારી આપવાને ઘણી ઘણી અરજ ગુજારી હતી; પરંતુ સંગ દિલના શહેનશાહે કે ફૈજીએ તે પ્રતિ જરા પણ લક્ષ આપ્યું નહોતું. શાહજાદો સલીમ તેના બાબાની રહેમથી છુટી ગયો અને રજીયાને કેદમાં સપડાવું પડ્યું. એ વિધિની વિચિત્ર લીલા નહિ, તો બીજું શું ?

તે પછી શહેનશાહ અને ફૈજી ત્યાંથી અન્યત્ર ચાલ્યા ગયા.

—⁂—

પ્રકરણ ૨૭ મું.

ધર્મનું સ્વરૂપ.

શહેનશાહ અકબર અને આચાર્ય શ્રી હીરવિજયસૂરિ રાજમહાલયના એક ખાનગી ઓરડામાં ધર્મ સંબંધી વિવિધ વાર્તાલાપ કરતા બેઠા હતા. ફૈજી, અબુલફજલ, ટોડરમલ્લ, કરમચંદ અને થાનસિંહ વિગેરે દરબારીઓ પણ ત્યાં હાજર હતા અને તેઓ સૂરીશ્વર અને સમ્રાટ વચ્ચે ચાલતી ધાર્મિક ચર્ચાને રસપૂર્વક સાંભળતા હતા. ધર્મના જૂદા જૂદા વિષયો ઉપર અનેક પ્રકારનો વાર્તાલાપ ચાલ્યા પછી શહેનશાહ અકબરે જીજ્ઞાસાથી આચાર્ય મહારાજને પૂછ્યું. " સૂરિજી ! ધાર્મિક વિષયમાં આપની અપૂર્વ વિદ્વત્તા જોઈને હું ઘણોજ ખુશી થયો છું અને આપે અત્રે આવીને મને તેનું જે જ્ઞાન આપ્યું છે, તે માટે આપનો અત્યંત આભારી છું. હવે કૃપા કરીને ધર્મનું સત્ય સ્વરૂપ મને સમજાવશો, તો હું આપનો અહેશાનમંદ થઈશ; કારણ કે હું ધર્મના સત્ય સ્વરૂપને જાણવાને બહુજ ઈન્તેજાર છું. ધર્મના સત્ય સ્વરૂપને જાણવાને માટે હું ઘણા વિદ્વાનોના પરિચયમાં આવ્યો છું; પરંતુ આજસુધી મારા મનનું સમાધાન થયું નથી અને તેથી આપની

પાસેથી મને તે વિષયની યથાર્થ માહિતી મળશે, એવી આશા રાખીને જ મે આપને તે વિષે પ્રાર્થના કરી છે."

"રાજન્ ! " સૂરિજીએ સ્મિત હાસ્ય કરીને કહ્યું "ધર્મના સત્ય સ્વરૂપને જાણવાની આપની જીજ્ઞાસા જોઈને મને ઘણોજ આનંદ થાય છે. ધર્મના સ્વરૂપને જાણવાની જીજ્ઞાસા થવી એ આત્માની નિર્મળતાને દર્શાવે છે. ધર્મનુ સત્ય સ્વરૂપ સમજવું એ જો કે ઘણું મુશ્કેલ કાર્ય છે, તો પણ માનવબુદ્ધિ તેને સમજી ન શકે એવું તે કઠિન કાર્ય નથી. ધર્મના સત્ય સ્વરૂપને સમજાવવાને માટે પૂર્વે થઇ ગયેલા અનેક સમર્થ મહાપુરૂષોએ યોગ્ય પ્રય કરેલા છે, પરતુ તે સર્વને બરોબર સમજતાં આપણને ઘણો સમય લાગે તેમ છે. અને તેથી અત્યારે તો હું આપને શુદ્ધ ધર્મને એટલે કે તેના ખરા સ્વરૂપને ટુંકામાં પણ સમજી શકાય તેવી શૈલીમાં સમજાવીશ અમારા જૈન શાસ્ત્રકારોએ ધર્મના મુખ્યત બે ભેદો ગણાવ્યા છે. આ બે ભેદો તે સાધુધર્મ અને શ્રાવકધર્મના છે. સાધુધર્મ એ ઉત્કૃષ્ટ અને માત્ર આ સંસારનો ત્યાગ કરીને મુનિવેષ ધારણ કરનારને જ ઉપયોગી હોવાથી હું તે વિષે અત્રે વર્ણન કરવા ઇચ્છતો નથી. કિન્તુ અત્યારે તો શ્રાવકધર્મ એટલે કે સંસારમા રહેતાં મનુષ્યોને પાળવાના ધર્મના સ્વરૂપનું યોગ્ય વર્ણન કરીને આપને તેની જોઈતી સમજણ પાડીશ. આ માનવધર્મના બાર પ્રકારો છે અને તેને અમારા શાસ્ત્રકારોએ બાર વ્રતો તરીકે ઓળખાવેલા છે જે માણસો પોતાના જીવનને સંસારમા રહ્યા છતાં ધર્મમાર્ગે પસાર કરવાને ઇચ્છતા હોય, તેમણે ધર્મના એ બાર વ્રતોને અનુસરવાની અગત્ય સ્વીકારવી જોઇએ છે. જીવહિંસા ત્યાગ, અસત્ય ત્યાગ, અદત્તગ્રહણ ત્યાગ, પરસ્ત્રી ત્યાગ અને સ્વદારા સંતોષ, અપરિમિત પરિગ્રહનો ત્યાગ અને ઇચ્છાનું પરિમાણ, દિગ્ગમનનો ત્યાગ, ભોગોપભોગનુ પરિમાણ, અનર્થ દંડનો ત્યાગ, સામાયિક વ્રત, દેશાવકાશિક વ્રત, પૌષધોપવાસ વ્રત અતિથિસંવિભાગ. આ બાર પ્રકારનો માનવધર્મ છે. આ વ્રતોની યોજના એવી રીતે કરવામા આવી છે કે જો કોઈ પણ મનુષ્ય તદનુસાર પોતાનું જીવન યતિત કરવાને ચાહે, તો

અંતિમ લક્ષ્યને એટલે કે મોક્ષને સહજમાં પ્રાપ્ત કરવા ભાગ્યશાલી થાય છે. સદરહુ બાર વ્રતો પૈકી પહેલું જીવહિંસા ત્યાગનું જે વ્રત છે, તે સર્વોત્તમ છે અને તેથી જો કોઈ પણ મનુષ્ય તે એક વ્રતને પણ યથાર્થ રીત્યા પાળે અને તે પ્રમાણે વર્ત્તે, તો તેનું જીવન ઘણુંજ સુધરી જાય છે. એટલુંજ નહિ, પણ તેના આત્માની પણ ઘણીજ ઉંચી સ્થિતિ થઇ જાય છે નામવર શહેનશાહ ! અમે જૈનીઓ જીવહિંસાત્યાગના વ્રતને ચુસ્તપણે માનનારા અને પાળનારા છીએ અને સમસ્ત દેશ કે જગત્ ઉપર તેનો પ્રચાર કરીને માનવસમાજને તેનું ખરૂં રહસ્ય સમજાવવાને માટે અમે પ્રયાસ કરીએ છીએ. જીવહિંસા ત્યાગ એટલે કે અહિંસાને મહાન્ ધર્મ ગણીએ છીએ; કારણ કે એ વ્રત એવું તો ઉત્તમ છે કે તેના સેવન અને પ્રચારથી સંસારમાં સ્વર્ગને લાવી શકાય છે અને તેથી પરમ શાંતિનો અનુભવ કરી શકાય છે સંસારમાં જેટલા જીવો હયાતી ધરાવે છે, તે સર્વે શરીરથી જોકે જૂદાં જૂદાં અને ઉચ્ચ કે નીચ છે, તો પણ તે સર્વની અંદર આત્મા તો સરખોજ છે. અને તેથી જેવી સુખ-દુઃખની લાગણીઓ આપણને પોતાને થાય છે, તેવીજ તે સર્વ જીવોને થાય છે. પ્રત્યેક જીવ હમેશાં સુખનીજ ઇચ્છા કરે છે અને તે કારણને લઇ આપણે આપણું વર્ત્તન એવું રાખવું જોઇએ કે જેથી અન્ય જીવોને સુખજ મળે. જીવાત્મા તરીકે આપણે જો સુખને ઇચ્છતા હોઇએ તો આપણી એ ફરજ છે કે આપણે પ્રત્યેક જીવને સુખ થાય તેવાં કાર્યો કરવાં જોઇએ અને જો તેમ આપણે કરતા નથી, તો પછી આપણને સુખ મેળવવાનો શો અધિકાર છે? બાદશાહ સલામત ! આપ ધર્મના સત્ય સ્વરૂપને જાણવાને ઇચ્છા ધરાવતા હોવાથી મારે આપને કહેવું જોઇએ કે ધર્મનું સ્વરૂપ અહિંસાવ્રતમાં આવી જાય છે. અહિંસાધર્મ એ એવું વ્રત છે કે જેના પરિપાલનથી માણસ સંસારમાં શાંતિનું સ્થાપન કરી શકવાની સાથે પોતાના આત્માની પણ ઉન્નતિ કરી શકે છે અને તેથી અમે તેને મહાન્ ધર્મ ગણીએ છીએ. અહિંસા.એટલે પ્રત્યેક જીવ તરફ દયાભાવ એ પૃથિવીતલમા મોટામાં મોટો ધર્મ છે, ધર્મનુ ખરૂ સ્વરૂપ પણ તેમાંજ આવી જાય છે.

જીવદયા, પ્રેમ, કરૂણા, મૈત્રી, પ્રમાનતા વિગેરે અહિંસાના સ્વરૂપ છે અને તેથી જે માનવ ઉત્તમ ગુણોને ધારણ કરીને પ્રમાણે પોતાના જીવનને વ્યતીત કરે છે, તેઓજ પોતાના જન્મ સાર્થક કરી શકે છે. પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સ્વાભાવિકરીતે દયા તો રહેલીજ છે, તેમ છતાં ઘણી વાર મનુષ્યની પ્રવૃત્તિ તેથી ઉલટીજ જોવામાં આવે છે. કેટલાંક મનુષ્યો ધર્મના નામે અથવા બીજે કારણે જીભેંદ્રિયની લાલચે જીવહિંસા કરતા જોવાય છે, આનું કારણ જોવા જઈએ તો તેમની અજ્ઞાનતા સિવાય બીજું કંઈ નથી. અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ અને બ્રહ્મચર્ય આ પાંચને સર્વે શાસ્ત્રકારે પવિત્ર માનેલા છે; તેમ છતાં અજ્ઞાનતાને વશ થઈ કેટલાક સ્વાર્થી મનુષ્યોએ તેમાં-ખાસ કરીને અહિંસામાં વધારે વિકૃતિ કરી નાંખેલી છે. હિંસા એ મોટામાં મોટું પાપકર્મ અને આત્માની અધોગતિ કરનારૂં કાર્ય છે અને તેથી તેનો ત્યાગ કરવાને બદલે કેટલાક મનુષ્યો તેને ધર્મ અને શાસ્ત્રના તરીકે ઓળખાવે એ મોટી દીલગીરીની વાત છે. વાસ્તવિક રીતે જોતા મહાનુભાવ, સંશયવાન અને અવ્યક્તસિદ્ધાન્તાનુયાયી નાસ્તિકોએજ હિંસાને ધર્મ તરીકે માન આપેલું છે અને કેવળ પોતાની ઇચ્છાની તૃપ્તિને ખાતર જ હિંસા કરતા હોવાથી તેવા મનુષ્યોનાં વચનોને કદાપિ મહત્વ આપવું જોઈએ નહીં. ધર્મપરાયણ મનુષ્યોએ તો અહિંસા, મૈત્રી, દયા, કરૂણા અને પ્રેમનેજ સર્વોત્તમ ધર્મ ગણીને તેની પ્રશંસા કરેલી છે અને તેથી તે પ્રમાણે વર્તવું એ દરેક માણસની ફરજ છે. સમ્રાટશિરોમણિ ! હું ખાસ ભાર દઈને કહું છું કે સર્વ ધર્મોમાં અહિંસાજ શ્રેષ્ઠ ધર્મ છે અને તેથી જેઓ ધર્મ, યજ્ઞ કે લાલચને વશ થઈ જીવહિંસા કરે છે, તેઓનું રાજ્ય, વંશ, સંપત્તિ, શક્તિ અને સ્ત્રી આદિ બધી સંપદાઓ થોડાજ કાલમાં નાશ પામે છે અને તેઓની ભવિષ્યના જીવનમાં અધોગતિ થાય છે. આપના પવિત્ર કુરાનેશરીફમાં પણ હિંસાની મના કરવામાં આવેલી છે. એ આપથી ક્યાં અજાણ્યું છે? આ આખી આલમના જીવો ખુદાના સંતાનો છે અને તેથી તેમણે પ્રથમ એજ ફરમાન કરેલું છે કે સમસ્ત જીવો ઉપર રહેમ રાખો. વિશેષમાં કુરાનેશરીફની અંદર ઘ

તમાં ખુદાને બિસ્મિલ્લાહ રહિમાન્નુર રહીમ, એ વિશેષણ આપ-
માં આવેલું હોવાથી દરેક જીવો ઉપર રહેમ રાખવી જોઇએ, એ
હજમાં સમજી શકાય તેમ છે આ ઉપરાંત જૈન, હિંદુ અને ઈસ-
મ ધર્મોમાં અહિંસાનું પ્રતિપાદન ઘણી રીતે કરવામાં આવ્યું છે
ને એ હું આપને સર્વ હકીકત વિસ્તારપૂર્વક સમજાવવાને બેસું,
ઘણો સમય લાગી જાય તેમ છે. અને તેથી આપને અત્રે ટુંકામાં
એટલું જ કહું છું કે પ્રત્યેક ધર્મમાં અહિંસાને મુખ્ય મન
વામાં આવ્યું છે. એટલું જ નહિં પણ તેની ઘણીજ પ્રશંસા કર-
માં આવી છે. આટલા વિવેચન ઉપરથી આપ સારી રીતે સમજી
ક્યા હશો કે જીવહિંસા એ મોટામાં મોટું પાપ છે અને અહિંસા
મોટામાં મોટું પુણ્ય છે. ધર્મનું સત્ય સ્વરૂપ પણ તેમાંજ આવી
તું હોવાથી માનવધર્મનાં બીજાં અગિયાર વ્રતો જે બાકી રહે છે,
વિષે હું આગળ કોઇ અનુકુળ વખતે આપને સમજણ પાડીશ."

સૂરિજીનું ઉપર્યુક્ત વિવેચન સાંભળીને શાહેનશાહ અકબર
ણો જ ખુશી થઇ ગયો અને તેથી તેણે આનંદપૂર્વક કહ્યું.
સૂરિજી ! આપની પાસેથી ધર્મનું સત્ય સ્વરૂપ જાણીને હું બહુ
ખુશી થયો છું. આજ સુધી મેં અનેક વિદ્વાનોની ઉપદેશવાણી
ંભળી હતી; પરંતુ તેમાં આપની આજની ઉપદેશવાણી જેવો
ને કોઈ વખત પણ રસ લાગ્યો નહોતો. અહિંસા અને હિંસા એ
ભય કર્મનું વિવેચન સાંભળીને મારા હૃદયમાં ઘણી જ અસર થઈ
અને તેથી હું આપના ઉપદેશ પ્રમાણે વર્ત્તવાનો મારાથી
નતો પ્રયાસ કરીશ. પાક પરવરદેગારે ખરી રીતે આપ કહો છો,
પ્રમાણે સર્વ જીવો ઉપર રહેમ રાખવાનું જ ફરમાન કરેલું છે;
રંતુ અમે અજ્ઞાનતાથી તેમના એ સત્ય ફરમાનને ભૂલી જઈને
હિંસાના કાર્યમાં પ્રવૃત્ત થઇએ છીએ, એ દીલગીરીની વાર્તા છે.
મુનીશ્વર ! આપે મારા આમંત્રણને માન આપીને અત્રે પધારી મને
જે સદુપદેશ આપ્યો છે, તે માટે આપનો હું ઘણો જ અહેશાનમંદ
છું અને તેથી મારી ઇચ્છા એવી છે કે આપ કોઈ પણ મૂલ્યવાન
ચીજનો મારી પાસેથી સ્વીકાર કરીને મને ઉપકૃત કરશો."

બાદશાહ અકબરની શુભ લાગણી જોઈને સૂરિજીએ કહ્યું
"શાહેનશાહ! મારા સામાન્ય ઉપદેશથી આપના હૃદયમાં
સારી અસર થઈ હોય, તો તે બદલ મારે અહેશાન નાનવાની
પણ અગત્ય નથી, કારણ કે તેમ થવામાં આપના હૃદયની નિર્મ
તાનું જ ભાન થાય છે વળી મારા જીવનના ઉદ્દેશ અને ક
ધર્મથી આપ પરિચિત થઈ ગયા છો એટલે આપ જ વિચારો
મારાથી આપની પાસેથી એક પણ વસ્તુ લઈ શકાય તેમ છે ખરી!

સૂરીશ્વરના ઉલટના પ્રશ્નથી બાદશાહ અકબર વિચારમાં
ગયો તેને ચૂપ રહેલો જોઈને સૂરીશ્વરે પુન કહ્યું "નામવર શ
નશાહ! મને કાંઇક બદલો આપવો જ છે, એવી જો આપની
હોય, તો હું તેને માન આપવાને તૈયાર છું, કારણ કે આપને
નારાજ કરવાને માગતો નથી અને તેથી હું કહું છું કે આપના રાજ્ય
પ્રતિદિન જે અસંખ્ય જીવહિંસા થાય છે, તેને અમારા પવિત્ર
ર્મના દિવસો કે જે પર્યુષણના નામથી ઓળખાય છે, તે દરમ્
બંધ રાખવાનું ફરમાન કરો અને તે સિવાય આપના રાજ્ય
કારાગૃહમાં જે કેદીઓ હોય તેને તથા રાજ્યમહેલમાં જે
પક્ષીઓને વિના કારણે પિંજરામાં પૂરેલા હોય, તેને છોડી મૂ
આટલું જો આપ કરશો, તો હું એમ જ માનીશ કે આપે
ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે"

સૂરિજીની આ નિઃસ્વાર્થયુક્ત વાણી સાંભળીને શહેન
કહ્યું "સૂરિજી! આપનું કથન રાસ્ત છે, પરંતુ તે તો અન્યના
વાત છે મારી ઈચ્છા એવી છે કે આપ આપના પોતાના
કાંઈક માગણી કરો."

સૂરિજીએ હસીને કહ્યું "રાજન્! સંસારમાં જેટલા
વસે છે, તે સર્વને હું મારા પોતાના ગણું છું અને તેથી તેમના
ખને માટે મેં આપની પાસે જે માગણી કરી છે, તે મારા માટે
એમ આપે સમજી લેવાનું છે મેં જ્યારથી આ મુનિવેષનો સ્વીકાર
કર્યો છે, ત્યારથી મેં મારા-તારાના ભેદભાવનો સર્વથા ત્યાગ
છે એટલું જ નહિ, પણ સમસ્ત સંસારના જીવોને મારા

રીકે સ્વીકાર્યા છે અને તેથી તેમનું સુખ એ મારૂંજ સુખ છે, એમ હું માનું છું. આ કારણને લઈને મારે મારા પોતાના માટે કાંઈ પણ માગણી આપની રૂ.સે કરવાની નથી અને જે કરવાની છે, તે આપને જણાવી દીધી છે; માટે તે પ્રનાણે અમલ કરશો, તો મારા ઉપર ઉપકાર કરવાની સાથે આપ માનવસમાજમાં હૃદયોને જીતી શકશો. નરેન્દ્ર ! પ્રજાનો પ્રેમ એજ રાજ્યની આબાદી છે. જે રાજા પોતાની પ્રજાનો પ્રેમ મેળવી શકતો નથી અને તેનાં હૃદયને જીતી શકતો નથી, તે રાજા ખરી રીતે રાજાના પદને લાયક નથી. રાજાએ પોતાના આશ્રય તળે મૂકાયલી પ્રજાના સુખની હંમેશાં કાળજી રાખવી જોઈએ અને તેથી જે રાજા પોતાના કર્ત્તવ્યનું યથાર્થપણે પાલન કરે છે, તેના રાજ્યનો પાયો મજબુત થતાંની સાથે તેનું નામ પણ અમર થાય છે. મેં આપની પાસે જે માગણી કરી છે. તેથી આપ પૃથિવી ઉપર શાંતિનું સામ્રાજ્ય સ્થાપી શકવાની સાથે શહેનશાહતને પણ મજબૂત બનાવી શકશો."

બાદશાહે આનંદપૂર્વક કહ્યું. "સૂરીશ્વર ! હું આપની માગણીનો ઘણાજ આનંદ સાથે સ્વીકાર કરૂં છું અને તે માટેનાં લેખિત ફરમાનો હમણાંજ સમસ્ત હિન્દુસ્થાનમાં મોકલાવી દેવાની વ્યવસ્થા કરૂં છું. સમસ્ત જીવોનું કલ્યાણ કરવાની આપની શુભ લાગણી જોઇને હું એટલે બધો પ્રસન્ન થયો છું કે જેનું યથાર્થ વર્ણન વાણીદ્વારા થઇ શકે તેમ નથી. આપ જેવા મહાન્ પુરૂષનાં દર્શન અને ઉપદેશથી મારા હૃદયમાં ઘણીજ અસર થઇ છે અને તેથી મારાથી બનતા પ્રયાસે માંસાહારનો ત્યાગ કરીને જીવદયા પાળવાનો પ્રયાસ હું પોતે પણ કરીશ. સૂરિજી ! આજથી હું આપને મારા ગુરૂ તરીકે માનું છું અને તેથી આપને જગદ્દગુરૂની ઉપાધિથી નવાજું છું. આપે તો ફક્ત પર્યુષણના દિવસોમાંજ જીવહિંસા બંધ રખાવવાની માગણી કરી છે; પરંતુ હું તેમાં મારા તરફથી અમુક દિવસોની વૃદ્ધિ કરીને તેટલા દિવસો પર્યંત મારી શહેનશાહતમાં કોઈ પણ સ્થળે જીવહિંસા નહિ થાય, તેવો હુકમ કરૂં છું. આ ઉપરાંત મારા રાજ્યઅમલમાં પ્રજાને હરકત કર્ત્તા જે જે કાયદાઓ હશે, તેની તપાસ કરીને તેમાં યોગ્ય

[illegible] આપને [illegible] આપું છું. કેમ, ગુરુજી!
તો આપ પ્રસન્ન થયા ને?'

આચાર્ય મહારાજે પ્રસન્નતાથી જવાબ આપ્યો "બાદ-
શાહ સલામત! આપની ઉદારતાથી હું ખરેખર પ્રસન્ન થયો છું.
આપને માટે મારા હૃદયમાં એટલો બધો આનંદ થાય છે કે તેની શ
શી વાત કહું? હું આજ અત્યારે એટલું જ કહું છું કે આપે
માગણીનો સ્વીકાર કરવા ઉપરાંત જ વચન મને આપ્યું છે,
માટે આપનો હું ખરેખર આભારી છું. આપે આપની પ્ર
કાળજી જે રીતે દર્શાવી આપી છે, તે પ્રમાણે તેનો અમલ પણ
તુરત કરીને પ્રજાને સુખી કરશો, તો આપનું રાજ્ય સમૃ
તરીકે ગણાશે અને આપને રાજેન્દ્ર કુમારપાળની જેમ ગણીને
પના સર્વ લોકો પૂજા કરશે."

"ગુરુજી! આપને મેં જે વચન આપ્યું છે, તેને હું
અમલમાં મૂકીશ; માટે તે ખાતર આપ બેફિકર રહેજો. ઠીક,
મારે આપને એક સવાલ કરવો છે અને તે એ છે કે આવી
જીવહિંસાનો સદંતર ત્યાગ કરવાથી પ્રજાના હૃદયમાંથી લડ
જુસ્સો શું નરમ પડી જવાનો સંભવ નથી?"

બાદશાહનો એ પ્રશ્ન સાંભળીને સૂરિજીએ સ્મિતહાસ્યપૂ
જવાબ આપ્યો. "રાજન્! આપે જે સવાલ કર્યો છે તે ઠીક કર્યો
કારણ કે એથી ઘણું સમજવાનું મળશે. અહિંસાધર્મના પ્રચાર
માણસોનાં હૃદયમાંથી લડાયક જુસ્સો નરમ પડી જશે, એવી જે આ
શંકા કરો છો, તે યોગ્ય નથી. જીવહિંસા કરવાથી માણસોનો
જુસ્સો ટકી રહે છે, એ માન્યતા પણ તદ્દન ભૂલભરેલી છે, કાર
જીવહિંસા કરનારાં માણસો કાંઈ લડાયક સ્વભાવના અને વિશે
ભાવનાનાં હોય છે, એમ માની લેવાનું નથી; કિન્તુ ઘણા પ્રસં
જીવહિંસા કરનારાઓ જ નિર્માલ્ય અને વીર્યહીન હોય છે,
જીવહિંસા કરે છે, તેટલા જ ઉપરથી તેમનાં શૌર્યની કિંમત આ
વાની નથી, કારણ કે ગરીબ પ્રાણીઓ કે જેઓ સ્વેચ્છાએ પો
જીવન ગુજારતાં હોય છે, તેઓને વિના કારણ મારવામાં જરા

શૌર્ય રહેલું નથી. જેઓ ખરેખરા વીર્યવાન અને અગાગ બળવાન પુરૂષો હોય છે, તેઓ પોતાના બળનો ઉપયોગ ગરીબ, નિરાધાર અને નિર્દોષ પ્રાણીઓને મારવામાં કરતાં નથી. તેના વીરશિરોમણિ પુરૂષોનાં હૃદયમાં તો દયાનો ઝરો સતત વહેતો હોય છે અને તેથી તેઓ નિર્બળ જીવો તરફ હમેશાં ક્ષમાની દૃષ્ટિથી જ જોનારા હોય છે. બાદશાહ સલામત ! નિર્બળ અને અશક્ત જીવોને મારવા, તેમને હેરાન કરવા અને તેમને વગર ગુન્હાએ પકડીને પિંજરામાં પૂરવા, એમાં લેશ માત્ર પણ બહાદુરી—મર્દાઈ નથી; કિન્તુ તે તો કેવળ અધમ કાર્યોજ છે અને તેથી ખરેખરા વીર્યવાન માણુસોએ તેવાં કાર્યોનો સર્વથા ત્યાગજ કરવો જોઇએ. નિર્બળનું રક્ષણ કરવું, એ સબળનો ધર્મ છે અને એ ધર્મ એજ જીવદયા કિંવા અહિંસા છે. આ ઉપરથી આપ સારી રીતે સમજી શકયા હશો કે જીવહિંસાના ત્યાગથી માણુસનાં હૃદયમાંથી લડાયક ભાવનાનો નાશ થઈ જશે, એ માન્યતા કેવળ મનઃકલ્પિત છે. "

બાદશાહે આનંદ પામીને કહ્યું. " ગુરૂવર્ય ! નિર્બળનું રક્ષણ કરવું એ સબળનો ધર્મ છે અને એ ધર્મ એજ જીવદયા કિંવા અહિંસા છે, એ આપના કથનથી મારી શંકાનું નિવારણ થઈ ગયું છે. હું હવે સારી રીતે સમજી શકયો છું કે જીવહિંસાના ત્યાગવડે માણુસનાં હૃદયમાંથી લડાયક ભાવનાનો નાશ થઇ જતો નથી; કિન્તુ તેના ત્યાગથી માણુસનું હૃદય ક્ષમાશીળ બને છે. આપના ઉપદેશની ઉત્તમ શૈલીથી મારા પ્રશ્નનો યોગ્ય ખુલાસો મને મળી ગયો છે અને તેથી મારી શહેનશાહતમાં જીવહિંસાનો નિષેધ જેટલે દરજ્જે શકય હશે તેટલે દરજ્જે તુરતજ કરવાની ગોઠવણુ કરીશ. હવે સમય ઘણો થઈ ગયો હોવાથી આપને જવાની જરૂર હશે, તેમ મને પણુ છે અને તેથી છેવટમાં મારી એક અરજ તરફ આપ ધ્યાન આપશો. અને તે એ છે કે આપ કાયમ ફત્તેહપુરમાં જ રહીને ;અને આપના સત્સમાગમનો લાભ આપવા કૃપા કરશો, એવી મારી અંતઃકરણુની ઈચ્છા છે. "

સૂરિજીએ કહ્યું. " નામવર શહેનશાહ ! જીવહિંસાનો નિષેધ

મુખ્ય સેનાપતિની પદવી આપીને કેટલુંક સૈન્ય તેને સુપ્રત કર્યું અને બાકીનું બીજું સૈન્ય અમરસિંહ, રઘુવીરસિંહ, કર્મસિંહ ગોવિંદસિંહ, કૃષ્ણલાલ વગેરેના કબજામાં સોંપીને અબ્દુલરહીમ ખાની સરદારી નીચે આવતાં મોગલ સૈન્યની સામે થવાને સર્વ પ્ર કારની વ્યવસ્થા કરી લીધી સિપાહસાલાર અબ્દુલરહીમખાં બહુ દિલાવર દિલનો હોવાથી તેણે પ્રતાપસિંહને હેરાન કરવાને અ તેનાં સૈન્ય સાથે યુદ્ધ કરવાને હજુ સુધી કાંઇ પણ પ્રયાસ કર્યો નહોતો; કિન્તુ તે તો પોતાનાં વિશાળ સૈન્યને આસપાસ ગોઠ દઇને એક સ્થળે નિરાંતે બેસી રહ્યો હતો. આ તકનો લાભ લ પ્રતાપસિંહના કુમાર અમરસિંહે મોગલોના શેરપુરના થાણા ઉપ હુમલો કર્યો. આ થાણામાં મોગલસૈન્ય બહુજ થોડું હોવાથી થો વારમાં તેણે તેને કબજે કરી લીધુ અને તેની અંદરના મનુષ્યોને કેદ કરીને પ્રતાપસિંહ આગળ લઇ ગયો. પ્રતાપસિંહ તથ ભામાશાહ આ સમયે મોગલ સૈન્યના બીજાં થાણાઓને શી રીતે જીતી લેવા, તે વિષે યોગ્ય સ્થળે વિચાર કરી રહ્યા હતા. અમરસિંહ કેદ કરેલા મનુષ્યોને લઇને ત્યા હાજર થયો અને પોતે શેરપુરના થાણાને કેવી રીતે જીતી લીધુ, તે વિષેની સઘળી વાત તેને કહી દર્શાવી. પ્રતાપસિંહે તેની સઘળી વાત સાભળી લઇને કહ્યું. "પ્રિય પુત્ર અમરસિંહ! શરૂઆતમાં જ તેં મોગલ સૈન્યના થાણાને જીતી લીધું, તે માટે તને હુ મુબારકબાદી આપું છું અને ઇચ્છું છું કે બીજાં થાણાંઓને કબજે કરવામાં પણ તુ વિજયી થઇશ, પણ આ મનુષ્યો કોણ છે? તેમને તું અહીં શા માટે લાવ્યો છે!"

અમરસિંહે સહાસ્યવદને જવાબ આપ્યો. "પિતાજી! તેઓ કોણ છે, તે હું જાણતો નથી; પરંતુ શેરપુરના થાણામાંથી તેમને કેદ કરેલા છે. મને લાગે છે કે તેઓ કોઇ મોગલ સરદારના કુટુંબના મનુષ્યો હોવા જોઇએ."

પ્રતાપસિંહે જરા કરડા અવાજે કહ્યું. "અમરસિંહ! નિરપરાધી સ્ત્રીઓ અને બાળકોને કેદ કરવામાં તે ડહાપણ કર્યું નથી, કેમકે સ્ત્રીઓ કે બાળકોને કેદ કરવાનો આપણો ધર્મ નથી. ક્ષત્રિય નો નિરધાર મનુષ્યોને હેરાન"

પ્રકરણ ૨૮ મું.

સ્થિત્યંતર

સુખ અને દુઃખ, ચડતી અને પડતી તથા ઉદય અને અસ્ત એ પ્રકૃતિના સામાન્ય નિયમો છે અને તે એવી રીતે સંકળાયલા છે કે વ્યક્તિ અને સમષ્ટિ ઉપર તેઓ અનુક્રમે પોતાનું સામ્રાજ્ય જમાવતા જોવામાં આવે છે. આ નિયમો એ બીજું કાઇ જ નહિ; પરંતુ પૂર્વ જન્મમાં કરેલા કર્મોનાં ફળવિશેષ જ હોવાથી તેને સહન કર્યા સિવાય અન્ય એક પણ ઉપાય મનુષ્યને માટે રહેતો નથી. કર્મનાં એ ફળને અનુકૂળ બનીને સહન કરવા, એમાં ખરો પુરૂષાર્થ રહેલો છે અને તેથી જે માનવો તે પ્રમાણે સુખ અને દુઃખ ઉભય સ્થિતિઓને શાંતિથી અનુભવીને પોતાનાં જીવનને ઉજ્જવળ બનાવે છે, તેઓ જ ખરેખરા મહાપુરૂષો છે. મેવાડના મહારાણા પ્રતાપસિંહ અને મંત્રીશ્વર ભામાશાહ આદિ વીર પુરૂષોએ પોતાની જન્મભૂમિનો ઉદ્ધાર કરવાને, પોતાનું સ્વમાન સાચવી રાખવાને, પોતાના ધર્મનું રક્ષણ કરવાને, પોતાની કીર્તિને ટકાવી રાખવાને અને પોતાની સ્વતંત્રતાને પુનઃ મેળવવાને જે જે પ્રયાસો કર્યા હતા, તે સર્વ પ્રયાસોનું યોગ્ય ફળ તેમને તત્કાળ મળ્યું નહોતું; કિન્તુ દરેક વખતે તેમને દુઃખ અને પરાજયને જ અનુભવવા પડ્યાં હતાં, એ અત્યાર સુધી બનેલી ઘટનાઓથી વાચક મહાશયો સારી રીતે પરિચિત છે; પરંતુ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ, એ જેમ અનુક્રમે આવ્યા કરે છે, તે પ્રમાણે હવે પ્રતાપસિંહની વર્ત્તમાન સ્થિતિમાં ફેરફાર થવાનો વખત સ્વાભાવિક રીતે આવી પહોંચ્યો હતો. દેશભક્ત ભામાશાહે પોતાની સઘળી સંપત્તિ મેવાડના ઉદ્ધારને માટે મહારાણા પ્રતાપસિંહને અર્પણ કરવાથી તે તેની સહાયવડે સૈનિકોને મેળવી શક્યો હતો. આ ઉપરાંત રાયધવલ અને બીજા ઠાકોરોએ પણ પોતાનાં સૈન્યો પ્રતાપસિંહની મદદમાં આપ્યાં હતાં અને તેથી તે પોતાની પાસે સારૂં લશ્કર જમા કરવાને શક્તિવાન થયો હતો. લશ્કરને એકત્ર કર્યા પછી પ્રતાપસિંહે ભામાશાહને

મુખ્ય સેનાપતિની પદવી આપીને કેટલુંક સૈન્ય તેને સુપ્રત કર્યું અને બાકીનું બીજું સૈન્ય અમરસિંહ, રઘુવીરસિંહ, કર્મસિંહ, ગોવિંદસિંહ, કૃષ્ણલાલ વગેરેના કબજામાં સોંપીને અબ્દુલરહીમ ખાંની સરદારી નીચે આવતાં મોગલ સૈન્યની સામે થવાને સર્વ પ્રકારની વ્યવસ્થા કરી લીધી સિપાહસાલાર અબ્દુલરહીમખાં બહુ દિલાવર દિલનો હોવાથી તેણે પ્રતાપસિંહને હેરાન કરવાને અ તેનાં સૈન્ય સાથે યુદ્ધ કરવાને હજુ સુધી કાંઇ પણ પ્રયાસ કર્યો નહોતો; કિન્તુ તે તો પોતાનાં વિશાળ સૈન્યને આસપાસ રોકી દઇને એક સ્થળે નિરાંતે બેસી રહ્યો હતો. આ તકનો લાભ લઇ પ્રતાપસિંહના કુમાર અમરસિંહે મોગલોના શેરપુરના થાણા ઉપર હુમલો કર્યો. આ થાણામાં મોગલસૈન્ય બહુજ થોડું હોવાથી થોડી વારમાં તેણે તેને કબજે કરી લીધુ અને તેની અંદરના મનુષ્યોને કેદ કરીને પ્રતાપસિંહ આગળ લઇ ગયો. પ્રતાપસિંહ તથા ભામાશાહ આ સમયે મોગલ સૈન્યનાં બીજાં થાણાંઓને શી રીતે જીતી લેવા, તે વિષે યોગ્ય સ્થળે વિચાર કરી રહ્યા હતા. અમરસિંહ કેદ કરેલા મનુષ્યોને લઇને ત્યાં હાજર થયો અને પોતે શેરપુરના થાણાને કેવી રીતે જીતી લીધું, તે વિષેની સઘળી વાત તેને કહી દર્શાવી. પ્રતાપસિંહે તેની સઘળી વાત સાંભળી લઇને કહ્યું. "પ્રિય પુત્ર અમરસિંહ! શરૂઆતમાં જ તેં મોગલ સૈન્યના થાણાને જીતી લીધું, તે માટે તને હું મુબારકબાદી આપું છું અને ઇચ્છું છું કે બીજાં થાણાંઓને કબજે કરવામાં પણ તુ વિજયી થઇશ; પરંતુ આ મનુષ્યો કોણ છે? તેમને તું અહીં શા માટે લાવ્યો છે?"

અમરસિંહે સહાસ્યવદને જવાબ આપ્યો. "પિતાજી! તેઓ કોણ છે, તે હું જાણતો નથી; પરંતુ શેરપુરના થાણામાંથી તેમને કેદ કરેલા છે. મને લાગે છે કે તેઓ કોઇ મોગલ સરદારનાં કુટુંબનાં મનુષ્યો હોવા જોઇએ."

પ્રતાપસિંહે જરા કરડા અવાજે કહ્યું. "અમરસિંહ! નિરાધાર સ્ત્રીઓ અને બાળકોને કેદ કરવામાં તેં ડહાપણનું કાર્ય કર્યું નથી; કેમકે સ્ત્રીઓ કે બાળકોને કેદ કરવાનો આપણા ક્ષત્રિયોનો ધર્મ નથી. ક્ષત્રિયોએ તો નિરાધાર મનુષ્યોને હમેશા

પોતાની પાસે પણ જરા દૂર ઉભેલા બે સૈનિકોને બોલાવી ગોવિંદસિંહ, અમરસિંહ તથા કર્મસિંહ વિગેરેને યુદ્ધની ગોઠવણ સંબંધી ઘટતી સૂચનાઓ આપવાને માટે યોગ્ય સ્થળે રવાના કરી દીધા.

આ પ્રમાણે બધો વ્યૂહ રચીને પ્રતાપસિંહ તથા ભામાશાહ પોતાના સૈન્ય સાથે દેલવાડાના કિલ્લા ઉપર ચડાઈ લઈ ગયા અને ત્યાં પહોંચીને સદરહુ કિલ્લાને તેમણે ઘેરો પણ નાંખી દીધો. શાહબાજખાનને શત્રુસૈન્યના આગમનની ખબર પડતાં તે પ્રથમ તો અવ્યવસ્થ થઈ ગયો; પરંતુ તે પછી હિંમતને ધરીને પોતાની પાસે જે થોડું ઘણું સૈન્ય હતું, તેને તૈયાર કરી કિલ્લાનો બચાવ કરવા પ્રયાસમાં પડ્યો. દેલવાડાના કિલ્લાની ચોતરફ પોતાના સૈનિકોને યોગ્ય રીતે ગોઠવી દીધા પછી મહારાણાએ પોતાના એક દૂતને શાહબાજખાંની પાસે કિલ્લો પોતાને વગર હરકતે સોંપી દેવાને માટે વાતચિત કરવા મોકલ્યો; પરંતુ શાહબાજખાંએ તેનું અપમાન કરીને તેને કેદ કરી લીધો. મહારાણા પ્રતાપસિંહને આ વાતની ખબર પડતાં તે બહુજ ગુસ્સે થયા અને તેથી તેમણે તુરતજ કિલ્લા ઉપર હુમલો કરવાનો અને તેને તોડી પાડવાનો હુકમ આપી દીધો. રાજપૂત સૈનિકો આજ્ઞા મળતાંજ કિલ્લા ઉપર તુટી પડ્યા અને ક્ષણવારમાં તેને એક બાજુએથી તોડી નાંખીને અંદર દાખલ થઈ ગયા. શાહબાજખાં પણ પોતાના સૈનિકો સાથે યુદ્ધ કરવાને સામે દોડી આવ્યો. મંત્રીશ્વર ભામાશાહે તેને તુરતજ પકડી પાડ્યો અને તેને પોતાનાં શસ્ત્રો સંભાળવાની સૂચના આપી દીધી. આ ઉભય યોદ્ધાઓ વચ્ચે બહુજ સખ્ત રીતે યુદ્ધ ચાલ્યું. કેટલીક વાર સુધી તો કોણ કોને હરાવશે, એ કહી શકાય તેમ નહોતું; પરંતુ તે પછી તુરતજ ભામાશાહે ક્રોધે ભરાઈને શાહબાજખાંના શસ્ત્ર પકડેલા હાથ ઉપર પોતાની તલવારનો સખ્ત ફટકો લાગ જોઈને લગાવી દીધો અને તેજ ક્ષણે શાહબાજખાંના હાથમાંથી તેની તલવાર ખણખણાટ કરતી દૂર જઈને ઉડી પડી. ભામાશાહે આ તકનો લાભ લઈને શાહબાજખાંનાં મસ્તક ઉપર પોતાની તલવાર ઉગામી અને જો તેણે ઘા કર્યો હોત, તો તે

ખુદાના દરબારમા પણ પહુચી ગયો હોતઃ પરંતુ નિઃશસ્ત્ર પ્ર
સ્પર્ધિને નહિ મારવાનો વિચાર કરીને તેણે પોતાની તલવારને મ્યા
નમાં નાંખી દીધી. તલવારને મ્યાન કર્યા પછી તેણે અનુકંપા દ
વતાં કહ્યું. " ખાં સાહેબ ! તમે મારા પ્રતિસ્પર્ધિ છો અને
ખાતર તમને ખુદાતાલાની હજુરમાં મોકલવાની આ તકને
જવી જોઈએ નહિ; પરંતુ અત્યારે તમે નિઃશસ્ત્ર છો અને
તમારા ઉપર ઘા કરવાનું મને વ્યાજબી લાગતું નથી. મારી ઇ
છે કે તમે કાંતો શસ્ત્રને પુનઃ ધારણ કરો અને કાંતો અહિંથી
રૂપ પલાયન કરી જાઓ. "

શાહબાજખાએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. તે દિલગી
ભરેલા મુખથી આસપાસ જોઇ રહ્યો. તેને ચૂપ રહેલો
ભામાશાહે કહ્યું " શો વિચાર કરો છો; ખાંસાહેબ ! "

આ વખત પણ તેણે કાંઇ ઉત્તર આપ્યો નહિઃ કિન્તુ તે
પૂર્વવત્ આસપાસ જોઇ રહ્યો હતો. આ ઉપરથી તેની નાશી જવ
ઇચ્છા જાણીને ઉદાર દિલનો ભામાશાહ તેને તેવી તક આપવા
ખાતર કાંઇ પણ બોલ્યા વિના ત્યાંથી અન્યત્ર ચાલ્યો ગયો. શ
બાજખાંને પણ એટલુંજ જોઇતું હતું. ભામાશાહને ત્યાંથી ચ
ગયેલો જોઇને તે તુરતજ સાવધ થયો અને પોતાના થોડા
સૈનિકો જે આ યુદ્ધમાથી બચવા પામ્યા હતા, તેમને લઇને ત્યાં
નાશી ગયો. આ પ્રમાણે દેલવાડાના કિલ્લાનો કબજો પ્રતાપસિંહ
હસ્તગત થતાં તેણે પોતાની આણ ત્યાં વર્તાવી દીધી અને ત્યારબ
ભામાશાહને કોમલમેરના કિલ્લા ઉપર ચડાઇ લઇ જવાની આ
આપી દીધી. પોતાના મહારાણાની આજ્ઞા મુજબ મંત્રીશ્
ભામાશાહ કેટલાક સૈનિકો સાથે કોમલમેરના કિલ્લા ઉપર હુમલો
કરવાને તુરત ચાલ્યો ગયો. ભામાશાહે કોમલમેર નજીક આવ
કિલ્લાની ચોતરફ પોતાનું સૈન્ય ગોઠવી દીધું. એટલામાં પ્રતાપસિં
પણ દેલવાડાના કિલ્લાનો ભાર સલુંબરરાજ ગોવિંદસિંહને સો
તુરત રઘુવિરસિંહ તથા કર્મસિંહની સાથે તેની મદદે આ
પહોંચ્યો. કોમલમેરનો કિલ્લેદાર અબ્દુલખાં રાજપુત સૈન્ય
યદ્યપિ બહાદુરીથી લડ્યો; પરંતુ રાજપૂતોના પ્રબળ

સામે તે ટકી શકયો નહિ. એટલુંજ નહિ, પણ તેના ઘણાખરા સૈનિકો સાથે તેનો નાશ થયો. કોમલમેરનો કબજો આ રીતે હસ્તગત થતાં મહારાણાનો ઉત્સાહ દ્વિગુણિત વધી ગયો અને તેથી તેમણે અનુક્રમે બીજા અનેક કિલ્લાઓ, દુર્ગો, ગામો, શહેરો અને નગરો કબજે કરવા માંડયાં. દેલવાડાના યુદ્ધમા શાહબાજખાંનો પરાજય થવાથી બાદશાહ અકબર તેના ઉપર ઘણોજ નારાજ થયો અને તેથી તેણે તેને પાયરીમાં નીચે ઉતારી નાંખ્યો હતો આ સમય દરમ્યાન શહેનશાહ અકબરને જગદ્‌ગુરૂ શ્રી હીરવિજયસૂરિના ઉપદેશની ઘણી સારી અસર થઇ હતી. તેમજ તેનું ઘણું ખરૂં ધ્યાન ઉત્તર તથા પશ્ચિમમાં ચાલતી રાજકીય ખટપટોમાં અને ખુદ આગ્રામાં પણ પોતાના વિરૂદ્ધ કેટલાક ઉમરાવોની સલાહથી પોતાના બેટા સલીમની મારફત કાવાદાવા ચાલતા હોવાથી તેમાં રોકાયેલું રહેતું હતું અને તેથી તેણે મહારાણા પ્રતાપસિંહની બહુ દરકાર રાખી નહોતી. તેણે અબ્દુલરહીમખાને તુરતજ પાછો બોલાવી લીધો અને બીજી કામગીરી ઉપર તેને રોકયો. આ તકનો લાભ લઇને પ્રતાપસિંહે મેવાડનો ઘણો ખરો ભાગ પોતાને કબજે કરી લીધો. શહેનશાહે મહારાણાને પુનઃ પકડવાને જગન્નાથ કચ્છવાહને વિશાળ સૈન્ય સાથે મોકલ્યો. તેણે મેવાડમાં આવીને મહારાણાને પકડવાને માટે ઘણી તજવીજ કરી, પરંતુ તેમનો કાંઇ પત્તો નહિ લાગવાથી છેવટે તે પણ કંટાળીને પાછો ચાલ્યો ગયો. તેના ગમન પછી બાદશાહ અકબરે ફરીથી કોઇ પણ સિપાહસાલારને મેવાડમા યુદ્ધ કરવાને માટે મોકલ્યો નહિ અને મહારાણા પ્રતાપસિંહે ચિત્તોડ, અજમેર અને માંડલગઢ સિવાય મેવાડના તમામ પ્રદેશને જીતી લીધો હતો. ત્યારબાદ મહારાએ રાજા માનસિંહ તથા જગન્નાથ કચ્છવાહને પોતાના બાહુબળનો સ્વાદ ચખાડવાની ખાતર તેમની રાજધાનીના નગરો ઉપર ચડાઈ કરી અને તેમની સંપત્તિ લુંટી લઇને પોતાની કીર્તિને ચોતરફ પ્રસારી દીધી.

આ રીતે મેવાડનું સ્થિત્યંતર થયું. જે મેવાડને પુનઃ મેળવવાની એક પણ આશા પ્રતાપસિંહને રહી નહોતી, તે મેવાડના ઘણા ભાગને ઘણીજ સરલતાપૂર્વક કબજે કરવાથી તેને ઘણોજ હર્ષ

થયો સંસારની ઘટમાળ આ પ્રમાણેજ ચાલી રહી છે ઉન્નત અને અ
સ્તના ત્રિકાલાબાધ નિયમનું સત્ય આ ઉપરથી આપણે સમજી શકી
છીએ મેવાડનો પરાજય અને ત્યારબાદ તેનો પુનરૂદ્ધાર એજ અ
નિયમનું રહસ્ય છે મંત્રીશ્વર ભામાશાહના સ્વાર્પણથી મેવાડનો પુન
રૂદ્ધાર થયો, એ પ્રત્યેક ઇતિહાસકાર સ્વીકારે છે અને તેથી તેની કીર્તિ
મેવાડના ઉદ્ધારકર્તા તરીકે "यावचन्द्र दिवाकरौ" બનવા પામી
છે એક જૈનના હાથથી–તેના સ્વાર્પણથી મેવાડનો પુનરૂદ્ધાર થયો
તેની સ્વતંત્રતા સચવાણી, તેની પ્રજાનું રક્ષણ થયું, તેના ભાગ્યનું
પરિવર્ત્તન થયું અને રજપુતોની આબરૂ ઉજ્વળ રહેવા પામી,
એ સમસ્ત જૈનીઓને માટે કાંઈ જેવા તેવા ગૌરવનો વિષય નથી
જે મેવાડ ધન–જનશૂન્ય બની ગયું હતું, તે પોતાના સ્વામીના
આગમનથી પુનઃ મંગળમય બની ગયું અને જે મેવાડીઓ પ્રતાપ
સિંહના પરાજયથી દુઃખમાં દિવસો પસાર કરતા હતા, તેઓ તેના
વિજયથી આનંદસાગરમાં ડોલવા તથા સુખપૂર્વક રહેવા લાગ્યા
પ્રબળ પ્રતાપી મોગલ સમ્રાટ શહેનશાહ અકબરના ચરણોમાં
જ્યારે અન્ય રાજપુતો પોતાના મસ્તકને નમાવી રહ્યા હતા,
ત્યારે મેવાડનો મહારાણો પ્રતાપસિંહજ માત્ર પોતાનું મસ્તક
ઉન્નત રાખી શક્યો હતો.

પ્રકરણ ૨૯ મું.

પ્રેમી યુગલ.

"અગાધ ભવ સિંધુ તરન, ઔર ન કોઉ ઉપાય,
નમ નાવ કે આસરે, પ્રેમી–જન તર જાય"

વસંત ઋતુ ચાલતી હતી ઋતુરાજ વસંતના આગમનથી જાઈ
જુઈ, ગુલાબ, મોગરો અને ચંપાદિ ફુલો ખીલી રહ્યા હતા, સરો
વરમાં કમળના પુષ્પો નૃત્ય કરી રહ્યા હતા, મધુર અને મંદ પવન
વહેતો હતો, દિવસો આનંદી જણાતા હતા અને મનુષ્યો હર્ષ
મોજથી વૈભવ માણતા હતા. વસંત ઋતુ એ પ્રેમક્રીડાનું મુખ્યસ્થાન

હોવાથી તે ઋતુમાં પ્રેમીયુગલોના અધીર હૃદયો હર્ષથી પૂર્ણ થઇ જાય છે અને તેમનાં બધા વ્યવહારમાં પ્રેમનું સામ્રાજ્ય ઝળકતું જોવાય છે. પ્રેમી યુગલોનાં હૃદયની વાત–તેમાં ચાલી રહેલી તાલાવેલીને માત્ર મનુષ્યોજ સમજી શકતાં હોવાથી અમારૂં તત્સંબંધી કથન અસ્થાને છે; તેમ છતાં માનવહૃદયના સ્વાભાવિક સદ્‌ગુણને પ્રત્યક્ષ દર્શાવવાની લાલચને અમે રોકી શકતા નથી. તત્વનિષ્ઠ મનુષ્યોએ સંસારને અસાર અને દુઃખમય જણાવેલો છે, એ અમે જાણીએ છીએ અને તેમનાં અનુભવગમ્ય વચનોને અમે સ્વીકારીએ પણ છીએ; પરંતુ આ કહેવાતા અસાર અને દુઃખમય સંસારમાં સુખનું એક સાધન છે અને તે શુદ્ધ–નિર્મળ પ્રેમ છે અગાધ એવા ભવસિંધુને સરલતાપૂર્વક તરી જવામાં પ્રેમ એ નાવ સમાન છે. પ્રેમનું રહસ્ય અદ્‌ભુત છે, અલૌકિક છે અને વર્ણનાતિત છે. જે માનવોનાં હૃદયોમાં પ્રેમનો જન્મ થયો હોય છે, તે માનવો ખરેખરા પૂજનીય અને વંદનીય બને છે એટલુંજ નહિ, પણ તેઓ જગતમાં સચોટ દાખલો બેસારી જવાની સાથે મનુષ્યોનું કલ્યાણ પણ કરી જાય છે. આજકાલના યુગમાં પ્રેમની જે વાતો થાય છે અને પ્રેમનાં જે ચિત્રો જોવામાં આવે છે, તેને અમે મહત્તા આપતા નથી; કારણ પ્રેમનાં શુદ્ધ અને પવિત્ર નામને વર્ત્તમાનમાં ઘણે ભાગે અશુદ્ધ અને અપવિત્ર બનાવી દીધું છે અને તેથી હાલના સમયમાં પ્રેમના નામે જે નાટક ચાલી રહેલું છે, તેને અમે મોહનું પ્રાબલ્ય જ ગણીએ છીએ. પ્રેમ અને મોહ એ બન્ને જૂદી જૂદી વસ્તુઓ છે, પ્રેમ સદ્‌ગુણ છે, જ્યારે મોહ દુર્ગુણ છે, પરંતુ વર્ત્તમાન સમયમાં મોહને જ પ્રેમનું નામ આપીને તેનાં ગુણાનુવાદ ગાવામાં કશી પણ મણા મૂકવામા આવતી નથી. ભ્રાતૃભાવની, સમાજસેવાની, દયાની, સંપની અને પ્રેમની વાતો ઘણી થાય છે અને તે માટે પ્રયાસો પણ ઘણા થાય છે; પરંતુ જેઓ સદરહુ વિષયની વાતો કરી રહ્યા છે, તેમનાં હૃદયો તપાસ્યાં હોય, તોજ ખરી ખબર પડે કે તેઓનાં હૃદયોમાં પ્રેમને સ્થાન મળેલું છે કે નહિ. અમે ખાતરીપૂર્વક કહીએ છીએ કે હાલમાં જે પ્રેમની વાતો થાય છે, તેનો અર્થ કાંઇજ નથી. એટલુંજ નહિ પણ પ્રેમના નામે મોહનુ સામ્રાજ્ય પ્રસરતું જોતા

મા આવે છે સાસ ગીએ છીએ કે સમાજની, ધર્મની અને દેશ
અવનતિ થયે ી છે અને તેથી તેમા સુધારો કરવાની તાત્કાલિક
રૂર છે અમે પણ આ વાતને સ્વીકારીએ છીએ, પરતુ જે સમ
મનુષ્યોના હૃદયોમાથી પ્રેમ, કરૂણા, મૈત્રી, સપ અને નિસ્વ
ભાવનાદિ સદ્ગુણોનો નાશ થનો જેનામા આવતો હોય, તે સમ
માનવસમાજની સાથે સ ધર્મ અને દેશની અવનતિ થયેલી
વામા આવે, તો તે શુ સ્વાભાવિક નથી ? અલબત્ત તે સ્વાભાવિ
જ છે, પરતુ તે વિષયને એક ઐતિહાસિક નવલકથાકાર તરી
અમે ચર્ચવાનુ પસદ કરતા નથી અને તેથી તેને અમે અહીંથી
જ બધ કરીએ છીએ

વર્તમાન સમયમા વિધાતાની વિચિત્ર લીલાથી શુદ્ધ
નિર્મળ પ્રેમને હૃદયમા ધારણ કરનાર મનુષ્યો થોડા જોવામા આ
વતા હશે તો પણ તેવા પ્રેમીયુગલો આ પુનિત ગણાતા હિન્દુસ્થા
નમા પૂર્વે ઘણા થઈ ગયા છે, એ નિર્વિવાદ સત્ય છે હિન્દુસ્થા
દેશ તો આજે પણ એનો એજ છે, પરતુ સમય અને સ્થિતિમા
ફેરફાર થઇ ગયેલો હોવાથી માનવ-પ્રાણીઓના હૃદયોમા પણ
તફાવત પડી ગયો છે અને તેથીજ પ્રેમનુ સ્થાન મોહે લઇ લીધુ
છે આ ઉપરથી પૂર્વે મોહનુ સ્થાન અસ્તિત્વમા જ નહોતુ, એમ
કહેવાનો અમારો આશય નથી, તેમ એ પ્રમાણે માની લેવાનુ પણ
નથી પરતુ અમારો કહેવાનો ભાવાર્થ માત્ર એટલો જ છે કે હાલમા
મોહનુ જે પ્રબળ સામ્રાજ્ય જામી ગયુ છે તેવુ પૂર્વે સર્વથા
હોતુ તે સમયે એવા ઘણા પ્રેમયુગલો હયાતી ધરાવતા હતા કે જેઓ
પોતાના ધર્મની ખાતર, પોતાના સમાજની ખાતર, પોતાની કીર્તિ
ખાતર અને પોતાના ગૌરવની ખાતર પોતાના પ્રિય પ્રાણની પ
દરકાર રાખી નહોતી આ વાતને માત્ર અમેજ કહીએ છીએ એ
નથી; કિન્તુ ઇતિહાસ તેની સાક્ષી પૂરે છે અને તેથી ઇતિહાસ
રસિકજનો અમારી વાતને સારી રીતે સમજી શકે તેમ છે વિશે
અને ચ પાનુ યુગલ પણ આવા પ્રેમીયુગલો માહેનુ એક હ
શહેનશાહ અકબરની રૂપયાલિની ચાહલ્લદીના પ્રેમમા નહીં ફક
વિજયે જેમ પોતાના હૃદયને સ્વસ્થ રાખ્યુ હતુ, તેમ ચ પક

જે તેના પિતાના તેને કોઈ લાયક અને શ્રીમંત યુવક સાથે પરણાવવાના આગ્રહની સામે પોતાની દ્રઢતાને ટકાવી રાખી હતી. આ ઉભય પ્રેમીઓનાં હૃદયોમાં શુદ્ધ અને નિર્મળ પ્રેમનો જન્મ થયેલો હોવાથી તેઓ પોતાની દ્રઢતાને છેવટ સુધી સાચવી શક્યાં હતાં અને તેથીજ તેઓ પોતાની ધારણામાં ફલિભૂત થયાં. હતાં. એ પાએ કરેલા નતના ઉત્સવ પછી થાનસિંહ શેઠે તેનું વિ- જય સાથે લગ્ન તુરતમાંજ કરી નાંખ્યું હતું. આ સમયે ખુદ શહેનશાહ અકબરે બાને હાજર રહીને તેમને અખુટ સંપત્તિથી નવાજ્યાં હતાં. લગ્ન થયા પછી વિજય અને ચંપાનું પ્રેમીયુગલ-એમનો અનુભવ કરતું; સુખમાં દિવસો વ્યતિત કરતું હતું. આજ સુધી નવલકથાની અન્ય ઘટનાઓમાં આપણે ગુંથાયલા રહેવાથી તેમને વિસરી ગયા હતા; પરંતુ હવે તેની સમાપ્તિ થવાની હોઈ તેમના સુખી સંસારનું એકાદ ચિત્ર આળેખવાની અમારી તીવ્ર ઇચ્છાને અમે રોકી શકતા નથી. આ બધા સમય દરમ્યાન વિજય પોતાની પ્રિયતમા ચંપાના સુખભર્યા સહવાસમા રહેવાથી શાહજાદી આરા- મબેગને સર્વથા વિસરી ગયો હતો, પરંતુ શાહજાદી તેને તેની પેઠે વિસરી ગઈ નહોતી. શહેનશાહ અકબરે શાહજાદીની પ્રત્યેક ચર્યા ઉપર સખ્ત દેખરેખ રાખેલી હોવાથી તે પુનઃ વિજયને કદાપી મળી શકી નહોતી; પરંતુ તેથી કરીને તેના હૃદયમાંથી વિજયની સ્મૃતિ ભૂંસાઈ ગઈ નહોતી. તે પોતાના આવાસમા અને તાતારિણી ઓઓ અને હબસી ગુલામેના સખ્ત ચોકી પહેરામાં રહ્યા છતા પણ વિજયને પ્રતિદિન સભારતી હતી અને તેનું સદૈવ ધ્યાન ધરતી હતી શાહજાદી આરામબેગમના હૃદયમાં વિજય પ્રતિ જે લાગણી અસ્તિત્વ ધરાવતી હતી, તેને શુદ્ધ અને નિર્મળ પ્રેમની ગણનામાં મૂકવી કે કેમ, તે અમે જાણતા નથી માટે તેનો નિર્ણય કરવાનું કાર્ય અમે અમારા વાંચક મહાશયોને જ સોંપીએ છીએ.

અમે ઉપર કહી ગયા તેમ વસંત રૂતુ તો ચાલતીજ હતી અને વળી વિશેષમાં જે સમયની ઘટનાનો ઉલ્લેખ કરવાનો પ્રસંગ અત્રે ,

અમે હાથમા લીધો ". તે સમય પ્રાત:કાળનો હતો મધુર
સ્નિગ્ધ પવનની લહરીઓ ઓરડામાં વાતાયનની પાસેજ મુકેલ
આસન ઉપર બેઠે ૫ વિજયને આનંદનો મીઠો અનુભવ કરાવ
હતી પ્રાત:કાળના આવશ્યકીય કાર્યોથી પરવારી જે વખતે વિ
નિર્મળ ચિત્તે એકાદ ધાર્મિક પુસ્તકનું અધ્યયન કરી રહ્યો હતે
વખતે તેના નોકરે આવી તસલીમ કરીને કહ્યુ " સાહેબ! આપ
એક સ્ત્રી મળવાને માટે આવી છે અને તે આપની આજ્ઞાની રા
જોતી બહાર દરવાજે ઉભી છે."

વિજયે પુસ્તકમાથી પોતાની દૃષ્ટિને બહાર કહાડીને તે
પૂછ્યુ "તે સ્ત્રી કોણ છે અને મને શા કારણથી મળવાને માગે છે?"

" તે વિષે હું કાઇ પણ જાણતો નથી અને તેથી આપની
આજ્ઞા હોય તે પ્રમાણે અમલ કરૂ." નોકરે નમ્રતાથી જવાબ આપ્યો

" ઠીક, એને અહીં આવવા દે " વિજયે આજ્ઞા આપી.

નોકર તુરતજ ચાલ્યો ગયો અને થોડીવારમા એક સ્ત્રી
સાથે તે પુન. વિજય સન્મુખ આવીને ઉભો રહ્યો. તે સ્ત્રીને આવેલી
જોઇને વિજયે પોતાના નોકરને બહાર ચાલ્યા જવાની ઈશારત
કરી અને તે ગયા પછી તેણે આવનાર સ્ત્રી તરફ જોઇને પૂછ્યુ
" તમે કોણ છો અને અત્રે શા કામ માટે આવેલાં છો ?"

આવનાર સ્ત્રીએ વિજયના મુખ સામે તિક્ષ્ણ દૃષ્ટિપાત
કરતા જવાબ આપ્યો. " હુ અત્રે શા કામ માટે આવેલી છુ
એની પછી વાત, પરંતુ આપ મને ઓળખતા નથી, એ ઘણુંજ
અજાયબી ભરેલુ છે "

" હુ સત્યજ કહુ છુ કે હું તમને ઓળખતો નથી અને
કદાચ ઓળખતો હોઉં, તો પણ હાલ મને તમારો પરિચય ય
આવતો નથી. " વિજયે નિખાલસ દિલથી કહ્યું.

" આપ મને ઓળખો તો છો, પરંતુ હાલ મને ભૂલી ગય
હશો, એ આપની વાત સત્ય છે, કારણ કે ઘણે ભાગે દરેક માણ
ઉચ્ચ પદને પ્રાપ્ત કરે છે, ત્યારે તે આગલા પરિચયવાળાં માણસોને

ભૂલી જાય છે. આપના સંબંધમાં પણ આમજ થયું છે. આપ જ્યારે મારા પરિચયને ભૂલી ગયા છો, ત્યારે મારે આપને યાદી આપવી જોઇએ કે હું શાહજાદી આરામબેગમની બાંદી છું અને મારૂં નામ જુલિયા છે.” બાંદી જુલિયાએ પોતાનો પરિચય ફેરાવતાં કહ્યું.

“જુલિયા ?” વિજયે અજાયબ થઈને કહ્યું, “તમને તો હું સારી રીતે ઓળખું છું; કારણ કે આજથી કેટલોક સમય પૂર્વે યમુના નદીના કિનારેથી તમેજ મને શાહજાદી સાહિબાની હજુરમાં લઇ ગયાં હતાં; પરંતુ તેને આજ ઘણો સમય થઇ ગયો હોવાથી હું તમને ઓળખી શકયો નહોતો ઠીક, પણ તમારૂં આગમન અત્રે શા કારણથી થયું છે? શાહજાદી સાહિબાની તબીયત કેવી છે?”

“વિજયકુમાર!” જુલિયાયે જવાબ આપ્યો “હું અત્રે શા કારણથી આવી છું તથા શાહજાદી સાહિબાની તબીયત કેવી છે, તે સંબંધી વિગતવાર વાત કહેવાનો મને અવકાશ નથી; કારણ કે હું અત્રે આવી છું, તે ઘણીજ છુપીરીતે આવેલી છું અને તેથી શાહજાદી સાહેબાએ આપને આપવાનો એક કાગળ આપ્યો છે, તે આપીને જ અત્રેથી ચાલ્યા જવાની રજા લઉં છું.”

જુલિયાએ એ પ્રમાણે કહીને વસ્ત્રમાં છૂપાવી રાખેલો એક કાગળ કહાડીને વિજયને આપ્યો. વિજયે તે કાગળને પોતાના હાથમાં લીધો, તે પછી જુલિયાએ કહ્યું. “આપની જુદાઇથી શાહજાદી સાહિબાના કેવા હાલ થયા છે, તે આપ સદરહુ કાગળના વાચનથી જાણી શકશો. હવે હું જાઉં છું અને કહું છું કે આપને શાહજાદી સાહિબાના આ કાગળના પ્રત્યુત્તરમા કાગળ લખવો હોય, તો લખીને આપના વિશ્વાસુ માણસ સાથે યમુના નદિના કિનારે ચોક્કસ સ્થળે રાત્રિના આઠ વાગે મોકલવાની વ્યવસ્થા કરજો. હું તેની રાહ જોતી ત્યાં ઉભેલી હોઇશ.”

આટલું કહીને બાંદી જુલિયા ઝપાટાબંધ ઓરડાની બહાર નીકળી ગઈ અને ક્ષણવારમાં આગ્રાના વિશાળ રાજમાર્ગમાં થઇને અદૃશ્ય થઇ ગઇ. જુલિયાના ગમન પછી વિજયે કાગળને બરોબર

તપાસીને જોયો તો તે એક બંધ કરેલું. પરબીડીયું હતું. [illegible] તુરતજ ઉપરનાં પરબીડીયાને ફાડી નાંખીને અંદરથી લાલ રંગ[illegible] કાગળ કહાડ્યો અને તેને નીચે મુજબ વાંચવા માંડ્યો:—

" વિજયકુમાર ! "

ઘણા દિવસે આ પત્ર લખું છું. તેથી તમને અજાયબી [illegible] થશે; પરંતુ મારા હૃદયમાં તમારા માટે જે લાગણી રહેલી છે, તે[illegible] આપણાં પુનઃ મીલનની અશક્યતાને લઈ પત્ર દ્વારાએ તમ[illegible] છેલ્લીવાર દર્શાવવાની આવશ્યકતા મેં સ્વીકારી છે અને તેન[illegible] પરિણામે મેં ઈચ્છાએ કે અનિચ્છાએ આ કાગળ તમારા તર[illegible] લખી મોકલ્યો છે. મારા મહાલયમા તે રાત્રિએ જ્યારે આપણું મીલન થયું હતું, ત્યારે મેં તમને સ્પષ્ટતાથી કહ્યું હતું કે હું તમને ઘણા સમય પૂર્વેથી એટલે કે મારી સખી ચંપકલા[illegible] આવાસમાં તમને મે પ્રથમવાર જોયા, ત્યારથી ચાહતી આવી છું અને હજુ પણ કહું છું કે મારા હૃદયમાં તમારા તરફ જે ચાહના છે, તેમા જરા પણ ન્યુનતા થયેલી નથી અને તેથી હું તમને પ્રથમ જે રીતે ચાહતી હતી, તેજ રીતે હાલ પણ ચાહું છું. સમસ્ત હિંદુસ્થાન જેનાં ચરણોમા મસ્તક નમાવી રહ્યું છે, તેના પ્રતાપી સમ્રાટ અકબરશાહની હું અતિ વ્હાલી શાહજાદી છું, એ જાણવા છતાં પણ તમે મારા ખરા જીગરના પ્રેમને તિરસ્કાર્યો જ્યારે કંઇ નહિ તો માત્ર સ્વમાનના ખાતર પણ મારે તમારી ઉપેક્ષા કરવી જોઇએ, પરંતુ કોણ જાણે શાથીએ મારાથી તેમ થઈ શકતું નથી. મારા હૃદયમા તમારી મનમોહન મૂર્તિ એટલી બધી સચોટ રીતે અંકિત થયેલી છે કે તેને દૂર કરવાનો પ્રયત્ન અનેક કરવા છતા પણ તેમ થઇ શકતું નથી. હું જાણું છું કે તમે હિં[illegible] છો, હું મુસલમાન છું અને તેથી તમારા નયનોની મારી મને [illegible] અને નમે તેવી ચાહના છતાં પણ મારૂં અને તમારૂં એક થવું એ વરૈયા અશક્ય છે. આ સ્પષ્ટ વાત જાણવા છતાં પણ મારે તમારા તરફ જે પ્રેમ છે, તેને તથા ખુદ તમને હું કેદ [illegible] [illegible]

અહીં પ્રતિજ્ઞા લઉં છું કે તમારા વિના બીજા કોઈ પણ પુરૂષને મારા હૃદયમાં સ્થાન આપીશ નહિ, હિન્દુ અને જૈન શાસ્ત્રોનો મેં જરૂરજોગ અભ્યાસ કરેલો હોવાથી હું એ પણ જાણુ છું કે તમારા શાસ્ત્રકારોએ પુનર્જન્મના સિદ્ધાંતને માન્ય રાખેલો છે. અમારો ઈસ્લામ ધર્મ જો કે આ સિદ્ધાંતને માન્ય રાખતો નથી. અને તેથી એક ઈસ્લામી તરીકે મારે તેમા યકિન રાખવું જોઈએ: તોપણ મારો તમારા તરફ જે પ્રેમ છે, તેને લઈને તમારી સન્મુખ જાહેર કરૂં છું કે જો પુનર્જન્મનો સિદ્ધાંત ખરો હોય અને મૃત્યુ પછી કર્માનુસાર બીજો જન્મ ધારણ કરવો પડતો હોય, તો ભવિષ્યમા હુ અને તમે એકજ જાતિ અને એકજ ધર્મમાં જન્મીને પણ પ્રેમગ્રંથીથી જોડાઈને સુખી થઈ શકશું. ખુદાતાલા મારી આ ઈચ્છાને પાર પાડો, એ અરજની તેમના પ્રતિ અને કોઈવાર પત્ર લખી મને યાદ કરશો, એવી તમારા પ્રતિ પ્રાર્થના છે અસ્તુ

લી૦ શાહજાદી આરામબેગમ.

વિજયે ઉપર્યુક્ત કાગળને બે–ત્રણ વાર વાંચ્યો અને તેમાં લખેલી હકીકતથી તથા શાહજાદીનો પોતાના પ્ર યેનો નિઃસ્સીમ પ્રેમ જોઇને તે આશ્ચર્યમુગ્ધ થઈ ગયો. કાગળમા છેવટે પોતાને કરેલી પ્રાર્થના મુજબ શાહજાદીને પત્ર લખવો કે નહિ, તેના ગભીર વિચારમાં તે પડી ગયો અને એટલે સુધી કે તેની પ્રિયતમા ચંપા તેની સન્મુખ આવીને ઉભી રહી; તો પણ તેને તેની ખબર પડી નહિ. ચંપાએ પોતાના પ્રિયતમને વિચારસાગરમા ગોથાં ખાતાં નિહાળીને તેનું ધ્યાન પોતાની તરફ ખેચવાને માટે વિજયને ઉદ્દેશીને પૂછયું. "શું વિચારી રહ્યા છો, નાથ ? "

વિજયે ચંપાનો મધુર સ્વર સાભળીને ઘોર નિદ્રામાથી જાગૃત થઇ સ્મિત હાસ્યપૂર્વક કહ્યું. "પ્યારી ! તું અહીં કેટલા સમયથી આવીને ઉભી છે?"

ચંપાએ હસીને જવાબ આપ્યો. "પ્રિયતમ ! મને અહીં આવ્યાને બહુ સમય થયો નથી. પરતુ મારા આગમન પૂર્વે આપ શો વિચાર કરી રહ્યા હતા, તે હરકત ન હોય તો કૃપા કરીને કહો."

મારી સ્થિતિ તદ્દન દુર્બળ હતી અને મને ચાહવામાં તાર
શ્રીમંત પિતાની પુત્રીને લેશ માત્ર પણ સુખ મળવાને
નહોતો; તેમ છતાં મારા ચાલી ગયા પછી પણ તું મને વિસ
નહિ એટલુંજ નહિ, પણ તારા પિતાની વિરૂદ્ધ થઈને પણ તેં
તરફ તે પ્રેમને તારા હૃદયમાં સાચવી રાખ્યો, એ એક સા
સ્ત્રીથી બની શકે તેવું સરલ કાર્ય નથી; કિન્તુ તે તો એક
સુશીલા અને સતી સાધ્વી સ્ત્રીથીજ બની શકે તેવું છે અને
ખરેખરા ધન્યવાદને પાત્ર તો તુંજ છે."

ચંપા પોતાના ગુણાનુવાદ ગવાતાં સાંભળીને શરમાઈ.
મથી તેના ગુલાબી ગાલો ઉપર લાલીમા તરી આવી. તેણે શરમ
મૃદુ સ્વરે કહ્યું. "પ્રાણપતિ ! મારી મિથ્યા પ્રશંસા શા માટે કરો
છો ? એક આર્ય રમણી જે પુરૂષને પોતાનું દિલ એક વખત અર્પ
કરે છે, તેના પ્રેમને ગમે તે ભોગે વળગી રહેવું, તેને તે પોતા
કર્ત્તવ્ય ગણે છે. હું પણ મારા પિતાની વિરૂદ્ધતા છતાં આપ
પ્રેમને વળગી રહી, એ મેં મારા કર્ત્તવ્યથી કાંઈ વિશેષ કર્યું ન
અને તેથી મારી પ્રશંસા કરવાની કાંઈ પણ અગત્ય નથી.

વિજય પોતાની પ્રિયતમાની નિરાભિમાન વૃત્તિ જોઈને આ
નંદમગ્ન થઇ ગયો. તેણે આનંદના અતિરેકથી આસન ઉપરથી ઉઠી
નવયૌવના ચંપાને પોતાની બાથમાં લઇ તેને દૃઢાલિંગન આપતાં
કહ્યું. "વ્હાલી ચંપા ! મારી કે તારી ઉભયની પ્રશંસાની વાતને
જવા દઇએ; કારણકે આપણે આપણા કર્ત્તવ્યથી કાંઇ વિશેષ
કરી નથી અને તેથી આપણે અરસપરસ પ્રશંસા કરવાને બદલે
રમ કૃપાળુ પરમાત્મા મહાવીર ભગવાન કે જેમની દયાથી આપ
ઐક્ય થયું છે, તેમનીજ પ્રશંસા અને તેમનાજ ગુણાનુવાદ આવ
અગત્ય છે. કેમ મારૂં કથન તને સત્ય જણાય છે કે નહીં ?"

રૂપસુંદરી ચંપા કે જે અત્યારસુધી પોતાના પ્રિયતમના
સુખકર આલિંગનની મજા માણતી હતી, તેણે સ્મિત હાસ્ય
જવાબ આપ્યો. "પ્રાણેશ ! આપનું કથન સર્વથા સત્ય છે."

આ રીતે આ પ્રેમી યુગલ અરસપરસ આલિંગન દઈને

ર્વ' સુખનો અનુભવ કરતું હતું. અહો! ધન્ય છે આવા પ્રેમીઓને અને ધન્ય છે તેમના જીવનને ! પરમાત્મા ! અમારા સમાજમાં આવાં પ્રેમી યુગલો સ્થળે સ્થળે દર્શાવવાની આપ કયારે કૃપા કરશો ? આલિંગનમાંથી મુક્ત થયા પછી વિજયે શાહજાદી આરામબેગમને કાગળ લખ્યો હતો કે નહિ, તે અમે જાણતા નથી. તેમજ ભવિષ્યના જીવનમાં વિજય તથા શાહજાદીનું ઐકય થયું હશે કે નહિ, તે પણ કેવળજ્ઞાનના અભાવે અમે કહી શકતા નથી; તેમ છતાં એટલું તો અમે અમારા વાંચક મહાશયોને વચન આપીએ છીએ કે ભવિષ્યના કોઇ પણ જન્મમાં અમને કેવળજ્ઞાન થશે, તો અમે વિજય તથા શાહજાદીના ઐકયના હેવાલને આપને ઘણી ખુશીથી કહી શકશું.



પ્રકરણ ૩૦ મું.

આનંદોત્સવ.

મહારાણા પ્રતાપસિંહે મેવાડના ઘણાખરા પ્રદેશને જીતી લીધો હતો, પરંતુ અમે અગાઉ કહી ગયા તેમ ચિત્તોડ, અજમેર તથા માંડલગઢ એ ત્રણ કિલ્લાઓ અને તેની આસપાસનો મુલક તે જીતી શકયા નહોતા અને તેથી તેમણે પોતાની રાજધાની ઉદયપુરમાં રાખીને મેવાડના મહારાણાના પદને પુનઃ પ્રાપ્ત કરી રાજ્ય કારભાર વ્યવસ્થાપૂર્વક ચલાવવાની ગોઠવણ કરી લીધી હતી. શહેનશાહ અકબરે પણ પ્રતાપસિંહને હેરાન કરવાનો વિચાર માંડી વાળેલો હતો અને તેથી તેણે પોતાનું સૈન્ય મેવાડમાં પુનઃ કદિ પણ મોકલ્યું નહોતું. મોગલોનો ત્રાસ આ પ્રમાણે દૂર થવાથી મહારાણા પોતાના પરિવાર સાથે જો કે આનંદમાં દિવસો વ્યતીત કરતા હતા, તો પણ તેમને ચિતોડ કબજે ન થઇ શકવાથી સંપૂર્ણ શાંતિ મળી નહોતી અને તેથી તે માટે તે ચિંતાતુર પણ રહેતા હતા, પરંતુ એકંદર રીતે તેમનું જીવન સુખ અને શાંતિમા વ્યતીત

મારી સ્થિતિ તદ્દન દુર્બળ હતી અને મને ચાહવામાં તારા શ્રીમંત પિતાની પુત્રીને લેશ માત્ર પણ સુખ મળવાને નહોતો; તેમ છતાં મારા ચાલી ગયા પછી પણ તું મને વિસરી નહિ એટલુંજ નહિ, પણ તારા પિતાની વિરૂદ્ધ થઈને પણ તેં તરફ તે પ્રેમને તારા હૃદયમાં સાચવી રાખ્યો, એ એક સા સ્ત્રીથી બની શકે તેવું સરલ કાર્ય નથી; કિન્તુ તે તો એક સુશીલા અને સતી સાધ્વી દેવીથીજ બની શકે તેવું છે અને ખરેખરા ધન્યવાદને પાત્ર તો તુંજ છે."

ચંપા પોતાના ગુણાનુવાદ ગવાતાં સાંભળીને શરમાઈ. મથી તેના ગુલાબી ગાલો ઉપર લાલીમા તરી આવી. તેણે શર મૃદુ સ્વરે કહ્યું. "પ્રાણપતિ ! મારી મિથ્યા પ્રશંસા શા માટે છો ? એક આર્ય રમણી જે પુરૂષને પોતાનું દિલ એક વખત કરે છે, તેના પ્રેમને ગમે તે ભોગે વળગી રહેવું, તેને તે પોત કર્ત્તવ્ય ગણે છે. હું પણ મારા પિતાની વિરૂદ્ધતા છતાં આપ પ્રેમને વળગી રહી, એ મેં મારા કર્ત્તવ્યથી કાંઈ વિશેષ કર્યું ન અને તેથી મારી પ્રશંસા કરવાની કાંઈ પણ અગત્ય નથી.

વિજય પોતાની પ્રિયતમાની નિરાભિમાન વૃત્તિ જોઈને આ નંદમગ્ન થઈ ગયો. તેણે આનંદના અતિરેકથી આસન ઉપરથી ઉ નવયૌવના ચંપાને પોતાની બાથમાં લઈ તેને હૃદયાલિંગન આ કહ્યું. "વ્હાલી ચંપા ! મારી કે તારી ઉભયની પ્રશંસાની જવા દઈએ; કારણકે આપણે આપણાં કર્ત્તવ્યથી કાંઈ વિશેષ કરી નથી અને તેથી આપણે અરસપરસ પ્રશંસા કરવાને માટે રમ કૃપાળુ પરમાત્મા મહાવીર ભગવાન કે જેમની દયાથી આપ ઐક્ય થયું છે, તેમનીજ પ્રશંસા અને તેમનાજ ગુણાનુવાદ ગાવ અગત્ય છે. કેમ મારૂં કથન તને સત્ય જણાય છે કે નહીં !"

રૂપસુંદરી ચંપા કે જે અત્યારસુધી પોતાના પ્રિયતમ ઉપર આલિંગનનો મઝા માણતી હતી, તેણે સ્મિત કરી જવાબ આપ્યો. "પ્રાણેશ ! આપનું કથન સર્વથા સત્ય છે"

આ રીતે આ પ્રેમી યુગલ અરસપરસ આલિંગન કરી

ણી ગ્રીણી વાતો કરતી હતી. રાજ્યના મુખ્ય સરદારો, મંત્રીશ્વર ભામાશાહ તથા પ્રતાપસિંહના બીજા કુમારો પણ આવી ગયા હતા ને પોતાને યોગ્ય એવા આસનો ઉપર બેઠેલા હતા. દરબારનો સમય થઇ ગયો હોવાથી બધાં મહારાણાની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. તે દરમ્યાન નેકીનો અવાજ સંભળાયો અને તે સાથેજ મહારાણા પ્રતાપસિંહ અને યુવરાજ અમરસિંહ પોતાના ખાસ અંગરક્ષકો સાથે દરબારમાં આવી પહોંચ્યા. બધાએ ઉભા થઈને તેમને ઉચિત માન આપ્યું અને દરબારની ચોતરફ ગોઠવેલા સૈનિકોએ પોતાની ઉઘાડી રાખેલી તલવારો નમાવીને તેમનો આદર-સત્કાર કર્યો. મહારાણા પ્રતાપસિંહ અને યુવરાજ અમરસિંહ પોતપોતાના આસનો ઉપર બેસી ગયા કે તુરતજ બધા સભાજનો પણ બેસી ગયા. ત્યારબાદ મંત્રીશ્વર ભામાશાહની સૂચનાથી રાજ્યના મુખ્ય કવિએ નીચે પ્રમાણે કવિત જુસ્સાભેર ગાયું:—

"વીર મહીપતિ નરપતિ જય જય,
રવિકુલ-રવિ તુમ ભારત-રક્ષક,
કાંપત શત્રુ સદા તુમ્હરે ભય,
પ્રગટે ગગન પ્રતાપ પ્રબલ તવ,
હોહી સદા પ્રભુ રિપુદલબલ છય." *

કવિતા શ્રવણથી સમસ્ત દરબારમાં વીરોચિત ભાવનાની અસર પ્રસરી ગઇ. સર્વ દરબારીઓ મૂછોના આંકડા વાળવા લાગી ગયાં અને સૈનિકો પોતાની તલવારોને ઉંચીનીચી કરવા મંડી ગયા થોડીવાર પછી મહારાણા પ્રતાપસિંહે નેત્રસંકેત કર્યો અને તે સાથે જ દરબારમાં શાંતિનું સામ્રાજ્ય જામી ગયું ત્યારબાદ મહારાણા પ્રતાપસિંહ સિંહાસન ઉપરથી ઉભા થયા કે તુરતજ સમસ્ત સભાજનોએ તેમને આનંદના ઉદ્દગારોથી વધાવી લીધા આ આનંદનો ધ્વનિ શાંત થયા પછી મહારાણાએ બોલવાની શરૂઆત કરતા કહ્યું:—

"મ્હારા પ્રિય સરદારો, અધિકારીઓ અને પ્રજાજનો! મોગલ સમ્રાટ શહેનશાહ અકબરની સાથે ઘણા લાંબા સમયથી જે યુદ્ધ

* મેવાડ પતન નાટકમાંથી.

ગાદી ર[illegible] હતુ, તેમા છતા આપને ભગવાન એકલિંગજ
કૃપાથી વિજય મળ્યો છે, તે આપ સર્વે જાણો છો કે
યુદ્ધમા પોતાના આસજનો અને પોતાના પ્રાણની પણ દરકાર
સિવાય જે જે મનુષ્યોએ મારી સાથે રહીને તથા વને વને જ
મને જે અમૂલ્ય સહાય કરી છે, તે તે માણસોની યોગ્ય કદર મ
અને તે નિમિત્તે આનદોત્સવ ઉજવવાને માટે આ દરબાર ભર
આવ્યો છે મારે ઘણાજ આનદપૂર્વક કહેવુ જોઈએ છે કે મ
સાથે દુખ સહન કરવામા જે સરદારો હતા તે સર્વેએ મને
અમૂલ્ય સહાય કરેલી છે; પરતુ તે સર્વમા મત્રીશ્વર ભામાશ
મને–કહો કે સમસ્ત મેવાડને–જે સહાય કરી છે, તેની ક્યા શબ્દો
પ્રશસા કરવી, તે મને સુજતુ નથી મંત્રીશ્વર ભામાશાહે મારા
ખના દિવસોમા મારી સાથેના સાથે રહી મારી નિરાશાના વ
યોગ્ય સલાહ અને ઉત્સાહ આપવાની સાથે ચપ્પનના પ્રદે
થયેલા યુદ્ધમા મોગલ સરદાર ચદ્રસિંહની તલવારનો ભોગ થત
બચાવી લીધો હતો આ ઉપરાત મેવાડના પુનરૂદ્ધાર માટે પોત
સકલ સપત્તિનો ભોગ આપીને તેમણે દેશના રક્ષણને માટે જે સ
ર્પણ કર્યું છે, તે ખરેખર મારા એકલાનાજ નહિ, કિન્તુ સમ
મેવાડના ધન્યવાદને પાત્ર છે મારે ખાસ ભાર દઈને કહેવુ જોઈએ
મત્રીશ્વર ભામાશાહે પોતાના અખુટ ધનને મેવાડના પુનરૂદ્ધાર
જો મને અર્પણ ન કર્યું હોત, તો આજે પણ મેવાડ પર
દશામાજ હોત અને તમારો આ મહારાણો કોણ જાણે ક
દૂરના દેશમા નિરાશ બનીને ચાલ્યો ગયો હોત આ કારણથી
કે તેમના અલૌકિક સ્વાર્પણથી જ મેવાડનો વિજય થયો છ
તેથી તેનો સઘળો યશ તેમનેજ ઘટે છે મત્રીશ્વરે પોતાની
ભૂમિના રક્ષણને માટે અને પોતાના દેશના ઉદ્ધારને માટે જે
સહાય કરેલી છે, તે મહત્વ તેમની શી અને કેવી કદર કર
મને જો કે સુજતુ નથી, તો પણ કુતઘ્ન નહિ ને કુળની પાઘડી
ન્યાયે મારાથી બનતી કદર કરવાની આ તકનો લાભ
મને ઉચિત લાગે છે મત્રીશ્વર ભામાશાહને વશપરપરા
મેવાડની કેટલીક જાગીરો આપવાની છે, તે વિષે હુ આપ

ાર કરીને જાહેર કરીએ; પરંતુ તે દરમ્યાન અત્યારે તો મેવાડના
ઇહાસમાં તેમનું નામ સુવર્ણાક્ષરે કોતરાઈ રહે એવી નવાજેશ
ને કરવાની મારી ઈચ્છા છે અને તેથી તેમને મેવાડના ભાગ્યવિ-
ાક અને તેમના વંશજોને મેવાડના ઉદ્ધારકર્ત્તાની માનવંત ઉપાધિ
આજથીજ આપીને મારી એ ઇચ્છાને પૂર્ણ કરૂં છું. સભાજનો!
ાડના ભાગ્યવિધાયક અને ઉદ્ધારકર્ત્તાની પદવીઓ તેમને અને
ના વંશજોને સર્વથા યોગ્ય છે; કારણકે તેમની જ સહાયથી
ાડનો પુનરૂદ્ધાર થયો છે, એ વારંવાર કહેવાની અગત્ય હવે
ી નથી અને તેથી તેમને જે પદવીઓ આપવાની હું આ તક
ં છું, તેમાં તમે સર્વ સંમત થશો."

દરબારમાં ચોતરફથી અવાજ આવ્યો. "અમે સર્વ મહારા
ની ઇચ્છાને સંમતિ આપીએ છીએ. લાયક માણસની યોગ્ય કદર
ી, એ રાજાનો ધર્મ છે અને તેથી મંત્રીશ્વરને આપ જે પદવીઓ
ાપો છો, તે સર્વથા ઉચિત જ છે."

અવાજ બંધ થતાં મહારાણાએ આગળ ચલાવ્યું. "પ્યારા
ઈઓ! ભગવાન એકલિંગજીની કૃપાથી અને તમારા સર્વના
ાસથી મેવાડનો પુનરૂદ્ધાર થઈ શક્યો છે અને જે સ્વાધીનતાને
ટે આપણે અથાગ પરિશ્રમ કરતા હતા અને દુ:ખને સહેતા
ા, તે આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ અને તેથી તે માટે
ાપણે ગૌરવ ધરવાનું છે. મેવાડના પુનરૂદ્ધારનો ખરો જશ તો
મને જ મળ્યો છે; કારણકે તમે જો મને સહાય ન કરી હોત, તો
એકલો શું કરી શકત? આ આનંદના પ્રસંગે લાંબા સમયના
દ દરમ્યાન ઝાલાકુલતિલક રાજા માનસિંહ વગેરે વીર સરદારો
થા રાજપુતો કે જેઓએ પોતાના પ્રાણને પણ દેશના રક્ષણને
ાટે ખુશીની સાથે જતાં કર્યા છે, તેમના માટે દિલગીરી દર્શાવવાની
કને પણ હું જતી કરતો નથી; પરંતુ તે દિલગીરી સાથે આપણે
ાનંદને પણ ધરવાનો છે અને તે એ છે કે તેમણે પોતાના દેશની
તંત્રતા મેળવવાને માટે પ્રાણાર્પણ કરેલું હોવાથી તેમનાં નામો
મર થઈ ગયા છે. એટલુંજ નહિ પણ તેઓ અક્ષય કીર્ત્તિને સ-
ાદન કરીને સ્વર્ગલોકમા ગયા છે. હવે મંત્રીશ્વર ભામાશાહ સિવાય

સલુંબરરાજ ગોવિંદાસંહજી, ચંડાવત કૃષ્ણ, રઘુવીરસિંહ, કર્મ સિંહ, ભીલનાયક અને ભીલસરદારો, ઠાકોર રાયધવલ તથા બીજા ઠાકોરો અને બીજા જે જે સરદારો તથા સૈનિકોએ દેશના રક્ષણ કાર્યમાં જે કિંમતી સહાય મને કરી છે તે સર્વ વીર પુરૂષોની તથા જેમણે પોતાના પ્રાણનો યુદ્ધમાં ભોગ આપ્યો છે. તેમના વંશજોની યોગ્ય કદર કરવાનું હું વિસરી જતો નથી. તેઓ સર્વને પોત પોતાને યોગ્ય એવા ઇનામો અને જાગીરો અર્પણ કરવાનું જાહેર કરૂં છું. આ ઇનામો તથા જાગીરોની સવીસ્તર હકીક્ત હું થોડા સમયમાં તમને જણાવવાનું વચન આપું છું. આ ઉપરાંત યુદ્ધના કાર્યમાં મેં મારૂં સઘળું જીવન વ્યતિત કરેલું હોવાથી હવે મારી પ્રભુભક્તિ કરવાની ઇચ્છા હોવાથી મને શાંતિવાસની જરૂર છે અને તેથી મેવાડનો ચિરસ્મરણીય મુકુટ થોડાજ વખતમાં હું યુવરાજ અમરસિંહને સુપ્રત કરવા માગું છું અને તેથી તે માટેનો તથા મારા અત્યંત પ્રીતિપાત્ર સરદાર રાજા રઘુવીરસિંહની કન્યા રૂકિમણી સાથે યુવરાજ અમરસિંહનું લગ્ન કરવાની સર્વ પ્રકારની તૈયારી કરવાની સૂચના મંત્રીશ્વરને આપું છું. વળી મારા જાણવામા આવ્યું છે કે મંત્રીશ્વર ભામાશાહ પણ પોતાની પુત્રી કુસુમનું લગ્ન કર્મસિંહ સાથે કરવાને ઇચ્છા ધરાવે છે અને તે તેમનાં લગ્નની સર્વ વ્યવસ્થા પણ મારા રાજ્ય તરફથી કરવા આજ્ઞા કરૂં છું. છેવટમા જેની કૃપાથી આપણે પુનઃ આનંદના દિવસો જોવા ભાગ્યશાલી થઈ શકયા છીએ, તે ભગવાન એકલિંગજીનો જય બોલી હું મારૂં વક્તવ્ય સંપૂર્ણ કરૂં છું."

મહારાણા પ્રતાપસિંહ પોતાના સિંહાસન ઉપર એ પ્રમાણે બોલીને બેસી ગયા કે તુરતજ દરબાર ' ભગવાન એકલિંગજીનો જય, મેવાડના મહારાણાનો જય ' સ્વતંત્રતાદેવીનો જય ' એ વાકયોથી ગાજી ઉઠ્યા. આ હર્ષની ગર્જના શાંત પડ્યા પછી મંત્રીશ્વર ભામાશાહ પોતાના આસનપરથી ઉઠ્યો અને તેને ખ સભાજનોએ વધાવી લીધો. ત્યારબાદ તેણે બોલવાની શરૂઆત કરતાં કહ્યું. "ક્ષત્રિયકુલતિલક મહારાણા! વીરશિરોમણી સરદારો! અને સદ્ગૃહસ્થો ! મેવાડનો પુનરૂદ્ધાર કરવાની આપણી જે

ની જે તીવ્ર ઈચ્છા હતી, તે ભગવાન એકલિંગજી તથા
મા મહાવીરના કૃપાપ્રસાદથી ફલિભૂત થઇ છે અને તેથી તે
આપણે જેટલો આનંદ દર્શાવીએ તેટલો થોડોજ છે.
। પ્રિય દેશ મેવાડના થયેલ પુનરૂદ્ધારનો બધો યશ
ણા મને આપે છે અને તે માટે મારી પ્રશસા કરે છે "તે
ીનાં હૃદયની નિર્મળતાનું દર્શન કરાવે છે; પરંતુ ખરી રીતે
મેં જે કાંઇ સ્વાર્પણ કર્યું છે, તે મારી ફરજથી જરા પણ
નથી. સ્વદેશની સ્વતંત્રતા માટે ભોગ આપવો, દેશના
। માટે સ્વાર્પણ કરવું અને સ્વતંત્રતાની પ્રાપ્તિને માટે
સહન કરવાં, એ પ્રત્યેક સ્વદેશભક્ત માણસની ફરજ છે.
ં આ ફરજથી શું વિશેષ કાર્ય કર્યું છે કે મારી આટલી
પ્રશસા કરવામા આવે છે ? મેવાડના ઉદ્ધારને માટે આપણે
ે સાથે મળીને ઉદ્યમ કરેલો છે અને તેથી તેનો યશ
એકલાનેજ નહિ; કિન્તુ આપ સર્વને મળવો જોઇએ છે.
થતિ આ પ્રમાણે હોવા છતા પણ મહારાણાશ્રી મારા
ચિત સ્વાર્પણને માટે મારી જે કદર કરે છે, તેનો સેવકભાવે
ર કરૂં છું અને પરમાત્મા પાસે પ્રાર્થના કરૂં છું કે દેશની,
ની અને ધર્મની સેવા કરવાનો શુભ પ્રસંગ મને પુનઃ પુનઃ
છેવટે ભગવાન એકલિંગજી તથા પરમાત્મા મહાવીર
કલ્યાણ કરો, એવી અંતરની ઇચ્છા સહિત બેસી જવાની
લઉ છું."

ભામાશાહ એ પ્રમાણે કહીને બેસી ગયા કે તુરતજ ફરીથી
ર વિજયઘોષણાથી ગાજી રહ્યો. તે પછી સલુંબરાજ
દ્વિદે ઉભા થઇને કહ્યુ. "મેવાડના મુકુટમણિ મહારાણા !
સરદારો, અધિકારીઓ ! તથા પ્રજાજનો ! આપણા
સ્વામીએ મેવાડના ઉદ્ધારને માટે મંત્રીશ્વર ભામાશાહ તથા
સરદારો, સૈનિકો અને બીજાઓની જે કદર કરી છે, તે સર્વથા
જ છે, કારણ કે તેમણે બધાએ દેશના ઉદ્ધારના કાર્યમા
જે આપેલો છે અને તેથી ...


આત્માનન્દ પ્રકાશ

જેમ કોમના [illegible] પ્રાપ્તિ થવું [illegible]
[illegible] પ્રતિમાને [illegible]
[illegible] પત્રિકા [illegible] અને
[illegible] કોમના પ્રસિદ્ધ [illegible]
[illegible] પ્રસરે છે. [illegible] તેના [illegible]
[illegible] પૂર્ણ [illegible]
[illegible] ઐતિહાસિક વિષયોના [illegible]
[illegible] સુંદર [illegible] અલંકૃત કરી [illegible]
[illegible] છે. એજ પદ્ધતિને [illegible]
[illegible] આ માસિક આપે છે [illegible]
[illegible] છે. દરેક માસિક અને પેપરો [illegible]
[illegible] વધાર્યું, [illegible]
[illegible] ઉદારતાથી [illegible] તેનું તેજ [illegible]
[illegible] છે અને [illegible] સુંદર [illegible]
[illegible] છે, તેથી ગ્રાહકોની [illegible] વધતી [illegible]
ા ગુરૂભક્તિ નિમિત્તે પ્રગટ થતા આ માસિકની [illegible]
[illegible] તેજ તેની ઉત્તમતાનો પુરાવો [illegible]
વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના [illegible]
-૪-૦ રાખવામા આવેલ છે. તેના પ્રમાણમાં [illegible]
નફો જ્ઞાન ખાતામા વપરાય છે, [illegible]
. ગ્રાહક થઈ અવશ્ય લાભ લેવા ચુકવું નહિ

લાગ્યાં. અમરસિંહને મેવાડના રાજ્યનો ભાર સોંપ્યા પછી તથા કૃષ્ણલાલને મંત્રીશ્વરની પદવી આપ્યા પછી મહારાણા પ્રતાપસિંહ દેવી પદ્માવતી તથા અલકાસુંદરી સાથે ઉદયપુરના ઉપવનમાં સરોવરના તટે પર્ણકુટીઓ બાંધી રહેવા લાગ્યા અને મંત્રીશ્વર ભામાશાહ પણ તેમની સાથે રહેવાને ગયા.

વાચક બન્ધુઓ અને બ્હેનો! અત્રે આ ઐતિહાસિક નવલકથા સંપૂર્ણ થાય છે. મેવાડના ભાગ્યવિધાયક મંત્રીશ્વર ભામાશાહની વીરતા, દ્રઢતા અને સ્વદેશભક્તિથી મેવાડનો પુનરૂદ્ધાર થયો હતો, એ વાતને માત્ર અમેજ કહીએ છીએ તેમ નથી; કિન્તુ બધા ઇતિહાસકારો એમજ કહે છે અને તેથી મંત્રીશ્વર ભામાશાહને મેવાડનો ઉદ્ધારકર્ત્તાનું બિરૂદ મળેલું હતું. આજે તે વીરશિરોમણી પ્રતાપસિંહ નથી, તેમ મેવાડનો ઉદ્ધારકર્ત્તા સ્વદેશભક્ત ભામાશાહ પણ નથી પરંતુ એ ઉભય પુરૂષોત્તમ વીરોની કીર્તિ સમસ્ત હિન્દુસ્તાનમાં ચોતરફ ગવાઇ રહી છે અને એજ એમના અમરત્વનું સુચિન્હ છે. એક જૈન–દયાધર્મને પાળનારા વણિકના હાથે તેની અપૂર્વ ઉદારતાથી મેવાડનો પુનરૂદ્ધાર થયો, એ જૈન ઇતિહાસની સર્વોત્તમ ઉજ્જવળ ઘટના હોવાથી સમસ્ત જૈનીઓને માટે અત્યંત ગૌરવનો વિષય છે. પરમાત્મા જૈનીઓના હાથે દેશ, સમાજ અને ધર્મની સેવાનાં આવાં અનેક કાર્યો કરવાનો સુઅવસર પુનઃ પુનઃ આપે, એજ અંતઃકરણની તિવ્ર શુભેચ્છા છે. અસ્તુ.

ધન્ય છે, પ્રતાપસિંહ તમારી દ્રઢતાને ! અને ધન્ય છે, ભામાશાહ તમારી ઉદારતાને !



શ્રી

આત્માનન્દ પ્રકાશ.

જૈન કોમમા અતિ ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું આ માસિક આ સભા તરફથી છવીશ વર્ષ થયા પ્રતિમાસે પ્રગટ કરવામાં આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સંબધી ઉત્તમ લેખોથી આપણી કોમમાં પ્રસિદ્ધ થતાં માસિકોમા તે પ્રથમ પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેના ગ્રાહકોને વાચનનો બહોળો લાભ આપવા સાથે, વર્ષ પૂર્ણ થતાં પહેલાં નવીન દ્રવ્યાનુયોગ, ઐતિહાસિક વિગેરેના વિષયથી ભરપૂર ઉત્તમ ગ્રંથ સુંદર બાઈન્ડીંગથી અલંકૃત કરી દર વર્ષે ભેટ આપવામાં આવે છે. એકજ પદ્ધતિએ આવી ભેટનો લાભ દર વર્ષે આ માસિકજ આપે છે. હાલમાં તેનું છવીશમુ વર્ષ ચાલે છે. દરેક માસિક અને પેપરવાળાએ સખ્ત મોંઘવારીના સમગ્રે લવાજમ વધાર્યું, છતાં અમોએ સમાજને ઉદારતાથી વાંચવાનો લાભ આપવા તેનું તેજ લવાજમ રાખ્યું છે અને ભેટની બુક પણ સુંદર આપવાનો ક્રમ ચાલુ રાખ્યો છે; તેથી ગ્રાહકોની સંખ્યા વધતી જાય છે વગી ગુરૂભક્તિ નિમિત્તે પ્રગટ થતાં આ માસિકની ગ્રાહકોની બ્હોળી સંખ્યા તેજ તેની ઉત્તમતાનો પુરાવો છે વાર્ષિક મૂલ્ય રૂા, ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના મળી રૂા ૧-૪-૦ રાખવામા આવેલ છે. તેના પ્રમાણમાં લાભ વિશેષ છે. નફો જ્ઞાન ખાતામાં વપરાય છે, જેથી દરેક જૈન બધુઓએ તેના ગ્રાહક થઈ અવશ્ય લાભ લેવા ચુકવું નહિં.

